ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No.:10 -ISSUE : 1 • April 2022 • PAGES : 112 • PRICE 30/-
ગુજરાતી અંગ્રેજી વર્ષ :૧૦ (કુલ વર્ષ ૯૪) અંક : ૧ • એપ્રિલ ૨૦૨૨ • પાનાં : ૧૧૨ • કિંમત : ૩૦/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩

બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરનાં સરનામા પર જ કરવો.


## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

(પ્રબુદ્ધ જીવન)

ફોન : ૨૩૮૨૦૨૯૬

મો.: ૯૧૩૭૭૨૭૧૦૯

email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ભારતની અનુપમ વિચારધારા | સેજલ શાહ | ૦૩ |
| ૨. | ભારતીય તત્ત્વચિંતનની આછી રૂપરેખા | નરેશ વેદ | ૦૮ |
| ૩. | સાંખ્યદર્શન | પ્રશાંત દવે | ૧૩ |
| ૪. | યોગદર્શન | ઋતા પરમાર | ૧૫ |
| ૫. | ન્યાય-જ્ઞાનપરંપરા અને ભાસર્વજ્ઞ | નિરંજન પટેલ | ૨૦ |
| ૬. | વૈષેશિક દર્શન | મહેન્દ્ર ચોટલિયા | ૨૬ |
| ૭. | પૂર્વમીમાંસા દર્શન | દ્યુતિ યાજ્ઞિક | ૩૧ |
| ૮. | વેદાંતદર્શન | સૂચિતા મહેતા | ૩૮ |
| ૯. | જગદ્‌ગુરુ શંકરાચાર્યનું દાર્શનિક પ્રદાન | મુકુન્દ કોટેચા | ૪૨ |
| ૧૦. | વિશિષ્ટાદ્વૈત દર્શન | સી. વી. રાવલ | ૪૭ |
| ૧૧. | દ્વૈતદર્શન | પૂર્ણિમા દવે | ૫૩ |
| ૧૨. | દ્વૈતાદ્વૈતદર્શન | પૂર્ણિમા દવે | ૬૨ |
| ૧૩. | શુદ્ધાદ્વૈત દર્શન | ઉષા પટેલ | ૬૯ |
| ૧૪. | અચિંત્ય ભેદાભેદ (ગોડીય દર્શન) | ભાણદેવજી | ૭૨ |
| ૧૫. | શૈવ દર્શન | રમેશ ત્રિવેદી | ૭૫ |
| ૧૬. | શાક્તદર્શન | હર્ષદેવ માધવ | ૮૧ |
| ૧૭. | જૈન દર્શનનો અછડતો પરિચય | આચાર્ય વિજય શીલચંદ્રસૂરિશ્વરજી મહારાજ | ૮૫ |
| ૧૮. | બૌદ્ધ તત્ત્વચિંતન | દિલીપ ચારણ | ૯૨ |
| ૧૯. | ચાર્વાક દર્શન | સૂચિતા મહેતા | ૯૯ |
| ૨૦. | અમૂલ્ય તત્ત્વવિચાર | પદ્મશ્રી કુમારપાળ દેસાઈ | ૧૦૪ |
| ૨૧. | સ્વામી વિવેકાનંદનું દર્શન | – | ૧૧૨ |


**આ વિશેષ અંકની કિંમત રૂપિયા ૮૦.૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-   વિક્રમ સંવત ૨૦૭૮ • વીર સંવત ૨૫૪૮ • ચૈત્ર સુદ - પૂનમ

## પ્રબુદ્ધ જીવન : ભારતીય દર્શન વિશેષાંક

### આ વિશેષ અંકના સંપાદક ડૉ. નરેશભાઈ વેદ

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## ભારતની અનુપમ વિચારધારા

દર્શન શબ્દ સાથેનું તાત્પર્ય થાય છે કે કોઈ પણ ઘટના પાછળ રહેલા સત્યને જાણવું.

દર્શનનો અર્થ જ્ઞાન થાય છે. ભારતની ભૂમિ શ્રધ્ધાની છે. જ્યાં એક વિચારબિંદુ પર મનુષ્ય અટકતો નથી, જ્ઞાનની અવિરત યાત્રા સતત ચાલતી રહે છે. ભારતીય દર્શન વિશે જ્યારે વિચારીએ છીએ ત્યારે વિવિધ દૃષ્ટિકોણ અંગેનો સર્વાંગી ખ્યાલ આવે છે. પરમસત્ય અને પ્રકૃતિના સિધ્ધાંતોની અહીં ચર્ચા કરવામાં આવે છે. મનુષ્યના દુઃખોની નિવૃત્તિ અને કર્મમાં જાગૃતિનો મૂળ ઉદ્દેશ્ય અહીં સમાવિષ્ટ હોય છે. દર્શનનો એક અર્થ થાય છે જોવું, જેના દ્વારા જોઈ શકાય, જે – તે સિધ્ધાન્તો જેના આધારે જોઈ શકાય. તત્વની શોધ અને તે અંગેની વિચારણા અંગે ભારતમાં પરાપૂર્વકાળથી ચર્ચાઓ થતી રહી છે.

**આ વિશેષ અંકના સૌજન્યદાતા**
**શ્રી સી. કે. મહેતા પરિવાર**
**પુણ્ય સ્મૃતિ**
**પ. પૂ.પંન્યાસ ભદ્રંકર વિજયજી મહારાજ સાહેબ**

ભારતીય દર્શનને લૌકિક અથવા અલૌકિક, માનવી અને અધ્યાત્મિક દર્શન એવા વર્ગમાં વહેંચી શકાય છે. ધર્મને સમજવું, તત્ત્વના અર્કને ગ્રાહ્ય કરવાની વાત હંમેશ ભારતીય દર્શનમાં જોવા મળે છે. ભારતીય દર્શનનું કેન્દ્રબિંદુ મૂળ વેદ છે.

'વેદ' ભારતીય ધર્મ, દર્શન, સંસ્કૃતિ, સાહિત્ય આ બધાનો મૂળ સ્રોત્ર છે. એક રીતે એ સંગીતમય કાવ્ય સંક્રમણ છે. આ દર્શનને 'આસ્તિક દર્શન' કહેવાય છે.

વૈદિક સાહિત્યના ચાર ચરણ – સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ કહેવાય છે. મંત્રો અને સ્તુતિઓના સંગ્રહને સંહિતા કહેવાય છે. ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ મંત્રોની સંહિતા છે. ઉપનિષદનું દર્શન આધ્યાત્મિક છે. અને એનો સાક્ષાત્કાર કરીને મનુષ્ય મન સમસ્ત બંધનોથી મુક્ત થઈ જાય છે.

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઈન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

દર્શનને અંગ્રેજીમાં ફિલોસોફી કહે છે, આ શબ્દ બે ગ્રીક શબ્દના સુમેળથી બન્યા છે. ફિલાસ એટલે પ્રેમ અથવા અનુરાગ અને સોફિયા એટલે વિદ્યા. આમ શબ્દનો અર્થ થાય છે, વિદ્યાનો પ્રેમી અથવા વિદ્યાનુરાગી. સૌપ્રથમ આ શબ્દ ગ્રીક દેશમાં પ્રચલિત થયો. ભારતમાં મુખ્યત્વે ૬ દર્શન મનાય છે જેમાં સાંખ્યદર્શન, યોગદર્શન, ન્યાયદર્શન, વૈશેષિકદર્શન, મીમાંસાદર્શન, વેદાંતદર્શન.

વેદ આધારીત ગ્રંથોમાં મીમાંસાદર્શન અને વેદાંતદર્શન આવે છે. મીમાંસા દર્શનમાં વૈદિક કર્મકાંડને મહત્ત્વ અપાય છે. જ્યારે વેદાંત દર્શનમાં વૈદિક જ્ઞાનકાંડને મહત્ત્વ અપાય છે. સ્વતંત્ર આધાર આપનાર દર્શન તરીકે ન્યાયદર્શન, વૈશેષિક દર્શન, સાંખ્યદર્શન, યોગદર્શન વગેરે આવે છે. જ્યારે નાસ્તિક દર્શન તરીકે ચાર્વાકદર્શન, જૈનદર્શન, બૌદ્ધ દર્શનને ઓળખાવાય છે. આ બધા જ દર્શનો ભારતની અનુપમ વિચારધારાનો પરિચય વિશ્વને આપે છે.

આ બધા જ દર્શનો પરાપૂર્વકાળથી પ્રચલિત છે. મનુષ્યના ગહ્ન રહસ્યોને સમજવા, સંસારની જીવ-અજીવ સૃષ્ટિને સમજવી, સંસારની ઉત્પત્તિ, આરંભ-અંત, નિવૃત્તિ-મોક્ષ સર્વને સમજવાનો અહીં પ્રયત્ન થયો છે. જ્યારે આપણે સાંખ્યદર્શનની વાત કરીએ છીએ ત્યારે સૃષ્ટિના નિર્માણમાં, શરીરના નિર્માણમાં કેટલા તત્ત્વ આવશ્યક છે, તેની વાત થાય છે. સાંખ્યદર્શનના જ્ઞાન દ્વારા, આ તત્વોની ગણના દ્વારા સાંસારિક, મોહ, માયા, બંધનથી ઉપર ઉઠે છે. સાથે આ એક સમ્યક્‌, જ્ઞાન પણ છે જે કર્મકાંડને મહત્ત્વ નથી આપતું.

બીજી તરફ ભારતીય દર્શનમાં યોગદર્શન એવું એક દર્શન છે. માનવજીવનમાં અધ્યાત્મ, વાદ-વિવાદ અને તર્કશાસ્ત્રને મહત્ત્વ આપવાને બદલે માનવદેહના વ્યવહારિક પ્રયોગાત્મક પક્ષ પર વિશેષ ભાર મૂકે છે. આ દર્શનમાં આસન, યૌગિકક્રિયા, પ્રાણાયામ, વ્યાયામ વગેરેને આધ્યાત્મિક ઉપલબ્ધિ માટે આવશ્યક ગણાયું છે.

ભારતીય દર્શન એ માત્ર વિચારવું જ નથી પણ એવો એક માનવજીવનનો આલેખ છે જેના પ્રત્યેક પાને સૂર્યનું તેજ પ્રાપ્ત થાય એટલા અસીમ અર્થો રહેલા છે. જેમ સાંખ્યદર્શનના મુખ્ય પ્રણેતા કપિલમુનિ છે, એમ જ ન્યાયદર્શનના મુખ્ય પ્રણેતા ગૌતમઋષિ કહેવાય છે. આ પૂર્વે પણ ન્યાયશાસ્ત્ર અને તર્કશાસ્ત્રનું અસ્તિત્વ તો હતું જ. અહીં શુદ્ધ, તર્કબધ્ધ વિચારોની આલોચન કરવાની શક્તિને મહત્ત્વ અપાયું છે. આજે મનુષ્યને તેના વૈચારિક મૂળ તરફ આકર્ષે, તેને તાર્કિક રીતે વિચારતો કરે એવા આ મૂળ ગ્રંથનો પરિચય મળે તે ખૂબ જ આવશ્યક છે. ભારતીય દર્શનની કેટલીક વિશેષતાઓની વાત કરું તો વિચારોની સ્વતંત્રતા, મોક્ષનું મહત્ત્વ અને અર્થ, આત્માના અસ્તિત્વમાં વિશ્વાસ, આશાવાદી વલણ, આનંદનું મહત્ત્વ વગેરે બાબતો સ્થાપે છે. **મનુષ્ય તાણ, ડર, સંદેહથી ઘેરાયેલો હોય છે. સામાન્ય બાબતો મનુષ્યને અસમતોલિત કરી દે છે. જીવનશ્રધ્ધાના દીપને પ્રજવલિત રાખવા, માનવીય પ્રેમને જીવંત રાખવા અસીમ અનુપમ એવા સૃષ્ટિના નિયમોને સમજવા જરૂરી છે. સાંસારિક દુઃખથી ઉપર ઉઠવાનો માર્ગ અહીંથી મળે છે. બ્રહ્મને આનંદ સ્વરૂપ કહેવાયું છે. જે એકવાર આ પ્રસન્નતાની ચાવી સમજી લે છે તેને કદી કોઈ વિષાદ મિટાવી શકતો નથી.**

ભારતીય દર્શનના ચિંતકો એક બાબત પર સર્વસંમતિથી એકમત છે, એ છે કર્મફળ તો સિધ્ધાન્ત, કર્મ અનુસાર મનુષ્યને ચોક્કસ સુયોગ્ય ફળ મળે જ છે. જે જેવું વાવે છે, તેને તેવા જ ફળ પ્રાપ્ત થાય છે. થોર વાવનારને આંબા ન જ મળે. વર્તમાનની ઉપલબ્ધિ મનુષ્ય માટે ભલે સુખદાયી હોય પણ તે કાયમી નથી. ભવિષ્યને સુખદાયી કરવા માટે વર્તમાનમાં સુકૃત્યો કરવા આવશ્યક છે.

ભારતીય દર્શનમાં મનુષ્યના દુઃખનું કારણ અવિદ્યાને દર્શાવ્યું છે. મનુષ્યએ ચિંતનશીલ પ્રાણી છે. સમજણના આરંભના કાળમાં તે નાની-મોટી સમસ્યાઓને ધ્યાનમાં રખાતી હોય છે પરંતુ વિશ્વ અને જીવનને સમગ્રતા સમજવાનો તેનો પ્રયાસ તેને દર્શનના અભ્યાસ ભણી લઈ જાય છે. કેટલીક પરંપરાગ માન્યતાથી ઉપર ઉઠીને જીવનને સમજવાનો અહીં પ્રયત્ન થાય છે. દર્શનશાસ્ત્રની કેટલીક શાળાઓ એપિસ્ટોમોલોજી, તત્વમીમાંસા, વ્યવહારશાસ્ત્ર, સાયકોલોજી અને સૌંદર્યશાસ્ત્ર છે, જે અંતર્ગત અનેક વિષયોને આવરી લેવાયા છે. આજના સમયમાં આ વિચારણા અનુસાર જીવનના અનેક પ્રશ્નોનો જવાબ અહીંથી મળે છે. મોક્ષના હેતુ માટે ચિત્ત શુધ્ધિ આવશ્યક છે.

આ વિવિધ વિચારણાની શાખાઓ શક્યતાઓના અમાપ વિશ્વને દર્શાવે છે. દરેક દર્શન પોતાની રીતે સ્વતંત્ર છે અને સાથે એકબીજાના મૂળ પણ જોડાયેલા જોવા મળે છે. મહર્ષિ કણાદ વૈશેષિક દર્શનમાં ધર્મના સાચા સ્વરૂપનું વર્ણન કરે છે. માનવકલ્યાણ માટે ધર્મનું અનુષ્ઠાન અત્યંત આવશ્યક છે. જીવ અને બ્રહ્મ બંનેને ચેતન માને છે તો બીજી તરફ સાંખ્યદર્શનમાં મહર્ષિ કપિલ સૃષ્ટિના ઉપાદાનનું કારણ પ્રકૃતિ માને છે. દરેક સંપ્રદાય/દર્શનનો એક

ચોક્કસ વિચારપક્ષ છે, જેને એકબીજાનો આધાર કહેવાને બદલે પૂરક કહેવું વધુ યોગ્ય ગણાશે. જૈન દર્શનને આરંભ થાય છે ત્યારે તે એ સમયની આવશ્યકતા પણ હતી અને એટલે જ અહિંસા, જાતિભેદથી મુક્તિ, કર્મ સિધ્ધાંતની મહત્તા પર વધુ ધ્યાન અપાય છે. દર્શનની આ ધારા વિવિધ આચાર્યો દ્વારા સમયની સાથે હૃદયપુષ્ટ થતી જાય છે. સાથે એ અંગે જો નિરંતર ચિંતન થતું રહે તો એમાં મદ ભરાવાની શક્યતા ઓછી રહે અને મનુષ્ય કલ્યાણ અને સૃષ્ટિના સમતોલને ટકાવી રાખવાની પ્રાથમિક ભૂમિકા ત્યાંથી પ્રાપ્ત થતી રહે છે.

આ વિશેષ અંક પાછળનું મૂળ કારણ એ હતું કે આજે જે ધાર્મિક અર્થો આપણે સમજ્યા છીએ. તેના મૂળ જે વિચારણામાં પડ્યા છે તેને સમજીએ ક્રિયાકાંડમાં અને મર્યાદિત વ્યાખ્યા ધર્મને આપી, આ વૈચારિક ધારા કે દર્શનથી સમાજ દૂર થઈ રહ્યો છે. દરેક દર્શનના રચિયેતા, વિચારક જેવા કે કપિલ, મહાવીરસ્વામી, ગૌતમ, ચાર્વાક, પતંજલિ, કણાદ જૈમિની, મહર્ષિ વ્યાસ વગેરે ખૂબ જ પ્રજ્ઞાવાન અત્યંત વૈજ્ઞાનિક સમજ, તર્ક ધરાવનાર પ્રતિભા હતી. ઘણીવાર એમને સમજવામાં આપણો પનો ટૂંકો પડે છે. એવા સમયે આ દર્શનને અને તેની મુખ્ય વિચારણા અંગે પરિચય આપવાનો પ્રયત્ન આ વિશેષ અંકમાં કર્યો છે. એક સાથે એક જ અંકમાં બધા આરંભકાળના એ દર્શનશાસ્ત્રનો પરિચય મળી રહે તો વર્તમાનને સમજવામાં ઘણું ઉપકારક બને. સ્વના સ્વરૂપને સમજવાની અને પ્રકૃતિ અને ચેતના અંગેની આપણી કુતૂહલતા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી આપણી અવસ્થા જ્ઞાનમય રહેશે અને તેને કારણે સદા પ્રસન્નતા છવાયેલી રહેશે.

ભારતીય દર્શનના આ વિશેષ અંકના સંપાદક બનવાનું કહેણ ડૉ. નરેશ વેદે સ્વીકાર્યું અને સહુ વિષય નિષ્ણાત સાથે સંપર્ક કરી ઉત્તમ લેખો મેળવી આપ્યા તે માટે ડૉ. નરેશભાઈ વેદનો આભાર માનવા શબ્દો ઓછા પડે છે. નરેશભાઈ આ વિષયના નિષ્ણાત છે, તેમને ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી વિષયને અનુરૂપ એવા વિદ્વાન લેખકોનો સંપર્ક કરીને આ અંકને સંપૂર્ણરૂપ આપ્યું. એક તરફ ગ્રંથાલય પૂરા ખૂલ્યા નહોતા, અવરજવર સાહજિક નહોતી બની અને દરેક વિદ્વાનની અતિવ્યસ્તતાની વચ્ચે નરેશભાઈએ આ અંકનું સાંસ્કૃતિક અને શૈક્ષણિક મહત્ત્વ સમજાવી સહુને લેખ લખવા અને સમયસર આપવા તૈયાર કર્યા. સાથે જ્યારે જ્યાં જરૂર પડી ત્યારે માગદર્શન આપીને અંકને શક્ય બનાવ્યો. આ અંક વર્તમાન સમયની મહામૂલી મૂડી બનવા જઈ રહ્યો છે. ભૌતિક જગતના સ્થૂળ વ્યવહારમાં અટવાયેલો અને સાંપ્રદાયિક વાડામાં ઘેરાયેલો અને વધુ ને વધુ સંકુચિત થતો માણસ ભારતીય દર્શનની ઉદાત્ત ભાવના, વૈચારિક સમૃદ્ધિ સમજે, આત્મા, પ્રકૃતિ, કર્મ આદિને સમજે અને પોતાના જીવનને સુખના સૌહાર્દથી ભીંજવી દે અને આ જ્ઞાન દ્વારા ભારતની ભૂમિ પર થઈ ગયેલા આ પ્રજ્ઞાવાન વિચારકોને પોતાના હૃદયમાં ધારે તો **'આઝાદી કા અમૃત મહોત્સવ'**ને આપણે સાચા અર્થમાં માણીશું.

આ અંકના વિદ્વાન અને પ્રબુદ્ધ જીવન સામયિકના હિતેચ્છુ અને આપણા સહુના માર્ગદર્શક સંપાદક ડૉ. નરેશભાઈ વેદ, તેમના વાત્સલ્યસભર પત્ની ઉમાબહેન વેદ અને તેમના મુંબઈ રહેતાં દીકરી ઋચાબહેનનો આભાર માનું છું. આ અંકને વિદ્વત્તાપૂર્ણ બનાવવા અને એક મહત્ત્વનો ગ્રંથ બનાવવામાં ડૉ. નરેશભાઈને વિદ્યાકીય દૃષ્ટિ અને તત્વમીમાંસા પ્રત્યેનો પ્રેમ કારણભૂત બન્યો છે. અનેક વ્યસ્તતા, અનેક પ્રોજેક્ટની વચ્ચે તેમણે ચીવટ અને ચોક્સાઈથી અંકને આકાર આપ્યો છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને પ્રબુદ્ધ જીવન પરિવાર તેમનો ઋણી છે. સાથે આ અંક માટે દિવસ-રાત કાર્ય કરનાર સહુ સાથીઓ છોટુભાઈ, વર્ષાબેન, સુનીલભાઈ સર્વનો આભાર માનું છું. 'પ્રબુદ્ધ જીવન'ના આ વિશેષ અંકને ફરી એકવાર શ્રી સી. કે. મહેતા તરફથી આર્થિક સહાય મળી અને સારું કાર્ય નાણા માટે અટકતું નથી, તેની પ્રતીતિ થઈ તેમનો આભાર અને વંદન. સર્વ વિદ્વાનોએ લેખ લખીને ઉપકૃત કર્યા છે, અન્યથા આ શક્ય જ ન બનત, તેમનો પણ ખૂબ જ આભાર. મારા વાચકમિત્રોના પ્રતિભાવ વગર તો આ સામયિકનું અસ્તિત્વ જ અધૂરું લાગે માટે તેઓ અમારા સાચા નિર્ણાયકો અને આધારો છે, તે સહુને હું અહીં સ્મરું છું – પ્રણામ.

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો : કાર્યાલયની ઓફિસ પર જણવો અથવા મેલ કરો.

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો. પ્રબુદ્ધ જીવન સામયિક માટેનો સમગ્ર પત્રવ્યવહાર, લેખ તંત્રીના સરનામે મોકલવા.

**સરનામું :**
૧૦/બી, ૭૦૨, અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુલી રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

# આ અંકના વિદ્વાન સંપાદક ડૉ. નરેશ વેદનો પરિચય

'વેદ સાહેબ'ના આદરવાચક નામથી જાણતી ડૉ. નરેશચંદ્ર લક્ષ્મીદાસ વેદ રાજ્યના અને રાષ્ટ્રના અનેકવિધ સજ્જતા ધરાવતા શીલભદ્ર શિક્ષણવિદ અને સંસ્કાર પુરુષ છે. અધ્યયન, અધ્યાપન, વ્યક્તિત્વ અને ચારિત્ર્ય ઘડતર, વાંચન, લેખન, સંશોધન, જ્ઞાન વિસ્તરણ અને સંસ્થા સંચાલન જેવી નાનાવિધ પ્રવૃત્તિઓમાં શરીક થઈ છેલ્લા પાંત્રીસ વર્ષોથી તેઓ સેવાઓ આપી રહ્યા છે.

ત્રીજી માર્ચ ઓગણીસો અડતાલીસમાં તેમનો જન્મ તેમના મોસાળ ગોંડલમાં થયેલો. એમનું વતન મોરબી અને જ્ઞાતિ ભાટિયા. મેટ્રિક થતાં સુધીમાં ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત સર્જકો અને શિષ્ટ માન્ય ગ્રંથો ઉપરાંત હિન્દી, ઉર્દુ, બંગાળી, મરાઠી ભાષાના ખ્યાતનામ, સર્જકો પ્રેમચંદજી, ગાલીબ, જિબ્રાન, ટાગોર, ખાંડેકર વગેરેના સાહિત્યગ્રંથોનું વાંચન પણ કરેલું. સાથોસાથ કાવ્ય, નાટ્ય અને કથાકૃતિનું સર્જન અને પ્રકાશન કરેલ. જ્ઞાતિ સમાજમાં યુવક મંડળની સ્થાપના કરી એમાં ગ્રંથાલય શરૂ કરેલ. ચર્ચાસભા વક્તૃત્વસભા અને પ્રવાસોનું આયોજન પણ કરેલ. ત્યારબાદ મોરબીના જ્ઞાતિ સમાજમાં ટ્રસ્ટી મંડળમાં રહી ચૌદ વર્ષ સુધી સેવાકાર્ય કરેલું.

એમનો વિદ્યાભ્યાસ તેજસ્વી રહ્યો હતો. ગુજરાતી મુખ્ય વિષય સાથે તેમણે સન ૧૯૬૮માં બી. એ.ની પદવી પ્રથમ વર્ગ સાથે મેળવી હતી. સન ૧૯૭૧માં એમ. એ.ની પદવી અને ૧૯૭૮માં પીએચ.ડી.ની પદવી હાંસલ કરી હતી. એમ.એ.માં મુખ્ય વિષ્ય ગુજરાતી સાથે ગૌણ વિષય હિન્દી પસંદ કરેલો. તેમાં એટલી પ્રભુતા પ્રાપ્ત કરી કે કોલેજોમાં પણ હિન્દી વિષય આસાનીથી ભણાવ્યો. હિન્દીમાં માતૃભાષા જેટલી સહજતા અને સરળતાથી તેઓ લેખન અને ઉદ્‌બોધન કરી શકે છે. ડૉ. ઈશ્વરલાલ ર. દવેના માગદર્શન હેઠળ એમણે લઘુનવલના સ્વરૂપ વિશે થીસિસ તૈયાર કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હતી. તેઓ એમ.ફિલ. અને પીએચ.ડી.ની પદવી માટેના યુનિવર્સિટી માન્ય માર્ગદર્શક પણ છે. તેમના માર્ગદર્શન હેઠળ ૩૫ વિદ્યાર્થીઓએ એમ.ફીલ.ની અને અગિયાર વિદ્યાથીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

સ્નાતક કક્ષાએ યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમે હોઈ તેમને અનુસ્નાતક અભ્યાસ માટે ભારત સરકાર દ્વારા નેશનલ સ્કોલરશીપ એનાયત થયેલી. સન ૧૯૭૮માં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હીએ એમની સંશોધક તરીકેની કારકિર્દીના વિકાસ માટે ચાર લાખ રૂપિયાની આર્થિક સહાય સાથે 'કરિયર ઍવૉર્ડ' એનાયત કરેલો. એ નિમિત્તે એમણે 'પ્રાચીન ભારતીય કથાનાત્મક ભારતીય કથાનાત્મક સાહિત્ય'નો Indepth Study તૈયાર કરી આપ્યો હતો. હરિ ૐ આશ્રમ દ્વારા એમને આંતર યુનિવર્સિટી ઍવૉર્ડ પણ મળેલ છે. એમના વિવેચન ગ્રંથને ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક પણ મળેલું છે. કથનાત્મક સાહિત્યના ગણમાન્ય વિદ્વાન હોવાને નાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તેમના સંશોધન જર્નલ માટે કથનકળા મીમાંસા નામક વિશેષાંકનું સંપાદન એમને આમંત્રિત કરીને અતિથિ સંપાદક તરીકે સોંપાયેલ હતું.

ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે એમની કારકિર્દીનો આરંભ ધ્રાંગધ્રાની શાહૂ શ્રીયાંસપ્રસાદ જૈન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા ૧૯૬૯માં થયો હતો. એ પહેલાં એમણે બેન્ક બરોડામાં મોરબી ખાતે સર્વિસ કરી હતી. ધ્રાંગધ્રા બાદ મોરબી અને રાજકોટથી કોલેજમાં સાત વર્ષો સુધી એમણે અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. સન ૧૯૭૧થી અનુસ્નાતક અધ્યાપક તરીકે માન્યતા મળતાં એમણે ત્યારથી જ જામનગર અને રાજકોટ ખાતે અનુસ્નાતક અધ્યાપન કાર્ય કરેલું. સન ૧૯૭૭માં સરદાર પટેલ યુનિવર્સિટીમાં અનુસ્નાતક વિભાગમાં જોડાઈ સાત વર્ષ વ્યાખ્યાતા તરીકે અને પંદર વર્ષ રીડર તરીકે સેવાઓ આપી હતી. ત્યારબાદ એમની વરણી પ્રોફેસર તરીકે થઈ હતી. સ્વાધ્યાય, શિસ્ત અને વિદ્યાર્થીપ્રિય અધ્યાપક તરીકે એમની ખ્યાતિ ફેલાયેલી છે. એમના વિશાળ વાંચન, ગહન અધ્યયન અને સફળ અધ્યાપનને લક્ષણમાં રાખી ભાવનગર, રાજકોટ, પાટણ, અમદાવાદ, વડોદરા અને સુરત સ્થિતિ ગુજરાતની જાણીતી બધી યુનિવર્સિટીઓએ તેમજ મુંબઈની યુનિવર્સિટીએ વિઝીટીંગ ફેલો અને વિઝીટીંગ પ્રોફેસર તરીકે તેમજ અભ્યાસ સમિતિના સદસ્ય, પરીક્ષક, સંવિવાદ-ગોષ્ઠિઓના સંચાલક તથા માર્ગદર્શન તેમજ સલાહકાર તરીકે એમની સેવાઓ મેળવી છે.

અધ્યયન અને અધ્યાપન ઉપરાંત સંશોધન અને પ્રકાશન એમની પ્રિય પ્રવૃત્તિઓ રહી છે. સન ૧૯૮૦-૮૧ દરમ્યાન એમણે

યુ.જી.સી. નવી દિલ્હીની આર્થિક સહાયથી 'નોવેલ ઓફ આઈડિયાઝ' પર સંશોધન કાર્ય કર્યું હતું. ત્યારબાદ એ જ સંસ્થાની સહાયથી સન ૧૯૮૯ થી ૧૯૯૧ દરમ્યાન 'અન ઈન્ડેપ્થ સ્ટડી ઓફ ઈન્ડિયન નેરેટિવ લિટરેચર' એ વિષય પર એક અત્યંત મહત્ત્વનું સંશોધન કાર્ય કર્યું હતું. એ ઉપરાંત એમણે A Dictionary of literary Terms અને 'Dictionary of Linguistics' પણ ૧૯૮૧ થી ૧૯૮૭ દરમ્યાન તૈયાર કરી હતી. એ ઉપરાંત જ્ઞાનના ચારેય ક્ષેત્રોને આવરી લેતા ચાળીસેક વિષયોની પરિભાષાની ડીક્ષનરી તૈયાર કરવાના કામમાં તેઓ વર્ષો સુધી વ્યસ્ત રહ્યા હતા. હાલ તેઓ 'એનસાયક્લોપીડિયા ઓફ લિટરેચર એન્ડ કલ્ચર.' 'એનસાયક્લોપીડિયા ઓફ હિન્દુઇઝમ'ના અધિકરણો તૈયાર કરી રહ્યા છે. એમણે લખેલાં અધિકરણો ડૉ. ધીરુભાઈ ઠાકર સંપાદિત 'ગુજરાતી વિશ્વકોશ'માં પણ પ્રકાશિત થયેલા છે. પુસ્તક પરિચય, પુસ્તક સમીક્ષા તથા સાહિત્યના અનેક મુદ્દાઓને સ્પર્શતા સૈદ્ધાંતિક તેમજ વ્યાવહારિક વિવેચન તથા સંશોધનના અંદાજે સો જેટલા એમના લેખો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના અધિકૃત સામયિકોમાં પ્રકાશિત થયેલા છે. આજ સુધીમાં એમના દસ પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'નવલકથાઃ શિલ્પ અને સર્જન (૧૯૮૩)', 'કથાવિમર્શ' (૧૯૮૩), 'ભાવસેતુ' (૧૯૮૪), 'ગુજરાતી કથાવિશ્વઃ લઘુનવલ' (૧૯૮૫), 'ગુજરાતી કથાવિશ્વઃ નવલકથા' (૧૯૮૬), 'લઘુનવલવિમર્શ' (૧૯૯૧), 'કથાયોગ' (૧૯૮૫), 'એન ઇન્ડેપ્થ સ્ટડી ઓફ એન્સીયન્ટ ઈન્ડિયન નેરેગિટવ લિટરેટર' (૧૯૯૬), 'જીવનમાં અને શિક્ષણમાં સર્જનશીલતા', 'ડૉ. બલિરામ હેડગેવાર' (૨૦૦૪) વગેરે મુખ્ય છે. હજુ આટલા જ ગ્રંથો પ્રકાશિત થાય એટલી છપાયેલી સામગ્રી એમની પાસે ઉપલબ્ધ છે. વલ્લભવિદ્યાનગરથી પ્રકાશિત થતાં સામયિક 'વિ'માં થોડો વખત સંપાદન મંડળમાં એમણે સેવાઓ આપેલી. એ ઉપરાંત ગુજરાત રાજ્યની ગુજરાત સાહિત્ય અકાદમીના સામયિક 'શબ્દસૃષ્ટિ'ના પરામર્શક તરીકે પાંચ વર્ષ એમણે સેવાઓ આપી હતી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર એમ ત્રણ યુનિવર્સિટીઓની એકેડેમી સ્ટાફ કોલેજના સલાહકાર તરીકે એમણે સેવાઓ આપેલી છે. તેમજ એ કોલેજોના અનેક ઓરિયેન્ટશન અને રીફ્રેશર કોર્સના ઉદ્દ્ઘાટક અને રીસોર્સ પર્સન તરીકે સેવાઓ આપેલી છે. સરદાર પટેલ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને ભાવનગર યુનિવર્સિટીઓની વિવિધ સમિતિઓના સભ્ય, સલાહકાર કે અધ્યક્ષરૂપે એમણે કામગીરી બનાવેલી છે. આ ચારેય યુનિવર્સિટીઓના Board of Studies, ફેકલ્ટી, એકેડેમિક કાઉન્સીલ, સિન્ડીકેટ, સેનેટ જેવા સત્તામંડળોમાં સભ્ય અને અધ્યક્ષરૂપે સેવાઓ આપી છે અને હાલ પણ આપી રહ્યા છે.

એમની વ્યક્તિતા, વિદ્વવતા, કાર્યનિષ્ઠા, અને નિપુણતા, વહીવટ સંચાલન કુશળતા વગેરે લક્ષ કરીને ગુજરાત સરકારે સરદાર પટેલ યુનિવર્સિટી પાસેથી એમની સેવાઓ લોન રૂપે માગી સન ૧૯૯૯માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો-વાઈસ ચાન્સેલર તરીકે નિમણુક કરી હતી. એમની કાર્યદક્ષતા અને વહિવટી કુશળતા જોઈ નવ માસના ટૂંકા ગાળામાં એમને પ્રમોશન આપી ત્રણ વર્ષ માટે એમની સેવાઓ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના વાઈસ ચાન્સેલર તરીકે લીધી હતી. ત્યાં અતિવૃષ્ટિ, ભૂકંપ, કોમીદંગલ જેવી આસમાની તથા મનુષ્યોપાર્જિત આપત્તિઓ વખતે એમણે બજાવેલી ઉદાહરણરૂપ કામગીરીની કદર જાણી બીજા ત્રણ વર્ષ માટે ભાવનગર યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર તરીકે તેમની નિમણુક કરી હતી. ગુજરાત વિષયના તેઓ એક માત્ર અધ્યાપક છે જેમણે ગુજરાત રાજ્યની ચાર ચાર યુનિવર્સિટીઓના સત્તા મંડળમાં કામગીરી બજાવી હોય. જેમાંથી ત્રણ યુનિવર્સિટીઓની તો મુખ્ય વહિવટી અધિકારી તરીકે એમણે ધૂરા સંભાળી છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે હતા ત્યારે તેમણે કુલપતિ પદ સંભાળતા ઉપરાંત એજ્યુકેશન મિડીયા રિસર્ચ સેન્ટર, શ્રમિક વિદ્યાપીઠ, જનશિક્ષણ સંસ્થાન, સેન્ટ્રલ સ્કૂલ, શાહીબાગ જેવી સંસ્થાઓના ચેરમેન તરીકે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદના તેમજ સ્લેટ એકઝામ કમિટી વડોદરાના સભ્ય તરીકે પણ સેવાઓ પુરી પાડી હતી. આ ઉપરાંત યુ.જી.સી. હ્યુમન રિસર્ચ ડેવલપમેન્ટ સન્ટર, વિદ્યાનગરના ડાયરેક્ટર તરીકે સેવાઓ આપી હતી. હાલમાં તેમના ત્રણ પુસ્તકો પ્રકાશિત થયા છે, ઉપનિષદ વિમર્શ, તત્વબોધ અને ભારત શું છે?

એક તેજસ્વી અધ્યાપક, વિદ્વાન સંશોધક, દષ્ટિવંત વહીવટકર્તા અને સવ્યસાચી શિક્ષણવિદ તરીકે એમની આગવી પ્રતિભા ઉપસી છે.

# ભારતીય તત્ત્વચિંતનની આછી રૂપરેખા

ડૉ. નરેશ વેદ

"હિન્દુસ્તાન એની અનેક સંપત્તિઓમાં કોઈ પણ એક સંપત્તિ માટે સવિશેષ અભિમાન રાખે છે તો તે એનું તત્ત્વજ્ઞાન છે." – આનંદશંકર ધ્રુવ.

સૌપ્રથમ તત્ત્વજ્ઞાન એટલે શું એ સમજીએ. આચાર્ય આનંદશંકર ધ્રુવ એની વ્યાખ્યા આ રીતે આપે છે. : "તત્ત્વચિંતન એટલે પદાર્થના ભાસમાન સ્વરૂપથી પર તત્ત્વભૂત સ્વરૂપ શું છે અને તત્ત્વની દૃષ્ટિએ ભાસમાન સ્વરૂપનો શો ખુલાસો છે એનો બુદ્ધિ વિચાર." સાદી રીતે કહીએ તો "વસ્તુના યથાર્થ સ્વરૂપનો પ્રમાણ દ્વારા નિર્ણય કરતું શાસ્ત્ર એટલે તત્ત્વજ્ઞાન", જીવનનાં મુખ્ય ક્ષેત્રો ત્રણ છે : (૧) વ્યાવહારિક (ભૌતિક), (૨) પ્રાતિભાષિક અને (૩) પારમાર્થિક. એ ત્રણેય ક્ષેત્રોના વિષયો એટલે વિજ્ઞાન, માનવવિદ્યાઓ અને અધ્યાત્મ. એ ત્રણેય ક્ષેત્રોના જે મૂળભૂત મુદ્દાઓ (issues) છે; તેમનાં સ્વરૂપ અને કાર્યની સમજ સ્પષ્ટ કરતા વિષયને તત્ત્વજ્ઞાન કહે છે. આ તત્ત્વજ્ઞાન, આમ સમગ્ર જીવનને સર્વાંગીણ રૂપે આવરી લે છે.

આ ત્રણેય ક્ષેત્રોના મૂળભૂત મુદ્દાઓ છે : જીવ શું છે, જગત શું છે, ઈશ્વર શું છે? આ ત્રણેયનું સ્વરૂપ કેવું છે અને કાર્ય કેવું છે? આ ત્રણેય વચ્ચે શો અને કેવો સંબંધ છે? જગત અને સંસાર બંને એક છે કે જુદાં ? એ બેઉ સત્ય છે કે મિથ્યા? સત્ય શું છે, મિથ્યા શું છે? આત્મા શું છે, પરમાત્મા શું છે? એ બે વચ્ચે શો સંબંધ છે? આ જગત અને જીવનમાં નિત્ય શું છે, અને અનિત્ય શું છે? શાશ્વત શું છે અને નાશવંત શું છે? આ સૃષ્ટિ જો એક સર્જન છે તો એનો સર્જક કોણ છે? એનો સર્જનહેતુ શો હશે? શું આ સૃષ્ટિનું સર્જન, સચાલન, પ્રબંધન, પ્રશાસન અને વિનાશ કોણ કરે છે? જન્મ અને મૃત્યુ શું છે? શા કારણે છે? જીવનમાં સુખ, દુઃખ અને આનંદ શા કારણે છે? કર્મ શું છે, પ્રારબ્ધ શુ છે? જીવનમાં બંધન શું છે અને મુક્તિ શું છે? કારણ-કાર્ય અને કાળાનુક્રમની શૃંખલા શું છે? પાપ અને પુણ્ય શું છે? દુરિત તત્ત્વ શું અને શા કારણે છે? સત્ય શું છે, શિવ શું છે, સુંદર શું છે? પ્રેમ, મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા શું છે? કાળ શું છે? નીતિ-અનીતિ શું છે? સંપ્રદાય, ધર્મ અને અધ્યાત્મ શું છે અને શા માટે છે? યોગ-સંયોગ શું છે? યુદ્ધ શું છે અને શા માટે છે? જીવનમાં ત્રિવિધ તાપનું નિવારણ અને અક્ષય સુખની પ્રાપ્તિ શક્ય છે? કળાઓ, વિજ્ઞાનો અને અધ્યાત્મના અંતિમ લક્ષ્યો ક્યાં છે? શું એ ત્રણેયનો સમન્વય થઈ શકે? વગેરે પ્રશ્નોના અદ્દલ સ્વરૂપની પ્રમાણો સાથે સમજૂતી આપતા વિષયને તત્ત્વચિંતન કહે છે.

જીવનમાં સત્ય, શિવ અને સુંદર એવાં ત્રણ સનાતન મૂલ્યો છે. એમાંથી સતવિષયક પ્રશ્નોની છણાવટ કરતું તત્ત્વચિંતન એટલે તત્ત્વમીમાંસા, એ ત્રણેયના કાર્ય વિશે છણાવટ કરતું તત્ત્વચિંતન એટલે જ્ઞાનમીમાંસા, એનાં રૂપ વિશેની છણાવટ કરતું ચિંતન એટલે સૌંદર્યમીમાંસા, એના ધારાધોરણો અને નીતિનિયમોની છણાવટ કરતું ચિંતન એટલે નીતિ ઉર્ફે આચારમીમાંસા, એનું મૂલ્યાંકન કરતું તત્ત્વચિંતન એટલે મૂલ્યમીમાંસા. આ તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા, સૌંદર્યમીમાંસા, આચારમીમાંસા, મૂલ્યમીમાંસા એ બધી તત્ત્વજ્ઞાનની શાખાઓ છે.

જીવન વાસ્તવમાં સતત ચાલતી એક શોધ છે. એમાં મનુષ્યની શોધનાં ક્ષેત્રો છે : (૧) સત્યની શોધ (૨) કલ્યાણની શોધ (૩) ૮ સૌંદર્યની શોધ (૪) પ્રેમની શોધ (૫) આનંદની શોધ અને (૬) શાંતિની શોધ. આ શોધ નિમિત્તે મનુષ્ય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશે છે.

આવું તત્ત્વચિંતન કરનારને તત્ત્વચિંતક કહે છે. એનાં સાધનો છે શ્રવણ અને દર્શન. એટલે એને દર્શનશાસ્ત્ર અને દાર્શનિકો તરીકે પણ ઓળખવામાં આવે છે.

આપણા દેશમાં છેક વેદના શ્રુતિકાળથી આવું ચિતન / દર્શન થતું આવ્યું છે. વેદો, બ્રાહ્મણો અને આરણ્યકોમાં એ અછડતું છે, પણ પ્રસ્થાનત્રયીરૂપ ત્રણેય ગ્રંથોમાં, પુરાણો, સૂત્રો અને નીતિગ્રંથોમાં એ વિસ્તરતું ગયું છે. પછી દર્શનયુગમાં એ વધારે સૂક્ષ્મ, અને ગહન થતું ગયું છે. એ જેટલું દ્યોતક છે એટલું વિચારોત્તેજક પણ છે. દર્શનકાળના ઋષિઓએ પોતાની તપ અને જ્ઞાનની સાધના દ્વારા એને આત્મસાત કર્યું. પછી ટીકાઓ અને ભાષ્યોરૂપે ખૂબ ખેડાયું છે. અહીં એની આછી ઝલક લઈએ.

દર્શનોની વાત ઉપર આવતા પહેલાં આપણે 'દર્શન' સંજ્ઞાનો અર્થ સમજી લઈએ. આ સંજ્ઞાનો વ્યુત્પત્તિ અનુસાર અર્થ છે 'જ્ઞાન તરફનો અનુરાગ.' અહીં 'જ્ઞાન' શબ્દનો અર્થ તથ્યોની જાણકારી એવો નથી પરંતુ માનવજીવન અને વિશ્વના ગહનતમ પ્રશ્નોના સંબંધમાં અભિજ્ઞતા એવો છે. જમાનાઓથી દર્શન અનેક દિશાઓમાં

વિકસતું રહ્યું છે અને જમાને જમાને એનાં જુદાં જુદાં પાસાઓ કે ક્ષેત્રો પર વિચારવિમર્શ થયો છે. ક્યારેક તત્ત્વમીમાંસા તો ક્યારે મૂલ્યમીમાંસાને દર્શન ઊંડાણથી લે છે. ક્યારેક તર્કશાસ્ત્રને તો ક્યારેક પ્રમાણશાસ્ત્રને, ક્યારેક અધ્યાત્મશાસ્ત્રને તો ક્યારેક સૌંદર્યશાસ્ત્રને તો ક્યારેક નૈતિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક જીવનના વિચાર વિમર્શને દર્શનશાસ્ત્રના દાયરામાં લઈ એમને કેન્દ્રબિંદુ માનવામાં આવ્યું છે. આ સંજોગોમાં 'દર્શન' જીવનના સત્ત્વ-અસ્તિત્વ જેવા મૂળગત તથા વિશ્વવ્યાપી પ્રશ્નો અને મૂલ્યોનું વ્યવસ્થિત અધ્યયન છે. આ અધ્યયન વિશ્લેષણાત્મક તેમ જ સંશ્લેષણાત્મક – એમ ઉભય રૂપવાળું છે.

ભારતમાં વિકસેલાં મુખ્ય દર્શનની સંખ્યા પંદરથી વધારે છે. એ છે : (૧) ચાર્વાક (૨) જૈન (૩) વૈભાષિક બૌદ્ધ (૪) સૌત્રાંતિક બૌદ્ધ (૫) યોગાચાર બૌદ્ધ (૬) માધ્યમિક બૌદ્ધ (૭) સાંખ્ય (૮) યોગ (૯) ન્યાય (૧૦) વૈશેષિક (૧૧) મીમાંસા (૧૨) વેદાન્ત દર્શન (૧૩) શૈવદર્શન (૧૪) શાક્તદર્શન અને (૧૫) અર્વાચીન દર્શનો.

આ બધાં દર્શનોમાં રહેલી તાર્કિકતા, વૈચારિક ગહનતા અને સૂક્ષ્મતાયુક્ત વિવેચના અજોડ અને અનન્ય છે. તેમાંના ચિંતનની મૌલિકતા અને એ ચિંતન વિચારણાનું મનોવૈજ્ઞાનિક ધરાતલ પણ આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતાં નથી. દરેક દર્શનની પોતપોતાની તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા, આચારમીમાંસા અને મૂલ્યમીમાંસા હોય છે. કોઈક દર્શન એમાંની અમુક એક મીમાંસાને વિશેષ મહત્ત્વ આપે અને બીજું દર્શન અન્ય મીમાંસાને પ્રધાનતા ન આપે એવો આ દર્શનો વચ્ચે ભેદ છે. પણ એ જ તો આ દર્શનોની સ્વાભાવિકતા અને વિશેષ છે.

આ દર્શનનો મૂળ હેતુ તો માણસને જીવન, જગત અને ઈશ્વરના અસ્તિત્વ અને સત્ત્વ, સ્વરૂપ અને કાર્ય, હેતુઓ અને પ્રયોજનો, લક્ષ્યો અને પરિણામો, સંબંધો અને વ્યવહારો, શ્રેય, સાર્થકતા અને નિરર્થકતા વગેરે વિશે એવી દૃષ્ટિ (સમજ) આપવાનો હતો, જેના વડે તે દુઃખની આત્યંતિક નિવૃત્તિ અને પરમ સુખની પ્રાપ્તિ કરી શકે. માનવ દુઃખો મોટે ભાગે અજ્ઞાન અને વિપરીત જ્ઞાનમાંથી જ ઉદ્ભવતાં હોવાથી આ દર્શનો તે દૂર કરી સાચું જ્ઞાન પ્રવર્તાવવા માટે જીવનના વિવિધ અનુભવોને સમજવાની રીત અથવા પદ્ધતિ બતાવે છે.

અહીં આપણે આપણા દેશમાં વિકસેલાં બારેય દર્શનોમાંથી કેવળ છ – સાંખ્ય યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત – દર્શનોનો, સામાન્ય લોકોને જરૂરી હોય તેટલો ખપપૂરતો, પરિચય કરીશું. આપણા શાસ્ત્ર ગ્રંથો એટલે શ્રુતિ, સ્મૃતિ અને સંહિતા. સંહિતા એટલે ઋક્, યજુર, સામ અને અથર્વ એમ ચાર વેદો, સ્મૃતિ એટલે નારદસ્મૃતિ, પરાશરસ્મૃતિ, મનુસ્મૃતિ વગેરે અને શ્રુતિ એટલે ઉપનિષદો. વેદકાલીન ઋષિમુનિઓથી માંડી પરવર્તી ઋષિમુનિઓએ આ સચરાચર સૃષ્ટિ અને અખિલ બ્રહ્માંડનાં સત્ત્વો – તત્ત્વો વિશે વિચારતાં – વિમાસતાં જે જ્ઞાન ઉપલબ્ધ થયું તે બધું આ શાસ્ત્રગ્રંથોમાં રજૂ થયું છે. એ જ્ઞાન મૂળ ધારણામૂલક (speculative) જ ન હતું, અનુભવમૂલક (emprical) વધારે હતું. આપણા એ પૂર્વજોએ જે કાંઈ જોયું જાણ્યું અને અનુભવ્યું, પછીથી જે કાંઈ આપણને કહ્યું ને સંભળાવ્યું તે આપણે પણ અનુભવવું અને પરખવું, સમજવું જોઈએ. એ માટે એ કાળે જે પ્રયત્નો થયા તેમાંથી આ દર્શનો ઉદ્ભવ્યાં છે. આપણે એમાં રજૂ થયેલ વિચારસંપદાનો હવે ક્રમશઃ પરિચય કરીએ.

**સાંખ્ય દર્શનઃ**

આ દર્શન ભારતીય તત્ત્વદર્શનની સૌથી પ્રાચીન વિચારશાખા છે. આ દર્શનના પ્રણેતા કપિલમુનિ હતા. તેના સૂત્રકાર મહર્ષિ કપિલે કહ્યું કે આપણે ખરું જ્ઞાન શું છે તે જાણતા નથી, કારણ કે આપણે ચેતન પુરુષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદ કરતા નથી. આ દર્શનની મૂખ્ય લાક્ષણિકતા એ છે કે એણે બે મહત્ત્વની અવધારણાઓ આપી : (૧) કાર્યકારણનો નિયમ (૨) જગતની ઉત્પત્તિ અને વિકાસની ઘટના. આ દર્શન મુજબ 'પુરુષ' અને 'પ્રકૃતિ' એ બે અને સ્વતંત્ર એવી સનાતન હસ્તીઓ છે. 'પુરુષ' ચૈતન્યરૂપ છે પણ અક્રિય અને 'પ્રકૃતિ' સક્રિય છે પણ અચેતન છે. આ જગત આ 'પ્રકૃતિ'નું રૂપાંતર છે અને માટે વાસ્તવિક છે, મતલબ કે આ 'પ્રકૃતિ' આ બ્રહ્માંડનું અકારણરૂપ કારણ છે. તેનાં ત્રણ ઘટકો છે : સત્ત્વ, રજસ અને તમસ. 'પ્રકૃતિ' આ ત્રણેય ગુણોનું સંતુલન છે; કેવળ 'પુરુષ'ની સંન્નિધિ આ સંતુલનને ક્ષુભિત કરે છે તેથી જગતની ઉત્પત્તિ થાય છે. જગતની ઉત્પત્તિનું પહેલું કારણ 'પ્રકૃતિ' છે અને પહેલું સર્જન તે 'મહત્' ઉર્ફે વિવેકબુદ્ધિ છે. 'અહંકાર' બીજું સર્જન છે અને એમાંથી પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને 'મન' ઉદ્ભવ્યાં. તમસના આધિક્યને ખાળવા 'અહંકારે' પાંચ 'તન્માત્રા'ઓ સર્જી અને એમાંથી પાંચ 'મહાભૂતો' પ્રગટ્યાં. આ રીતે બ્રહ્માંડનું સર્જન પચીસ તત્ત્વો વડે થયું. ઝીણી નજરે જોઈએ તો આ 'સાંખ્ય' દર્શનની જગતની ઉત્પત્તિનો સિદ્ધાન્ત કાર્યકારણના ખ્યાલ ઉપર ઊભેલો છે.

આ દર્શન માને છે કે 'પુરુષ' ઉર્ફે ચૈતન્ય અથવા આત્મા પોતે

તદ્દન મુક્ત, નિઃસંગ અને નિર્લેપ છે પરંતુ અજ્ઞાનને કારણે એને 'અહંકારરૂપ' સમજીને આપણે એને 'કર્તા' સમજી લઈએ છીએ એ ખોટું છે. વાસ્તવમાં એ કર્તા નથી. 'સ્વ' (self) અને 'પર'(not self) વચ્ચેનો ભેદ ખ્યાલ ન હોવાથી મનુષ્ય જીવનમાં દુઃખ અને પીડાનો અનુભવ કરે છે. એ વખતે 'પુરુષ' અને 'પ્રકૃતિ' વચ્ચેનો ભેદ સમજાઈ જાય કે ચેતન 'પુરુષ'ને 'પ્રકૃતિ'ના ગુણધર્મો સાથે કશી લેવાદેવા નથી તો મનુષ્ય તમામ પ્રકારનાં દુઃખ અને પીડાઓથી મુક્ત થઈ જાય છે અને એનું નામ જ 'મુક્તિ' છે. સાંખ્યદર્શન, આમ, 'જીવનમુક્તિ'નો ખ્યાલ તો સ્વીકારે છે; ઉપરાંત, મનુષ્યોનાં તમામ 'કર્મો' ખતવાઈ જાય છે ત્યારે આત્મા દેહથી પણ મુક્ત થઈ જાય છે એમ પ્રતિપાદિત કરીને 'વિદેહમુક્તિ'નો ખ્યાલ પણ સ્વીકારે છે. સાંખ્ય મતના આરંભના વિચારકો તો 'ઈશ્વર'નો ખ્યાલ પડતો મૂકે છે પરંતુ પાછળથી આવેલા વિચારકોથી ફરીથી 'ઈશ્વર'નો ખ્યાલ પુનર્જિવિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

આપણે 'બ્રહ્મ'ને જાણતા નથી કારણ કે 'પુરુષ' અને 'પ્રકૃતિ' વચ્ચેનો ભેદ જાણતા નથી, આ મુખ્ય કારણ છે. આ કારણને દૂર કરવાની વાત આ દર્શને કરી. મતલબ કે અજ્ઞાનજન્ય અવિવેક ટાળીને વિવેકજ્ઞાન મેળવવાની વાત તો રજૂ પણ એ તો કેવળ સૈદ્ધાન્તિક વાત થઈ. તેને આચરણમાં મૂકવી કઈ રીતે એવો પ્રશ્ન સહેજે ઉદ્ભવે.

**યોગદર્શન :**

આવો વિવેક ઉપજાવવા માટેના સાધનની સમજૂતી 'યોગદર્શને' આપી. સાંખ્ય દર્શને જે વાત સૈદ્ધાન્તિક રીતે રજૂ કરી, તેને યોગદર્શને વ્યવહારુ ભૂમિકાએ મૂકી આપી. યોગદર્શને સાંખ્ય દર્શનની જ્ઞાનમીમાંસા (Epistemology) અને તત્ત્વમીમાંસા (Metaphysics) સ્વીકારી અને જીવનમાં આ બાબતોનું આચરણ કેવી રીતે કરી શકાય તેની સમજૂતી આપી. આ દર્શને 'ઈશ્વર'નો ખ્યાલ સ્વીકાર્યો પરંતુ બ્રહ્માંડના સર્જક તરીકે નહીં બલકે સર્વોપરિ 'સ્વ'રૂપે, ધ્યાનની એકાગ્રતના એક પદાર્થરૂપે. આ દર્શન મુજબ 'ઈશ્વર' પૂર્ણાવતાર, શાશ્વત, સર્વ વ્યાપક, સર્વજ્ઞ છે. તેથી આ દર્શનને 'સેશ્વર સાંખ્ય' તરીકે ઓળખવામાં આવે છે.

આ દર્શનના પ્રવર્તક પતંજલિઋષિ. એમનો 'યોગસૂત્ર' નામનો ગ્રંથ આ મતનો પાયાનો ગ્રંથ છે. 'યોગ' એટલે 'આત્મા' અને 'પરમાત્મા'નું જોડાણ. આવું જોડાણ એટલે માત્ર આધ્યાત્મિકરૂપનું જ નહીં; પરંતુ માણસના શારીરિક અને માનસિક વ્યક્તિત્વનાં પાસાઓનાં વિકાસરૂપ પણ ખરું. 'પુરુષ' અને 'પ્રકૃતિ' વચ્ચે રહેલા વિભેદના વિવેકજ્ઞાન સાથે મનુષ્યનાં તન, મન અને ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ કાબૂ મેળવીને પૂર્ણત્વ પ્રાપ્ત કરવાની પદ્ધતિ આ દર્શને ચીંધી બતાવી. આવું પૂર્ણત્વ પ્રાપ્ત કરવા યમ, નિયમ, આસન, પ્રણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ જેવી આઠ અંગોવાળી શારીરિક અને માનસિક કવાયત આ દર્શને જણાવી. આવી સાધના પ્રક્રિયાથી તન, મન અને ઇન્દ્રિયો સંયમમાં આવી રહે. આ પ્રક્રિયાનું લાંબા સમય સુધી આચરણ કરતાં મનુષ્ય કેટલીક 'વિભૂતિ'ઓ કે 'સિદ્ધિ'ઓ પ્રાપ્ત કરી શકે. પરંતુ એને અગણવી જોઈએ, કેમ કે આધ્યાત્મિક ઉન્નતિમાં એ અવરોધરૂપ બને. જ્યારે મનુષ્ય 'સ્વ' ઉપર ધ્યાન કેન્દ્રિત કરે ત્યારે મનના વ્યાપારો થંભી જાય છે અને 'સ્વ' એના સ્વભાવમાં સ્થિર થઈ 'કૈવલ્ય'નો અનુભવ પ્રાપ્ત કરી શકે છે. ટૂંકમાં, યોગદર્શને મનુષ્યને એનાં દુઃખ-સંતાપમાંથી મુક્ત થઈ સર્વદા-સર્વથા આનંદરૂપ 'કૈવલ્ય' પામવાની વૈજ્ઞાનિક પદ્ધતિ સમજાવી આપી. માણસે 'પુરુષ'ને 'પ્રકૃતિ'થી અલગ કરવા માટે એવો 'યોગ' એટલે કે ચિત્તવૃત્તિનો નિરોધ કરવો જોઈએ. તેનાં મન અને ચિત્તને એકાગ્ર કરી ઠેકાણે રાખવાની યોજના આ દર્શને આપી. સાથે એ પણ એણે સ્પષ્ટ કરી આપ્યું કે ઈશ્વરપ્રણિધાનથી જ આ થઈ શકે.

**ન્યાયદર્શન :**

વળી માણસના મનમાં પ્રશ્ન ઊભો થયો કે 'આત્મા' અને 'પરમાત્મા' જેવા પદાર્થો છે જ ક્યાં કે આવો વિવેક કરવાની અને તે માટે ચિત્તવૃત્તિના નિરોધની જરૂર પડે? તર્કપ્રધાન ગુરુની આ શંકાના ઉત્તરરૂપે અન્ય બે દર્શનો ઉદ્ભવ્યાં તે છે : 'ન્યાયદર્શન' અને 'વૈશેષિક દર્શન'.

ન્યાયદર્શન એક રીતે કહીએ તો તાર્કિક વાસ્તવવાદ છે. વિશ્વ વિશેનો તેનો વાસ્તવિક ખ્યાલ તાર્કિક ભૂમિકા અને આલોચનાત્મક વિચારણા ઉપર નિર્ભર રહેલો છે. એની પ્રાથમિક નિસબત યથાર્થ વિચારણાનાં ધારાધોરણ ઘડવાની હતી. એની મુખ્ય મહત્તા તેનાં તર્ક, જ્ઞાન અને પદ્ધતિમીમાંસામાં છે. એના સ્થાપક ગૌતમઋષિ હતા.

આમ તો વિચારણાને મુખ્યત્વે તર્કશાસ્ત્ર અને જ્ઞાનશાસ્ત્રની સમસ્યાઓ રસ હતો પણ એનો આખરી હેતુ તો મનુષ્યને એનાં તમામ દુઃખ પીડમાંથી મુક્ત બનાવવાનો જ હતો. ગૌતમઋષિનું માનવું હતું કે સોળ 'પદાર્થો'નું સાચું જ્ઞાન મનુષ્યને 'મુક્તિ' તરફ દોરી જઈ શકે. આ સોળ કોટિઓ એટલે 'પ્રમાણ', 'પ્રમેય', 'સમસ્યા', 'પ્રયોજન', 'દષ્ટાંત', '', 'સિદ્ધાન્ત', 'અવયવ', 'તર્ક', 'નિર્ણય',

'વાદ', 'જલ્પ', 'વિતંડા', 'હેત્વાભાસ', 'ચલ', 'જાતિ' અને 'નિગ્રહસ્થાન'. આ દર્શને પ્રમાણભૂત જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સાધનોનો નિર્દેશ કર્યો : (૧) પ્રત્યક્ષપ્રમાણ (૨) અનુમાન પ્રમાણ (૩) ઉપમાન પ્રમાણ અને (૪) શબ્દપ્રમાણ.

આ દર્શન મુજબ આ ભૌતિક જગત પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના અણુઓથી બનેલું છે. આ બધાં અણુઓ વચ્ચે સાવયવ અને સજીવ સંબંધ છે અને બધાં એકમેકને પૂરક અને ઉપકારક છે. આ વિચારધારા સાંખ્ય મતથી જરા જુદા રીતે કાર્યકારણનો ખ્યાલ પણ સ્વીકારે છે. કાર્ય ઉત્પન્ન થતું નથી ત્યાં સુધી એ કારણમાં રહેલું હોતું નથી, કારણ કે કાર્ય નવી જ ઉપજ અથવા નવો આરંભ છે.

આ દર્શન 'આત્મા' અને 'પરમાત્મા'ને ખાસ પ્રકારનાં સત્ત્વોરૂપે સ્વીકાર્યાં હતાં. 'આત્મા' શરીર અને મનથી જુદી જ હસ્તી છે. શરીર તો કેવળ દ્રવ્યના સંયુક્ત સત્ત્વોથી બનેલું માળખું છે અને એ તો 'આત્મા'ના રમણ માટેનું કેવળ સ્થાન છે. 'આત્મા' સર્વવ્યાપક, અવિનાશી અને સનાતન છે. સભાનતા એની અનિવાર્ય નહીં પરંતુ આકસ્મિક લાક્ષણિકતા છે. એ કર્મનો કર્તા છે અને એને સત્કૃત્ય કે દુષ્કૃત્ય કરવાની સ્વતંત્રતા છે. પરંતુ મિથ્યા જ્ઞાન અને ગમાઅણગમા તથા મોહના કારણે મનુષ્ય ખોટાં કર્મો કરી પાપ અને પીડાના, જન્મ અને મૃત્યુના જગતમાં ભટકતો રહે છે. આ દર્શન મુજબ ઈશ્વર જ આ જગતના સર્જન અને વિનાશનું નિમિત્ત કારણ છે. ટૂંકમાં, ન્યાયદર્શને વ્યવસ્થિત રીતે ઈશ્વરતત્ત્વની સ્થાપના કરી આપી અને તર્કશુદ્ધિ માટે પ્રમાણોની યોજના આપી.

## વૈશેષિક દર્શન :

કણાદ ઋષિ આ દર્શનના સ્થાપક હતા. આ દર્શન ન્યાયદર્શનની અનેક માન્યતાઓ સાથે સામ્ય ધરાવે છે. ન્યાયદર્શને તર્કશાસ્ત્ર અને જ્ઞાનમીમાંસા ઉપર ઝોક આપ્યો હતો જ્યારે વૈશેષિક દર્શને તત્ત્વમીમાંસા (Metaphysics) અને સત્તામીમાંસા (Ontology) તરફ વધારે ઝોક આપ્યો હતો. આ દર્શન મુજબ આ જગતમાં અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ સાત કોટિમાં (પદાર્થોમાં) વહેંચી શકાય : દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ. આ સાત પદાર્થોના સ્વરૂપના સૂક્ષ્મ વિશ્લેષણમાં આ દર્શનનું તાત્ત્વિક મૂલ્ય છે.

આ પરમાણુવાદની સ્થાપના આ મતની બીજી વિશેષતા છે. પદાર્થના નાનામાં નાના કણને અણુ કહે છે. એ મૂળ દ્રવ્યનો અખંડ, અવિભાજ્ય અને સનાતન અંશ હોય છે. આ જગતની તમામ ભૌતિક વસ્તુઓ આવા અણુઓના સંયોજનથી બનેલી હોય છે. જગતનું સર્જન આવા અણુના જુદા જુદા પ્રમાણમાં થતાં સંયોજનથી થાય છે અને આવા સંયોજનનું વિઘટન થઈ જવું તે વિસર્જન છે. માત્ર અણુનું સંયોજન – વિઘટન જ જગતની ઉત્પત્તિ કે વિલય કરે છે. પરંતુ બ્રહ્માંડનું જે ઉપાદાન કારણ છે તે શાશ્વત અણુઓનું બનેલું હોય છે; નથી તેનું સર્જન થતું કે નથી તેનો નાશ થતો. ન્યાયદર્શનની માફક આ દર્શન પણ એ વાત સ્વીકારે છે કે કાર્યની અસર કારણમાં એની ઉત્પત્તિ પૂર્વે હોતી નથી.

આ દર્શન વેદનું આધિપત્ય અને કર્મનો નૈતિક સિદ્ધાન્ત સ્વીકારે છે. આ દર્શન માને છે કે ધર્મ દુન્યવી સમૃદ્ધિ અને મુક્તિ બંને પામવાનું સાધન છે. આ દર્શનના સ્થાપક કણાદમુનિએ ઈશ્વર વિશેનો વિચારનિર્દેશ કર્યો ન હતો પરંતુ આ દર્શનના અનુયાયીઓએ ઈશ્વરને આ જગતના કાર્યસાધક કારણ તરીકે સ્વીકાર્યા હતા. જ્યારે પરમાણુઓને ઉપાદાન કારણ તરીકે સ્વીકાર્યા હતા. આત્મા અને પરમાણુઓને ઈશ્વર સાથે હરહંમેશ સહોપસ્થિત માન્યા હતા. ઈશ્વર આ પરમાણુઓને સર્જન કરતા નથી કેવળ એને ગતિ આપી એનું રમણ-ભ્રમણ ચલાવતા રહે છે. વ્યક્તિગત આત્માને તેઓએ ખાસ દ્રવ્યોમાનું એક ગણી જ્ઞાન, આનંદ વગેરેને એની આકસ્મિક લાક્ષણિતાઓરૂપે દર્શાવાયાં છે. અજ્ઞાનને કારણે વ્યક્તિગત આત્મા બંધન અને સાચા જ્ઞાનને પરિણામે મુક્તિને પામે છે તેમ દર્શાવ્યું છે. ઉપર નિર્દિષ્ટ સાત પદાર્થોનું સાચું જ્ઞાન મનુષ્યને મુક્તિ અપાવનારું બને એમ તેઓએ જણાવ્યું છે. ટૂંકમાં, વૈશેષિક દર્શને મનુષ્યનો અજ્ઞાનથી જે અવિવેક થઈ જાય છે તે દૂર કરવા આત્મા અને અનાત્માના વિશેષ ધર્મો નિશ્ચિત કરી આપ્યા, જેથી એ વચ્ચે કોઈ ભ્રમ રહે નહીં.

ઋષિઓનું ચિંતન આગળ વધતાં વળી એક નવો પ્રશ્ન ઊભો થયો. જે પ્રમાણોની યોજના વિચારી હતી, તે બધાં તો લૌકિક પ્રમાણો હતા; આત્મા અને પરમાત્મા જેવા અલૌકિક પદાર્થોનો નિર્ણય આવાં સાવ લૌકિક પ્રમાણોની મદદથી કેવી રીતે કરી શકાય? પરિણામે તર્ક ઉપર ચઢી ગયેલી વિચારણા ફરી 'શ્રુતિ' અને 'સંહિતા' તરફ વળી. એમાંથી બે દર્શનો ઉદ્ભવ્યાં તે છે : પૂર્વમીમાંસા અને ઉત્તર મીમાંસા.

## પૂર્વ મીમાંસા દર્શન :

જૈમિની ઋષિનો 'મીમાંસા સૂત્ર' આ વિષયનો મૂળભૂત ગ્રંથ છે. મીમાંસા એટલે વિવેચાત્મક શોધખોળો. આ દર્શનનો મૂળ હેતુ 'વેદ'માં રહેલા કર્મકાંડવાદમાં રહેલા સત્યને શોધવા સમજવાનો અને એને ન્યાયી ઠેરવવાનો હતો. તત્ત્વતઃ આ કર્મકાંડો વિશે વિચારતું સંગઠન હતું. જે સ્વીકાર કે ઇન્કારની આજ્ઞાઓ આપવા

ઇચ્છતું હતું. 'વેદ'ના પાઠોનું કઈ રીતે અર્થઘટન કરવું એ અંગેના સિદ્ધાન્તો અને ધોરણ આપવા પ્રયત્નશીલ હતું. એની અંદર રહેલા ખ્યાલોને સમર્પિત કરવાનો પણ એનો ઈરાદો હતો. 'મીમાંસા'ની શરૂઆતની વિચારસરણી કર્મકાંડો, યજ્ઞો કરવા તે ધર્મ એ વિચારનું અનુસરણ કરતી પણ પછીથી મનુષ્યની 'મુક્તિ'નો ખ્યાલ જ આ દર્શને સ્વીકાર્યો હતો.

પૂર્વ મીમાંસા વાસ્તવમાં બહુલક્ષી વાસ્તવવાદની હિમાયતી હતી. ભૌતિક જગતની વાસ્તવિકતા અને આત્માની બહુલતામાં આ દર્શન માનતું હતું. આ દર્શન મુજબ આત્મા નિત્ય, સર્વગત, વિભુ, વ્યાપાક, દ્રવ્યરૂપ છે અને એ જ ચૈતન્યનો મૂળાધાર છે. એ જ જ્ઞાતા ભોક્તા અને કર્તા છે. આ મતના અનુયાયીઓ એમ માનતા હતા કે આ જગત તો અનાદિ અને આનંદરૂપ છે. એને એના સર્જન માટે, આથી, કોઈ સર્જકની જરૂર નથી. તેથી તેઓએ ઈશ્વરને આ જગતના સ્રષ્ટા, કર્મફળના દાતા અને 'વેદોના' સંપાદક તરીકે સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

વ્યક્તિનાં કર્મો અનુસાર સૃષ્ટિનાં પદાર્થો અને ઘટનાઓ રૂપ ધારણ કરે છે. કર્મનો સિદ્ધાન્ત નૈતિક, કુદરતી અને સ્વાયત્ત કાનૂન જેવો છે, તે જગતનો વહીવટ કરે છે. કર્મ અને ફળ વચ્ચે વિભક્ત ન કરી શકાય તેવો સંબંધ છે. કોઈ વ્યક્તિ દ્વારા કોઈ સમયે જે કાંઈ કર્મો થાય તેનાં પરિણામોનું ફળ ભવિષ્યમાં તેને અવશ્ય મળે જ. એ નિયમ છે અને તેથી કર્મફળનો દાતા ઈશ્વર છે એવી વાતનો આ મતના અનુયાયીઓ સ્વીકાર કરતા નથી. આ મીમાંસકો તો વૈદિક મંત્રોને જ મંત્રદેવતાઓ માનતા હતા.

'વેદ'ના બે વિભાગો હતા : બ્રાહ્મણોનો કર્મકાંડ અને ઋષિઓનો જ્ઞાનકાંડ. વેદનાં સૂક્તોને યજ્ઞયાગાદિમાં કેવી રીતે યોજવા એ વિશેની વ્યવહારુ વિચારણા 'પૂર્વ મીમાંસા'એ કરી. પરંતુ કેટલાક વિદ્વાનોએ કર્મકાંડની આ બધી વિગતો જાળ જેવી અને દર્શનનો મૂળ હેતુ 'મુક્તિ' કે મોક્ષ હતો, તેને પ્રતિકૂળ લાગી. એથી કેટલાક ચિંતકોએ પૂર્વ મીમાંસામાં રજૂ થયેલી કર્મકાંડી વિચારણાઓ છોડી જ્ઞાનકાંડના આગારરૂપ ઉપનિષદોનો આધાર લઈ 'ઉત્તરમીમાંસા' રજૂ કરી.

## ઉત્તર મીમાંસા દર્શન :

આ દર્શનના પ્રણેતા હતા મહર્ષિ બાદરાયણ અને પ્રવર્તક હતા આદિ શંકરાચાર્ય. આ દર્શન મુખ્યત્વે ઉપનિષદોના તત્ત્વચિંતન ઉપર આધારિત હતું. એ ઉપનિષદો વૈદિક વાઙ્મયના અંતભાગમાં આવતાં હોઈ અને તેનું મૂળ હાર્દ પ્રગટ કરતાં હોવાથી એને વેદાન્ત તરીકે અને એના આધારે રચાયેલ આ મીમાંસાને વેદાન્ત દર્શન તરીકે ઓળખવામાં આવે છે. એમાં પ્રતિપાદ્ય વિષય બ્રહ્મતત્ત્વનો હોઈ એને 'બ્રહ્મ મીમાંસા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

વેદોમાં અત્રતત્ર વિખરાઈને પડેલા દાર્શનિક વિચારોને સૂત્રોના રૂપમાં એકઠાં કરી ઈ. સ. છઠ્ઠા પૂર્વે શતકમાં મહર્ષિ બાદરાયણે 'વેદાન્તસૂત્ર' કે 'બ્રહ્મસૂત્ર' નામે વેદાન્ત દર્શનનો અદ્‌ભુત સૂત્રગ્રંથ રચ્યો હતો. એ ગ્રંથના સૂત્રોને સમજાવીને સ્પષ્ટ કરવા માટે પછીના અનેક આચાર્યોએ એના ઉપર ભાષ્યો રચ્યાં હતાં.

ઈ. સ. ના આઠકમાં આચાર્ય શંકરે એના ઉપર સૌ પ્રથમ ભાષ્ય રચી એવી મતસ્થાપના કરેલી કે બ્રહ્મ એ જ એક સત્ય તત્ત્વ છે, જગતનું વાસ્તવિક અસ્તિત્વ નથી, તેમ જીવ એ તો બ્રહ્મનું જ રૂપ છે તેથી એનાથી જુદો નથી. શંકરાચાર્યની દર્શન ચિંતનની ઊંચાઈ-ગહરાઈને પહોંચવા-પામવાનું સામાન્ય માણસો માટે ઘણું મુશ્કેલ હતું. તેથી રામાનુજાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભચાર્ય વગેરેએ શંકરાચાર્યની વિચારણાઓ પર ભાષ્યો રચ્યાં. તેથી વેદાન્તની વિચારસરણી રજૂ કરતી ઉત્તર મીમાંસા પાંચ શાખાઓમાં વિકાસ પામી હતી. એ પાંચ શાખાઓ એટલે (૧) કૈવલાદ્વૈત, (૨) વિશિષ્ટિદ્વૈત, (૩) દ્વૈતાદ્વૈત, (૪) દ્વૈત અને (૫) શુદ્ધાદ્વૈત.

દાર્શનિક વિચારચિંતનના વિકાસની ઉત્કૃષ્ટ કોટિ વેદાંતદર્શનમાં જોવા મળે છે. તેથી આ દર્શન બધાં દર્શનોમાં સૌથી વધારે મહત્ત્વનું ગણાય છે. આપણા દેશમાં થયેલા દાર્શનિક ચિંતનનો નિચોડ એમાં આવી જાય છે. બીજાં દર્શનો કરતાં આ દર્શનોનો ઉદ્દેશ વિશિષ્ટ રહ્યો છે. જીવનમાં દુ:ખ અને પીડામાંથી મુક્તિ માત્ર પૂરતી નથી. એવી મુક્તિ તો મળવી જોઈએ પરંતુ તે સાથે મનુષ્યજીવનમાં ચિરંતન આનંદ પણ પ્રસરી રહેવો જોઈએ, એવું આ દર્શનનું મંતવ્ય છે. આ વિચારધારામાં બ્રહ્મને સત્-ચિત્ત-આનંદરૂપ માન્યું છે. તેથી તેની સાથે એકતા સધાતાં બ્રહ્મમય થઈ આનંદમય બની જવું એ જ મનુષ્યજીવનનો પુરુષાર્થ અને પરિણામ છે એમ એ જણાવે છે.

આ દર્શનમાં જે વિષયોની વિચારણા થઈ છે તેની વિગત જોઈએ તો એ વિષયો છે : (૧) બ્રહ્મ, (૨) ઈશ્વર, (૩) જીવ, (૪) માયા-અવિદ્યા, (૫) અધ્યાસ અને (૬) જગત. બીજા શબ્દોમાં કહીએ તો જગત, જીવ, ઈશ્વર, અજ્ઞાન, સાહચર્યો – એ વિષયોની એમાં તાર્કિકરૂપે છણાવટ થઈ છે.

આ ઉપરાંત, જૈન, બોદ્ધ અને ચાર્વાક જેવા દર્શનોમાં અને ત્યાર પછી અર્વાચીન યુગમાં થયેલા રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, શ્રીમદ્ રાજચંદ્ર, કૃષ્ણમૂર્તિ વગેરેએ ઉપર નિર્દેશેલાં

દર્શનોમાં છણાયેલા કેટલાય વિષયો અને મદ્દાઓની ચર્ચાવિચારણા પોતપોતાના દષ્ટિકોણથી તાત્ત્વિકરૂપે કરી છે. એટલું જ નહીં અગાઉ નહીં વિચારાયેલા અને ચર્ચાયેલા કેટલાક પાયાના પ્રશ્નોની પણ ચર્ચાવિચારણા કરી છે. અને એ રીતે ભારતમાં તત્ત્વચિંતનનો તાર કંતાતો અને મોટો થયો રહ્યો છે.

આપણે ત્યાં આ બધા દર્શનો વિકસ્યાં હતાં એમાં મનુષ્યજીવન, જગત અને એના સ્રષ્ટાને સ્પર્શતા કેટલા બધા મુદ્દાઓનો તાત્ત્વિક ધોરણે કેવો વિચાર થયો હતો તેની આ તો એક આછી રૂપરેખા છે. એ વિચારચિંતનમાં કેવી વૈચારિક ઊંચાઈ અને તાત્ત્વિક ઊંડાઈ છે, તર્કની સૂક્ષ્મતા, વિચારની તીક્ષ્ણતા, દલીલની સચોટતા, દષ્ટાંતોની સમર્થતા, અભિવ્યક્તિની સ્વચ્છતા અને રજૂઆતની વિશદતા છે એ આ ટૂંકી રૂપરેખાથી ખ્યાલમાં નહીં આવે. એ તો જે લોકો મૂળ ગ્રંથો સુધી પહોંચશે તે જ એ બધાંની પ્રતીતિ પામશે. પૌરત્સ્ય અને પાશ્ચાત્ય દેશના અભ્યાસીઓ શા માટે આપણા આ દર્શનનો ઘણો બધો મહિમા કરે છે, શા માટે પોતાને ત્યાંના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં એનો સમાવેશ કરતા રહે છે તેનો ખ્યાલ આટલા ઉપરથી પણ આવશે. ભારતીય પ્રજાએ માનવજાતને ભલે વૈજ્ઞાનિક અને યંત્રવૈજ્ઞાનિક વિદ્યાઓ નથી આપી, પણ એણે જે વિચાર-તત્ત્વવિચાર આપ્યો છે એ અણમોલ છે. વિજ્ઞાનના સિદ્ધાન્તો તો અપર્યાપ્ત કે ખોટાં પણ ઠરે છે પણ વિચાર ક્યારેય ખોટો ઠરતો નથી. વિચાર સદાય જીવતો રહે છે, અનંત યાત્રા કરતો રહે છે અને અનેકોને પ્રકાશ આપતો રહે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૦૯૭૨૭૩ ૩૩૦૦૦

# સાંખ્યદર્શન

**પ્રો. પ્રશાંત દવે**

*તત્ત્વજ્ઞાનના નિવૃત્ત અધ્યાપક, પાલનપુરની આર્ટ્સ કૉલેજ અને વલ્લભ વિદ્યાનગરની નલિની કૉલેજમાં વર્ષો સુધી અધ્યાપન કાર્ય કર્યા બાદ પોતાની સેવાઓ એલ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ અને નૉલેજ કોન્સોર્સિયમ ગાંધીનગરને આપી રહ્યા છે. બહુશ્રુત વિદ્વાન, વૉરેસિયસ રીડર, અનેક પુસ્તકોના લેખક. હાલ રાજર્ષિ મુનિ સ્થાપિત યોગ યુનિવર્સિટી, અમદાવાદમાં પ્રોવોસ્ન તરીકે સેવારત.*

**મ**હર્ષિ કપિલમુનિ દ્વારા રચાયેલ 'સાંખ્યદર્શન' ઉપનિષદ્‌ની પરંપરામાં રોપાયેલું હોવા છતાં તેના સમગ્રચિંતનનું વણાટ બુદ્ધિ દ્વારા કંતાયેલું છે. સાંખ્યદર્શનના વિચારો અંગે ઘણા વિવાદો હોવા છતાં ભારતીય ચિંતનમાં તેના મહત્ત્વને ક્યારેય ઇન્કારાયું નથી.

સાંખ્ય સ્પષ્ટપણે દ્વૈતવાદી અને તેના મૂળસ્વરૂપમાં નિરીશ્વરવાદી દર્શન છે. સાંખ્ય બે મૂળ તત્ત્વોને સ્વીકારે છે. આ બે તત્ત્વો તે પુરુષ અને પ્રકૃતિ. આ બે તત્ત્વો સ્વતંત્ર છે અર્થાત્ તેઓ એક બીજામાંથી તારવી શકાતા નથી. સાંખ્યદર્શન માટે આ બે સંકલ્પનાઓ અત્યંત મહત્ત્વની છે.

ભૌતિક જગતના ઉદ્‌ભવની સમજૂતી માટે બે વિચારો સામાન્ય રીતે પ્રચલિત છે. સાદા અણુરૂપ તત્ત્વોમાંથી આ વૈવિધ્યપૂર્ણ જગત ઉત્પન્ન થયું છે અથવા આ જગત એક એવા તત્ત્વમાંથી ઉત્પન્ન થયું જે જટિલ અને સર્વવ્યાપ્ત છે. પ્રથમને આરંભવાદ અને બીજાને પરિણામવાદ તરીકે ઓળખવામાં આવે છે. સાંખ્યદર્શન પરિણામવાદી છે. અર્થાત્ સાંખ્યદર્શન જગતની પરિણામવાદી સમજૂતીને સ્વીકારે છે, જેમાંથી આ જગતનું પરિણમન થયું છે. આ તત્ત્વનું પ્રત્યક્ષ કે તેના અસ્તિત્વનો પ્રત્યક્ષ અનુભવ થતો નથી તેથી તે અનુમેય (જેનું અનુમાન કરી શકાય તેવું) છે અર્થાત્ સાંખ્ય તર્ક કે અનુમાનનો આશ્રય લે છે, નહીં કે આવિષ્કરણ કે પ્રગટીકરણ (શાસ્ત્ર પ્રમાણ્ય)નો.

સાંખ્ય શબ્દ 'સરવ્યા'માંથી ઉતરી આવેલો છે જેનો અર્થ 'બુદ્ધિ' થાય છે. સાંખ્યદર્શનનો આધાર ચિંતન છે શાસ્ત્રપ્રમાણ્ય નથી.

પ્રકૃતિ કે મૂળપ્રકૃતિ એ આ ભૌતિક વિશ્વનું પ્રથમ કારણ છે. પ્રકૃતિ એક અને જટિલ છે. પ્રકૃતિની જટિલતાનું મુખ્ય કારણ તેના ગુણો છે. ગુણો એ પ્રકૃતિના ઘટકરૂપ તત્ત્વો છે. અર્થાત્ ગુણ એ જ પ્રકૃતિ છે તેનાથી અતિરિક્ત-અલગ-પ્રકૃતિ નથી. ગુણોનું સહઅસ્તિત્વ છે એટલું જ નહીં ગુણો પ્રકૃતિમાં પરસ્પરને સંલગ્ન (જોડાયેલા) છે. આ ત્રણ ગુણો તે સત્ત્વ, રજસ્ અને તમસ્ છે અને પ્રકૃતિના તે અવિભાજ્ય ગુણો છે. પ્રત્યેક ગુણો ભૌતિક અસ્તિત્વના વાસ્તવિક પાસાનું પ્રતિનિધિત્વ કરે છે. દા.ત. સત્ત્વગુણ શુદ્ધતા અને સૂક્ષ્મતા, રજોગુણ ક્રિયાશીલતા, તમોગુણ-જડતા અને પ્રતિરોધને દર્શાવે છે. મનના અનુભવોની દષ્ટિએ તેમને અનુક્રમે સુખ, દુઃખ અને મોહાત્મક

માનવામાં આવે છે કારણ તેઓ આ પ્રકારની લાગણીઓ ઉત્પન્ન કરે છે. આ ગુણો અલગ છે એટલું જ નહીં કેટલેક અંશે તે વિરોધી ગુણોવાળા પણ છે. આમ છતાં તેમનો વિરોધ પરસ્પરને અવરોધક નથી. આ વિરોધ છતાં તેઓ સહગામી બની શકે છે. દિવેટ, તેલ, અગ્નિ ત્રણે અલગ હોવા છતાં દીપપ્રાગટ્ય માટે તે સહગામી છે, તે જ રીતે આ ગુણ પણ પરસ્પરના સહયોગી છે. તાત્પર્ય છે કે ભૌતિક જગતના તત્ત્વો કે વસ્તુઓ વિરોધી હોવા છતાં તેમનો વિરોધ આત્યંતિક નથી. ભૌતિક વિશ્વ પોતીકા નિયમોને અનુસરતી અખિલાઈવાળી વ્યવસ્થા છે.

કેવળ પ્રકૃતિ જ ત્રિગુણાત્મિકા છે એમ નહીં પરંતુ તેમાંથી ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુઓ પણ ત્રિગુણાત્મક છે, કારણ પરિણામ તેના ઉપાદાન કારણ સાથે મૂળભૂત તાદાત્મ્ય (એકતા કે એકરૂપ) હોય છે. આ વૈશ્વિક ઘટકો પ્રકૃતિમાં સામ્યાવસ્થાઓમાં હોય છે, પરંતુ જ્યારે પ્રકૃતિના આ ઘટકોમાં – ગુણક્ષોભ ઉદ્ભવે છે ત્યારે આ ગુણોમાં ભિન્નતા-તફાવત આવે છે. વસ્તુઓ ગુણોના તારતમ્યને કારણે અલગ પડે છે, અને પ્રકૃતિની ઉત્ક્રાંતિની જટિલ પ્રક્રિયા આરંભાય છે. ગુણો ભલે ત્રણ જ હોવા છતાં તે વસ્તુઓના તફાવતો માટેનું એક જવાબદાર પરિબળ છે. પ્રકૃતિ કેવળ જટિલ જ નથી તે સર્વાશ્લેષી અને પરિવર્તનશીલ છે. પ્રકૃતિની પરિવર્તનશીલતા – વસ્તુઓમાં પણ વિદ્યમાન છે. પ્રકૃતિ અને વસ્તુઓ – જગતની વસ્તુઓ વચ્ચે ફેરમાત્ર એટલો જ છીએ કે પ્રકૃતિ સર્વવ્યાપક છે તેનું સ્થાન બદલાતું નથી પણ કેવળ તેનું સ્વરૂપ બદલાય છે જ્યારે જગતની વસ્તુઓ તેની સાન્તતાને કારણે – મર્યાદિતતાને કારણે – તેના સ્થાન અને સ્વરૂપમાં પણ પરિવર્તન આવે છે.

પ્રકૃતિનાં સંદર્ભમાં ઉત્ક્રાંતિની પ્રક્રિયા સર્ગાનુસાર હોય છે અર્થાત્ પ્રત્યેક સર્ગમાં પ્રલય સમયે જ્યારે સમગ્ર વિશ્વ પ્રકૃતિમાં સુપ્તાવસથામાં હોય છે ત્યારે પણ એટલે કે પ્રલયકાળે પણ પ્રકૃતિ તો ગતિશીલ જ હોય છે. આ સમયે પ્રકૃતિનાં ઘટકરૂપ ગુણોમાં સરૂપ પરિણામી (કેવળ પોતાનામાં જ પરિવર્તન કરે છે) હોય છે.

પ્રકૃતિ દ્વારા ઉત્પન્ન થતી વસ્તુઓ અંગે એ સમજવું જરૂરી છે કે સાંખ્ય અનુભવની સમજૂતી કેવી રીતે આપે છે. વસ્તુઓ કાં તો સત્ત્વગુણ પ્રધાન હોય છે કે તમસ્‌ગુણ પ્રધાન હોય છે કે રજોગુણ પ્રધાન હોય છે. ભૌતિક જગતની વસ્તુઓ તેમ જ આપણું ભૌતિક સ્વરૂપ તમસ્ પ્રધાન છે. સત્ત્વગુણ પ્રભાવક હોવા છતાં તે પ્રકૃતિની જ નીપજ હોવાને કારણે જડ જ છે.

આમ, સમગ્ર ભૌતિક વિશ્વ પ્રકૃતિની જ નીપજ છે. પ્રકૃતિ પોતે સ્વતંત્ર અને મૂળભૂત તત્ત્વ છે.

પુરુષ : સાંખ્યદર્શન પુરુષની સંકલ્પના આપે છે. આ જ કારણે સાંખ્યદર્શન કેવળ પ્રકૃતિવાદ કે નિસર્ગવાદમાં સરી પડતું નથી. સાંખ્ય એવા તત્ત્વને સ્વીકાર છે કે જેને કારણે આપણે વસ્તુનો-બાહ્યજગતનો-અનુભવ કરીએ છીએ અને આ તત્ત્વ તે પુરુષ છે. સાંખ્ય બે તત્ત્વો પ્રકૃતિ અને પુરુષને સ્વીકારે છે, આમ સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે. આ બન્ને તત્ત્વોના સ્વાતંત્ર્યના સ્વીકાર વગર સ્વતંત્ર અસ્તિત્વના સ્વીકાર વગર-સાંખ્યના મતે જગતની સમજૂતી શક્ય નથી. પુરુષ અને પ્રકૃતિની સમાન સ્વતંત્ર સત્તાના સ્વીકાર વગર અનુભવની સમજૂતી આપી શકાતી નથી એમ સાંખ્ય માને છે.

પ્રકૃતિ અને પુરુષ બન્ને વિરુદ્ધ ધર્મા છે. પુરુષ સરળ છે જ્યારે પ્રકૃતિ જટિલ છે. પુરુષ સ્થિર-તટસ્થ છે જ્યારે પ્રકૃતિ ગતિશીલ છે. પુરુષ અનિષ્ક્રિય-ઉદાસીન છે જ્યારે પ્રકૃતિ નિરંતર ક્રિયાશીલ છે. પુરુષ દૃષ્ટા છે જ્યારે પ્રકૃતિ દશ્ય છે. પુરુષ અને પ્રકૃતિના આત્યંતિક તફાવતો વચ્ચે બન્નેનો સાથે લાવવા એ એક કોયડો છે. આમ છતાં પ્રકૃતિ અને પુરુષ વ્યવહારમાં એકરૂપ થઈ કાર્ય કરે છે. આથી આપણે એ સ્વીકારવું રહ્યું કે બન્ને પરસ્પરને સહાયક છે. આપણો એ અનુભવ છે કે કોઈપણ જીવંત અસ્તિત્વ-દેહ ચૈતન્ય વગર નથી. તેમજ કોઈપણ ચૈતન્ય વ્યવહારમાં દેહ વગર અસ્તિત્વ નથી. તાત્પર્ય એ છે કે વ્યવહારમાં – વ્યાવહારિક અનુભવમાં જડ અને ચેતનનું સંયુક્ત અસ્તિત્વ છે. આનુભવિક જગતમાં રહેલ ચૈતન્યને જીવાત્મા તરીકે ઓળખાવાય છે. આ જીવાત્માથી પર-પરાત્પર આત્માને-પુરુષ તરીકે ઓળખવામાં આવે છે.

અલબત્ત વ્યાવહારિક દષ્ટિએ આ તફાવતો મહત્ત્વના નથી કારણ વ્યવહારમાં તો બન્ને-પુરુષ અને પ્રકૃતિ સહઅસ્તિત્વ ધરાવે છે. પ્રકૃતિ અને જીવાત્મા વચ્ચેના જોડાણમાં આંતરિક ઘટકો (અંતઃકરણ-મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) તેમજ ઇન્દ્રિયો (પંચ ઇન્દ્રિયો) સંકળાયેલા છે. આપણા સર્વ વ્યવહારિક અનુભવોની આ અનિવાર્ય પૂર્વધારણા છે, કારણ પ્રકૃતિથી અલિપ્ત પુરુષ નિષ્ક્રિય છે અને પુરુષથી અલિપ્ત પ્રકૃતિ અંધ છે. પ્રકૃતિથી પૂર્ણ વિરક્તિની અવસ્થા તે કૈવલ્યાવસ્થા છે, જેમાં પુરુષ પ્રકૃતિના બંધનથી મુક્ત છે. દેહ કે ઇન્દ્રિયોના બંધનોથી પણ તે મુક્ત છે. જીવાત્મા પુરુષની માફક પૂર્ણ વિરક્ત કે ઉદાસીન નથી. એટલું જ નહીં પ્રત્યેક જીવ પોતાની ઇન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા પોતીકું વિશ્વ સર્જે છે. આમ છતાં બાહ્ય વિશ્વ છે. સાંખ્ય વસ્તુલક્ષીતા (Objctivity) અને વ્યક્તિલક્ષીતા

(Subjctivity) બન્નેને સ્વીકારે છે. બાહ્ય વસ્તુનું પ્રત્યક્ષકરણ કરતાં વ્યક્તિના અનુગ્રહો કે પૂર્વગ્રહો, ગમા અણગમામાં સંકળાયેલા હોય છે પરંતુ તેનાથી બાહ્યવસ્તુમાં કોઈ ફેર પડતો નથી. કારણ બાહ્ય પદાર્થ વ્યક્તિએ સર્જેલું નથી. પ્રત્યેક વ્યક્તિ પોતીકી રીતે જગતને અનુભવે છે અને જુએ છે. આ દષ્ટિને કારણે અન્ય દષ્ટિની શક્યતાને તે સાંખ્ય ઉજાગર કરે છે જેથી અન્ય મત, વિચાર કે દષ્ટિની શક્યતાનો સ્વીકાર કરવાની સહિષ્ણુતા આવે છે, જે ભારતીય ચિંતન અને ભારતીય માનસની વૈચારિક ઉદારતા દર્શાવે છે.

જ્ઞાન માત્ર અપૂર્ણ હોય તો સત્યજ્ઞાન કઈ રીતે પ્રાપ્ત કરી શકાય? આ સંદર્ભમાં સાંખ્યનો મત એમ દર્શાવે છે કે સત્યજ્ઞાન 'સર્વગ્રાહી' – સર્વાશ્લેષી હોય છે. સત્યજ્ઞાન એવું જ્ઞાન છે જેમાં કોઈ પણ પ્રકારની ઉપેક્ષા, અવગણના કે દૂરાગ્રહને અવકાશ નથી. અહીં સહજ પ્રશ્ન થાય કે આવું જ્ઞાન શક્ય છે? પ્રકૃતિના પાશમાં બંધાયેલ જીવાત્માને તે પ્રાપ્ત થઈ શકે? જીવાત્મા તમોગુણ અને રજોગુણની પરિધિમાંથી મુક્ત થાય અને સત્ત્વગુણની પરમ અવસ્થાએ પહોંચે ત્યારે આ પ્રકારનું સર્વાશ્લેષી જ્ઞાન શક્ય બને છે. આ જ ભારતીય ચિંતનાત્મક વિચારની પરાકાષ્ટા છે. સાંખ્ય અનુસાર આ 'વિવેકજ્ઞાન'ની અવસ્થા છે. જેમાં 'પુરુષ' પોતાને પ્રકૃતિથી પૂર્ણપણે વિભક્ત રૂપે કે અલિપ્ત રૂપે અનુભવે છે.

આ પ્રકારનું 'વિવેકજ્ઞાન' આ જીવનમાં જ પ્રાપ્ત થાય છે. આ વિવેકજ્ઞાનની પ્રાપ્તિ એ જ સાંખ્ય અનુસાર જીવનનો પરમ આદર્શ છે. આ આદર્શ વ્યક્તિના દુન્યવી જીવનમાં, નૈતિક અને બૌદ્ધિક સજ્જતા દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. સંસારની અપૂર્ણતાનો, સુખ દુઃખનો અનુભવ આ માટે અનિવાર્ય છે. આ આદર્શને સિદ્ધ કરવા કે તેનો સાક્ષાત્કાર કરવા માટે સાતત્યપૂર્ણ જાગૃતતા અને જીવનમાં શિસ્ત જરૂરી છે. આ શિસ્તની બાંધણી કેવી રીતે કરવી તે યોગદર્શનમાં પ્રાપ્ત થાય છે. આ સંદર્ભમાં એવું ચોક્કસ કહી શકાય કે સાંખ્યના વિચારના વાસ્તવિક પ્રતિફલનનો માર્ગ યોગ દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

◆ ◆ ◆

# યોગદર્શન

**ઋતા પરમાર**

- *સરદાર પટેલ વિશ્વવિદ્યાલય (વલ્લભ વિદ્યાનગર, ગુજરાત)ના અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત.*
- *પ્રાથમિકથી લઈને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે અધ્યાપનનો ૨૧ વર્ષનો અનુભવ.*
- *GCERT તથા Children's Universityમાં ૩.૫ વર્ષ કાર્ય કરવાનો અનુભવ*
- *વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ તથા પુનરુત્થાન વિદ્યાપીઠ કાર્યકર્તા.*
- *ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં લેખક તથા શૈક્ષણિક સમિતિના પૂર્વ સદસ્ય.*

**પ્રસ્તાવના :**

સ્વામી વિવેકાનંદ કહેતા – ''દરેક વ્યક્તિ દિવ્યતા પ્રાપ્ત કરવાની સંભાવના ધરાવે છે.'' આપણામાં છુપાયેલી આ દિવ્યતા સાથે આપણો મિલાપ કરાવી દે અર્થાત્ તે દિવ્યતાને પ્રગટ કરે તે યોગ. આમ એ યોગ એવી સુવ્યવસ્થિત રીતે જીવન જીવવાની કળા છે જે આપણામાં રહેલી તમામ શક્તિઓનું જાગરણ કરે. યોગદર્શન સાંખ્યદર્શનનું જોડ્યું દર્શન છે. સાંખ્યદર્શન સૈદ્ધાંતિક બાબતો ચર્ચે છે તો યોગ તેનું ક્રિયાશીલ વ્યવહારિક પાસું દર્શાવે છે. ચિત્તની વૃત્તિઓનો નિરોધ અને સમાધિની સાધના યોગના કેન્દ્રવર્તી વિચારો છે. આથી એમ પણ કહી શકાય કે અંગ્રેજીમાં સાઇકોલોજી કહે છે તે મનોવિજ્ઞાન કે ચિત્તશાસ્ત્રનું જ એ દર્શન છે અને તેથી તેનું સર્વપ્રથમ નિરૂપણ જેમાં મળે છે તે મહર્ષિ પતંજલિનો ગ્રંથ 'યોગદર્શન' કે 'યોગસૂત્ર' એ વિશ્વનો માનસશાસ્ત્રનો પ્રથમ ઉપલબ્ધ ગ્રંથ છે. યોગદર્શનના ઉપલબ્ધ સાહિત્યનો પ્રારંભ ઇસવીસન પૂર્વે બીજા કે ત્રીજા શતકમાં થઈ ગયલા મહર્ષિ પતંજલિના યોગસૂત્રો કે યોગદર્શનથી થાય છે. માત્ર ૧૯૫ સૂત્રોના આ ગ્રંથના ચાર વિભાગના સમાધિવાદ, સાધનવાદ, વિભૂતિવાદ અને કેવલ્યપાદ એવાં નામ તેના નિરૂપ્યમાણ વિષયને સ્પષ્ટ કરે છે.

**યોગનો અર્થ :**

'યોગ' શબ્દ સંસ્કૃત ધાતુ યુજ ઉપરથી બનેલ ભાવવાચક નામ છે. યોગનો અર્થ થાય છે જોડાણ, ઉપયોગ, સ્થિરતા, સજ્જતા, દાન, સાધન, ઉપાય, ધ્યાન, કૌશલ્ય, યુક્તિ, સમાધિ. આ શબ્દનો પ્રયોગ આ વિવિધ અર્થોમાં પ્રાચીન સાહિત્યમાં ખૂબ થયો છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જ આશરે ૮૦ વખત તેનો પ્રયોગ આવે છે. કઠોપનિષદમાં ઇન્દ્રિયોને વશ કરવાના અર્થ માટે યોજાયો છે. ગીતામાં 'समत्वं योग उच्चते', 'योगः कर्मसु कौशलम्' તથા મહર્ષિ યાજ્ઞવલ્ક્યે આ શબ્દના અર્થની સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે 'संयोगो योग इत्युकते जीवात्मा परमात्मनोः' આથી યોગનો અર્થ આવા જોડાણનું સાધન, ઉપાય એવો લઈ શકાય. પોતાના ગ્રંથના પ્રારંભમાં જ મહર્ષિ પતંજલિએ એમના દર્શનમાં આવતા યોગની વ્યાખ્યા આપી છે કે 'योगः चित्तवृत्तिनिरोधः'. ચિત્તની વૃત્તિઓને અવરોધવી તે યોગ છે.

**યોગદર્શનો ઉદ્દેશ :**

આ સંસાર દુઃખરૂપ છે. આ સંસારના દુઃખોને દૂર કરવા એ જ પુરુષાર્થ છે. આ માટે સાંખ્યદર્શનમા દર્શાવેલ પ્રકૃતિ-પુરુષના સંયોગને તોડવો પડે. આ સંયોગનું કારણ અવિદ્યા છે. તેથી તેને દૂર કરીએ તો સંયોગ તૂટે. હવે અવિદ્યાની નિવૃત્તિ વિવેકજ્ઞાનના ઉદયથી જ થાય છે અને આ વિવેકજ્ઞાન યોગસાધના વડે ચિત્તની અશુદ્ધિઓ દૂર થાય તો જ ઉદ્ભવે. આ રીતે આ દુઃખોમાંથી છૂટવા માટે યોગસાધના અત્યંત આવશ્યક બની જાય છે.

**તત્ત્વમીમાંસા :**

'યોગદર્શન' 'સાંખ્યદર્શન'ની તત્ત્વમીમાંસા સ્વીકારી લે છે. એટલે 'સાંખ્ય'માં જેનું વિવેચન કરાયું છે તે ૨૫ તત્ત્વો અને યોગદર્શને 'ઈશ્વર' નામનું ૨૬મું તત્ત્વ ઉમેર્યું છે. અને આ તત્ત્વ સૌથી વધારે મહત્ત્વનું અને મૌલિક હોવાથી આપણે પ્રથમ તેના સ્વરૂપનો ખ્યાલ મેળવી લઈએ.

**ઈશ્વર :**

યોગદર્શન ઉમેરેલ છવ્વીસમાં તત્ત્વને લીધે જ 'સાંખ્યદર્શન'ની નિરીશ્વરતાની સામે યોગ 'સેશ્વર સાંખ્ય' કહેવાય છે. 'યોગસૂત્રકાર' પતંજલિ ઈશ્વરની પ્રસ્થાપના કરે છે. મહર્ષિ પતંજલિએ ઈશ્વરનું લક્ષણ આ રીતે આપ્યું છે : 'क्लेश–कर्म-विपाक–आशयैः अपरामृष्टः पुरुषविशेषः ईश्वर।' – 'ઈશ્વર એક એવો પુરુષ છે જે સાંખ્યના પુરુષતત્ત્વથી આ રીતે જુદો પડે છે. સાંખ્યનો પુરુષ ક્લેશ, કર્મ, કર્મફળ અને કર્મના સંસ્કાર અર્થાત્ વાસનામાં ડૂબેલો છે અને તેમાંથી છૂટવા માટે જ યોગસાધના કરતો રહે છે. ઈશ્વર એવો પુરુષ છે જે આ ચાર વસ્તુથી અસ્પૃષ્ટ છે. સદા મુક્ત છે. સર્વજ્ઞ છે. તેનું ઐશ્વર્ય અનુપમ છે, તેનામાં ઐશ્વર્યની પરાકાષ્ઠા છે. કાલવિશિષ્ટ ન હોઈ પહેલાં થઈ ગયેલાઓનો પણ તે ગુરુ છે. પતંજલિ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે 'तस्य वाचकः प्रणवः । तज्जपः तदर्थभावनम्।' – તેનો વાચક પ્રણવમંત્ર અર્થાત્ ૐકાર છે અને તે મંત્રના અર્થના ચિન્તન સાથે તેનો જપ કરવો એ જ ઈશ્વરની ભાવના છે – ઈશ્વરપ્રણિધાન છે. જેનાથી યોગના અન્તરાયો દૂધ થઈ સમાધિ સહજ થઈ જાય છે. ઈશ્વર સાધકોના પુરુષાર્થમાં પ્રેરક બને એવો એક શુદ્ધ આદર્શ ઉપાસ્ય છે.

આ જ વાત શ્રીમદ્ભગવદ્ ગીતામાં પણ કહી છે. ભગવાન કહે છે :

'ओम् इति एकाक्षरं ब्रह्म व्याहरन् माम् अनुस्मरन्।
यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ।।'

પતંજલિ તથા વ્યાસની ઈશ્વરની કલ્પનાને પછીના વાચસ્પતિ અને વિજ્ઞાનભિક્ષુ જેવા લેખકોએ સારી રીતે વિકસાવી છે, તેઓ કહે છે કે ઈશ્વર જગતની ઉત્પત્તિમાં નિમિત્તકારણ બને છે. પ્રકૃતિની સ્વાભાવિક સર્જનશક્તિનો ઉદ્બોધક બને છે. જીવ અને ઈશ્વર વચ્ચે અંશ-અંશીનો સંબંધ છે એમ પણ તેઓ કહે છે અને તે સમજાવવા અગ્નિ તથા તણખાનું દૃષ્ટાંત આપે છે. તણખો એ અગ્નિનો અંશમાત્ર છે, તેવી જ રીતે જીવ ઈશ્વરનો અંશ હોઈ અંશ – અંશી – સંબંધ ભેદાભેદનો હોવાથી ઈશ્વર અને જીવ વચ્ચેનો સંબંધ પણ ભેદાભેદનો સંબંધ પ્રતિપાદિત થાય છે.

આ રીતે 'યોગ'ની આ વિચારસરણી આપણને વેદાન્ત તરફ સહજ રીતે લઈ જાય છે.

**જ્ઞાનમીમાંસા :**

'યોગ' એ સાધનનું દર્શન છે, એટલે હવે, આપણે તેની સાધનમીમાંસા સમજવા પ્રયત્ન કરીએ અને તે જ સમગ્ર દર્શનને વ્યાપીને રહેલી છે. પરન્તુ તે સાધનાના પાયામાં રહેલ જ્ઞાનમીમાંસાનો પરિચય પ્રથમ સાધવો પડશે. જેની શરૂઆત 'યોગ'ના લક્ષણથી જ કરીએ.

**યોગનું લક્ષણ :**

મહર્ષિ પતંજલિ યોગનું લક્ષણ – વ્યાખ્યા – આ પ્રમાણે આપે છે. 'योगः चित्तवृत्ति निरोध' એટલે કે 'ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે જ 'યોગ' છે. અને તે પછી તરત કહે છે કે : 'तदा दृष्टुः स्वरूपे अवस्थानम्।' એટલે કે ચિત્તની વૃત્તિઓનો નિરોધ થાય ત્યારે દૃષ્ટા એટલે કે પુરુષ પોતાના અસલ સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે.' મન ઇન્દ્રિયોને અનુસરનારું – ઇન્દ્રિયાનુગામી – છે. તેથી તે ઇન્દ્રિયોએ ગ્રહણ કરેલા વિષયોમાં જ મગ્ન રહે છે. આમ, ચિત્તમાં વૃત્તિઓનો ઉદય સતત ચાલ્યા જ કરે છે. ચિત્તની આ અસ્થિર દશા તે જ તેનું વ્યુત્થાન છે. વ્યુત્થાનમાં ચિત્ત ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્ત સ્થિતિ

અનુભવે છે. આનાથી ઊલટી દિશામાં મનને વાળવાનો અને કેળવવાનો પ્રારંભ તે જ છે યોગમાર્ગનો પ્રારંભ. તેમાં પ્રથમ તેને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવાનો હોય છે અને તે પછી તેને નિરુદ્ધ કરવાનો પ્રયત્ન કરાય છે. આમ થતાં ચિત્તની વ્યુત્થાનસ્થિતિનો નિરોધ શરૂ થાય છે. એકાગ્રતા પૂરી રીતે સધાય એટલે ક્લેશ-સંસ્કારો અને વૃત્તિઓનો નિરોધ પૂર્ણ રીતે સધાય છે. 'પ્રજ્ઞા' એટલે કે જ્ઞાન દ્વારા ચિત્તવૃત્તિઓ રોકાય તે જ કાયમી – આત્યંતિક નિરોધ થઈ શકે છે, અને તે જ યોગ છે. આ રીતે ચંચળતા અને બહિર્મુખતા નિવારીને સ્થિરતા તથા અન્તર્મુખતા સ્થાપવાની છે.

ચિત્ત એટલે અંતઃકરણ. તેમાં મન, બુદ્ધિ અને અહંકારનો સમાવેશ થાય છે. ચિત્ત પ્રકૃતિમાંથી ઉદ્‌ભવેલ હોવાથી તે ત્રિગુણાત્મક છે. સત્ત્વ, રજસ્ અને તમસ્‌નો ઉદ્રેક ચિત્તમાં થતો રહે છે. વધઘટને લીધે ચિત્તના ત્રણ પ્રકાર ગણાવ્યા છે. પ્રખ્યાશીલ ચિત્ત (સાત્ત્વિક ચિત્ત), પ્રવૃત્તિશીલ ચિત્ત (રાજસચિત્ત) અને સ્થિતિશીલ ચિત્ત (તામસ ચિત્ત). આ ત્રણ ગુણની વધઘટને પરિણામે ઊભી થતી ચિત્તની જુદી જુદી પાંચ પ્રકારની અવસ્થાઓને તેની ભૂમિકાઓ કહે છે.

**ક્ષિપ્ત ચિત્ત :**

જ્યારે ચિત્તમાં સત્ત્વગુણનું પ્રમાણ ઘટી જાય છે અને રજોગુણ તથા તમોગુણ બંનેનું પ્રમાણ એકસરખું રહે ત્યારે આ ભૂમિકા ઊભી થાય છે. આ ભૂમિકામાં ચિત્ત સાંસારિક વિષયોમાં ભટક્યા કરે છે અને અણિમા, લધિમા વગેરે સિદ્ધિઓ કે ઐશ્વર્યને પ્રિય ગણીને તેમાં આસક્ત થાય છે. આ અવસ્થા યોગને અનુકૂળ નથી. કેમ કે તે અવસ્થા દરમ્યાન ઇન્દ્રિયો અને મન ઉપર સંયમ રહેતો નથી.

**મૂઢ ચિત્ત :**

ચિત્તમાં રજોગુણને દબાવીને તમોગુણ પ્રગટ થઈ જાય ત્યારે ચિત્તની આ ભૂમિકા ઊભી થાય છે. આ ભૂમિકામાં ચિત્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય જેવી તામસી વૃત્તિઓમાં આસક્ત થઈ તેમાં જ મગ્ન રહે છે. આ અવસ્થામાં ચિત્તની સારસાર વિવેકની શક્તિ કુંઠિત થઈ જાય છે.

**વિક્ષિપ્ત ચિત્ત :**

રજોગુણ તથા તમોગુણ એ બંનેને દબાવીને જ્યારે સત્ત્વગુણ પ્રબળ બની જાય ત્યારે આ ભૂમિકા ઊભી થાય છે. આ અવસ્થામાં ચિત્ત દુઃખના સાધનોને છોડીને પ્રકૃતિ, બુદ્ધિ જેવા સૂક્ષ્મતત્ત્વોની વિવેચનમાં નિપુણ થાય છે અને ધર્મ, જ્ઞાન જેવા ગુણો તરફ ઉન્મુખ બને છે. આ અવસ્થાનો યોગમાં સમાવેશ ન કરી શકાય. કેમ કે, અહીં ચિત્તની સ્થિરતાનો તરત જ વિક્ષેપથી ભંગ થાય છે એટલું જ નહીં, પરંતુ અવિદ્યાથી ઉદ્‌ભવેલા ક્લેશોને દૂર કરવા આ અવસ્થાવાળું ચિત્ત પણ સમર્થ થઈ શકતું નથી.

**એકાગ્રચિત્ત :**

એકાગ્ર એટલે જેનો અગ્રભાગ એક જ બાજુ લાગી રહ્યો હોય તેવું ચિત્ત. જ્યારે ચિત્ત સતત એક જ ધ્યેય લાગી રહેતું હોય ત્યારે તેને એકાગ્ર થયેલું કહેવાય. વિક્ષિપ્ત કરતા આ ભૂમિકામાં સત્ત્વનું પ્રમાણ ઘણું વધારે હોય છે. આથી આ અવસ્થામાં ચિત્ત લાંબા સમય સુધી એક જ વિષય ઉપર સ્થિર રહી શકે છે.

**નિરુદ્ધ ચિત્ત :**

આ પાંચમી અને છેલ્લી ભૂમિકા છે. એકાગ્ર ભૂમિકામાં બીજી બધી વૃત્તિઓને દૂર કરી દેવાથી માત્ર એક જ ધ્યેયની વૃત્તિ રહે છે. પરંતુ આ નિરુદ્ધ ભૂમિકામાં તો તે બાકી રહેલી એક વૃત્તિ અને તેના સંસ્કારોનો પણ લય થઈ જાય છે, એટલે એક પણ વૃત્તિ ચિત્તમાં રહેતી જ નથી.

આ ભૂમિકાઓમાં યોગ તરફનો ક્રમિક નિર્દેશ કર્યો છે. તેથી અંતિમ બે ભૂમિકાઓ એકાગ્ર અને નિરુદ્ધમાં સમાધિ શક્ય બને છે. પાંચમી નિરુદ્ધ ભૂમિકામાં આવી જાય એટલે 'योगः चित्तवृत्ति निरोधः' એ લક્ષણ સાર્થક થતાં યોગ સધાય છે. એકાગ્ર ભૂમિકાવાળા ચિત્તનો 'સંપ્રજ્ઞાત યોગ' છે અને નિરુદ્ધ અવસ્થાવાળાનો 'અસંપ્રજ્ઞાત યોગ' છે.

**ક્લેશો :**

સંસ્કૃતમાં 'क्लेशः' ધાતુનો અર્થ થાય છે 'દુઃખી થવું' અને 'દુઃખ દેવું'. તેનું ભાવવાચક નામ થાય 'क्लेशः'. ક્લેશ એટલે પુરુષને પીડા કરનાર વસ્તુઓ. તેના પાંચ પ્રકાર ગણાવ્યા છે.

૧. અવિદ્યા – તે બાકીના ચાર ક્લેશોની જનની છે. અવિદ્યા એટલે વસ્તુ જેવી નથી તેવી તેને સમજવી, વિવેકજ્ઞાનથી ઊલટું જ્ઞાન તે અવિદ્યા છે.

૨. અસ્મિતા – બુદ્ધિ તથા પુરુષના અત્યંત અભેદના ભ્રમને લીધે જડબુદ્ધિના ગુણોનું ચેતન પુરુષમાં આરોપણ કરાય છે, તે જ અસ્મિતા છે.

૩. રાગ – લોભ અને તૃષ્ણા જ રાગ છે. જ્યાં સુધી 'વિવેકખ્યાતિ'નો ઉદય થાય નહીં ત્યાં સુધી ભોગમાંથી તૃષ્ણા જન્મે અને તૃષ્ણામાંથી ભોગ જન્મે એવી પરંપરા ચાલ્યા કરે છે.

૪. દ્વેષ – 'રાગ'ની સાથે દ્વેષ જોડાયેલો જ હોય છે. તે રાગથી તદ્દન ઊલટા પ્રકારનો ક્લેશ છે. પૂર્વે અનુભવેલ દુઃખનું સ્મરણ થાય

અને પરિણામે તે દુઃખ તથા તેનાં સાધનો પ્રત્યે ધૃણા અને ક્રોધ થાય છે. આ જ દ્વેષ છે. પતંજલિએ આ વાત 'દુઃખાનુશાયી દ્વેષઃ।'કહી છે.

૫. અભિનિવેશ – આમાં મૃત્યુનો ભય અને જીવનને વળગી રહેવાની વૃત્તિ આવે છે. જો પહેલા કદી મરણનો ત્રાસ અનુભવેલો જ ન હોય તો આવો ભય ન લાગે. આથી આ 'અભિનિવેશ' ક્લેશ પૂર્વ જન્મની સાબિતીરૂપ ગણાય.

ક્લેશોની પાંચ અવસ્થાઓ હોય છે : ઉદાર, વિચ્છિન્ન, તનુ, પ્રસુપ્ત અને દગ્ધબીજ.

**ચિત્તની વૃત્તિઓ :**

પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી વાસ્તવિક રીતે તો ચિત્ત અચેતન જ છે, છતાં પુરુષનું પ્રતિબિંબ તેના ઉપર પડવાથી તે ચેતન જેવું પ્રતીત થાય છે. કોઈપણ વસ્તુ સાથે સંબંધ થતાં ચિત્ત તે વસ્તુનું રૂપ ગ્રહણ કરી લે છે. પુરુષને વસ્તુઓના સ્વરૂપનું જ્ઞાન ચિત્તનાં આ પરિવર્તનોને કારણે જ થાય છે. અને ચિત્તના આ પરિવર્તનો તે જ છે ચિત્તવૃત્તિઓ. ચિત્તવૃત્તિઓ મુખ્યત્વે પાંચ છે : પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. એટલે કે યોગદર્શન સર્વજ્ઞાનોને આ પાંચ વિભાગોમાં વહેંચે છે.

૧. પ્રમાણ : 'પ્રમાણ' એટલે સાચું જ્ઞાન. યોગ પણ પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એમ ત્રણ પ્રમાણો માને છે.

૨. વિપર્યય : વિપર્યય એટલે વિપરીતતા, વ્યતિક્રમ. કોઈ પણ પદાર્થના મિથ્યાજ્ઞાનને 'વિપર્યય' કહે છે.

૩. વિકલ્પ : વિકલ્પરૂપે જ્ઞાન શબ્દજન્ય છે. કોઈ શબ્દ સાંભળ્યા પછી અથવા વાંચ્યા પછી ઉત્પન્ન થનારું. જેનું અસ્તિત્વ જ ન હોય એવા વિષયના આકારવાળું અને જેને આધારે ચાલતો વ્યવહાર બાધિત થતો નથી તેવું જ્ઞાન તે 'વિકલ્પ' છે.

૪. નિદ્રા : સુષુપ્તિ અવસ્થામાં ચિત્તમાં તમસ્ દ્રવ્ય પ્રબળ થઈ જાય છે અને ચિત્ત સત્ત્વને ઢાંકી દે છે. પરિણામે જાગ્રત અવસ્થા અને સ્વપ્ન અવસ્થામાં ઉદ્ભવતી ચિત્તવૃત્તિઓ-જ્ઞાનો-સુષુપ્તિ અવસ્થામાં ચિત્તમાં લય પામે છે. આ 'નિદ્રાવૃત્તિ' આમ એકાગ્રતા જેવી હોવા છતાં તેનો સમાવેશ 'યોગ'માં કરી શકીએ નહીં, કેમ કે તે ક્લેશરહિત હોતી નથી.

૫. સ્મૃતિ : વિષયાકાર પરિણામમાં મૂળ અનુભવ કરતાં કંઈ વધારે ન હોય પણ અનુભવેલું તેટલું જ કે તેથી કંઈક ઓછું હોય, તો તે 'સ્મૃતિ' ગણાય.

આ પાંચ વૃત્તિઓમાં ચિત્તની બધી જ અવસ્થાઓ સમાઈ જાય છે. વૃત્તિઓ ઉત્પન્ન થઈને ચિત્તમાં ક્ષય પામે છે, પણ તેના સૂક્ષ્મ સંસ્કાર ચિત્તમાં રહે છે અને તે અનુકૂળ સંયોગો મળતાં ફરી જાગૃત થઈને સ્થૂળ વૃત્તિઓ બની જાય છે. આ રીતે વૃત્તિઓમાંથી સંસ્કાર અને સંસ્કારમાંથી વૃત્તિ એવું ચક્ર બીજાંકુરન્યાયની જેમ ચાલ્યા કરે છે.

ચિત્તવૃત્તિનો નિરોધ એટલે સ્થૂળ વૃત્તિની સાથે તેના સૂક્ષ્મ સંસ્કાર પણ નિરુદ્ધ થઈ જવા જોઈએ. એમ થાય ત્યારે જ આત્યન્તિક નિરોધ થયો ગણાય અને તો જ યોગસિદ્ધિ થઈ ગણાય. વૃક્ષ સુકાઈ જાય, પણ જો તેનાં મૂળિયાં અકબંધ હોય, તો પાણી, હવા વગેરે પૂરતાં મળતા તેમાંથી ફરી વૃક્ષ ઊભું થઈ શકે છે. તેથી વૃક્ષનો નાશ તો ત્યારે જ થયો કહેવાય કે જ્યારે તેનાં મૂળિયાંનો પણ નાશ થાય. જેથી તેમાંથી નવું વૃક્ષ ઊગવાની શક્યતા જ ન રહે. આવું જ ચિત્તવૃત્તિના નિરોધનું છે. માટે પ્રજ્ઞાના આલોક દ્વારા વૃત્તિઓની સાથે સંસ્કારનો પણ નિરોધ થવો જોઈએ. તો જ યોગ સધાય.

**યોગાન્તરાયો :**

'યોગાન્તરાયો' એટલે યોગસાધનામાં નડતા અંતરાયો. તેમની સંખ્યા ૧૩ની છે. (૧) વ્યાધિ (૨) સત્યાન (૩) સંશય (૪) પ્રમાદ (૫) આળસ (૬) અવિરતિ (૭) ભ્રાંતિ (૮) અલબ્ધભૂમિકત્વ (૯) અનવસ્થિત્વ (૧૦) દુઃખ (૧૧) દૌર્મનસ્ય (૧૨) અંગમેજય (૧૩) શ્વાસ.

જ્યાં સુધી યોગ્ય ઉપાયો દ્વારા આ અન્તરાયોને નિવારી ન શકાય ત્યાં સુધી ચિત્તની સ્થિરતા સાધી ન શકાય. તે માટેનો સરળ ઉપાય છે ઈશ્વર ઉપર ચિત્તને સ્થિર કરવાનો અભ્યાસ અને તે સાથે અન્ય વિષયો પરત્વે વૈરાગ્ય.

આ જ્ઞાનમીમાંસામાં સાંસારિક જીવનમાંની આધ્યાત્મિક ઉત્કર્ષની બાધાઓની ચર્ચા છે. 'યોગદર્શન' અંતરાયો, બાધાઓ, લાલચો અને પીડાઓને દૂર કરવા માટેના નક્કર ઉપાયો દર્શાવનાર, તેમને આચારમાં ઉતારવાના સહજ માર્ગ દર્શાવનાર દર્શન હોઈ સાધનપ્રધાન કે સાધનાપ્રધાન દર્શન ગણાય છે. આથી આચારમીમાંસા તેની ચર્ચાનો બહુ મોટો ભાગ રોકી લે તે સ્વાભાવિક છે. એ જ 'યોગદર્શન'નું સૌથી વધારે મહત્ત્વનું તથા માનવજીવનનું યે એ જ સૌથી વધારે મહત્ત્વનું પાસું ગણાય. આથી હવે આપણે એ ઉપાયોની મીમાંસાને સમજવા પ્રયત્ન કરીએ.

**આચારમીમાંસા :**

આધ્યાત્મિક સાધના અર્થાત્ 'યોગ'ની પ્રવૃત્તિ સમયની દૃષ્ટિએ બહુ લાંબી છે. વળી એ દ્વિલક્ષી છે : (૧) સાધકે આસપાસના સમાજ સાથેનો સંબંધ અને તેથી આગળ વધીને સમસ્ત વિશ્વ સાથેનો

સંબંધ સમજણ તથા વિવેકથી વિસ્તારવાનો છે. અને ઉત્તરોત્તર વિશુદ્ધ કરતા જવાનો છે. (૨) આ બહિર્ગામી સંબંધના વિસ્તાર તથા વિશુદ્ધીકરણની સાથે સાથે આંતરિક ચિત્તભૂમિકાને પણ વિશુદ્ધ અને ઉદાત્ત બનાવતા જવાનું છે.

આધ્યાત્મિક સત્યોના અનુભવ માટે શરીર, મન અને ઇન્દ્રિયો એ ત્રણે ઉપર આત્માનો અધિકાર સ્થપાવો જરૂરી છે. આને માટે એ ત્રણેની શુદ્ધિ થવી જોઈએ. આ હેતુને લક્ષ્યમાં રાખીને 'યોગદર્શન' સાધનાનો વ્યવસ્થિત લાંબો ક્રમ યોજ્યો છે. અને એ જ છે યોગની આચારસંહિતા. આને જ 'અષ્ટાંગયોગ' કહે છે.

**અષ્ટાંગ યોગ :**

યોગનાં આઠ અંગો છે : (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ.

આમાંનાં પહેલાં પાંચ બહિરંગ સાધનો છે અને છેલ્લાં ત્રણ અન્તરંગ છે. તે આઠે અંગનો ક્રમશઃ પરિચય સાધીએ;

(૧) યમ : વ્યક્તિમાં રહેલા એવા ગુણો જેના દ્વારા વ્યક્તિ સમાજમાં યોગ્ય વ્યવહાર કરે છે, તેને યમ કહે છે. યમ પાંચ છે : (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) અપરિગ્રહ (૫) બ્રહ્મચર્ય.

**અહિંસા :** કોઈ પણ જીવિત પ્રાણીને મન, વચન અને કર્મથી શારીરિક, માનસિક કષ્ટ ન આપવું તેને અહિંસા કહે છે. કોઈને કોઈ પણ પ્રકારે નુકસાન કરવું, નિંદા કરવી, અપમાન કરવું. ઈજા પહોંચાડવી, ખરાબ ઇચ્છવું, મનમાં કોઈના પ્રત્યે વેરભાવ રાખવો તે હિંસા જ કહેવાય. જીવમાત્ર પ્રત્યે સદ્‌ભાવ તે અહિંસા છે. માટે કોઈને હડધૂત ન કરવા, પ્રાણીઓને ઢોરમાર ન મારવો, પ્રાણીમાત્રની હિંસા થતી હોય તેવી વસ્તુ કે સૌંદર્ય પ્રસાધનો ન વાપરવા.

**સત્ય :** એટલે સાચું બોલવું, મનમાં હોય તેવું જ બોલવું. બોલીએ તેવું જ આચરણ કરવું, કોઈને છેતરવા નહીં. કોઈની સાથે કપટ ન કરવું કે કોઈને ફસાવવા નહીં. જરૂર વિના બોલવું, કોઈ નિંદા કરવી, ચાડી ખાવી, અસત્યમાં સાથ આપવો અથવા તો ખોટું સહન કરવું તે પણ અસત્ય જ કહેવાય. સત્યના આચરણ માટે મૌનનો અભ્યાસ કરવો.

**અસ્તેય :** સ્તેય એટલે ચોરી કરવી. અસ્તેય એટલે ચોરી ન કરવી. કોઈની વસ્તુ પૂછ્યા વગર લેવી, વધુ સમય માટે રાખી મૂકવી, બીજાની વસ્તુની ઇચ્છા રાખવી, જરૂર ન હોય તેવી વસ્તુની ઇચ્છા રાખવી, બીજાની વસ્તુ પર પોતાનું નામ લખી લેવું તે પણ ચોરી કરવા બરાબર છે. પરીક્ષામાં પણ ચોરી ન કરવી.

**અપરિગ્રહ :** પરિગ્રહ એટલે સંગ્રહ, પરિગ્રહ એટલે દાનનો સ્વીકાર. અપરિગ્રહ એટલે સંગ્રહ ન કરવો, દાન ન સ્વીકારવું. જરૂરિયાતો ઓછી કરવી. વસ્તુનો લોભ કે બગાડ ન કરવો. કરકસરપૂર્વક ઉપયોગ કરવો તે અપરિગ્રહ છે.

**બ્રહ્મચર્ય :** બ્રહ્મચર્ય એટલે દરેક પ્રકારે સંયમી જીવન બનાવવું. પવિત્ર વિચારો કરવા અને તે પ્રમાણે આચરણ કરવું. સારા પુસ્તકોનું વાંચન કરવું. સમજપૂર્વક આચરણ કરવું. ટૂંકમાં વિચાર, વાણી અને વર્તનની પવિત્રતા એટલે બ્રહ્મચર્ય.

**(૨) નિયમ :** નિયમ એ એવા ગુણોનો સમૂહ છે જેના દ્વારા વ્યક્તિના ચારિત્ર્યનો વિકાસ થાય છે.

નિયમ પાંચ છે : (૧) શૌચા (૨) સંતોષ (૩) તપ (૪) સ્વાધ્યાય (૫) ઈશ્વર પ્રણિધાન.

**શૌચા :** શૌચા એટલે શરીર અને વિચારોની શુદ્ધિ. ઉપવાસ, શુદ્ધિક્રિયાઓ કરવાથી તથા યોગ્ય આહાર લેવાથી આંતરિક શુદ્ધિ થાય છે. સારી વ્યક્તિઓની સોબત કરવાથી અને બ્રહ્મચર્યથી વિચારો શુદ્ધ અને પવિત્ર બને છે.

**સંતોષ :** જે કંઈ પણ મળે છે અથવા તો જે છે તેનાથી જરા પણ વધારે મળે તેવી ઇચ્છા ન થવી તે સંતોષ.

**તપ :** તપ એટલે કોઈ લક્ષ્યની પ્રાપ્તિ માટે સતત પરિશ્રમ કરવો, કષ્ટો સહન કરવાં, હિંમત ન હારવી, કોઈ પણ પરિસ્થિતિમાં ટકી રહેવું. તપ બે પ્રકારના હોય છે : (૧) શારીરિક (૨) માનસિક.

**સ્વાધ્યાય :** સ્વાધ્યાય એટલે જાતે જ અધ્યયન કરવું. જીવનમાં જે કાંઈ કરવું છે તેના વિશે ચિંતન, મનન, વિચાર કરવા અને સમજવાનો પ્રયત્ન કરવો તથા જ્ઞાન પ્રાપ્ત કરવું. બીજા અર્થમાં સ્વાધ્યાય એટલે 'સ્વ'નું અધ્યયન. પોતે બોલે છે, વિચારે છે, કરે છે તે યોગ્ય છે કે કેમ તે ચકાસવું એટલે સ્વાધ્યાય. સ્વાધ્યાય એટલે સારાસારનો વિવેક ધારણ કરવો.

**ઈશ્વરપ્રણિધાન :** ઈશ્વરપ્રણિધાન એટલે ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા રાખી કાર્યો કરવાં. જે કાંઈ કાર્યો કરીએ છીએ તે ઈશ્વરીય કાર્ય છે તેમ માનીને પ્રયત્ન કરવો.

**(૩) આસાન :** માથું, ડોક, છાતી, ખભા, સીધી લીટીમાં રહે તે રીતે વ્યક્તિ આરામથી લાંબો સમય સુધી બેસી શકે તેવી શરીરની સ્થિતિને આસન કહે છે. આસન દ્વારા શરીરનાં અંગોની કાર્યક્ષમતા વધે છે. આપણી ચાલવા, બેસવા, સૂવા, ઊભા રહેવાની ટેવો સાથે એનો સંબંધ છે. આસન દ્વારા મનસ્થિર, એકાગ્ર અને શાંત થાય છે તથા શરીર સ્વસ્થ, સુદ્રઢ અને સંતુલિત બને છે.

**(૪) પ્રાણાયામ :** પ્રાણ એટલે શરીરની અંદર રહેલી શ્વાસરૂપી

જીવનશક્તિઓ અને આયામ એટલે તેમને નિયંત્રિત કરવી. શ્વાસ પ્રક્રિયાને નિયમિત કરવી, નિયંત્રિત કરવી, વ્યવસ્થિત કરવી તેને પ્રાણાયામ કહે છે. શરીર, મન, બુદ્ધિની શક્તિ પ્રાણાયામથી વધે છે અને બધી જ અશુદ્ધિઓ દૂર થાય છે.

**(૫) પ્રત્યાહાર :** પ્રત્યાહાર એટલે તમામ ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી અને અંતર્મુખ થવું. જ્ઞાનેન્દ્રિયો પોતપોતાને ગમતા વિષયો તરફ એટલે કે દશ્ય, અવાજ, સુંગધ, સ્વાદ કે સ્પર્શ તરફ દોડાદોડ કરતી હોય છે. ઇન્દ્રિયોને જે યોગ્ય હોય તે ગમતું નથી અને ગમતું હોય તે યોગ્ય નથી હોતું. યોગ્ય હોય તેને ગમાડતાં શીખવું એનું નામ પ્રત્યાહાર.

**(૬) ધારણા :** યોગનું છઠ્ઠું અંગ છે ધારણા, ધારણા એટલે એક વસ્તુ પર મનને એકાગ્ર કરવાની પ્રક્રિયા. આપણે ધારેલા વિષય પર મનને એકાગ્ર કરવાથી એ વિષયનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**(૭) ધ્યાન :** ઉપરના છએ અંગોના સતત અભ્યાસથી આપણું શરીર, મન, પ્રાણ, બુદ્ધિ અને આત્મા એક જ ધ્યેય પર કેન્દ્રિત થાય છે. આ સ્થિતિને ધ્યાન કહે છે. ધ્યાનસિદ્ધ થવાથી આપણાં સુખ-દુઃખ, હર્ષ-શોક, ભય, અજ્ઞાન બધું જ નાશ પામે છે. સદા આનંદનો અનુભવ થાય છે.

**(૮) સમાધિ :** ધ્યાનના સતત અભ્યાસથી એક વખત એવી સ્થિતિ આવે છે કે ધ્યેય, ધ્યાતા અને ધ્યાનની પ્રક્રિયા ત્રણે એક થઈ જાય છે. આ સ્થિતિને સમાધિ કહે છે. સમાધિ સિદ્ધ થવાથી પરમાત્માનો અનુભવ થાય છે. વળી, આપણે પોતે પરમાત્માનો અંશ છીએ. આમ, સતત અભય અને આનંદનો અનુભવ થાય છે તેને જ નિર્વાણ કે મોક્ષ કહે છે.

યોગદર્શન ભારતીય સંસ્કૃતિનો એક આદર્શ છે. વૈશ્વિક સંકોટોમાંથી નિવારણનો માર્ગ બતાવે છે. આપણે યોગદર્શન મુજબ આપણા વ્યક્તિત્વનું ચરમોત્કર્ષ ધ્યેય સિદ્ધ કરવાની દિશામાં પ્રવૃત્ત થવું જોઈએ.

◆ ◆ ◆

સંપર્ક : ૯૪૨૭૭૨૧૦૨૫

# ન્યાય-જ્ઞાનપરંપરા અને ભાસર્વજ્ઞ

**ડૉ. નિરંજન પટેલ**

*સંસ્કૃત ભાષાસાહિત્યના વરિષ્ઠ અધ્યાપક. સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત વિભાગ અને કાનૂન વિભાગના અધ્યક્ષ. વિનયન વિદ્યાશાખાના ડીન. હાલ સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ. અખિલ ભારતીય સાહિત્ય પરિષદ, મધ્ય ગુજરાત એકમના અધ્યક્ષ.*

दृश्यते अनेन इति दर्शनम्। જેના વડે જોવામાં આવે તે દર્શન છે. અહીં दृश् ધાતુ 'પ્રેક્ષણ' અર્થમાં છે અર્થાત્ પદાર્થને પ્રકૃષ્ટ રૂપમાં જોવો-જેના વડે આત્મદર્શન થાય. ગૂઢ નિહિતાર્થ સમજીએ તો તેનો અર્થ થાય છે – પોતાના સ્વરૂપનો બોધ. પોતાના સ્વરૂપને જાણવું એ દર્શન છે. વૈદિક સમયથી આપણી પરંપરા આત્મદર્શનને જ માનવજીવનનું લક્ષ્ય માને છે. તેના શ્રવણ વગેરે સાધન છે. તે જ પરંપરાને કારણે દર્શનોમાં રુચિ, શક્તિ અભ્યાસ વગેરેથી ભેદ થયો અને વિવિધ દર્શનોનો પ્રાદુર્ભાવ થયો. દર્શનોની કોટિમાં ન્યાયદર્શનનું વિશેષ મહત્ત્વ છે. ન્યાયના ઘણા અર્થ છે – જેને આપણે સૌ જાણી છીએ. 'प्रमाणैः अर्थपरीक्षणं न्यायः' – આ પરિભાષાથી લઈ ઘણી પરિભાષાઓ પ્રાપ્ત થાય છે. બધાનો સાર આ જ છે :– પ્રમાણ-તર્ક દ્વારા સિદ્ધાન્તની પરીક્ષા ન્યાય છે. દષ્ટિથી વિચારીએ તો બધા દર્શન એક રીતે ન્યાય જ છે. ન્યાયદર્શન દર્શનોનું પ્રવેશદ્વાર છે. જે બુદ્ધિને પરિષ્કૃત કરીને તીવ્ર, વિશદ, સ્પષ્ટ બનાવવામાં સહાયક છે. કોઈ પણ દર્શનને સમજવા માટે ન્યાયની પ્રવૃત્તિ પ્રદીપવત્ છે. ન્યાયની આ જ ખૂબ મોટી ઉપાદેયતા છે. પરંતુ જ્યારે આપણે નવ્યન્યાયમાં પ્રવેશ કરીએ છીએ તો તેનો પરિષ્કાર અને તેને સમજવું મુશ્કેલ લાગે છે આ પણ સત્ય છે.

ન્યાયશાસ્ત્રના વિષયને ગંભીરતાથી સમજીએ તો જણાય કે બધા આચાર્યોનો પુરુષાર્થ શાસ્ત્રચર્યા – તેના સ્વરૂપને એક પરંપરામાં ઢાળવું, તેને પરિમાર્જિત કરવું, પરિષ્કૃત કરવું એ રહ્યો છે જેની પરિપક્વતા આપણને યત્ર-તત્ર પ્રાપ્ત થાય છે. બીજો પુરુષાર્થ દેહાદિથી ભિન્ન આત્માના અસ્તિત્વની સિદ્ધિ છે. આ બન્ને તેના સૈદ્ધાન્તિક તાત્પર્ય છે. એક સાધ્ય છે બીજું સાધન છે. જેમ અન્ય દર્શનોમાં આપણે જોઈએ છીએ તેમ ન્યાયની સમૃદ્ધ પરંપરામાં એક એવો સમય આવે છે, તે સમસામયિકતાને ધ્યાનમાં રાખીને ન્યાયાચાર્યો દ્વારા પોતાના વિષયને પ્રતિપાદિત કરતી વખતે સાધ્ય ગૌણ થઈ ગયું અને સાધન પ્રમુખ થઈ ગયું. આ સ્થિતિ બૌદ્ધોના પતન

પછીની છે. તે સમયની સામાજિક-પરિસ્થિતિ, ધાર્મિક-પરિસ્થિતિને જોઈએ તો તેના આધારે આપણે ન્યાયસાહિત્યની રચનાનું વિશ્લેષણ કરીએ તો આપણને તેનાં ત્રણ સોપાનોનો સ્પષ્ટરૂપથી પરિચય થાય છે. તેમાં પ્રથમ છે પ્રાચીનન્યાય, બીજું છે મધ્યન્યાય અને ત્રીજું છે નવ્યન્યાય. દશમી અને અગિયારમી શતાબ્દીમાં દાર્શનિકક્ષેત્રમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. વિશેષરૂપે ન્યાયના સાહિત્યની રચનામાં. તે કાળમાં જે ન્યાયસાહિત્યનું નિર્માણ થયું તેની શૈલી બદલાઈ ગઈ, જે પ્રાચીન ન્યાયથી તેને ભિન્ન કરે છે. અહીં પ્રાચીન ન્યાયનું સંપૂર્ણ સાહિત્ય સૂત્રકારની વાતને પોતાની રીતે સમજાવવાનું રહ્યું છે. તેમાં કંઈક અપવાદ પણ જોવા મળે છે. જ્યારે નવ્યન્યાયમાં પ્રાચીન પદ્ધતિની ઉપેક્ષા કરીને સ્વતંત્રરૂપે ગ્રંથોનું નિર્માણ થવા લાગ્યું. પ્રાચીનન્યાયમાં જે પદાર્થનું મહત્ત્વ વધારે કે અધિક હતું, નવીનયુગમાં તેનું મહત્ત્વ ઓછું થઈ ગયું અને જેનું મહત્ત્વ ઓછું હતું તેનું મહત્ત્વ વધી ગયું. જે આપણને કથાસમૂહોના નિરૂપણ પ્રસંગોમાં જોવા મળે છે. ત્રીજું પાસું – નવ્યન્યાયના સાહિત્યમાં વિશેષરૂપે પ્રકરણગ્રંથો લખાયાં. આ પ્રકારના ગ્રંથોમાં ભાસર્વજ્ઞનો 'न्यायसार' વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ ક્રાંતિકારી નૈયાયિક ભાસર્વજ્ઞે ન કેવળ નૂતનશૈલીનું પ્રતિપાદન કર્યું, અપિતુ પ્રાચીનન્યાય પદ્ધતિના કેટલાક સિદ્ધાંતોમાં સમસામાયિક સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાની તીક્ષ્ણ પ્રતિભાથી પરિવર્તન-પરિવર્ધન કર્યું. આ ભારતીય જ્ઞાનપરંપરામાં વિશેષ મહત્ત્વની વાત છે અને ભાસર્વજ્ઞનું સ્થાન વિશેષ છે. આપણે આ શોધ આલેખમાં પ્રમાણને આધાર બનાવીને ભાસર્વજ્ઞે જે નૂતન આવિષ્કાર કર્યો છે અને ભારતીય જ્ઞાનપરંપરનો વિસ્તાર-વિકાસ, તેનો પરિપાક કેવી રીતે કર્યો છે? તેને સંક્ષેપમાં જોઈશું.

ન્યાયસારમાં જે વિચારનું સંક્ષેપમાં નિરૂપણ છે તેની ન્યાયભૂષણમાં વિસ્તૃતરૂપે ચર્ચા છે. ન્યાયભૂષણનું મહત્ત્વ એટલા માટે છે કે આ ગ્રંથ ન્યાય-વૈશેષિક સાહિત્યના ઇતિહાસના અભ્યાસ માટે અત્યન્ત ઉપાદેય છે, કારણ કે ભાસર્વજ્ઞ પ્રાચીનન્યાય અને નવ્યન્યાયના મધ્યકાળમાં થઈ ગયા છે. જેમની પાસે અનેક શતાબ્દીઓની સમૃદ્ધ પરંપરા છે.

આચાર્ય અક્ષપાદે પ્રમાણસામાન્યનું લક્ષણ આપ્યું નથી. ભાષ્યકાર વાત્સ્યાયને प्रत्यक्ष–अनुमान–उपमानशब्दाः प्रमाणनि – આ સૂત્રની વ્યાખ્યા દરમ્યાન 'उपलब्धिः साधनानि प्रमाणानि' એવું લક્ષણ આપ્યું છે. તે જ લક્ષણને વાર્તિકકાર – 'उपलब्धिहेतुः प्रमाणम्' આ રૂપમાં દર્શાવે છે. આગળ જઈને જયંત ભટ્ટે તેનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું – અર્થોપલબ્ધિ જે છે તે ક્યારેક ક્યારેક ભ્રમાત્મક, સંશયાત્મક પણ હોય છે. આથી તેમણે લક્ષણનો પરિષ્કાર કર્યો અને લક્ષણનાં અવ્યભિચારી અને અસંદિગ્ધ એ બે વિશેષણોનો પ્રયોગ કર્યો. ભાસર્વજ્ઞ આ મહતી પરંપરાથી – 'सम्यगनुभवसाधनं प्रमाणम्।' એવું પ્રમાણ સામાન્યનું લક્ષણ આપ્યું, જે પ્રમાણના સામાન્ય લક્ષણને વધુ સ્પષ્ટરૂપે દર્શાવે છે.

સૂત્રકાર અક્ષપાદે પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ આપ્યું છે તેમાં પણ સમયે-સમયે પરિવર્તન-પરિવર્ધન થયું છે. ભાસર્વજ્ઞે પ્રાચીન પરિપાટીનો ત્યાર કરીને પ્રત્યક્ષપ્રમાણનું નૂતનલક્ષણ આપ્યું છે – 'तत्र सम्यगपरोक्षानुभवसाधनं प्रत्यक्षम्।' તેમણે સૂત્રકારના લક્ષણનો ત્યાગ કરીને નૂતનલક્ષણનો આવિર્ભાવ કેમ કર્યો? ભાસર્વજ્ઞ તેનું સમાધાન કરતાં કહે છે કે પ્રત્યક્ષના બે ભેદ છે – યોગીપ્રત્યક્ષ અને અયોગીપ્રત્યક્ષ. સૂત્રકારે આને સ્પષ્ટ કરવા માટે – 'इन्द्रियार्थसन्निकर्षोत्पन्नम्' એવું લક્ષણ કર્યું છે. अपरोक्षानुभवरूप એવું લક્ષણ કર્યું નથી, આનું કારણ એ છે કે – इन्द्रियार्थसन्निकर्षोत्पन्नम् આ લક્ષણ યોગીપ્રત્યક્ષથી ભિન્ન છે. અયોગીપ્રત્યક્ષ જ ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી ઉત્પન્ન થાય છે. જ્યારે યોગીપ્રત્યક્ષ તો ઇન્દ્રિયાર્થસન્નિકર્ષ વિના પણ થાય છે, 'किमर्थ हि तर्हि तदेवपरोक्षानुभवत्वं च साक्षादुक्तिमिति। प्रत्यक्षभेदज्ञापनार्थं यद् अस्मदादिप्रत्यक्षं तदिन्द्रियार्थसन्निकर्षजमेवेति लक्ष्यामः ।' (न्यायभू., पृ. ९४)

ભાસર્વજ્ઞ સૂત્રકાર દ્વારા આપવામાં આવેલ લક્ષણને સ્પષ્ટ કરતાં કહે છે કે બૌદ્ધોએ ક્ષણભંગવાદની સિદ્ધિ માટે પ્રત્યક્ષના લક્ષણમાં ઇન્દ્રિયાર્થસન્નિકર્ષને કારણ માન્યું નથી. જો ઇન્દ્રિય અને અર્થનો સંબંધ માનીશું તો પદાર્થોની સ્થિતિ બે-ત્રણ ક્ષણો સુધી માનવી પડશે. પરિણામસ્વરૂપ ક્ષણભંગવાદની સિદ્ધિ થશે નહીં. આનું તાત્પર્ય ભાસર્વજ્ઞએ અત્યંત સુંદર રીતે સમજાવ્યું છે. પ્રત્યક્ષના બે ભેદ યોગીપ્રત્યક્ષ, અયોગીપ્રત્યક્ષ અને પ્રકારાન્તરથી તેના બે ભેદ કર્યા છે નિર્વિકલ્પકપ્રત્યક્ષ અને સવિકલ્પકપ્રત્યક્ષ. વિશેષ વાત એ છે કે ભાસર્વજ્ઞે આર્ષજ્ઞાનનો યોગીપ્રત્યક્ષમાં અન્તર્ભાવ કર્યો છે. દાર્શનિક પરંપરામાં પ્રશસ્તપાદે આર્ષજ્ઞાનનું સર્વપ્રથમ પ્રતિપાદન કર્યું છે. ત્રિકાલદર્શી મંત્રદૃષ્ટાને ઇન્દ્રિયરહિત, અતીત, અનાગત અને વર્તમાન વિષયોનું ધર્મવિશેષના સાયુજ્યથી આત્મા અને મનના સંયોગથી જે જ્ઞાન થાય છે તે આર્ષજ્ઞાન છે. યોગીપ્રત્યક્ષ આર્ષજ્ઞાનથી ભિન્ન છે, પરંતુ ભાસર્વજ્ઞ અનુસાર યોગીપ્રત્યક્ષ પ્રકૃષ્ટધર્મજન્ય છે અને આર્ષજ્ઞાન પણ પ્રકૃષ્ટધર્મજન્ય છે. બન્ને જ્ઞાનોમાં પ્રકૃષ્ટજન્યત્વ સમાનધર્મ હોવાથી આ બન્ને એક જ છે. ભાસર્વજ્ઞ કહે છે – 'सम्यगपरोक्षानुभवो हि योगीप्रत्यक्षलक्षणम्।'

ભાસર્વજ્ઞ સવિકલ્પકની પરિભાષા આ પ્રમાણે આપે છે – 'तत्र संज्ञादिसम्बन्धोल्लेखेन' ज्ञानोत्पत्तिनिमित्तं सविकल्पकम्। यथा-देवदत्तोऽयम् दण्डीयादि।' તેમનો મત છે કે નિર્વિકલ્પક પદાર્થ નામાદિ વિકલ્પોથી સંબંધિત થઈને સવિકલ્પક થઈ જાય છે. જેમ કે, સુક્તિ જેમ રજતાકાર બની જાય છે અર્થાત્ રજતસંબંધરહિત સુક્તિ નિર્વિકલ્પક અને રજતસંબંધસહિત સુક્તિ સવિકલ્પક. બૌદ્ધ દાર્શનિકો સવિકલ્પકપ્રત્યક્ષને આરોપિત માને છે. તેમના મતાનુસાર સવિકલ્પકપ્રત્યક્ષ, ભ્રમાત્મકપ્રત્યક્ષનો વિષય હોય છે. ભાસર્વજ્ઞ બૌદ્ધોની માન્યતાનું ખંડન કરે છે. તે સવિકલ્પકપ્રત્યક્ષને અતીન્દ્રિય કહે છે. તે કહે છે 'तत् च अतीन्द्रियत्वात् साक्षात् उदाहर्तुं न शक्यते तत् फलमेव उदाह्रयते। यथा देवदत:।' કોઈ અતીન્દ્રિયવસ્તુને પ્રત્યક્ષભ્રમનો વિષય કેવી રીતે માની શકીએ? અને તેને આરોપિત કહેવું કેવી રીતે સંભવ થઈ શકે? જેમ કે, મૈત્રીતનયને ઘટાદિવસ્તુનું પ્રત્યક્ષ થાય છે. તેમાં શબ્દસંબંધનું પ્રત્યક્ષ કેવી રીતે થઈ શકે? અતઃ સવિકલ્પક અતીન્દ્રિય જ્ઞાન છે આરોપિત નથી.

અનુમાનપ્રમાણના વિષયમાં પ્રાચીન સમયથી ભિન્ન ભિન્ન અર્થઘટનો થતાં રહ્યાં છે. ભાષ્યકાર વાત્સ્યાયન, ઉદ્યોતકરે વૈકલ્પિક અર્થઘટન આપ્યાં છે, જ્યારે જયંતભટ્ટ અને ભાસર્વજ્ઞે સૂત્રગત પદોના વિભિન્ન અર્થઘટનો કર્યાં છે. આ બધા અર્થઘટનોમાં ભાસર્વજ્ઞનું અર્થઘટન નૂતન, રોચક અને ભિન્ન છે. સૂત્રકારે 'अथ तत्पूर्वकं त्रिविधमनुमानम् पूर्ववत्, शेषवत् सामान्यतोदृष्टं च।' એવું આપ્યું છે. ન્યાયપરંપરામાં આ લક્ષણના વિભિન્ન અર્થઘટનો મળે છે. કેટલાક વિદ્વાનોના મતાનુસાર અનુમાન સૂત્રમાં 'तत्पूर्वकमनुमानम्' આ ભાગ અનુમાનનું લક્ષણ છે. કેટલાક વિદ્વાનોના મતાનુસાર સૂત્રગત तत्पूर्वकंत्रिविधमनुमानम् આ અનુમાનનું લક્ષણ છે. કેટલાક વિદ્વાનો અનુસાર 'अथ तत्पूर्वकं त्रिविधमनुमानम्। पूर्ववत्, शेषवत्, सामान्यतोदृष्टं च'– આ અનુમાન લક્ષણ છે. આમાંથી જે પ્રથમ વ્યાખ્યાન तत्पूर्वकमनुमानम् તે અધ્યયન ઇત્યાદિને અભિપ્રેત છે, એમ અભયદેવસૂરિ तत्त्वबोधविधायिनीटीकामां કહે છે. બીજા અને ત્રીજા અર્થઘટનના વિષયમાં ટીકાકારે કોઈ ઉલ્લેખ કર્યો નથી. 'अत्र च सूत्रत्रयै पथसूत्रव्याख्यानमेव अभिमतं अध्ययनं प्रभुतीनाम।' (तत्त्वबोधविधायिनी. अभयदेवसूरि, संपा. पं. सुखलाल संघवी और पं. बेचरदार दोशी, प्रथम आवृत्ति, सं. १९८५, पृ. ५६७) ભાસર્વજ્ઞે ન્યાયભૂષણમાં ત્રણેય વ્યાખ્યાનોને – एके, अन्ये તથા अपरे શબ્દોથી પ્રસ્તુત કર્યા છે. ભાસર્વજ્ઞના મતાનુસાર કેટલાક નૈયાયિક तत्पूर्वकमनुमानम् એવું અનુમાનનું લક્ષણ આપે છે. શેષભાગ અનુમાનનના પ્રકારોને દર્શાવે છે. 'तत्पूर्वकम्નો અર્થ છે – તે છે પૂર્વમાં જેનાથી તે, અર્થાત્ વ્યાપ્તિ. 'यत्र यत्र धूमः तत्र तत्र वह्निः।' અહીં પ્રથમપ્રત્યક્ષ વ્યાપ્તિનું થાય છે. બીજા પક્ષમાં લિંગનું દ્વિતીયપ્રત્યક્ષ – આ બન્નેનું પ્રત્યક્ષ પહેલાં થાય છે તે અનુમાન છે. જો 'तत्' પદથી 'પ્રત્યક્ષપૂર્વક અનુમાન થાય છે. આવો અર્થ થાય છે તો સંસ્કાર, સંશયમાં અતિવ્યાપ્તિદોષ આવશે. આ અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'ते च तानि चेति' વિગ્રહ કરવો જોઈએ.

'तत्पूर्वकं त्रिविधम् अनुमानम्।'ને જે લોકો અનુમાનનું જે લક્ષણ માને છે ભૂષણકાર કહે છે પ્રત્યક્ષાદિ પ્રમાણપૂર્વક કેવલાન્વયી ઇત્યાદિ ત્રણ લિંગના આલંબનયુક્તજ્ઞાન અનુમાન છે. ભૂષણકાર આ મતને અયોગ્ય માને છે અને તેઓ કહે છે. આ લક્ષણમાં જ્ઞાનને જ અનુમાન માનવામાં આવ્યું છે, પરંતુ જ્ઞાન કેવી રીતે પ્રમાણ બની શકે છે, કારણ કે અનુમિતિના સાધનને અનુમાન કહે આવે છે. તે સાધન જ્ઞાનરૂપ હોય કે અજ્ઞાનરૂપ જો પ્રત્યક્ષાદિપૂર્વ અન્વય ઇત્યાદિ અન્વય ત્રિવિધ લિંગના આલંબનયુક્ત જ્ઞાનને અનુમાન માનીશું તો આ લક્ષણની અવ્યાપ્તિ થશે અને આ લક્ષણથી સંશયની પણ સિદ્ધિ થઈ જશે. જે જ્ઞાન સંશયને ઉત્પન્ન કરે તે જ્ઞાન માત્ર સમ્યક્ અનુમિતિને ઉત્પન્ન કરે. આનો બોધ લક્ષણથી થશે નહીં અને લક્ષણમાં જ્ઞાન ભિન્ન અનુમિતિનાં સાધનોનો સમાવેશ નથી તેનાથી બચવા માટે જો કોઈ એક કહે કે અનુમાનનાં લક્ષણમાં કેટલાંક પદ અધ્યાહાર માનીશું અને તેનાથી અતિવ્યાપ્તિ વગેરે દોષનું નિરાકરણ થઈ જશે તો ભાસર્વજ્ઞ કહે છે – ઠીક છે પરંતુ જો એમ માનીશું તો અનુમાનસૂત્ર નિરર્થક થઈ જશે – 'अध्याहारैः अव्याप्ति अतिव्याप्तिनिवृत्तौ तदा एव लक्षणसिद्धेः अनर्थकं सूत्रं स्याद् इति।' त्रिविधम् પદનું આવું અર્થઘટન ઉદ્યોતકરના વાર્તિકમાં એક વિકલ્પરૂપમાં મળે છે. 'त्रिविधम् इति अन्वयव्यतिरेकी अन्वयी व्यतिरेकी चेति।' અનુમાન સૂત્રમાં આપેલ તૃતીય વ્યાખ્યાન અનુસાર સંપૂર્ણસૂત્ર અનુમાનના લક્ષણ માટે છે. ભાસર્વજ્ઞ આ મતનું ખંડન કરતાં કહે છે કે કેટલાક વિદ્વાન (અનુસાર) સૂત્રગત પૂર્વવત્ ઇત્યાદિ પદ અનુમાનના વિભાગ માટે નથી પરંતુ અનુમાનના લક્ષણ માટે પ્રયુક્ત થયું છે.

આ મતાનુસાર પક્ષનું અનુમાન વાક્યમાં પૂર્વગ્રહણ થાય છે. આથી પૂર્વ અર્થાત્ પક્ષ અને પૂર્વગત્ અર્થાત્ પક્ષવ્યાપકલિંગ, શેષવત્ અર્થાત્ સપક્ષવ્યાપકલિંગ, સામાન્યતોદષ્ટ અર્થાત્ વિષયમાં સામાન્યતઃ અદષ્ટલિંગ સૂત્રમાં પ્રયુક્ત 'च' શબ્દ લિંગના બાકીના લક્ષણોને દર્શાવે છે. 'असत्प्रतिपक्षत्व, अबाधितविषयत्व अतः पूर्ववत्' વગેરે પદ પાંચ લક્ષણયુક્ત લિંગને દર્શાવે છે. 'अपरे पूर्वदादियपदानि

लक्षणार्थत्वेन कर्णयन्ति किल-पूर्ववत् पक्षव्यापकं लिङ्गमुच्यते शेषवत् इति सपक्षवत्। सामान्यतोदृष्टम् विपक्षे अध्याहार्यम्। च शब्दः असत्यप्रतिपक्षत्व अबाधितवपक्षत्वे समुच्चिनोति एवं च पंचरूपलिङ्गमुक्तं भवति।' (न्याय भू. पृ. १९१) ભાસર્વજ્ઞ ઉક્ત મતનું ખંડન કરતાં કહે છે, ક્લિષ્ટ કલ્પનાથી ત્રિવિધ લિંગ સિદ્ધ થવા છતાં પણ સૂત્રકારને સૂત્રમાં અનુમાનનું લક્ષણ કરવું વિવિક્ષિત છે. લિંગનું લક્ષણ વિવક્ષિત નથી. અતઃ પ્રત્યક્ષ અનુમાન છોડીને અપ્રયુક્તલિંગનું લક્ષણ કરીશું તો તેના પર પ્રસ્તુતને તિરૂપિત કરવાનો દોષ આવશે, અને વળી કેવળ લિંગ અનુમાન નથી પરંતુ અનુમિતિના સર્વસાધક સમુદાયને અનુમાન કહે છે. જે જે લિંગ અનુમિતિના બદલે સંશયાદિને ઉત્પન્ન કરે તે અનુમાન કેવી રીતે કહેવાશે?

પરંપરાગત અર્થઘટનોમાં ભાસર્વજ્ઞ પ્રથમ પ્રકારના અર્થઘટનમાં ભાષ્યકારનું અનુસરણ કરે છે, પરંતુ સામાન્યતોદષ્ટના ઉદાહરણના રૂપમાં ભાષ્યકારના 'सूर्यगति' ઉદાહરણનો સ્વીકાર કરતા નથી. ભાષ્યકાર વિશિષ્ટગંધથી વિશિષ્ટ રસના અનુમાનને સામાન્યતોદષ્ટના ઉદાહરણના રૂપમાં લે છે. સૂત્રગત 'च' શબ્દને સમજાવતા કહે છે –'च' શબ્દ સમાનન્યાયનો સૂચક છે. તેઓ કહે છે કે બૌદ્ધ-કાર્ય પરથી કારણના અનુમાનનો સ્વીકાર કરે છે. પૂર્વવત્ અને સામાન્યતોદષ્ટ અનુમાનનો સ્વીકાર કરતા નથી. આના વિશે તેઓ કહે કે નિયત લક્ષણ યુક્ત ન્યાય જેમ કાર્યપરત્વે કારણના અનુમાનમાં લાગુ થાય છે તેમ બીજા બે પ્રકારોને પણ લાગુ થાય છે. અંતઃ પૂર્વવત્ ઇત્યાદિ ત્રણેય અનુમાનના પ્રકાર છે એમ સ્વીકારવું જોઈએ.

'च शब्दः समानन्यायः सूचयति। एतदुक्तं भवति-शाक्यैः अर्थान्तरस्य कार्यमेव गमकम् इष्यते न कारणम् अ अपि आकाशकारणमिति। तत्र कार्यस्य गमकत्वे यो न्यायः तैः अव्यभिचार लक्षणोपदिष्टः स इतयरत्रापि अस्ति इति च शब्देन सूच्यते।' (न्यायभू., १९०) ભાસર્વજ્ઞ હેતુની ચર્ચાના સંદર્ભમાં પૂર્વવત્ ઇત્યાદિનું અર્થઘટન પરંપરાથી ભિન્ન રૂપે આવ્યું છે. તેમના મતાનુસાર સાંખ્ય ઇત્યાદિના અનુમાનને અયોગ્ય સિદ્ધ કરે છે અને નૈયાયિકના અનુમાન લક્ષણને યોગ્ય માનવા માટે સૂત્રકારે સૂત્રમાં तत्पूर्वकम् પદ આપ્યું છે.

સાંખ્ય પ્રકૃતિ-પુરુષના અસ્તિત્વને અનુમાન દ્વારા સિદ્ધ કરે છે. આનું ખંડન ભાસર્વજ્ઞ કરે છે. સાંખ્ય દ્વારા નિર્દિષ્ટ લક્ષણ સર્વથા અનુચિત છે, કારણ કે ઘટરૂપી કાર્યને પ્રત્યક્ષ કર્યા પછી તેના કારણોનું અનુમાન થાય છે અને આપ સાંખ્યો તો સૂક્ષ્મ હોવાથી તેનું પ્રત્યક્ષ થતું નથી એમ માનો છો તો જ્યારે ગુણોનું પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી એમ માનો છો તો જ્યારે ગુણોનું પ્રત્યક્ષ થતું નથી તો અનુમાન કેવી રીતે સંભવ થશે? કેશોન્ડુક જ્ઞાનની જેમ અર્થાત્ આંખોને બંધ કરવાથી કેશનો સમૂહ દેખાય છે પરંતુ એ યથાર્થ નથી. આથી આ જ્ઞાન જેમ મિથ્યા છે તેમ સમગ્ર જગતનું જ્ઞાન પણ મિથ્યા થશે. જો જ્ઞાનનો વિષય ખોટો છે તો જ્ઞાન પણ ખોટું જ થશે. જો પ્રત્યક્ષ પ્રમાણનો વિજય મિથ્યા હોય તો પ્રત્યક્ષ પ્રમાણ પણ મિથ્યા થશે. અંતઃ સાંખ્ય દ્વારા અનુમાનનો સ્વીકાર કરી શકાય નહીં તેમના મતાનુસાર અનુમાન ભ્રમાત્મક જ્ઞાન પર આધારિત છે. જેમ शशविषाण, आकाशकुसुम, केशोण्डुक ઇત્યાદિ જ્ઞાન મિથ્યા છે. તેમ જગતનું જ્ઞાન પણ મિથ્યા છે. અતઃ યથાર્થ પ્રત્યક્ષ નહીં થાય તો અનુમાન કેવી રીતે સંભવશે? ઐન્દ્રજાલિક જેવી રીતે કાલ્પનિક ધૂમ બનાવે છે. તેનાથી અતીતનું જ્ઞાન કેવી રીતે થશે? તેમ જગતના પદાર્થ મિથ્યાવિષય છે, તો તેને જોઈને કાલ્પનિક પદાર્થ-પ્રકૃતિનું જ્ઞાન કેવી રીતે થશે? ભાસર્વજ્ઞ આને સ્પષ્ટ કરતાં કહે છે કે સૂત્રકારે અનુમાનના લક્ષણમાં तत्पूर्वकम् એવું પદ આપ્યું છે તે એ સૂચિત કરે છે કે અનુમાનથી પદાર્થનું યથાર્થ પ્રત્યક્ષ જ્ઞાન હોવું જોઈએ, પરંતુ સાંખ્યોમાં સત્પ્રત્યક્ષ જ્ઞાન સંભવિત નથી. અતઃ ધૂમાત્મક જ્ઞાનના આધારે આપેલ અનુમાન લક્ષણ યોગ્ય નથી. આ જ વાતનું દ્યોતક तत्पूर्वकम् પદ છે. ન્યાયભૂષણમાં આ પ્રમાણે શાંકરવેદાન્તી, ચાર્વાક્ અને બૌદ્ધોના મતનું ખંડન કરીને तत्पूर्वकम् પદની સિદ્ધિ કરી છે.

ભાસર્વજ્ઞે ન્યાયભૂષણમાં અનુમાનનું લક્ષણ આ મુજબ આપ્યું છે – 'सम्यक् अविनाभावेन परोक्षानुभवसाधनम् अनुमानम्।' અવિનાભાવના સમ્યક્ પરોક્ષાનુભવના સાધનને અનુમાન કહે છે. ન્યાયસારના ટીકાકારોમાં 'सम्यक्' પદને લઈને ઘણી ચર્ચા-વિમર્શ થયેલ છે. સારાંશ એ છે કે ચાર્વાક્ અને બૌદ્ધોના ખંડન માટે આ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ભાસર્વજ્ઞે સમજી-વિચારીને 'सम्यक्' પદનો પ્રયોગ કર્યો છે અને 'सम्यक्' શબ્દનો અર્થ અવિનાભાવ અને પરોક્ષાનુભવ બન્ને થાય છે. જ્યારે ચાર્વાક્ મતનું ખંડન કરવાનું હોય છે ત્યારે 'सम्यक्'નો અર્થ અવિનાભાવ થાય છે અને જ્યારે બૌદ્ધોનું ખંડન કરવાનું હોય છે ત્યારે सम्यक् પદને અનુભવની સાથે જોડે છે – ભાસર્વજ્ઞ અનુમિતિની વ્યાખ્યા કરતાં કહે છે. ભાસર્વજ્ઞ અવિનાભાવની આગળ सम्यक् શબ્દનો પ્રયોગ કરે છે – 'का पुनः इयम् अनुमितिः। सम्यक् अविनाभावेन परोक्षानुभवः' જો તેમણે પરોક્ષાનુભવની સાથે सम्यक् શબ્દ રાખવો હોત તો તેઓ અવિનાભાવની આગળ 'सम्यक्' શબ્દનો પ્રયોગ ન કરતા જેવી રીતે તેમણે આગમ પ્રમાણના લક્ષણમાં કર્યો છે. 'समयबलेन सम्यक्

परोक्षानुभवसाधनम् आगमः।' ભાસર્વજ્ઞ કહે છે – માત્ર અવિનાભાવ જ નહીં, પરંતુ બધા સાધન અનુમિતિજ્ઞાનમાં સહાયક હોય છે. માત્ર અવિનાભાવનું સ્મરણ સાધન નથી. અપિતુ બધા સાધ્ય, ધૂમનું હોવું, પ્રકારનું હોવું, ઇન્દ્રિયોનું સ્વસ્થ હોવું આમાં મહત્ત્વપૂર્ણ છે. અવિનાભાવનું સ્મરણ છે જેનાથી અનુમિતિજ્ઞાન થાય છે – 'तेन असाधारणभूतेन (अविनाभावेन) यः परोक्षानुभवो जन्यते तस्य साधनं करणं करणं सर्वम् एवम् अनुमानम् इष्यते इति एतदर्थ सम्यग् अविनाभावजन्य इत्येवं लक्षणं कृतम्।' (न्यायभू. पृ. १९५)। લોકાયતમતનું ખંડન કરતાં કહે છે આ લોકો જે અવિનાભાવની વાત કરે છે તે ભ્રાન્તિના શિકાર હોય છે. આ ભ્રાન્તિને દૂર કરવા માટે 'सम्यक्' પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. ચાર્વાક્ અવિનાભાવને સંશયરૂપ માને છે કે ભ્રાન્તિરૂપ માને છે. તેમના ખંડન માટે આ પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. અનુમાન અસમ્યક્ પરોક્ષાનુભવનું સાધન નથી અપિતુ સમ્યક્ પરોક્ષાનુભવનું સાધન છે.

અવિનાભાવ/વ્યાપ્તિ દ્વારા સમ્યક્ પરોક્ષાનુભવનું જે સાધન છે તે અનુભવ છે. ઉત્પન્ન થનાર પરોક્ષજ્ઞાન / પરોક્ષ અનુભવ સમ્યક્ / અસમ્યક્ હોઈ શકે છે. પરંતુ સમ્યક્ પરોક્ષાનુભવના સાધનને અનુમાન કહે છે. લક્ષણમાં નિર્દિષ્ટ સમ્યક્ પદના સાર્થક્યમાં ભાસવર્જ્ઞ પ્રામાણ્યનું નિરૂપણ કરે છે. પ્રામાણ્ય અર્થાત્ પ્રમાણ દ્વારા પ્રાપ્ત જ્ઞાનની સત્યતા અને અપ્રામાણ્ય અર્થાત્ તે પ્રાપ્ત જ્ઞાનની અસત્યતા प्रमाणस्य भावः प्रमाणण्यम्।' અહીં પ્રમાણ શબ્દ પ્રમાના અર્થમાં છે. બૌદ્ધ અને નૈયાયિક જ્ઞાનના પ્રામાણ્યને પરતઃ સિદ્ધ થતું માને છે પરંતુ તેમાં ખૂબ અંતર છે. બૌદ્ધ વ્યવહાર વડે જ્ઞાનના પ્રામાણ્યને નિશ્ચિત કરે છે, જ્યારે ન્યાયપરંપરા સફળ પ્રવૃત્તિ અને પૂર્વજ્ઞાનની વચ્ચે વ્યાપ્તિ દ્વારા અતિરેક અનુમાન પ્રમાણ દ્વારા પ્રામાણ્યને નિશ્ચિત કરે છે.

ભાસર્વજ્ઞાને 'न्यायसार-न्यायभूषणग्रन्थ' ગ્રંથની જ્ઞાન પરંપરાને જાણવા માટે અત્યંત ઉપાદેય છે, અનિવાર્ય છે, તે આપણને ન્યાયનો સૂક્ષ્મ પરિચય કરાવે છે જેમ કે, તેમણે –

અનધ્યવસાયનો સંશયમાં અન્તર્ભાવ, પ્રત્યક્ષના લક્ષણમાં પરિવર્તન, સમવાયનું મૌલિક પ્રત્યક્ષતાનું પ્રતિપાદન, અનધ્યવસયિત્ હેત્વાભાસનો સ્વીકાર, ઉપમાનના પૃથક્ પ્રામાણ્યનું નિરાકરણ આવી કેટલીક મૌલિક ઉદ્‌ભાવનાઓ કરી છે. ન્યાયદર્શનના ઇતિહાસને જોઈને લાગે છે કે તેમણે ન્યાયદર્શનને વૈશેષિકદર્શનના અનુચિત પ્રભાવથી મુક્ત કર્યું છે.

ન્યાયદર્શનમાં સામાન્યતઃ ચાર પ્રમાણ સ્વીકૃત છે. પરંતુ ભાસર્વજ્ઞ ત્રણ જ પ્રમાણ માને છે. તેમણે ઉપમાનનો અનુમાનમાં અંતર્ભાવ કર્યો છે – તેઓ કહે છે હું સૂત્રકારથી કોઈ વિરુદ્ધ વાત કરતો નથી. ન્યાયસૂત્રકારે વધુમાં ચાર પ્રમાણ સ્વીકારવાનું કહ્યું છે, તેનાથી ઓછા નહીં. ભાસર્વજ્ઞે વૈશેષિકના ૨૪ ગુણોમાંથી કેટલાક ગુણોનો સ્વીકાર કર્યો નથી. પદાર્થતત્ત્વના નિરૂપણમાં ભાસર્વજ્ઞએ જાણે કે ક્રાન્તિ કરી છે. રઘુનાથ શિરોમણિએ 'પદાર્થતત્ત્વનિરૂપણ' નામનો ગ્રંથ લખ્યો છે જેના મૂળમાં ભાસર્વજ્ઞનો 'ન્યાયસાર-ન્યાયભૂષણ' છે. ભાસર્વજ્ઞે પદાર્થતત્ત્વના નિરૂપણમાં પૂર્ણતઃ તાર્કિક અભિગમ અપનાવ્યો છે. તેઓ સ્પષ્ટરૂપે માને છે – અનુભવ કે તર્કના આધાર પર તત્ત્વનો સ્વીકાર-અસ્વીકાર થાય છે. આ સંદર્ભમાં તેમનું કહેવું છે કે સૂત્રકારના કહેવાથી પદાર્થ પોતાનો ગુણધર્મ છોડી દેતો નથી. આથી તેમણે જે કહ્યું છે તેનો સમજ્યા-વિચાર્યા વિના સ્વીકાર ન કરવો જોઈએ. જો સૂત્રકારના વચનોને સ્વીકારી લઈએ તો ન્યાયદર્શનની જે ત્રિવિધ પ્રવૃત્તિ છે – 'उद्देशलक्षणं चेति।' તે અર્થ થઈ જશે 'तर्हि परीक्षा सूत्राणां वैयर्थ्य स्यात्।' અને પરીક્ષાસૂત્ર નિરર્થક થઈ જશે. કોઈ પદાર્થનો સ્વીકાર તર્ક-પ્રતિતર્કના ઉહાપોહ પછી જ થાય છે.

વૈશેષિકોએ અવિદ્યાના ભેદ ઉહ તથા અનધ્યવસાયનો અનવધારણાત્મક જ્ઞાન હોવાથી સંશયમાં અંતર્ભાવ કર્યો છે – તર્કનો પર્યાયવાચક હોવાથી ઉહનો નૈયાયિકોએ સંશયમાં અન્તર્ભાવ બતાવ્યો છે. તેમણે પ્રમાણોના સમ્પ્લવ/વ્યવસ્થાનું સોદાહરણ પ્રતિપાદન કરીને બૌદ્ધોનું પ્રબળ તર્કથી ખંડન કર્યું છે. અપિતુ પ્રમાણોની સંખ્યાનું નિર્ધારણ કરીને પ્રમાણોની ઇયત્તા ન માનનાર ચાર્વાકના વ્યાખ્યાકાર ઉદ્‌ભટના મતનું સપ્રમાણ ખંડન કર્યું છે. ભાસર્વજ્ઞે સંશયના નિરૂપણ પ્રસંગમાં 'समानधर्मा...।' આ ન્યાયસૂત્રની ભાષ્કાર, વાર્તિકકાર સમ્મત વ્યાખ્યામાં પરિવર્તન કરીને ઉપલબ્ધિ-અનુપલબ્ધિની આવૃત્તિ માનીને તેને સંખ્યાવિશેષનું કારણ માન્યું છે અને ઉપલબ્ધિ તથા અનુપલબ્ધિની અવ્યવસ્થાને સંશયનું સાધાર કારણ માનીને પાંચેય પ્રકારોનો સંશયના લક્ષણમાં સમાવેશ કરીને પોતાની મૌલિક પ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

વૈશેષિક સ્વપ્નજ્ઞાનને વિપર્યજ્ઞાનથી ભિન્ન માને છે. પરંતુ ભાસર્વજ્ઞે સ્વપ્નજ્ઞાનનો વિપર્યયમાં અંતર્ભાવ કર્યો છે. જેમ 'सुप्तस्य गजादिदर्शनम्' કે સૂઈ રહેલા વ્યક્તિનું ગજાભિદર્શન વિપર્યય છે. તેમનું કહેવું છે કે કોઈ સ્વપ્નજ્ઞાન વિપર્યયાત્મક, કોઈ સ્વપ્નજ્ઞાન સંશયાત્મક, કોઈ સ્વપ્નજ્ઞાન સ્મરણાત્મક તો કોઈ સ્વપ્નજ્ઞાન અનુભવાત્મક હોય છે. આ વિમર્શની અંર્ગત આઠ પ્રકારની ખ્યાતિઓનું નિરૂપણ કરીને તેનું પ્રતિપાદન કર્યું છે.

સૂત્રકારે પ્રત્યક્ષનું इन्द्रियार्थसन्निकर्षोत्पन्नम् अव्यपदेशयम्, अव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्ष किया है। उनका निराकरण करके अपरोक्षत्वजातिमत्वम् प्रत्यक्षत्वम्, લક્ષણ કર્યું છે. તેનું નિરાકરણ કરીને अपरोक्षत्वजातिमत्वम् प्रत्यक्षत्वम् એવું લક્ષણ આપ્યું છે. આ સંદર્ભમાં ઉદ્યોતકરના મતનું ખંડન કરીને જ્ઞાનગત પરોક્ષત્વ અથવા અપરોક્ષત્વ જાતિની સ્થાપના કરી છે. આર્ષપ્રત્યક્ષનો પ્રકૃષ્ટધર્મજાત્મ્ સાધર્મ્યના કારણે યોગીપ્રત્યક્ષમાં તેનો અંતર્ભાવ કર્યો છે. સમવાય પ્રત્યક્ષના સંદર્ભમાં પરંપરા પ્રાપ્ત વિશેષણ-વિશેષ્યભાવ સંબંધથી ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષનું નિરાકરણ કર્યું છે.

નામજાત્યાદિ સંબંધના ગ્રાહક સવિકલ્પક પ્રત્યક્ષત્વનું પ્રતિપાદન કરતી વખતે પણ નામજાત્યાદિના સંબંધનું ઇન્દ્રિયગાહ્ય ન હોવાથી તેનું અતીન્દ્રિયત્વ પ્રતિપાદન કર્યું છે.

ભાસર્વજ્ઞે વ્યાપ્તિનું સ્વરૂપ – તેના ગ્રહણના સંદર્ભમાં વિસ્તારથી ચર્ચા કરી છે. તેમણે 'साधवत्वख्यापकं लिङ्गवचनं हेतु:।' એવું લક્ષણ આપ્યું છે. ભાસર્વજ્ઞે લિંગ તથા હેતુનો સ્પષ્ટરૂપથી ભેદ કર્યો છે. આ સંદર્ભમાં ભાસર્વજ્ઞે બૌદ્ધો દ્વારા વર્ણિત – સ્વભાવાનુપલબ્ધિહેતુ નું ખંડન કર્યું છે. ભાસર્વજ્ઞે બૌદ્ધમતનું તર્કપુરઃસર ખંડન કર્યું છે. આ એક સ્વતંત્ર શોધનો વિષય છે. ભૂષણકારે શબ્દસંકેત વિષયક મતોને ઉદ્ધત કરીને તેનું પણ ખંડન કર્યું છે અને પોતાના સ્વતંત્ર મતની સ્થાપના કરી છે.

અનુમાનના પ્રકારોના સંદર્ભમાં તેઓ ન્યાપરંપરાથી ભિન્ન રીતે અનુમાનના દૃષ્ટ અને સામાન્યદૃષ્ટ ભેદ કરે છે. પરાર્થાનુમાનના પાંચ અવયવોના સંદર્ભમાં બૌદ્ધદર્શનના મતનો ઉલ્લેખ કરીને આત્માનું સ્વતંત્રરૂપથી નિરૂપણ કર્યું છે.

ભાસર્વજ્ઞે વાક્ય-વાક્યાર્થબોધની ચર્ચામાં સ્ફોટવાદને પોતાની અલગ શૈલીમાં પ્રસ્તુત કર્યો છે. શબ્દશક્તિના સંદર્ભમાં ભાસર્વજ્ઞનું વિશિષ્ટ પ્રદાન છે.

હેત્વાભાસના સંદર્ભમાં પરંપરાથી ભિન્ન થઈને હેત્વાભાસોની છ સંખ્યા માની છે. તેમણે અનધ્યવસિત હેત્વાભાસનું સ્વતંત્રરૂપથી નિરૂપણ કર્યું છે. તેઓ કહે છે 'स्थूलदृष्टिम् आश्रित्य कियन्त भेदा: प्रदर्शिता: अनन्ता: वै हेत्वाभासा:।' તેના પ્રકારના નિરૂપણમાં પણ વિશિષ્ટતા જણાય છે. સંખ્યાના નિરૂપણમાં પણ આ ન્યાયપરંપરામાં વિશિષ્ટ છે. તેમણે અસિદ્ધહેત્વાભાસના ૧૨ ભેદ, વિરુદ્ધના ૮ ભેદ, અનેકાન્તિકના ૮ ભેદ, અનધ્યવસિતના ૯ ભેદ, કાલાત્યાયપદિષ્ટના ૬ ભેદ તથા પ્રકરણસમનું નિરૂપણ કર્યું છે. કથાસમૂહના નિરૂપણ દરમ્યાન ભાસર્વજ્ઞે પરંપરાનો ત્યાગ કરીને કથાના વાદ, જલ્પ અને વિતણ્ડા આ ભાષ્કાર સમ્મત ભેદોનો સ્વીકાર કર્યો નથી, પરંતુ વીતરાગકથા તથા વિજિગીષુકથા આવા બે ભેદ કર્યા છે.

'यत्र कथायां वीतरागो यथा विजिगीषु कथाया वाद इति सामान्यसंज्ञा जल्प इति वितण्डेति च विशेषसंज्ञेति।' વીતરાગ કથાની અંતર્ગત વાદનું નિરૂપણ કર્યું છે. વિજિગીષુ કથાની અંતર્ગત જલ્પ અને વિતણ્ડાનું નિરૂપણ કર્યું છે.

ન્યાયસૂત્રમાં ૨૪ જાતિભેદોનું નિરૂપણ કર્યું છે. ૨૪માંથી પ્રસંગસમ, પ્રતિદૃષ્ટાન્તમસમ, સંશયસમ, પ્રકરણસમ, અર્થાપત્તિસમ, ઉપપત્તિસમ, અનિત્યસમ, કાર્યસમ આ આઠ જાતિભેદોનું નિરૂપણ ભાસર્વજ્ઞે કર્યું નથી. ન્યાયભૂષણમાં તેઓ કહે છે 'तस्मात्तेषां जातिनिग्रहस्थानभेदानामन्तानां नि:शेषाभिधानं न शक्यते इति कियन्तो भेदा: शिष्यबुद्धिप्रकाशार्थ लक्षणोदाहरणाभ्यां प्रदृश्यन्ते इति।'

આગમપ્રમાણનું લક્ષણ – તેના દૃષ્ટાર્થ-અદૃષ્ટાર્થ ભેદથી આગમનું દ્વૈવિધ્ય-વેદોના પ્રામાણ્યના વિષયમાં મીમાંસકમત, વેદોની અપૌરુષેયતાની કારણતાનું ખંડન અને ઈશ્વર પ્રણીતત્ત્વનું પ્રતિપાદન, વર્ણનિત્યત્વતાનું નિરૂપણ, અર્થાપત્તિ અભાવ, સંભવ, અતિહ્ય, ઉપમાનના પૃથક્ પ્રામાણ્યના નિરાકરણના નિરૂપણમાં નૂતન દૃષ્ટિકોણ જોવા મળે છે.

પ્રમેય નિરૂપણની અંતર્ગત પ્રમેય વિશેષનું લક્ષણ, શરીર, ઇન્દ્રિય, અર્થ વગેરેનું સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે. અપવર્ગ માટે ઉપયોગી બાર પ્રમેયોનું ચાર ભાગોમાં વિશદીકરણ, હેય, હેયહેતુ, હાન, હાનોપાય તથા આત્મસિદ્ધિ, શરીર, ઇન્દ્રિય વગેરેનું આત્મત્વનિરાકરણ, આત્મવિભુત્વ, આત્મનિત્યત્વનું પ્રતિપાદન પ્રમેયનિરૂપણમાં યોગદર્શનની રીતિથી હેય ઇત્યાદિનું નિરૂપણ કર્યું છે.

અપવર્ગ માટે યોગદર્શન દ્વારા પ્રતિપાદન યમ, નિયમોનું-અષ્ટાંગયોગનું ઉપાયરૂપ પ્રતિપાદન કર્યું છે તથા પરમાત્માના નિરૂપણમાં શૈવ-પ્રત્યભિજ્ઞાદર્શનને અનુકૂળ સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું છે.

અપવર્ગના નિરૂપણમાં ભાસર્વજ્ઞની સર્વોત્કૃષ્ટ વિશેષતા છે. પ્રાચીન સમયમાં ન્યાયદર્શન આનન્દસંવિત વિશિષ્ટ દુ:ખાત્યન્તભાવરૂપ મુક્તિમાં માનતું હતું. જ્યારે ન્યાયદર્શનમાં 'तदत्यन्तविमोक्षोऽपवर्ग:।' – એમ કહ્યું છે. પરંતુ ભાસર્વજ્ઞનું કથન છે કે મોક્ષમાં દુઃખની અત્યન્ત નિવૃત્તિની જેમ સુખની નિવૃત્તિ માનવાથી સુખ-દુઃખ બન્નેનું જ્ઞાન ન થવાથી આ દશા મૂર્છાવસ્થા જેવી થશે અને તેમાં વિવેકી લોકોની પ્રવૃત્તિ કેવી રીતે થશે?

તેમના મતાનુંસાર મોક્ષદશામાં નિત્યસુખ હોય છે. તેની સિદ્ધિ શ્રુતિ સ્મૃતિરૂપ આગમપ્રમાણથી થાય છે.

सुखमात्यन्तिकं यद्बुद्धिग्राह्यमतीन्द्रियम्।
तं वै मोक्षं विजानीयाद् दुष्प्रापमकृतात्मभिः ।।

તેમના મતાનુસાર 'मोक्षेसुखाभिव्यक्तिरेव न्यायमतम् इति।' અતઃ ભાસર્વજ્ઞ અનુસાર 'आनन्दसंवितसहित दुःखात्यन्तनिवृत्ति' મોક્ષ છે. આ જ ન્યાયમત છે.

આ રીતે આપણે જોઈએ છીએ કે ક્રાન્તિકારી નૈયાયિક ભાસર્વજ્ઞે પરંપરાનો નિર્વાહ કરવાની સાથે સાથે સ્વતંત્રરૂપથી ન્યાયપરંપરાની જ્ઞાન પ્રક્રિયાને નિરૂપિત કરી છે અને આ વાત દાર્શનિક પરંપરામાં સર્વથા અજોડ છે, નૂતન છે. આપણે હજારો વર્ષોની ન્યાય-જ્ઞાનપરંપરાનો નિચોડ ભાસર્વજ્ઞમાં જોઈએ છીએ તથા ન્યાય પોતાના સ્વરૂપમાં કેવી રીતે આગળ વધે છે તેનો પ્રામાણિક ઇતિહાસ પણ આપણને પ્રાપ્ત થાય છે. પ્રાચીનન્યાય-નવ્યન્યાયની મધ્યસીમા પર રહેલ ભાસર્વજ્ઞનું વિશેષ મહત્ત્વ એટલા માટે છે કે પરવર્તી ગ્રંથકારના માટે તે આધારસ્તંભરૂપ છે. આ ગ્રંથની નૂતન રચનાપદ્ધતિને આધાર બનાવીને ઘના પ્રકરણગ્રંથો લખાયાં અને દર્શનમાં નૂતન શૈલી-નવ્યન્યાશૈલીનો આવિર્ભાવ થયો. જેનો પરિપાક આપણે ગંગેશ ઉપાધ્યાયમાં મળે છે.

**संदर्भग्रन्थ :**


१. *आचार्य भासर्वज्ञप्रणीतस्य न्यायसारस्य स्वोपज्ञं व्याख्यानं 'न्यायभूषणम्', स्वामी योगीन्द्रान्दः, षड्दर्शन, प्रकाशन प्रतिष्ठान, वाराणसी, प्रथम संस्करणम्, फरवरी, १९६८.*

२. *न्यायभाष्य-न्यायसूत्र, महामहोपाध्याय गङ्गनाथ झा तथा पंडित दुण्ढिराज शास्त्री, चौखम्वा संस्कृत सीरिज, वाराणसी, १९२५.*

३. *प्रशस्तपादभाष्य समेत वैशेषिकसूत्र, सं. श्रीनिवास शास्त्री, इन्डोविजन पाइवेट लिमीटेड, गाजियाबाद, १९८४.*

४. *न्यायमंजरी, संपादक - नगीन जी. शाह, ला. द. भारतीय संस्कृति विद्यामन्दिर, अमदाबाद, १९७५.*

५. *A History of Indian Logic, S C Vidyabusan, MLBD, 1971.*


◆ ◆ ◆

# વૈષેશિક દર્શન : ભારતીય ભૌતિકશાસ્ત્રનાં પ્રથમ પગરણ


**મહેન્દ્ર ચોટલિયા**

*શિક્ષણશાસ્ત્રના નિવૃત્ત અધ્યાપક, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આરંભકાલીન અધ્યાપકો પૈકીના એક. ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી. કળા, સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના મીમાંસક. અનેક વિદ્યાશાખાઓના સંશોધકોના માર્ગદર્શક.*


## ૧.૦ પ્રવેશ :

**ભા**રતીય ચિંતન તથા તે ચિંતનાનુસારી જીવનશૈલીની સૌથી સમીપવર્તી અને તેથી જ રક્ષિકા – શી કોઈ દીવાદાંડી હોય તો તે છે ષડદર્શનોમાં ચિંતવન પામેલી આર્ષ જ્ઞાનધારા. વિદ્યાર્થી, વિવેચક, સાધક તેમ જ સનાતનના શિક્ષકો – સૌ માટે સહજપ્રાપ્ય ગ્રંથસંપુટ છે માત્ર ષડદર્શનો. આ ઋષિઓએ મથેલી-કથેલી વિચારણાઓ સમગ્ર ભારતીય ફિલસુફી સાથે પૂર્વાપરનો સંબંધ આબાદ રીતે રચી આપે છે. વેદના પ્રાક્ટ્યથી માંડીને આજની તારીખે મુદ્રિત થઈ રહેલાં ભારતીય અને પૌર્વાત્ય ફિલસૂફીને લગતા કોઈપણ સ્તરના પુસ્તકને સમજવા માટે ષડદર્શનો પ્રથમ ભોમિયાની ગરજ સારી શકે છે. પ્રસ્તુત લેખમાં ન્યાય-વૈશેષિક યુગ્મ તરીકે ઓળખાતા દર્શનનો પૈકી વૈશેષિક દર્શનની વિશિષ્ટતાઓનું પરિચયાત્મક આલેખન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ૨.૦ રચના અને ઉદ્દેશ :

આ દર્શનના આદ્ય પ્રવર્તક મુનિનું નામ કણાદ છે. એમને 'ઉલૂક' ઉપનામથી પણ ઓળખવામાં આવે છે. એમની પ્રજ્ઞામાં પ્રાદુર્ભાવ પામી રહેલા નવ-દર્શનને તાર્કિક રીતે સંગઠિત કરવામાં અને વિશદ રીતે સ્પષ્ટ કરવાની મથામણમાં મુનિશ્રી ખાવાનું પણ વિસરી જતા. પછી ક્ષુધાપીડાનો અનુભવ થતો ત્યારે છેક રાત્રે તેઓ નીકળી પડતા અને ખેતરો-વગડામાં પડેલા-ખરેલા અન્નના દાણા ખાઈને ચલાવી લેતા. આમ કણને ખાનારા (અદ ધાતુ ખાવાની ક્રિયા સૂચવે છે.) તે કણાદ કહેવાયા; ને રાત્રે ભોજનચર્યા માટે ફરતા, માટે ઉલૂક ઉપનામથી પણ સંબોધિત થયા. તેમનો સમય ઈ.પૂ. ૬૦૦થી માંડીને ઈ. ૨૦૦ સુધીનો જણાવાય છે. ન્યાયદર્શન અને તેના ભાષ્યોમાં પણ વૈષેશિકનો ઉલ્લેખ આવે છે એટલે તે ન્યાયદર્શન પૂર્વેનું પ્રાચીન દર્શન ગણાય. મહાવીર સ્વામીનું સમકાલીન અને બૌદ્ધનું પૂર્વકાલીન આ દર્શન બહુ પ્રસિદ્ધિ પામ્યું નથી. છેક નવમી-

દસમી સદીમાં પ્રશસ્ત્રપાદાચાર્ય અને શિવાદિત્ય આદિ ભાષ્યકારોએ વૈશેષિક દર્શનને અભ્યાસુ સાધકો સુધી પહોંચાડ્યું છે.

મૂળભૂત રીતે કણાદરચિત વૈષેશિક સૂત્રોના વિચારવિસ્તારથી વૈશેષિક દર્શન રચાયેલું છે. તેના પર વિવિધ આચાર્યો દ્વારા થયેલા ભાષ્યો અને ટીકાઓમાં મુખ્યત્વે પદાર્થધર્મસંગ્રહ, સપ્તપદાર્થી, તર્કભાષા, સિદ્ધાંત મુક્તાવલી અને તર્કસંગ્રહનો સમાવેશ થાય છે. વૈશેષિક સૂત્ર ૧૦ અધ્યાય ધરાવે છે ને દરેક અધ્યાયમાં બે-બે આહનિક છે.

વૈશેષિક દર્શનનો ઉદ્દેશ નિઃશ્રેયસની પ્રાપ્તિ છે. અને ધર્મનું વિવેચન કરવું તે તેનો પ્રતિપાદ્ય વિષય છે. આ દર્શનની અનન્યતા એ છે કે તે વસ્તુઓની મૂળભૂત એકતા/એકત્વ અને અદ્વૈતને સ્વીકારતું નથી. તે સમજાવે છે કે વસ્તુની અનેકતા અને ભિન્નતા જ મૂળ તત્ત્વ છે. આમ તે બહુતત્વવાદી વાસ્તવવાદ Pluralistic Realismનો સ્વીકાર કરે છે. આ દર્શનને ભારતીય ભૌતિકશાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ૩.૦ વૈશેષિક દર્શનની તત્ત્વમીમાંસા (metaphysics) :

પદાર્થમીમાંસા : સમસ્ત જગતના બંધારણ ઘટકો (building blocks) કયાં છે તેનું યથાર્થ જ્ઞાન મનુષ્યને થાય તો તેનાથી નિઃશ્રેયસ (પરમ શુભ) કે મોક્ષની પ્રાપ્તિ થઈ જાય તેવું કણાદ માને છે. તેમના દર્શન અનુસાર જગતનું વિશ્લેષણ કરવામાં આવે તો માત્ર છ પ્રકારના પદાર્થોમાં જ સમસ્ત જગતના વાસ્તવને વર્ગીકૃત કરીને સમજી શકાય તેમ છે.

સૌ પ્રથમ પદાર્થની પરિભાષા સ્પષ્ટ કરતાં કણાદ વ્યુત્પત્તિલક્ષી વિશ્લેષણ કરે છે. પદ + અર્થ એટલે કે જેને નામ આપી શકાય, જેને જાણી શકાય અને જેનું અસ્તિત્વ હોય તે. તેના પર્યાય તરીકે આ શબ્દ પણ પ્રયોજી શકાય. આમ પદાર્થનાં ત્રણ લક્ષણો થયા : ૧. અસ્તિત્વ (existence) ૨. જ્ઞેયત્વ (knowability) અને ૩. અભિધેયત્વ (nameability). બધા પદાર્થોને સત્તા છે, એટલે ontological category છે. તેઓ વાસ્તવિક રીતે અસ્તિત્વ ધરાવે છે અને તે જ fundamental entity છે.

કણાદની સર્વગ્રાહી વર્ગીકરણ વ્યવસ્થા અનુસાર અસ્તિત્વ ધરાવતી બધી સત્ + તા (isness) આવા છ વર્ગોમાં ગોઠવી શકાય:

૧. દ્રવ્ય (substance)
૨. ગુણ (quality)
૩. કર્મ (action)
૪. સામાન્ય (general)
૫. વિશેષ (particular)
૬. સમવાય (inherence)

**૩.૧ દ્રવ્ય :** આ એવો પદાર્થ છે કે જે સ્વયં ગુણ કે કર્મથી ભિન્ન હોવા છતાં ગુણ અને કર્મનું આશ્રયસ્થાન હોય છે. આવું દ્રવ્ય જ કોઈપણ કાર્યનું ઉપાદાનકારણ (instrumental) હોય છે. આવા કારણથી જ નવી વસ્તુઓ બને અને તેમાં જ તેના ગુણ અને કાર્યનો નિવાસ હોય છે. ગુણ અને કર્મ કદાપિ નિરાધાર રહી ન શકે. તેઓએ દ્રવ્યનો આધાર લેવો જ પડે. ગુણ અને કર્મ કેવળ લક્ષણો છે. તેઓ સ્વયં દ્રવ્ય નથી. જેમ કે ઘડાનું ઉપાદાન કારણ માટી છે અને પાણીને ધારણ કરવું તે ક્રિયા છે.

વૈષેશિકોના મતે દ્રવ્યના નવ પ્રકાર છે. આ નવમાંનાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને મન એ પાંચ સક્રિય દ્રવ્યો છે. કેમ કે તેમાં ગુણ અને ક્રિયા બંનેનો આશ્રય હોય છે. જ્યારે આકાશ, કાલ, દિશા અને અને આત્મા એ ચાર નિષ્ક્રિય દ્રવ્ય છે. કેમ કે તેમાં માત્ર ગુણ જ હોય છે, ક્રિયા નહીં.

**૩.૧.૧ પૃથ્વી :** ગંધ એ પૃથ્વીનો વિશેષ ગુણ છે. (પૃથ્વીનો એક પર્યાય 'ગંધવતી' પણ છે.) જે જે વસ્તુમાં ગંધ હોય તેમાં પૃથ્વી નામનું દ્રવ્ય અવશ્ય હોવાનું. શુદ્ધ પાણી ગંધરહિત છે પરંતુ તેમાં ગુલાબ કે કેવડો નાખવામાં આવે તો તેમાં ગંધ ઉમેરાય છે. એ ગંધ ગુલાબ અને કેવડામાંના પૃથ્વી દ્રવ્યમાંથી આવે છે. ગંધનો ગુણ બીજા કોઈ દ્રવ્યમાં નથી. ગંધ એ પૃથ્વીનો વિશેષ છે. પૃથ્વીનો પરમાણુ જ ગુણ ધારણ કરી શકે. ગુલાબજળ કે વાયુમાં જે ગંધ અનુવાય છે તેનું કારણ તેમાં રહેલી પૃથ્વીનો પરમાણુ છે. આ રીતે કારણરૂપ પૃથ્વીને નિત્ય કહેવાય છે. એમાં ગંધ અવિનાભાવી રીતે રહેવાની છે; પરંતુ જળ કે વાયુમાં રહેલી ગંધ તેમાંનું પૃથ્વી તત્ત્વ દૂર થતાં સમાપ્ત થઈ જાય છે. આથી જળ કે વાયુમાં રહેલી કાર્યરૂપી પૃથ્વી અનિત્ય કહેવાય. જળમાંની ગંધ એ જળનું જળ બનવાનું કારણ (interial cause) નથી. તે જળમાં માત્ર થોડો સમય માત્ર કાર્યરૂપે વિદ્યમાન છે. કાર્ય પૃથ્વી અનિત્ય છે. પૃથ્વીમાં અન્ય દ્રવ્યોના પણ કેટલાક ગુણો હોય છે : રૂપ, રસ, સ્પર્શ અને સંખ્યા. પરંતુ આ કોઈ ગુણ પૃથ્વીનો વિશેષ નથી. એ બધાં બીજાં દ્રવ્યોમાં પણ જોવા મળે છે. આ રીતે બધાં દ્રવ્યમાં પોતાનો એક વિશેષ ગુણ અને બીજા સામાન્ય ગુણ હોય છે. પૃથ્વીનો વિશેષ ગુણ ગંધ છે, જળનો વિશેષ રસ, અગ્નિ/તેજનો વિશેષ રૂપ, વાયુનો વિશેષ સ્પર્શ.

આ ચર્ચા પરથી સાબિત થાય છે કે પરમાણુ ચાર પ્રકારના

હોય : પૃથ્વીના, જળના, વાયુના અને તેજના.

પરમાણુ શું છે? પદાર્થના અવયવોનું વિભાજન કરતાં કરતાં એવી અવસ્થા આવે કે આગળ ભાગ ન પડે. તે અવિભાજ્ય અને નિરવયવ હોવાથી ઇન્દ્રિયોનો વિષય બની ન શકે. માત્ર અનુમાન પ્રમાણથી જ તેનું વિભાજન થઈ શકે. તેનો ઉદ્ભવ કે નાશ સંભવ નથી. તે નિત્ય છે. તે સ્વયં ગતિહીન અને બાહ્ય કારણોથી સ્પૃષ્ટ રહે છે.

**૩.૧.૨ આકાશ :** પાંચમું ભૌતિક દ્રવ્ય છે. તે ઇન્દ્રિય પ્રત્યક્ષ નથી પરંતુ તેનો ગુણ અનુભવીને તેનું અનુમાન થાય છે. તેનો ગુણ શબ્દ છે અને તે શ્રવણેન્દ્રિયથી તે પ્રત્યક્ષ થાય છે. ગુણ નિરાધાર ન હોય. આકાશ સર્વવ્યાપી નિત્ય અને નિરવયવ, એક અને અખંડ છે. તેની ઉત્પત્તિ કે નાશ નથી. આકાશ એવો પદાર્થ છે કે જે સામાન્ય એટલે કે જાતિ રહિત છે.

**૩.૧.૩ કાલ :** બધા દ્રવ્યોનું અસ્તિત્વ આ દ્રવ્યમાં હોય છે. એના વગર દ્રવ્યની વ્યાખ્યા ન થાય. કાલ આકાશની જેમ નિત્ય, સર્વવ્યાપક અને અતીન્દ્રિય છે. તે બધી ઘટનાઓ અને પરિવર્તનનું કારણ છે. બધી રચનાઓનું અસાધારણ કારણ છે. તેને સર્વવ્યાપક માનવું પડે. તે નિત્ય છે અને સમગ્ર વિશ્વ રચના કે (phenomenon)નું આશ્રય સ્થાન છે. સૃષ્ટિના જન્મ, સ્થિતિ અને વિનાશ માટેનું નિતાંત આવશ્યક કારણ છે. અખંડ અને સર્વવ્યાપક તો છે પરંતુ ઉપાધિને કારણે તેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય લવ અને નિમેષરૂપે ઉપલબ્ધ થાય છે.

**૩.૧.૪ મન :** સુખ, દુઃખ આદિ ઉપલબ્ધિ (જ્ઞાન) માટેની સાધનભૂત ઇન્દ્રિય છે. દરેક જીવાત્માનું મન નિયત પ્રકારનું એટલે કે જીવાત્મા માટે જુદું-જુદું હોય છે. જીવાત્માઓ અનંત હોવાના તેથી મન પણ અનંત છે. એનું પરિમાણ પરમાણુ જેવું છે તેથી તે નિત્ય નિરવયવ અને અદૃશ્ય છે. મનનું અસ્તિત્વ સિદ્ધ કરવા કોઈ ઇન્દ્રિયની સહાયતા જોઈએ. જેવી રીતે બાહ્ય ગુણ : રૂપ, રસ, સ્પર્શ, ગંધ માટે બાહ્ય ઇન્દ્રિય જોઈએ તેમ આંતરિક ગુણ સુખ-દુઃખ આદિની ઉપબ્ધિ માટે મન જોઈએ. એ રીતે મનની સત્તા (હોવાપણું) સિદ્ધ થાય છે. આપણો અનુભવ છે કે આત્મા, ઇન્દ્રિય અને વિષય હોવા છતાં ઘણીવાર જ્ઞાન થતું નથી. હાથી આપણી આંખ સામે આવી જાય તો પણ દેખાતો નથી. 'ધ્યાન ન હતું' એવું કહીએ, પણ આંખો તો ખુલ્લી હતી, કાન ચાલુ હતા, ગંધ નાકમાં જતી હતી તો પણ ખબર ન પડી! મનની હાજરી હોય તો જ હાથી ઉપલબ્ધ થાય. કેમ કે બધી ઇન્દ્રિયોનું અધિષ્ઠાન મન છે. અંતઃકરણનું અધિષ્ઠાન પણ મન છે.

મન વિભુ (સર્વત્ર ફેલાયેલું) નથી. એને એક ક્ષણમાં એક જ બાબતની ખબર કે જાણ થઈ શકે છે. આપણે ગીત સાંભળતાં સાંભળતાં ફૂલને સ્પર્શ કરવાનો અને તેની સુગંધ લેવાનો – ત્રણેયનો અનુભવ યુગપત્ ના કરી શકીએ. આ ત્રણેયનો એક પછી એક એ રીતે જ મનપ્રવેશ થાય ને એ ચોક્કસ ક્ષણે જ આપણને એ સંવેદનાની ઉપલબ્ધિ થાય છે. જો મન વિભુ કે વ્યાપ્ત હોય તો એક સાથે અનેક અનુભવો થઈ જાય ને આપણે ભ્રમિત થઈ જઈએ. જે ક્ષણે ઇન્દ્રિય સાથે મનનો સંયોગ થાય તે અંગેની સંવેદનાની જ આપણને ખબર કે જાણ થાય. કાંટો વાગે તેની નોંધ ચેતના જે ક્ષણે લે તે ક્ષણે ગીત સંભળાતું બંધ થઈ જાય છે. મન અંતઃકરણનું અધિકરણ છે, તે નિત્ય છે, સક્રિય છે પરંતુ ઇન્દ્રિય સાથે જોડાય ત્યારે જ પ્રગટ થાય છે. મનના જોડાણનો અભાવ હોય તો ઉપલબ્ધિ ન થાય.

**૩.૧.૫ આત્મા :** આત્મા બે પ્રકારના જીવાત્મા અને પરમાત્મા. જીવાત્માને જ આત્મા તરીકે ઓળખવામાં આવે છે. તે અનેક છે, જ્ઞાનનો આશ્રય છે. જેમાં સમવાય સંબંધથી જ્ઞાન નામનો ગુણ વસે છે. આત્મારૂપ દ્રવ્ય અમૃત છે એટલે અનુમાનનો વિષય છે. જ્ઞાન અને ચૈતન્ય આત્માનો સ્વાભાવિક નહીં પણ આગંતુક ગુણ છે. શરીર, ઇન્દ્રિય અને મનના સંપર્કમાં આવવાથી આત્મામાં ચૈતન્યનો આવિર્ભાવ થાય છે. જીવાત્મા પરમાણુ સ્વરૂપ નથી. તે શરીરમાં એક જ જગ્યાએ નથી, તે વિભુ છે.

**૩.૧.૬ ઈશ્વર :** પરમાત્મા એ જ ઈશ્વર.

ન્યાય દર્શનની જેમ જ વૈશેષિક દર્શન

ઈશ્વરની સંકલ્પનામાં માને છે. પરંતુ ક્યાંય પરમાત્માનું નામ ગૌતમ કે કણાદે લીધું નથી. પછીથી થયેલા ભાષ્યકારોએ ઉમેરેલું હોય તેમ જણાય છે.

**૩.૨ ગુણ (Quality) :** આ પદાર્થ ક્યારેય સ્વતંત્ર ન હોય. ગુણ નિર્ગુણ હોય છે : એટલે કે ગુણને પોતાનો કોઈ ગુણ નથી. તે કર્મ રહિત અને છે નિષ્ક્રિય છે; પરંતુ ક્રિયા તો ગુણમાં જ થાય છે. ગુણ કોઈપણ કાર્યનું અસમવાયી કારણ જ હોઈ શકે. વસ્ત્રનું સમવાયી કારણ સૂતર છે જ્યારે સુતરનો ગુણ રંગ એ વસ્ત્રનું અસમવાયી કારણ છે. ગુણનું નામ હોય છે અને તે જ્ઞેય હોય છે તેથી તેને સ્વતંત્ર પદાર્થ કહેવામાં આવે છે. વૈશેષિક અનુસાર ગુણની સંખ્યા ૨૪ છે. આમાંના મોટાભાગના ભૌતિક અને થોડા માનસિક છે.

**૩.૩ કર્મ :** મૂર્ત દ્રવ્યોમાં સમવાય સંબંધથી રહેનાર આ ગતિશીલ પદાર્થ છે. પૃથ્વી, જળ, વાયુ, તેજ અને મન નિર્ગુણ છે. કર્મ વિભુ દ્રવ્યોમાં ન હોય. આકાશ, દિક, કાલ, આત્મા વિભુ છે, કેમ કે આમાં સ્થાન પરિવર્તન થતું નથી. કર્મ એ દ્રવ્યનું ચલનાત્મક રૂપ છે, કેમ કે આમાં સ્થાન પરિવર્તન થતું નથી. કર્મ એ દ્રવ્યનું ચલનાત્મક રૂપ છે. તેના દ્વારા એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે સંયોગ થાય છે. કર્મ ચાર પ્રકારના હોય છે : ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, પ્રસરણ અને ગમન.

**૩.૪ સામાન્ય :** આ પદાર્થને જાતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય નિત્ય એક અને અનેક પોતાના જેવા દ્રવ્યમાં સમવાય સંબંધથી રહે છે. માત્ર દ્રવ્ય, ગુણ અને કર્મમાં સામાન્ય હોય છે; બાકીના પદાર્થો (સામાન્ય, વિશેષ અને સમવાય)માં કંઈ સામાન્ય હોતો નથી. આ દ્રવ્યના કારણે જ એક સમાન આકાર-પ્રકારના વિભિન્ન અસ્તિત્વને એક જ શબ્દથી ઓળખી/કહી/દર્શાવી શકાય છે. સામાન્યના બે ભેદ છે : પર અને અપર. બહુ બધાં સ્થળોમાં વસનારાને પર કહેવાય. દાખલા તરીકે દ્રવ્યત્વ અને બહુ ઓછી વસ્તુમાં રહેનાર તે અપર, જેમ કે પૃથ્વીત્વ. આને ન્યાય અને વૈષેશિક realism કહે છે. સામાન્ય નિત્ય પદાર્થ છે તે વ્યક્તિઓમાં ને પદાર્થોમાં સમવાય સંબંધથી હોય છે. જેમ કે ગાયમાં ગોત્વ, મનુષ્યમાં મનુષ્યત્વ. બધી ગાયમાં સામાન્ય ગોત્વ હોવાથી તેને જાતિ કહે છે. જાતિ કે સામાન્ય માત્ર પ્રત્યય (concept) નથી પરંતુ સ્વતંત્ર સત્તા છે.

**૩.૫** પાંચમો પદાર્થ છે **વિશેષ.** આનું પ્રતિપાદન કરવાથી જ આ દર્શન વૈશેષિક દર્શન કહેવાય છે. સામાન્યનું એકદમ વિરોધી તે વિશેષ. સામાન્ય થકી નિશ્ચિત થતી જાતિમાં જે વિરોધી કે ભેદ દર્શક પદાર્થ છે તે વિશેષ છે. પૃથ્વીનો એક પરમાણુ બીજા પરમાણુથી અને એક જીવાત્મા બીજા જીવાત્માથી જુદો કેમ છે તે સાબિત કરવા માટે વિશેષ નામના પદાર્થની જરૂર નિત્ય દ્રવ્યોમાં પડે છે. પૃથ્વી, જળ, તેજ, વાયુના પરમાણુમાં અને આકાશ, કાલ, મન અને આત્મામાં વિશેષ પદાર્થ છે. વિશેષ એટલે એકમાં જ રહેનાર ધર્મ. સાવયવ પદાર્થોનો ભેદ તેમના અવયવની ભિન્નતાના કારણે જ થાય. માટીનો એક કણ (molecule) પાણીના એક કણ કરતાં જુદો છે. Moleculesથી પદાર્થો જુદા પડે છે. પરમાણુ તો નિરવયવ છે, નિત્ય છે. તેથી તેની ભિન્નતા સિદ્ધ કરવા માટે વિશેષની કલ્પના જરૂરી બને છે. આ વિશેષ નામનો પદાર્થ પ્રત્યેક પરમાણુમાં અલગ અલગ રીતે રહે છે. વિશેષ જ પ્રત્યેક પરમાણુને અંગત વ્યક્તિત્વ આપે છે. વિશેષ નિત્ય, અનંત, અદશ્ય, સ્વતઃવ્યાવૃત (પોતાની ખુદની ઓળખવાળો) છે. માત્ર પંચમહાભૂતમાં જ વિશેષ પદાર્થનું અસ્તિત્વ છે.

**૩.૬ સમવાય :** આ પદાર્થ એવો સંબંધ છે કે જેને કારણે બે પદાર્થ અભિન્ન રીતે રહી શકે. તેનાથી એક પદાર્થ બીજામાં સમેવત (integrated) રહે છે. જે વસ્તુઓ અયુતસિદ્ધ (પોતાના અસ્તિત્વ માટે એકબીજા પર આશ્રિત) હોય તેમાંનો એક પદાર્થને નષ્ટ થાય તો બીજો પણ થઈ જાય : દાખલા તરીકે ગુણ-દ્રવ્ય, કર્મ-દ્રવ્ય, સામાન્ય-શક્તિ, અવયવી-અવયવ, વિશેષ-નિત્ય. આ બધી જોડીઓ વચ્ચે સમવાય સંબંધ હોય છે. સમવાય સંબંધ પ્રત્યક્ષ નથી હોતો, તેનું જ્ઞાન અનુમાન દ્વારા થાય છે.

સમવાય સંબંધ સમજવા માટે સંયોગ સંબંધ સમજીએ. સંયોગ કૃત્રિમ અને અનિત્ય હોય છે. જેમ કે શાખા પર પક્ષી બેઠેલું છે. સંયોગ એક ગુણ છે જ્યારે સમવાય એક પદાર્થ છે. સંયોગ કર્મ આશ્રિત છે. જેમ કે દીવાલ સાથે સાથે અથડાયેલો દડો. સંયોગ માટે ક્રિયાની આવશ્યકતા હોય છે, સમવાય માટે નહીં. સંયોગ કેવળ બાહ્ય સંબંધ છે. કુલ પાંચ પ્રકારના સમવાય સંબંધો હોય છે : અવયવ અવયવી, ગુણ-ગુણી, ક્રિયા-ક્રિયાવાન, જાતિ-વ્યક્તિ વિશેષ-નિત્ય.

**૩.૭ અભાવ :** નામના સાતમા પદાર્થ માટે સર્વસ્વીકૃતિ નથી. કણાદે એનો ઉલ્લેખ નથી કર્યો પરંતુ પ્રશસ્તપાદે પોતાના ભાષ્યમાં આની સવિસ્તર સમજ આપી છે અને કણાદને પણ આ પદાર્થ અભિપ્સિત હતો એવું સિદ્ધ પણ કર્યું છે. અભાવનું જ્ઞાન પ્રત્યક્ષથી થાય છે. ''આજે આકાશમાં ચંદ્રનો અભાવ છે.'' એવું આપણે આકાશમાં જોઈને કહી શકીએ છીએ. જેમ સૂર્યના ભાવનું જ્ઞાન થાય દિવસે તેમ ચંદ્રના અભાવનું પણ પ્રત્યક્ષ દિવસે થાય છે. ''આ જગ્યાએ ઘડો નથી.'' એ શબ્દોથી આપણે અભાવનો અર્થ પ્રગટ કરીએ છીએ. એટલે તેને અર્થ અને નામ બન્ને છે. જો અભાવને સત્તા ન માનીએ તો જગતની બધી વસ્તુઓ બધો સમય સર્વત્ર ઉપલબ્ધ જ હોય, દેખાતી રહે કે તેનું જ્ઞાન રહે ને વસ્તુઓનો નાશ અસંભવ થઈ જાય. પૃથ્વી આદિ ચાર ભૂતોથી બનેલી વસ્તુઓ અનિત્ય છે (કાર્યદ્રવ્ય) એમ વૈશેષિક વસ્તુને અનિત્ય માને છે. તેથી અભાવને સાતમા પદાર્થ તરીકે માનવો જ રહ્યો. વળી વૈષેશિક મોક્ષને દુઃખના અભાવ તરીકે વ્યાખ્યાયિત કરે છે. જો અભાવને પદાર્થ ન માનીએ તો મોક્ષની ધારણા નિરર્થક થઈ જાય છે.

## ૪.૦ પરમાણુવાદ :

વૈષેશિક માને છે કે જગતના સમસ્ત પદાર્થોનું સમવાય કારણ પૃથ્વી, જળ, તેજ અને આકાશ એ ચાર દ્રવ્યોના પરમાણું છે. કોઈ વસ્તુને પ્રત્યક્ષ થવા માટે એ વસ્તુના મહત્ પરિમાણની જરૂર પડે. પરમાણુ પ્રત્યક્ષનો વિષય એટલા માટે ન હોય કેમ કે એમાં મહત્‌ના પરિમાણનો અભાવ છે; તેનામાં સત્તાનો અભાવ છે તેવું નથી. કોઈપણ વસ્તુનું અસ્તિત્વ પ્રત્યક્ષના અભાવમાં અનુમાન દ્વારા સમજાય છે. એ રીતે પરમાણુ નીરવયવ અને નિત્ય છે. એનું નિર્માણ કે વિનાશ થતો નથી.

જો પરમાણુ નિર્માણનું કારણ કંઈક અન્ય છે તેવું માનવામાં આવે તો પછી તે પદાર્થનું કારણ અને પછી તે કારણનું પણ કારણ માનવું પડે. આવી રીતે તાર્કિક અને અનવસ્થાનો દોષ સર્જાય છે. તેથી પરમાણુને જ વિશ્વના મૂળ ઉપાદાનકારણ માની શકાય. પરમાણુ પરિમાણ ધરાવે છે અને અણુ-પરિમાણને પરિમંડલ (પરિભ્રમણ કરનાર) પરિમાણ પણ કહે છે. જ્યારે સૃષ્ટિના સર્જનની સર્ગક્ષણ આવે ત્યારે પરમાણુ પરસ્પર મળવા માંડે છે. જેમ કે પૃથ્વી પદાર્થના બે પરમાણુ મળીને દ્વયણુક, પછી ત્રસરેણુ, પછી ચતુરણક બનવા માંડે છે. અન્ય દ્રવ્યોના પરમાણુ આ પ્રક્રિયામાં નિમિત્ત માત્ર (નિમિત્તકારણ) બને છે. તેને વૈષેશિક ઉપષ્ટમ્ભક કહે છે.

આ રીતે ક્રમશઃ સૃષ્ટિનો ઉન્મેષ થાય છે. આ પ્રક્રિયા જગતના અનિત્ય ભાગને જ સમજાવે છે. જગતનો નિત્ય ભાગ પરમાણુની વ્યાખ્યાથી સમજી શકાતો નથી. કેમ કે દિક, કાલ, આત્મા, મન અને ભૌતિક પરમાણુની સૃષ્ટિ તો બનતી પણ નથી અને એનો વિનાશ પણ થતો નથી. આમ વૈષેશિકનો સૃષ્ટિ-સંકલ્પના વિશેનો સિદ્ધાંત અનિત્ય દ્રવ્યોની સૃષ્ટિ અને પ્રલયનો સિદ્ધાંત છે.

પરમાણુમાં ગતિ હોવી આવશ્યક છે, કેમ કે પરમાણુને સંયુક્ત-વિયુક્ત થવા માટે ગતિની જરૂર પડે છે. પરંતુ વૈશેષિક તો પરમાણુને નિષ્ક્રિય અને ગતિહીન ગણે છે. આ તર્કાપત્તિ ટાળવા વૈશેષિક અદ્રુષ્ટ અથવા ઈશ્વરની કલ્પના કરે છે. પ્રાચીન વૈષેશિક (કણાદકૃત) તો માને છે કે જીવાત્માઓનું અદૃષ્ટ તત્ત્વ જ ગતિ પેદા કરે છે. વૃક્ષોમાં પાણી ચડવું, વાયુની ગતિ, અગ્નિની જ્વાળા ઊંચે જવી, પરમાણુઓની પ્રથમ સ્પંદનાત્મક ક્રિયા – આ બધું જ જીવાત્માના અદૃષ્ટથી થાય છે. પરંતુ પછીના સમયમાં થયેલા વૈશેષિકના આચાર્યોએ જીવાત્માના અદૃષ્ટને ઈશ્વરની ઇચ્છા તરીકે સ્થાપિત કર્યું છે. ઈશ્વરને સંહારની ઇચ્છા થાય ત્યારે અદૃષ્ટની શક્તિ અવરુદ્ધ થઈ જાય છે અને પરિણામે પ્રલય થાય છે. આ રીતે વિશ્વના ઉપાદાનકારણરૂપ ચાર ભૂતોના નિમિત્તકારણરૂપ ઈશ્વર જ છે તેમ સ્થાપિત થાય છે. પ્રલંબ સમય સુધી અનેક યોનિમાં રહી સુખદુઃખ ભોગવીને ઉદ્વિગ્ન થયેલા, થાકી ગયેલા જીવોને વિશ્રામ કરવાનો અવસર પ્રલયકાળમાં મળે છે. ત્યાર પછી જે સૃષ્ટિનો આરંભ થાય તેને કલ્પ કહેવાય. એક કલ્પ પછી બીજો કલ્પ આવે છે અને એમ સૃષ્ટિનું ચક્ર ચાલે રાખે છે.

## ૫.૦ વૈશૈષિક પરમાણુવાદ અને પાશ્ચાત્ય પરમાણુવાદમાં તફાવત :

૧. ડેમોક્રિટસ અને લ્યુસિપસે પરમાણુને ગુણહીન માન્યા છે, માત્ર પરિમાણયુક્ત દર્શાવ્યા છે.

૨. ગ્રીક અને યુનાની દાર્શનિકો પરમાણુને ગતિશીલ અને સક્રિય માને છે.

૩. પશ્ચિમના વિચારકો વિશ્વની રચના માત્ર પરમાણુના સંયોગથી થાય છે તેમ માને છે.

૪. પશ્ચિમના ચિંતકો માને છે કે જીવાત્માનું નિર્માણ પરમાણુથી જ થાય છે જ્યારે વૈશેષિક દર્શન જીવાત્માને નિત્ય પરસ્પર ભિન્ન માને છે. જીવાત્માને વિશેષ પદાર્થ આત્મા અને મનના કારણે જ માને છે.

૫. વૈશેષિક દર્શન અદૃષ્ટ શક્તિ અથવા ઈશ્વરને વિશ્વની રચના માટે નિમિત્તકારણ તરીકે આવશ્યક ગણાવે છે.

## ૬.૦ વૈશેષિક દર્શનની મર્યાદા અંગેની ટીકાઓ :

૧. શંકરાચાર્ય ટીકા કરતાં કહે છે કે અચેતન અને જડ, નિષ્ક્રિય પરમાણુ થકી સચેતન વિશ્વની રચના શક્ય નથી. વળી અદૃષ્ટ છે તે પણ અચેતન છે; તો તે પરમાણુને ભેગા થવા માટે પ્રેરી કેવી રીતે શકે?

૨. વૈશેષિક જણાવે છે કે પૃથ્વીના પરમાણુમાં સૌથી વધુ ગુણ છે અને વાયુના પરમાણુમાં સૌથી ઓછા ગુણ છે. જો આમ હોય તો પછી પરમાણુભાર અને ગુણમાં ફરક હોવો જોઈએ. તે અંગે આ દર્શન કંઈ કહેતું નથી.

૩. વૈશેષિક પરમાણુઓને નિત્ય અને ગુણાત્મક માને છે. જે ગુણોથી યુક્ત હોય તે નિત્ય કેવી રીતે હોઈ શકે? વૈશેષિક કહે છે કે પરમાણનું આગળ પૃથક્કરણ અને વિભાજન થઈ શકે; પરંતુ જો મોક્ષની અવસ્થામાં આત્માના ગુણો અલગ થઈ જતા હોય / અલગ થઈ શકતા હોય તો પછી એવું ન કહી શકાય કે પરમાણુનું વિભાજન ન થઈ શકે!

૪. ગતિહીન નિષ્ક્રિય પરમાણુ દ્વારા સૃષ્ટિ રચના સંભવ નથી.

૫. પરમાણુને અદૃષ્ટ શક્તિ માનવામાં આવે તો એવું પણ

માનવું પડે કે એ અદૃષ્ટ પરમાણુની પહેલા અસ્તિત્વ ધરાવતી હોવી જોઈએ. અને જો તે શક્તિ પરમાણુઓની સાથે જ બની હોય તો સૃષ્ટિ સ્થાયી બની જાય.

**૭.૦ ઉપસંહાર :**

વૈષેશિક વિચારધારાને કારણે ભારતમાં અને વિશ્વમાં અન્યત્ર પણ વૈજ્ઞાનિક ચિંતનની શરૂઆત અને ખેડાણ થયું છે. સતિશચંદ્ર ચેટર્જી અને ધીરેન્દ્રમોહન દત્તા તેમના પુસ્તક An Introduction to Indian Philosophyમાં તારવે છે કે :

The Vaisheshik division of objects into seven classes and of these into many other sab-classes is a logical classification of them based on their distinctive characters and ultimate differences. The atomic theory of Vaisheshik an improvement on the ordinary view of the world as constituted by the physical elements of earth, water and fire. It is also an advance on the materialistic theory that all things including life, mind and consciousness are transformations and mechanical products of material atomis. The Vaisheshik philophers harmonise the atomic theory with the moral and spiritual outlook of life and the theistic faith in god as the creator and moral governor of the world.

Vallabh Vidyanagar.
mahendra.chotalia@gmail.come

◆ ◆ ◆

# પૂર્વમીમાંસા દર્શન

**ડૉ. ધુતિ યાજ્ઞિક**

*ગુજરાત યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગમાં એસોસીયેટ પ્રોફેસર. બત્રીસ વર્ષ અધ્યયન-અધ્યાપનનો અનુભવ. એક પુસ્તક, ત્રીસ-સંશોધન-લેખો, સોળથી વધુ આમંત્રિત વ્યાખ્યાનો ગુજરાત અને ગુજરાત બહાર. જી. પી. એસ. સી. (તત્ત્વજ્ઞાન)માં પ્રથમ. બેસ્ટ પેપર તરીકે બે નેશનલ એવાર્ડ. ગુજરાત બોર્ડમાં લેખક અને વિષય નિષ્ણાત.*

**ભા**રતીય દર્શનોમાં મીમાંસા એ પૂર્વમીમાંસા અને વેદાન્ત એ ઉત્તર મીમાંસા તરીકે ઓળખાય છે. મીમાંસા એ વૈદિક સાહિત્યના પહેલાના કે પૂર્વના ભાગનું, કર્મકાંડને મહત્ત્વ આપનારું દર્શન છે, જ્યારે વેદાન્ત એ વૈદિક સાહિત્યના પછીના કે ઉત્તર ભાગનું, જ્ઞાનકાંડને મહત્ત્વ આપનારું દર્શન છે. સામાન્ય માન્યતા પ્રમાણે ધર્મ કે ફરજયુક્ત કર્મકાંડ કરવાથી તત્ત્વના જ્ઞાન સુધી જવાય છે. તેથી, મીમાંસા પૂર્વમીમાંસા અથવા ધર્મ કે કર્મના પ્રાધાન્ય વાળું દર્શન છે, જ્યારે પછીનું ઉત્તરમીમાંસા એ બ્રહ્મ કે જ્ઞાનને પ્રાધાન્ય આપનારું દર્શન ગણાય છે.

મીમાંસા એ મુખ્યત્વે કર્મમીમાંસા તરીકે આળખાય છે. તેમાં મુખ્યત્વે વૈદિક કર્મકાંડને લગતા કથનોનું અર્થઘટન છે. વૈદિક વિધિનિષેદ, કર્મકાંડને લગતા વિધાનો કે આદેશોમાં દેખાતા વિરોધોને દૂર કરી, સામંજસ્ય સ્થાપવાનો મીમાંસામાં પ્રયત્ન છે. ઉપરાંત, જે તે કર્મકાંડના વિધાનો પાછળ જે તાત્ત્વિક બાબત રહેલી છે, તે તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું લક્ષ્ય મીમાંસા દર્શનમાં છે.

**પૂર્વમીમાંસા દર્શનના મુખ્ય તાત્ત્વિક સિદ્ધાંતો :**

પૂર્વમીમાંસા દર્શન બાહ્ય જગતની વાસ્તવિકતાનો સ્વીકાર કરે છે, આત્માની અનેકતાનો સ્વીકાર કરે છે, કર્મના નિયમમાં વિશેષ મહત્ત્વ જુએ છે, પૂનર્જન્મ, સ્વર્ગ, નરક, મોક્ષની વિશિષ્ટ વિભાવના વગેરેમાં માન્યતા ધરાવે છે. આ ઉપરાંત, મીમાંસા અનેક દેવતાઓમાં માને છે, જેમની ઉપાસના યજ્ઞો દ્વારા કરવામાં આવલે છે. અહીં નોંધનીય બાબત એ છે કે મીમાંસાનો આ દેવતાઓ અંગેનો ખ્યાલ, ઈશ્વરવાદીઓના ઈશ્વર કે આચાર્યોના બ્રહ્મ અંગેના ખ્યાલથી તદ્દન અલગ છે – કારણ કે મીમાંસા દર્શનમાં જગતના સર્જક, પાલક અને સંહારક એવા ઈશ્વરની માન્યતાનો સદંતર નિષેધ છે. આ રીતે મીમાંસા દર્શન સ્પષ્ટપણે નાસ્તિકવાદનું સ્થાપન કરી, કર્મકાંડના મહત્ત્વને વિશેષરૂપે સ્વીકારે છે. મીમાંસકો વેદની શાશ્વતતા અને સનાતનતાને ખૂબ જ માને છે, તેથી તેના કોઈ દિવ્ય ઈશ્વર રચયિતાના ખ્યાલનો બિલકુલ નથી માનતા.

મીમાંસાના મુખ્ય દાર્શનિક સિદ્ધાંતોમાં ભાષાવિચારણા, ઇચ્છિત કર્મોની સમજૂતી અને વિશ્લેષણ, નૈતિક વૃત્તિ, ઋણ, વિધિ, અપૂર્વ, નિયોગ, ધર્મ વગેરે મુખ્ય ગણી શકાય. આ ઉપરાંત, જ્ઞાનમીમાંસા અને તર્કશાસ્ત્રમાં તેમનું મહત્ત્વનું પ્રદાન છે અને વિવિધ પ્રમાણોની મીમાંસાદર્શનમાં વિગતે સમજૂતી આપી છે.

**પૂર્વમીમાંસા દર્શનનું મૂળ સાહિત્ય :**

૧. પૂર્વમીમાંસા દર્શનના પ્રણેતા જૈમીની એ ઈ. પૂ. ૪૦૦માં

મીમાંસા સૂત્રની રચના કરી.

૨. આ સૂત્ર પર બોધાયન, ઉપવર્ષ, ભવદાસ તથા આચાર્ય સુંદર પાંડે એ ભાષ્યો રચ્યા.

૩. શબર સ્વામીએ ઈ. સ. ૩૦૦માં તેનું ભાષ્ય શબર ભાષ્યની રચના કરી.

આમાં તેમણે બૌદ્ધ પરંપરાના વિવિધ મતોની ટીકા કરી છે. આ ઉપરાંત મીમાંસા સિદ્ધાંતોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. એમ પણ મનાય છે કે તેમના મુખ્ય તાત્ત્વિક સિદ્ધાંતોના વર્ણનને કારણે પૂર્વમીમાંસા દર્શન એક દાર્શનિક સંપ્રદાય તરીકે વિશેષરૂપે વિકસ્યો. તેમણે ભવદાસ અને અન્ય વૃત્તિકારોના સિદ્ધાંતોનું પણ ખંડન કર્યું અને પ્રમાણો અને આત્માના સિદ્ધાંતોને ઉપવર્ષના ચિંતનમાંથી સ્વીકાર્યા.

૪. આની સામે, ભર્તૃમિત્ર તેમના મીમાંસાસૂત્ર પરના ભાષ્યમાં શબરસ્વામીને અનુસરવા સાથે, અમુક સિદ્ધાંતોમાં શબરસ્વામીના મૌલિક ચિંતનને નહીં માનીને, પહેલાનાં વૃત્તિકારોના ચિંતનને વધુ માને છે.

૫. કુમારિલ ભટ્ટ (ઈ. સ. ૭૦૦)નું પૂર્વમીમાંસા પર એટલું વિસ્તૃત ચિંતન છે કે તેમને કારણે પૂર્વમીમાંસાની એક પરંપરા ભાટ્ટ મીમાંસકો તરીકે ઓળખાય છે. તેમની બૃહત્ટીકા હાલ અપ્રસ્તુત છે, પરંતુ શાલિકનાથ, પાર્થસારથિ મિશ્ર, સોમેશ્વર ભટ્ટ વગેરેના લખાણોમાં તેનો ઉલ્લેખ મળે છે, તે તેના હોવાનો આધાર ગણી શકાય. કુમારિલે તંત્રવાર્તિક અને ટુપટીકા પણ લખેલ છે. શ્લોકવાર્તિકના પ્રથમ ભાગના પ્રથમ પ્રકરણ તર્કપાદ સાથે તે સંલગ્ન છે, જેનું તાત્ત્વિક મૂલ્ય ઘણું છે.

૬. સુચરિતા મિશ્રનું ભાષ્ય કાશિક પણ મીમાંસાનો ગ્રંથ છે.

૭. ઉમ્બેકા અથવા ભવભૂતિએ પણ તેના પર ભાષ્ય લખ્યું છે.

૮. પાર્થસારથિ મિશ્ર (ઈ. સ. ૯૦૦)નું ભાષ્ય ન્યાયરત્નાકર, કહેવાય છે કે તે ભાષ્યએ અન્ય બધાં ભાષ્યોને ઝાંખાં પાડી દીધાં છે. ભાટ્ટ પરંપરાના મુખ્ય માનાતા ગ્રંથોમાં પાર્થસારથિ મિશ્રના ન્યાયરત્નાકર ઉપરાંત, (૧) ન્યાયરત્નમાલા, (૨) તંત્રરત્ન અને (૩) શાસ્ત્રદીપિકા મુખ્ય ગણાય છે.

૯. તેની ઉપર રામકૃષ્ણ ભટ્ટ, સોમનાથ અને સુદર્શનાચાર્ય એ ભાષ્યો લખ્યાં જે અનુક્રમે આ પ્રમાણે છે, યુક્તિસ્નેહપ્રપૂરણી, મયુખમાલિકા અને શાસ્ત્રદીપિકાપ્રકાશ.

૧૦. મંડન મિશ્ર (ઈ. સ. ૬૮૦-૭૫૦) જે કુમારિલના મુખ્ય શિષ્ય હતા, તેમણે (૧) વિધિવિવેક (૨) ભાવનાવિવેક (૩) વિભ્રમવિવેક (૪) બ્રહ્મસિદ્ધિ (૫) સ્ફોટ સિદ્ધિ (૬) મીમાંસાસૂત્રાનુક્રમણિ જેવા ગ્રંથો લખ્યા. જે તે વખતે તેમણે કુમારિલ મત સાથે સહમતી અને પ્રભાકર મત સાથે વિરોધ કે સમીક્ષાનો ભાવ દર્શાવેલો છે.

૧૧. વાચસ્પતિ મિશ્ર (ઈ. સ. ૯૦૦)નું ભાષ્ય ન્યાયકણિકા, જે મંડન મિશ્રના વિધિવિવેક પરનું ભાષ્ય છે. આ ઉપરાંત તેમણે તત્ત્વબિંદુ પણ લખ્યું છે. પાર્થસારથિ મિશ્ર, તેમના ન્યાયરત્નમાલામાં વિધિનિર્ણય અને વાક્યાર્થનિર્ણયની ચર્ચામાં તેમનો ઉલ્લેખ કરે છે.

૧૨. પ્રભાકર મિશ્ર (ઈ. સ. ૭૦૦)નું પૂર્વમીમાંસા પર એટલું વિસ્તૃત ચિંતન છે કે તેમને કારણે પૂર્વમીમાંસાની એક પરંપરા ભાટ્ટોથી અલગ પ્રાભાકરો તરીકે ઓળખાય છે. તેમણે શબરસ્વામીના ભાષ્ય પર બૃહતિ અને લાઘવી નામની ટીકાઓ લખી.

૧૩. શાલિકનાથ મિશ્ર (ઈ. સ. ૮૦૦)એ બૃહતિ પર ઋજુવિમલાપંચિકા, લાખવી પર દીપશિખા અને ત્રીજી પ્રકરણપંચિકા ટીકાઓ લખી, જે પ્રાભાકરોના મુખ્ય ગ્રંથ માની શકાય.

૧૪. ભવનાથ (ઈ. સ. ૯૦૦) એ શાલિકનાથ મિશ્રના ત્રણે ગ્રંથોનો સાર, તેમના નયવિવેકમાં આપ્યો.

૧૫. રામાનુજાચાર્ય (ઈ. સ. ૧૬૦૦)એ નાયકરત્ન નામની ટીકા લખી, જે ન્યાયરત્નમાલ અને તંત્રરહસ્ય પરની ટીકા છે. આમાં પ્રભાકરના જ્ઞાનમીમાંસા, તર્કમીમાંસા અને સત્તામીમાંસા અંગેનો ચિંતનની રજૂઆત છે. તેમાં પ્રભાકરના મતને ગુરુમત તરીકે રજૂ કર્યો છે.

૧૬. મીમાંસા દર્શનની ભાટ્ટ અને પ્રાભાકરો સિવાય, ત્રીજી પરંપરા મુરારી મિશ્રે સ્થાપી ગણાય છે, પરંતુ તેનું કોઈ સાહિત્ય પ્રાપ્ય નથી.

**મીમાંસાદર્શનને દાર્શનિક દષ્ટિએ ચાર વિભાગોમાં દર્શાવી શકાય :**

(૧) જ્ઞાનમીમાંસા, (૨) સત્તામીમાંસા, (૩) નીતિમીમાંસા અને (૪) ધર્મમીમાંસા

આ ચારમાંથી પ્રથમ બે - જ્ઞાનમીમાંસા અને સત્તામીમાંસાની પ્રસ્તુત લેખમાં વિગતે ચર્ચા કરવામાં આવી છે અને અન્ય બે - નીતિમીમાંસા અને ધર્મમીમાંસાની સંક્ષિપ્ત રજૂઆત કરવામાં આવી છે.

## (૧) પૂર્વમીમાંસાની જ્ઞાનમીમાંસા :

સામાન્ય રીતે ભારતીય દર્શનોમાં કયું દર્શન કેટલા પ્રમાણો સ્વીકારે છે તે સુવિદિત છે. તે રીતે મીમાંસા દર્શનમાં ભાટ્ટ મીમાંસકો છ પ્રમાણો (યથાર્થ જ્ઞાન મેળવવાના સાધનો) સ્વીકારે છે. તે આ

પ્રમાણે છે : પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ. અને પ્રાભાકરો આમાંથી અનુપલબ્ધિ સિવાયના પાંચ પ્રમાણો સ્વીકારે છે. અહીં, જ્ઞાનમીમાંસાને લગતા મીમાંસાદર્શનના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે, જેની વાત પ્રસ્તુત સંશોધનલેખમાં કરવામાં આવી છે : પ્રમાનું સ્વરૂપ, પ્રમાણો, સ્વતઃપ્રામાણ્ય અને પરતઃપ્રામાણ્ય.

મીમાંસકો અંગે મુખ્ય બાબત એ છે કે કુમારિલે જ્ઞાન એ અનુભૂતિ હોવાને કારણે જ્ઞાનને પ્રમાણ માને છે. પ્રભાકર પણ અનુભૂતિને, સ્મૃતિથી જુદું અને પ્રમાણ માને છે. કુમારિલ અનુસાર જ્ઞાનાત્મક પ્રક્રિયાથી જન્મતી જ્ઞાતતા એ તેનું પરિણામ છે. પરંતુ, પ્રભાકર પ્રમાણ અને પ્રમાને એક જ ગણે છે અને જ્ઞાનને તેની પોતાની જ અભિવ્યક્તિ માને છે. તેને જ્ઞાતતામાંથી ફલિત થતું નથી માનતા.

**સ્વતઃપ્રામાણ્ય - પરતઃ અપ્રામાણ્યવાદ :**

પ્રભાકર અનુસાર કોઈપણ જ્ઞાન, જ્ઞાન માત્ર એ જ્ઞાન તરીકે તો પ્રમાણભૂત જ છે અને તેનું અપ્રામાણ્ય એ જ્ઞેય વસ્તુના મૂળ સ્વરૂપ સાથેનો વિરોધ છે. એટલે કે ખોટા હોવાપણું એ જ્ઞાનની પોતાની સાથે સંકળાયેલું નથી, પણ જ્ઞેય વસ્તુ સાથે સંકળાયેલી બાબત છે. કુમારિલ પ્રામાણ્યની બાબતમાં તો પ્રભાકર સાથે સહમત છે. કારણ કે તે સ્વતઃપ્રામાણ્ય તો બોધ થવાના સ્વરૂપ પર જ નિર્ભર છે, તેમ માને છે. શબર કહે છે કે, 'જ્ઞેય વસ્તુની અનુભૂતિ થાય છે અને તે અપ્રમાણભૂત છે, તેમ કહેવું કઈ રીતે શક્ય છે!' કુમારિલ અનુસાર, અગૃહિતગ્રાહી, અબાધિત અને જ્ઞેયના સ્વરૂપ સાથેની અનુરૂપતાવાળું જ્ઞાન જ સત્યના માપદંડો છે. પાર્થસારથિ મિશ્ર પ્રમાણભૂત જ્ઞાનની વ્યાખ્યા આપતાં કહે છે કે એવું જ્ઞાન કે જે જ્ઞેય વસ્તુના વાસ્તવિક સ્વરૂપને રજૂ કરતું હોય, અત્યાર સુધી ગ્રહણ ન થયેલું હોય અને જે અન્ય જ્ઞાન દ્વારા બાધિત ન થયેલું હોય, તે પ્રામાણ્યવાળું જ્ઞાન છે. કુમારિલ અનુસાર સ્મૃતિજ્ઞાન એ અપ્રમા છે, કારણ કે અગાઉ પ્રત્યક્ષ થયેલ બાબતની સ્મૃતિ દ્વારા પ્રાપ્તિ કે અનુભૂતિ છે, તેથી તેમાં ઉપર્યુક્ત ગુણો ન હોવાથી તે પ્રમા નથી. પ્રભાકર પણ સ્મૃતિને પ્રમા ગણતા નથી. તેમના મતે, સ્મૃતિ એ જ્ઞેય વસ્તુના સાચા સ્વરૂપને અનુરૂપ હોય છતાં તે પ્રમાણભૂત નથી કારણ કે તે મૂળ, પ્રથમ વખતના પ્રત્યક્ષથી સ્વતંત્ર થતું જ્ઞાન નથી. આ ઉપરાંત, એ માત્ર મન પર પડેલી છાપ કે સંસ્કારને આધારે જ ઉપન્ન થાય છે. અહીં નોંધનીય બાબત એ છે કે શૃંખલા કે સાતત્યવાળું જ્ઞાન મીમાંસકો અનુસાર પ્રમાણભૂત છે, કારણ કે, તેમાં પુનરાવૃત્તિ હોવા છતાં તે માત્ર સંસ્કારજન્ય નથી.

કુમારિલ જ્ઞાનને સ્વતઃ પ્રામાણ્ય અને પરતઃ અપ્રામાણ્ય ગણે છે. તેમના મતે, જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ ઉત્પદ્યતે, સ્વતઃ જ્ઞાયતે ચ, અનુસાર જ્યારે જ્ઞાન ઉપન્ન થાય છે ત્યારે તો તે પ્રમા જ હોય છે. કોઈ કારણ દોષને કારણે, પાછળથી તેનું અપ્રામાણ્ય જણાતું હોવાથી જ્ઞાનનું અપ્રામાણ્ય પરતઃ છે.

**સાંખ્યના સ્વતઃપ્રામાણ્યવાદનું ખંડન :**

સાંખ્ય દર્શન જ્ઞાનના પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંનેને સ્વતઃ ગણે છે. કુમારિલ અને પાર્થસારથિ મિશ્ર સાંખ્યના આ મતનું ખંડન કરે છે. મીમાંસકોના મતે, પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંને વિરોધી બાબતોનું કારણ કોઈ એક સમાન હોઈ શકે નહીં અને જો માનવામાં આવે તો સ્વવ્યાઘાતી બને છે, કારણ કે કોઈ એક જ્ઞાન જ્યારે ઉપન્ન થાય ત્યારે તે પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંને ધરાવતું હોય તેમ બની શકે નહીં. અર્થાત્, જ્ઞેયવસ્તુના મૂળ સ્વરૂપને અનુરૂપ અને પ્રતિરૂપ બંને હોઈ શકે નહીં.

આના જવાબમાં સાંખ્યકારો કહી શકે કે કેટલાક જ્ઞાને મૂળ સ્વરૂપે પ્રામાણ્ય ધરાવતા હોય અને કેટલાક જ્ઞાને મૂળ સ્વરૂપે અપ્રામાણ્ય ધરાવતા હોય છે. તેથી, અહીં, કોઈ એક જ જ્ઞાન, કોઈ એક જ કાળે પ્રામાણ્ય અને અપ્રામાણ્ય ધરાવે છે, તેનો મત જ નથી.

પરંતુ. પાર્થસારથિ મિશ્ર તેના વિરોધમાં કહે છે કે અન્ય કોઈ પરિબળોને વચ્ચે લાવ્યા સિવાય આપણે કોઈ જ્ઞાનને અપ્રામાણ્ય ગણી શકતા નથી. તેથી, સાંખ્યનો સ્વતઃપ્રામાણ્યવાદ અને સ્વતઃઅપ્રામાણ્યવાદ સ્વીકાર્ય નથી.

**બૌદ્ધોના સ્વતઃઅપ્રામાણ્યવાદ અને પરતઃપ્રામાણ્યવાદનું ખંડન :**

બૌદ્ધો સ્વતઃઅપ્રામાણ્યવાદ અને પરતઃ પ્રામાણ્યવાદને માને છે. તેમના મતે, જ્ઞાન પોતે તો અપ્રામાણ્ય જ છે. પરંતુ, અન્ય બાહ્ય શરતો તેને પ્રામાણ્ય બનાવે છે. જેવું જ્ઞાન ઉપન્ન થાય છે, તેવું જ તે જ્ઞેયવસ્તુના મૂળ સ્વરૂપને જણાવતું જ નથી. તે વખતે તે જ્ઞાન અનિશ્ચિત અથવા શંકાસ્પદ છે અને તે ખોટું પડી શકે તેવું છે. તેથી, તે વખતે તો તેને અપ્રામાણ્ય જ ગણવું જોઇએ. અને તેનું પ્રામાણ્ય પછીથી સ્પષ્ટ થયા છે. કોઈ કારણદોષ ન હોય અથવા તે જ્ઞેય વસ્તુના મૂળ સ્વરૂપને અનુરૂપ છે, તેમ ખાતરી થાય છે અથવા તેને લગતી પ્રવૃત્તિ સફળ થતી હોય, ત્યારે તેનું સ્વરઃઅપ્રામાણ્ય દૂર થાય છે અને તેનું પ્રામાણ્ય પરતઃ નિશ્ચિત થાય છે.

પાર્થસારથિ મિશ્ર બૌદ્ધોના આ મતનું પણ ખંડન કરે છે. તેમના મતે ઉપર્યુક્ત ત્રણે કારણો દ્વારા પ્રામાણ્ય નક્કી કરીએ, તો

જે પ્રામાણ્ય નક્કી કર્યું, તેની સત્યતા માટે પણ એ જ ત્રણ કારણો વચ્ચે લાવવા પડે. અને તેને કારણે તો અનવસ્થા દોષ આવે. વળી, જો આ બીજું જ્ઞાન પ્રામાણ્ય માનીએ તો તે જ તર્કના આધારે પહેલું જ્ઞાન પણ પ્રામાણ્ય માનવું પડે. વાસ્તવમાં, જ્ઞાનના પ્રામાણ્યને જો સ્વતઃ ન માનીએ તો પછી, તે જ્ઞાન અન્ય કોઈ જ જ્ઞાન દ્વારા, તે જ તર્ક અનુસાર પ્રામાણ્ય ન ધરાવી શકે. વળી, સ્વપ્ન વખતે, સ્વપ્નવાળા જ્ઞાનમાં પણ ઉપરની ત્રણ શરતો પળાતી હોય છે અને તે તર્ક દ્વારા તો સ્વપ્ન-જ્ઞાનને પણ પ્રામાણ્ય માનવું પડે. જે તથ્યતઃ યોગ્ય નથી. તેથી, જ્ઞાનનું સ્વતઃપ્રામાણ્ય માનવું જ બુદ્ધિગમ્ય છે, તેમ જણાવી, મીમાંસકો બૌદ્ધમતનું પણ ખંડન કરે છે.

**ન્યાય-વૈશેષિકોના પરતઃપ્રામાણ્યવાદનું ખંડન :**

ન્યાય-વૈશેષિકો જ્ઞાનના પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બંનેને પરતઃ માને છે. તેમના મતે, જ્ઞાનનું પ્રામાણ્ય તેને લગતી પ્રવૃત્તિના આધારે નક્કી થાય છે. પ્રવૃત્તિસામસ્થ્ય અને પ્રવૃત્તિ વિસંવાદ અનુસાર, અનુક્રમે પ્રામાણ્ય અને અપ્રામાણ્ય નક્કી થાય છે. જે જ્ઞાન રજૂ થાય છે, તેને લગતી પ્રવૃત્તિ કરવા જતાં સફળતા મળે તો તે જ્ઞાન પ્રામાણ્ય ધરાવે છે અને તેને લગતી પ્રવૃત્તિ કરવા જતાં નિષ્ફળતા મળે, તો તે અપ્રામાણ્ય છે,તેમ નક્કી થઈ શકે, તેવો ન્યાય-વૈશેષિકોનો મત છે.

કુમારિલ આ મતનું ખંડન કરે છે. તેમના મતે, જો જ્ઞાનના પ્રામાણ્ય અને અપ્રામાણ્યનો આધાર અન્ય કોઈ બાહ્ય કારણો કે શરતો પર હોય તો જ્ઞાનનું પ્રામાણ્ય કે અપ્રામાણ્ય નક્કી થયા પહેલાં તે જ્ઞાન સંપૂર્ણ તટસ્થ હોય, જેનું કોઈ તાર્કિક મૂલ્ય જ ના હોય. પરંતુ, આપણને આવા કોઈ તટસ્થ જ્ઞાનનો અનુભવ નથી. આપણે જ્ઞાનને કાં તો પ્રામાણ્ય અથવા અપ્રામાણ્ય તરીકે જ ગ્રહણ કરીએ છીએ, તટસ્થ તરીકે નહીં.

બૌદ્ધોના પરતઃપ્રામાણ્યના વિરુદ્ધની દલીલ અહીં પણ લાગુ પડે છે. જો જ્ઞાનનું પ્રામાણ્ય કે અપ્રામાણ્ય પરતઃ, પછીથી થયેલું હોય તો તે પછી થયેલા બીજા જ્ઞાનના પ્રામાણ્યનો નિર્ણય ત્રીજા જ્ઞાનનથી કરવો પડે અને એ રીતે અનવસ્થાદોષ આવે છે. અને બૌદ્ધોની દલીલ વખતે કહ્યું તેમ બીજા જ્ઞાનને નિશ્ચિત માનીએ તો તે જ તર્ક અનુસાર, પ્રથમ જ્ઞાનને પણ નિશ્ચિત માનવું પડે.

મીમાંસકો તર્ક કરે છે કે ન્યાય-વૈશેષિકો અનુસાર વિચારીએ તો (૧) તટસ્થ જ્ઞાન (૨) પ્રામાણ્ય જ્ઞાન અને (૩) અપ્રામાણ્ય જ્ઞાન માનવા પડે અને એ ત્રણે અનુક્રમે, (૧) મૂળભૂત સ્વરૂપ (૨) કારણદોષરહિતતા અને (૩) કારણદોષયુક્ત- ને કારણે થાય છે, તેમ સ્વીકારવું પડે. પરંતુ, વાસ્તવમાં આપણને તટસ્થ જ્ઞાનનો કોઈ અનુભવ છે જ નહીં. આપણને પ્રામાણ્ય જ્ઞાન અને અપ્રામાણ્યજ્ઞાનનો જ અનુભવ છે. તેમાં અપ્રામાણ્ય તો કારણદોષથી ઉપન્ન થાય છે, પણ પ્રામાણ્ય તો મૂળ સ્વરૂપથી જ ઉપન્ન માનવું પડે.

આમ, જ્ઞાનનું પ્રામાણ્ય તો 'સ્વતઃ ઉત્પદ્યતે, સ્વતઃ જ્ઞાયતે' જ છે. તેમાં (૧) કારણના વિશેષ જ્ઞાન, કે (૨) જ્ઞેય વસ્તુ સાથેની અનુરૂપતા કે (૩) પ્રવૃત્તિસામસ્થ્ય જવાબદાર નથી. પરંતુ, જ્ઞાન પોતે જ પ્રથમ તે તેનું પ્રામાણ્ય જન્માવે છે અને અપ્રામાણ્ય અન્ય, બાહ્ય કારણોથી નિશ્ચિત થાય છે. તેથી, સ્વતઃપ્રામાણ્યવાદ અને પરતઃઅપ્રામાણ્યવાદ જ તર્કસંગત છે.

આમ, મીમાંસકો ન્યાય-વૈશેષિકોથી ત્રણ બાબતોમાં તો સ્પષ્ટ રીતે વિપરિત મત ધરાવે છે :

(૧) મીમાંસકો સ્વતઃપ્રામાણ્ય અને પરતઃઅપ્રામાણ્યમાં માને છે, જ્યારે ન્યાય-વૈશેષિકો પરતઃપ્રામાણ્ય અને પરતઃઅપ્રામાણ્યમાં માને છે.

(૨) મીમાંસકો અગૃહિતગ્રાહી, અર્થાવ્યભિચારિત્વ અને અબાધિતત્ત્વને સત્યની લાક્ષણિકતાઓ માને છે, જ્યારે ન્યાય-વૈશેષિકો અર્થાવ્યભિચારિત્વને સત્યનું હાર્દ માને છે અને પ્રવૃત્તિસામર્થ્યને સત્યની કસોટી માને છે.

(૩) મીમાંસકો સીધા અર્થમાં વાસ્તવવાદની હિમાયત કરે છે, જ્યારે ન્યાય-વૈશેષિકો પ્રવૃત્તિસામર્થ્ય અને પ્રવૃત્તિવિસંવાદ દ્વારા અનુક્રમે પ્રામાણ્ય અને અપ્રામાણ્ય નિશ્ચિત કરી, વાસ્તવવાદની સાથે વ્યવહારવાદની પણ હિમાયત કરે છે.

**મીમાંસકોનો ભ્રાન્તિ અંગેનો ખ્યાલ :**

મીમાંસકો અનુસાર જો જ્ઞાનનું પ્રામાણ્ય જ્ઞાનની સાથે જ ઉત્પન્ન થાય છે તો પ્રશ્ન થાય કે શા માટે ભ્રાન્તિ થાય છે ? મીમાંસકોમાં ભાટ્ટ મીમાંસકો અને પ્રાભાકર મીમાંસકો આ પ્રશ્નનો અલગ અલગ રીતે ખુલાસો આપે છે.

**કુમારિલ ભટ્ટનો અન્યથાખ્યાતિ અથવા વિપરિતખ્યાતિ :**

કુમારિલના મતે એક વસ્તુનું અન્ય વસ્તુ તરીકેનું પ્રત્યક્ષ તે ભ્રાન્તિ છે. તેમનો ભ્રાન્તિ અંગેનો ખ્યાલ અન્યથાખ્યાતિ અથવા વિપરિતખ્યાતિ તરીકે ઓળખાય છે. ભ્રાન્તિમાં કુમારિલના મતે, 'આ ચાંદી છે' તેવા પ્રત્યક્ષમાં 'આ' અર્થાત્ શુક્તિ (છીપ)નો ચળકાટ એ છીપ અને ચાંદીમાં સમાન છે, એ ચળકાટના સંસ્કારને કારણે ચાંદીની સ્મૃતિ થાય છે. અહી સુધી પ્રભાકર પણ કુમારિલ સાથે સહમત છે.

પરંતુ, કુમારિલ અનુસાર, ભ્રમ એ એક ખોટું જ્ઞાન છે, વિધાયક ખોટું જ્ઞાન છે જે પ્રત્યક્ષમાં આવેલા પદાર્થ પ્રત્યે સ્મૃતિવાળા પદાર્થનું તાદાત્મ્ય થઈને ઉપન્ન થાય છે. અર્થાત્, કુમારિલના મતે, એક ખોટા જ્ઞાનમાં બે જ્ઞાનનું તાદાત્મ્ય (અભેદગ્રહ) ને કારણે ભ્રમ થાય છે, જ્યારે પ્રભાકરના મતે બે જ્ઞાન વચ્ચેના ભેદનું અગ્રહણ (ભેદાગ્રહણ)ને કારણે ભ્રમ થાય છે. તેથી, પ્રભાકરનો મત, અખ્યાતિ અથવા વિવેકાખ્યાતિ તરીકે ઓળખાય છે.

**રામકૃષ્ણ ભટ્ટ દ્વારા પ્રભાકરના વિવેકાખ્યાતિ કે અખ્યાતિનું ખંડન :**

રામકૃષ્ણ ભટ્ટ પ્રભાકરના વિવેકાખ્યાતિ કે અખ્યાતિનું ખંડન કરે છે. રામકૃષ્ણના મતે, પ્રભાકર ભેદનું અગ્રહણ કહે છે, બે અધૂરાં જ્ઞાન વચ્ચેનો ભેદ, અગ્રહણ થવાથી ભ્રાન્તિ થાય છે તેમ કહે છે અને પ્રભાકર અભાવને તો પદાર્થ તરીકે સ્વીકારતા નથી, તો સ્પષ્ટ રીતે અહીં 'ગ્રહણ'નો અભાવ તો પ્રભાકર કઈ રીતે માની શકે? આમ, અગ્રહણ એ ભ્રાન્તિનું કારણ ન હોઈ શકે. પ્રભાકર માને છે કે ભ્રાન્તિમાં અગ્રહણનું કારણ સ્મૃતિપ્રમોશ – સ્મૃતિનાશ છે. પણ કોઈ બાબત સ્મૃતિમાં ન આવવાને, અગ્રહણ ન ગણી શકાય, કારણ કે એમ માનવાથી તો તત્કાળ યાદ ન આવનારી તમામ સ્મૃતિ ભેદ-અગ્રહણ અને તેથી ભ્રમ માનવી પડે. વળી, જો ભેદાગ્રહણને જ ભ્રાન્તિ ગણીએ તો તેનું વિપરિત જ્ઞાન ભેદ ગ્રહણ થઈ જાય તો બે જ્ઞાન થવા જોઈએ. પરંતુ, અહીં તો એક જ જ્ઞાનની વાત છે. તેથી, એકને બદલે બીજું (અન્યથા કે વિપરિત) જ્ઞાનને જ ભ્રાન્તિ માનીએ તો તેનું વિરોધી જ્ઞાન, ભ્રાન્તિને દૂર કરે, તે એક જ જ્ઞાન હોય અને રહે છે. આમ, ભ્રાન્તિ એટલે ભેદનું અગ્રહણ માત્ર નથી, પરંતુ, વિધાયક રીતે થયેલું ખોટું જ્ઞાન છે, તેવા કુમારિલ ભટ્ટના મતને માનવું વધુ તર્કસંગત છે.

**શાલિકનાથ દ્વારા કુમારિલના અન્યથા ખ્યાતિ કે વિપરિત ખ્યાતિનું ખંડન :**

કુમારિલના ભ્રાન્તિ અંગેના આ અન્યથા ખ્યાતિ કે વિપરિત ખ્યાતિનું શાલિકનાથ ખંડન કરે છે. શાલિકનાથના મતે, ભ્રાન્તિમાં એક પદાર્થના બદલે બીજા પદાર્થનું ખોટું જ્ઞાન થાય છે, તેમ માની શકાય નહીં. કોઈ એક પદાર્થ ચેતના આગળ અન્ય પદાર્થ તરીકે રજૂ થતો નથી. અર્થાત્, શુક્તિ-રજત ભ્રાન્તિમાં ચેતના આગળ ચાંદી કાંઈ પદાર્થ રજૂ થતી જ નથી. પરંતુ, સ્મૃતિમાં આવે છે. તેમાં ચળકાટની સમાનતાને કારણે તે યાદ આવે છે. આમ, ભ્રાન્તિમાં એક ખોટું જ્ઞાન ગ્રહણ થાય છે, તેમ નથી. પરંતુ બે અધૂરાં જ્ઞાન ભેગા થતાં એ બંને વચ્ચેના ભેદનું અગ્રહણ થતાં ભ્રાન્તિ થાય છે, તેમ માનવું વધુ તર્કસંગત છે.

આ રીતે, પ્રભાકર અનુસાર ભ્રાન્તિ એ પૂર્ણ સ્વરૂપે ભ્રાન્તિ નથી. તેમના મતે, તાર્કિક રીતે સત્ય અને ભ્રાન્તિ વચ્ચે કોઈ ભેદ નથી કારણ કે જ્યારે જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તો સ્વતઃપ્રામાણ્યવાદ અનુસાર પ્રામાણ્ય જ ઉત્પન્ન થાય છે. પરંતુ, તે ભ્રાન્તિ છે, એમ તો પ્રવૃત્તિસામર્થ્ય અને પ્રવૃત્તિવિસંવાદ દ્વારા જણાતું હોવાથી, સત્ય અને ભ્રાન્તિ વચ્ચે વ્યાવહારિક રીતે જ ભેદ છે.

પ્રમાણો કે યથાર્થ જ્ઞાન મેળવવાના સાધનોની બાબતમાં શબર સ્વામી અને કુમારિલ ભટ્ટ છ પ્રમાણો સ્વીકારે છે – પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ. જ્યારે પ્રભાકર મિશ્ર અભાવને પદાર્થ તરીકે અને અનુપલબ્ધિને પ્રમાણ તરીકે સ્વીકારતા નથી, માત્ર બાકીના પાંચ પ્રમાણોને સ્વીકારે છે. પ્રમાણોની ચર્ચા અન્ય ગુજરાતી ગ્રંથોમાં, ખાસ કરીને પ્રો. સી. વી. રાવળના ગ્રંથોમાં વિસ્તૃત કરેલી છે. તેથી, અહીં તેની ચર્ચા ટાળીને, ખાસ અન્ય ગ્રંથોમાં ઓછી થઈ છે, તે સત્તામીમાંસાની વસ્તૃત ચર્ચા કરવાનું ઉચિત સમજ્યું છે.

**પૂર્વમીમાંસા દર્શનની સત્તામીમાંસા :**

કુમારિલ પદાર્થોને બે વિભાગમાં વહેંચે છે : ભાવ પદાર્થ અને અભાવ પદાર્થ. ભાવ પદાર્થો તેમના મતે ભાવ પદાર્થો ચાર છે – દ્રવ્ય, ગુણ કર્મ અને સામાન્ય. અને અભાવ પદાર્થો ચાર છે – પ્રાગ્ભાવ, ધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને અત્યંતાભાવ. વૈશેષિકોના વિશેષ અને સામાન્ય – એ પદાર્થોને મીમાંસકો સ્વીકારતા નથી.

**દ્રવ્ય**

મીમાંસકો અનુસાર દ્રવ્ય એ ગુણ અને પરિમાણનું અધિષ્ઠાન છે. ભાટ્ટ મીમાંસકો અનુસાર દ્રવ્ય અને ગુણ વચ્ચે અભેદ છે અને બંને એકસાથે જ ઉપન્ન થાય છે. અર્થાત્, દ્રવ્ય અને ગુણ બંને એક જ કારણથી અને એક જ સમયે, સાથે ઉત્પન્ન થાય છે. તે બંને એક જ વખતે ઉત્પન્ન થાય છે અને કારણ (ઉપાદાન) અને કાર્ય (ઉપાદેય) તરીકે જણાય છે. આવું પ્રત્યક્ષ ભ્રાન્તિ નથી, કારણ કે તે બાધિત થતું નથી. તથી, આ અર્થમાં દ્રવ્ય એ ગુણ અને પરિમાણનું અધિષ્ઠાન છે.

કુમારિલ અગિયાર દ્રવ્યોને માને છે : પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, દિક્, કાળ, આત્મા, મન, અંધકાર (તમસ્) અને શબ્દ. આમાંથી, આકાશ, દિક્, કાળ, આત્મા વિભૂ હોવા છતાં તેમનું પણ સીધું પ્રત્યક્ષ થાય છે, તેમ મીમાંસકો માને છે. જો તેમનું પ્રત્યક્ષ ન

માનવામાં આવે તો તેમનું અસ્તિત્વ જ સાબિત થઈ શકતું નથી કારણ કે અન્ય પ્રમાણો દ્વારા તો તેમના અસ્તિત્વને સાબિત કરી શકાતું નથી. તેથી, તેમનું સીધું પ્રત્યક્ષ થાય છે, તેમ જ માનવું તર્કસંગત છે.

ન્યાય-વૈશેષિક અનુસાર તેમનું અનુમાન પ્રમાણ દ્વારા અસ્તિત્વ સાબિત થઈ શકે છે. જેમ કે, શબ્દ એ ગુણ છે અને તે કોઈ દ્રવ્યને આશરે જ હોઈ શકે. (દ્રવ્યશ્રિતા જ્ઞેયા નિર્ગુણા નિષ્ક્રિયા ગુણાઃ) તેથી, તેનું દ્રવ્ય આકાશ છે. તેમ તાર્કિક રીતે અનુમાન થઈ શકે છે. તે જ રીતે, એક સાથે હોવું કે ક્રમિક હોવું વગેરેના આધારે કાળનું અનુમાન થઈ શકે અને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ જેવા ખ્યાલો પરથી સ્થળનું અનુમાન થઈ શકે છે. આની સામે, ભાટ્ટ મીમાંસકો કહે છે કે શબ્દ એ આકાશ નામના દ્રવ્યમાં રહેલો ગુણ નથી, પરંતુ શબ્દ એ પોતે જ એક દ્રવ્ય છે. અને વળી, જો તેનો ગુણ પણ માનીએ તો તે સ્થળમાં, અવકાશમાં રહે છે, તેને માટે તેના આધારભૂત દ્રવ્ય તરીકે આકાશને માનવાની જરૂર નથી. પ્રાભાકરો અનુસાર સ્થળ કે અવકાશનું પ્રત્યક્ષ જ નથી.

આની સામે, નારાયણ જવાબ આપે છે કે આંખ ખોલવાથી જુવાન કે વૃદ્ધ, કોઈને પણ સ્થળ કે અવકાશનું પ્રત્યક્ષ થાય છે. તેથી, સ્થળના અસ્તિત્વનો નિષેધ થઈ શકતો નથી. તે જ રીતે, એક સાથે હોવું કે ક્રમિક હોવું વગેરે પરથી કાળનું અનુમાન પણ શક્ય નથી. આવા પ્રકારોના માપદંડ માટે કાળનું હોવું જરૂરી છે. પરંતુ, એક સાથે હોવું વગેરેને હેતુ માનીએ તે તે હેતુનું પ્રત્યક્ષ કાળ વગર સંભવ નથી. અને તેથી, તેને અનુમાન પ્રમાણ દ્વારા તારવેલું ગણી શકાય નહીં. આમ, મીમાંસકો અનુસાર, કાળનું જ્ઞાન અનુમાન આધારિત નથી, પણ પ્રત્યક્ષ આધારિત જ છે.

તે જ રીતે સ્થળ પણ પ્રત્યક્ષ દ્વારા જાણી શકાય છે કારણ કે ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ વગેરે ઇન્દ્રિય પ્રત્યક્ષથી જણાય છે. અહીં પણ આગળ, પાછળ જેવા હેતુ પરથી સ્થળનું અનુમાન નથી, કેમ કે દા.ત. જો ઘડો આગળ પડ્યો છે, તેમાં સ્થળનું જ્ઞાન અનુમાનથી છે, તેમ કહીએ તો ઘડાનું જ્ઞાન પણ અનુમાનથી તારવવું પડે.

તેથી, પાર્થસારથિ સ્પષ્ટપણે દિક્ અને કાળને પ્રત્યક્ષ દ્વારા જાણી શકાય છે, તેમ માને છે અને તે બંનેને અન્ય દ્રવ્યોના ગુણધર્મો તરીકે સ્વીકારે છે.

ભાટ્ટ મીમાંસકો અને પ્રાભાકર મીમાંસકો બંને પૂર્વમીમાંસા દર્શનની પરંપરામાં હોવા છતાં, તે બંનેના ચિંતનમાં કેટલાક મુદ્દાઓમાં ખૂબ મોટો તફાવત છે. આ મુદ્દાઓ આ પ્રમાણે છે :

| ક્રમ | ભાટ્ટ મીમાંસકો | | પ્રાભાકર મીમાંસકો |
|---|---|---|---|
| ૧. | છ પ્રમાણો સ્વીકારે છે : પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન શબ્દ, અર્થાપત્તિ અને અનુપલબ્ધિ | ૧. | પાંચ પ્રમાણો સ્વીકારે છે : પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ અર્થાપત્ત |
| ૨. | પાંચ પદાર્થો સ્વીકારે છે : દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય અને અભાવ | ૨. | આઠ પદાર્થો સ્વીકારે છે : દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, સમવાય, સંખ્યા, શક્તિ, સાદશ્ય |
| ૩. | અગિયાર દ્રવ્યો સ્વીકારે છે : પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, દિક્, કાળ, આત્મા, મન, અંધકાર (તમસ્) અને વર્ણ (શબ્દ) | ૩. | નવ દ્રવ્યો સ્વીકારે છે : પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, કાળ, આત્મા, મન (શબ્દ એ આકાશના ગુણ તરીકે અને તમસ્ એ તેજના અભાવ તરીકે ગણીને સ્વતંત્ર દ્રવ્ય તરીકે નથી સ્વીકારતા. |
| ૪. | કર્મ અથવા ગતિને પ્રત્યક્ષીકૃત માને છે. | ૪. | કર્મ કે ગતિને અનુમાન આધારિત માને છે. |
| ૫. | સામાન્યના બે પ્રકાર – ઉચ્ચ સામાન્ય અને નિમ્ન સામાન્ય – ને માને છે. | ૫. | દ્રવ્ય, ગુણ અને કર્મના સામાન્યને માને છે. પરંતુ, ઉચ્ચ સામાન્યને નકારે છે. |
| ૬. | સમવાયને સ્વતંત્ર પદાર્થ તરીકે નથી માનતા. તેને તાદાત્મ્ય તરીકે સ્વીકારે છે. | ૬. | સમવાયને સ્વતંત્ર પદાર્થ તરીકે સ્વીકારે છે. પરંતુ તેને એક અને શાશ્વત નથી માનતા. સમવાય |

| | | | |
|---|---|---|---|
| | | | એ નિત્ય પદાર્થોમાં નિત્ય અને અનિત્ય પદાર્થોમાં અનિત્ય છે, તેમ માને છે. |
| ૭. | અભાવને સ્વતંત્ર પદાર્થ તરીકે માને છે. અને તેના ચાર પ્રકારો – પ્રાગ્ભાવ, ધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને અત્યંતાભાવ – ને સ્વીકારે છે. | ૭. | અભાવને સ્વતંત્ર પદાર્થ તરીકે નથી માનતા અને જ્યાં અભાવનું વાત છે, તે ભૂમિ કે સ્થાન માત્ર છે, તેમ જ માને છે. |
| ૮. | શક્તિ, સંખ્યા કે સાદશ્યને સ્વતંત્ર પદાર્થો તરીકે નથી માનતા. | ૮. | શક્તિ, સંખ્યા, સાદશ્યને પણ સ્વતંત્ર પદાર્થો તરીકે સ્વીકારે છે. |
| ૯. | શરીર, ઇન્દ્રિયો, મન, ક્ષણિક જ્ઞાન વગેરેથી સ્વતંત્ર એવા નિત્ય આત્મામાં માને છે. આત્માને સ્વ-પ્રકાશ કે સ્વયંજ્યોતિરૂપ માને છે. અને આવા આત્માને મન દ્વારા, જ્ઞાન દ્વારા પ્રત્યક્ષીકૃત માને છે. | ૯ | શરીર, ઇન્દ્રિયો, મન, ક્ષણિક જ્ઞાન વગેરેથી સ્વતંત્ર એવા નિત્ય આત્મામાં માને છે. આત્માને સ્વ-પ્રકાશ કે સ્વયંજ્યોતિરૂપ માને છે. પરંતુ, મન દ્વારા જણાતો એવો જ્ઞેય પદાર્થ આત્માને નથી માનતા. પદાર્થોના તમામ પ્રત્યક્ષીકરણમાં જ્ઞાતા કરીકે આત્માને માને છે. |
| ૧૦. | જ્ઞાન એ આત્માનું કાર્ય છે. જ્ઞેયમાં આત્મા દ્વારા જ્ઞાતતા ઉપન્ન થાય છે. અને એ જ્ઞાતતા દ્વારા આત્માનું અનુમાન થાય છે. | ૧૦. | જ્ઞાન એ આત્માનો ગુણ છે અને જ્યારે જ્ઞાન થાય છે ત્યારે ૧. તે જ્ઞાન, ૨. તે જ્ઞાનનો આધાર આત્મા અને ૩. જ્ઞેય પદાર્થ – ત્રિપુટીપ્રત્યક્ષ દ્વારા તે અભિવ્યક્ત થાય છે. |
| ૧૧. | સ્વતઃ પ્રામાણ્યવાદ અને પરતઃ અપ્રામાણ્યવાદમાં માને છે. | ૧૧. | બધા જ્ઞાનોને પ્રામાણ્ય જ માને છે. એટલે માત્ર સ્વતઃ પ્રામાણ્યવાદ માને છે. |
| ૧૨. | યથાર્થ જ્ઞાનની વ્યાખ્યા : અગૃહિતગ્રાહી, અબાધિત, કારણદોષરહિત સ્વીકારે છે. | ૧૨. | યથાર્થ જ્ઞાન એ સીધી અનુભૂતિ છે, જે સ્મૃતિ કરતાં જુદું છે, તેમ માને છે. |
| ૧૩. | ભ્રમ અંગેના ખ્યાલમાં વિપરિતખ્યાતિવાદમા માને છે. (અભેદગ્રહ) | ૧૩. | ભ્રમ અંગેનો ખ્યાલમાં અખ્યાતિવાદમાં માને છે. (સ્મૃતિપ્રમોશને કારણે ભેદાગ્રહ) |
| ૧૪. | વાક્યાર્થનો અભિહિતાન્વયવાદ સ્વીકારે છે. | ૧૪. | વાક્યાર્થનો અન્વિતાભિધાનવાદ સ્વીકારે છે. |
| ૧૫. | યજ્ઞ એ ધર્મ, ફરજ કે કર્તવ્ય છે, તેમ માને છે. | ૧૫. | અપૂર્વને જ ધર્મ કે ફરજ માને છે. |
| ૧૬. | વિધિવિધાનો એ સ્વેચ્છાએ કર્મ કરાવનાર વિધિ તે શાબ્દભાવના અને કોઈ નિશ્ચિત ધ્યેયની સિદ્ધિ અર્થે વિધિવચનો મુજબ કર્મ કરવું તે અર્થીભાવના. આમ, કુમારિલ ભાવનાનો સિદ્ધાંત સ્વીકારે છે જે નૈતિક કારણવાદ મુજબ વિધિકર્મ એ ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટે થતું કર્મ છે. | ૧૬. | પ્રભાકર નિયોગનો સિદ્ધાંત સ્વીકારે છે. તે મુજબ વિધિવચનો એ નિરૂપાધિક આદેશો છે. ફળની આશા કે ઇચ્છા કર્યા વગર અથવા પરિણામની સભાનતા વગર કરવાના કર્મો એ વિધિવાક્યોનું હાર્દ છે. |

# વેદાંતદર્શન

## સૂચિતા દિવેટિયા મહેતા

*Suchita Divatia-Mehta is retired Professor, having served as the head of Sanskrit Department at the St. Xavier's College (Autonomous), Ahamedabad. She earned her Ph.D. in the area of Vedanta (Thesis Title: 'Drishti Srishti Vada in Indian Philisophy') under the able guidance of Padmasri Dr. Esther A. Soloman. Dr. Divatia-Mehta has regularly presented research paper at both national as well as international conferences, with one of her papers titled 'The concept of Amanibhava' awarded the best paper in the section 'Religion and Philisophy' at 42nd Session of All India Oriental Conference. She is a published author of various journal articles, with her research monologue ' Idealistic thought in Indian Philosophy' (published by D. K. Print World, June 1994) and her work editing 'Tattvopaplavasimha' (originally translated by Dr. E.A. Solomon, being some of her notable works.*

**ભા**રતીય દર્શનને ઘેઘૂર વડલાની સાથે સરખાવી શકાય. ઘણાં ઊંડા મૂળ અને વિસ્તરેલી તેની શાખાઓ સૈકાઓથી જ્ઞાનમાર્ગના મુસાફરોને શીતળ છાંયડો આપે છે. ભારતની ભૂમિ આધ્યાત્મિકતાની ભૂમિ તરીકે વિશ્વમાં પ્રસિદ્ધ છે, જે પ્રાચીન સમય તત્ત્વચિંતકોને આકર્ષી રહી છે. અને તેમાં પણ વેદાંત દર્શન સર્વાધિક ચિંતનાત્મક રહ્યું છે. સર્વ પ્રથમ 'વેદાંત દર્શન' શબ્દ સમજીએ તો 'વેદાંત' અને 'દર્શન' – આ બે શબ્દોને સમજવા પડે, જેનો સ્થૂળ તેમજ સૂક્ષ્મ અર્થ સમજીએ – 'વેદાંત' શબ્દનો સ્થૂળ અર્થ જોઈએ તો વેદનો અંતભાગ – બીજાં શબ્દોમાં જોઈએ તો વૈદિક સાહિત્યની અંતર્ગત વેદ, બ્રહ્મણગ્રંથો, આરણ્યક સાહિત્ય અને ઉપનિષદો સમાવિષ્ટ છે. અહીં ઉપનિષદોને વેદાંત તરીકે પણ ઓળખવામાં આવે છે. અને તે રીતે વેદનો અંતભાગ એટલે વેદાંત. वेदस्य अन्तः। હવે તેની વિશદ વ્યાખ્યા જોઈએ તો 'વેદ' પદનો સામાન્ય અર્થ विद् - જાણવું તેવો થાય છે. તે રીતે જાણેલાનો અંત અર્થાત્ જે જાણ્યા બાદ બીજું કશું જાણવાનું બાકી નથી રહેતું તે વેદાંત. 'દર્શન' શબ્દને સમજીએ તો દૃશ્ - ધાતુને આધારે દર્શન પદ બને છે. અને 'દર્શન' એટલે સામાન્ય જોવું જ નહીં પરંતુ વિશેષ જોવાનું તેવો સમજવો ઘટે. દૈનિક વ્યવહારમાં જોવાની ક્રિયાને 'દર્શન'ના સંદર્ભમાં ના પ્રાયોજાય. કોઈ વ્યક્તિ કે વસ્તુ જોઈને દર્શન કરીએ છીએ તેવો અર્થ ના કરાય. પરંતુ જ્યારે વિશેષ ક્રિયાના સંદર્ભે પ્રયોજાય. જેમ કે મંદિરમાં જઈને દેવદર્શન કરીએ તે દર્શન કહેવાય. પારમાર્થિક ચિંતન ના સંદર્ભે શબ્દ પ્રયોજાય. અંતિમ તત્ત્વ કે સત્યને વિશેષ રીતે પરખવું, જોવું, સમજવું, કે જેનાં જ્ઞાન – જેનાં દર્શન બાદ કશું સમજવાનું કે પરખવાનું બાકી રહેતું નથી. પ્રમાણ વડે મેળવેલાં જ્ઞાનને પણ 'દર્શન' કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો સમાધિમાં થતું સત્યનું અપરોક્ષ જ્ઞાન તે 'દર્શન'.

### ભારતીય દર્શનની રૂપરેખા :

ભારતનું અત્યંત પ્રાચીન સાહિત્ય વેદસ્વરૂપે સચવાયું છે. વેદમંત્રો એ ઋષિમુનિઓનું દર્શન છે. પ્રત્યક્ષ દેખાતી પ્રકૃતિનું, તેમ જ તેનાં રચૈતા અંગેનું ચિંતન તેમાં પ્રગટ થયું છે. વેદાંત દર્શનનાં વ્યવસ્થિત આકારપૂર્વે તેની વિચારધારાનું મૂળ વેદમાં ધરબાયેલું જોઈ શકાય છે. મંત્ર દૃષ્ટાઋષિઓનું ચિંતન દીર્ઘ સમયના પટ ઉપર સ્થાન લેતું ગયું. પ્રાકૃતિક ઘટકોને દેવતાનું સ્વરૂપ અપાયું, તેમાંથી બહુ દેવતાવાદની વિચારધારા આકારીત થઈ. સમયાંતરે દેવતાવાદની વિચારધારા એક તત્ત્વની સત્તા તરફ વિકસાવ લાગી. ઋગ્વેદના દસમા મંડળમાં एकं सत् विप्रा बहुधा वदन्ति।નો સિંહનાદ વેદાંત વિચારધારાનું પ્રવેશદ્વાર ગણી શકાય. બીજાં શબ્દોમાં કહીએ તો પ્રાચીન ચિંતન ત્રણ વિચારધારાઓમાં વહેતું હતું. (૧) અધિભૂત – સ્થૂળ જગત સંબંધી (૨) અધિદેવ – વિશ્વને અને આત્મતત્વને જોડનાર ઇન્દ્રિયોના અધિકારી દેવતા સંબંધી (૩) આત્મા સંબંધી. વેદો, બ્રાહ્મણગ્રંથોના ક્રિયાકાંડ, ઉપાસનાકાંડ ધીમે ધીમે ચિંતનાત્મક દિશામાં પ્રવૃત્ત થયાં. આરણ્યક ગ્રંથો ચિંતનાત્મક છે, અને તેની જ શાખાઓમાં વિકસેલાં ઉપનિષદો જ્ઞાનકાંડમાં પરિણમ્યાં. પ્રાચીન ઉપનિષદો જીવ, જગત અને બ્રહ્મ – જે વેદાંત દર્શનની તાત્ત્વિક ચર્ચાનાં મૂળભૂત વિષયો છે, તેની છણાવટ તો કરે જ છે, પરંતુ સાથે સાથે ગૂઢ રહસ્યો જેમ કે, જીવની વિવિધ અવસ્થાઓ, ઇન્દ્રિયોનું

અને અંતઃકરણનું કાર્યક્ષેત્ર, જગતનો રચનાક્રમ, અંતિમ સત્ય-સગુણ-નિર્ગુણ બ્રહ્મ, અમૃત અવસ્થા, માનવજીવનનું શ્રેય, જ્ઞાનની પૂર્ણતા – આ સર્વનું ચિંતન ઉપનિષદો કરે છે, જે જ્ઞાન 'બ્રહ્મવિદ્યા' તરીકે ઓળખાય છે. બીજા શબ્દોમાં તે વેદાંત દર્શન તરીકે પણ ઓળખાય છે.

ભારતીય દર્શનની વૈવિધ્યતા ચિંતકોની વિવિધ વિચારધારાઓને આધારે વિકસી છે. 'સત્ય' દર્શનની ઘણી શાખાઓ વિકસેલી છે. જેને પરંપરા બે વિભાગમાં વહેંચે છે. (૧) આસ્તિક દર્શનો (૨) નાસ્તિક દર્શનો. જે વિચારધારા વેદોની પ્રમાણભૂતતા સ્વીકારે છે, તે આસ્તિક દર્શન છે, તો જે વિચારધારા વેદને નહીં પરંતુ સ્વતંત્ર તર્ક ઉપર આધારિત છે, તે નાસ્તિક દર્શન છે. આસ્તિક દર્શનની અંતર્ગત ષડ્ દર્શનોનો સમાવેશ થાય છે. તે યુગ્મ દર્શનો પણ છે – જેમ કે, સાંખ્ય-યોગદર્શન, ન્યાય વૈશેષિક દર્શન અને પૂર્વ મીમાંસા ઉત્તર મીમાંસા. તો નાસ્તિક દર્શનોની અંતર્ગત ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શન સમાવિષ્ટ છે. બીજી રીતે પણ વિચારાયું છે કે જે દર્શન 'કર્મ અને પુનર્જન્મ'ના સિદ્ધાંતમાં માન્યતા ધરાવે છે, તે આસ્તિક દર્શનો છે, અને જે દર્શનો 'કર્મ અને પુનર્જન્મ'ના સિદ્ધાંતમાં માન્યતા નથી ધરાવતાં તે નાસ્તિક દર્શન છે. અને એ રીતે ફક્ત ચાર્વાક દર્શન નાસ્તિક દર્શન છે. આ ઉપરાંત પણ તાત્ત્વિક ચર્ચા કરનારી ભારતીય દર્શનની અન્ય પણ શાખાઓ છે.

સર્વદર્શન સંગ્રહમાં ક્રમાનુસાર ભારતીય દર્શનની પરંપરાનો ઉલ્લેખ થયો છે. જે જોઈએ તો –

(૧) ચાર્વાક દર્શન, (૨) બૌદ્ધ દર્શન, (૩) જૈન દર્શન, (૪) રામાનુજ દર્શન, (૫) પૂર્ણપ્રજ્ઞ દર્શન, (૬) પાશુપત દર્શન, (૭) શૈવ દર્શન, (૮) પ્રત્યભિજ્ઞા દર્શન (૯) રસેશ્વર દર્શન, (૧૦) વૈશેષિક દર્શન, (૧૧) નૈયાયિક દર્શન, (૧૨) જૈમિની દર્શન, (૧૩) પાણિનિ દર્શન, (૧૪) સાંખ્ય દર્શન, (૧૫) યોગ દર્શન, (૧૬) શાંકર દર્શન. આ ક્રમ વિશિષ્ટ એ રીતે છે કે એક દર્શનનું પ્રતિપાદન કર્યા બાદ અન્ય દર્શન તેનું ખંડન કરી સ્વમતનું સ્થાપન કરે, તે રીતે પૂર્વે પ્રતિપાદિત કરેલા દર્શન કરતાં ઉત્તરક્રમનું સુદૃઢ સિદ્ધ થાય. અને આ રીતે વેદાંત દર્શન અતિ મહત્ત્વનું દર્શન પ્રતિપાદિત થાય. વિવિધ દર્શનોના સિદ્ધાંતો સૂત્ર ગ્રંથમાં મળે છે, જેની ઉપર ભાષ્ય લખાયાં છે, અને તે ભાષ્ય ઉપર વાર્તિક. આમ જે તે દર્શનનાં સૂત્રો મૂળભૂત સિદ્ધાંતો રજૂ કરે છે, અને તેની ઉપર રચાયેલાં ભાષ્ય તેની વ્યવસ્થિત છણાવટ કરે છે.

આસ્તિક દર્શનો પૈકી સાંખ્ય દર્શન જડ અને ચેતન એ બે સ્વતંત્ર તત્ત્વોને મુખ્ય તત્ત્વો માને છે. પ્રકૃતિ જડ છે, પુરુષ એ અચૈતન્ય છે. પરંતુ જડ પ્રકૃતિમાંથી બાહ્ય અને આંતરિક સૃષ્ટિ સ્થાન લે છે. આ દર્શન દ્વૈતમાં માન્યતા ધરાવે છે, જે વાસ્તવાદી દર્શન છે. પ્રાચીન સાંખ્યમાં 'ઈશ્વર'નો સ્વીકાર નથી. ત્યારબાદ સેશ્વર સાંખ્ય વિચારધારા આકારીત થઈ. આ દર્શનનું પૂરક દર્શન તે યોગ દર્શન છે. આ દર્શન ઈશ્વર પ્રણિધાન, અષ્ટાંગ યોગ દ્વારા સમાધિ સુધીનું ચિંતન કરે છે. ન્યાય વૈશેષિક દર્શનો બાહ્યવાદી કે વાસ્તવવાદી દર્શનો છે, જે 'પદાર્થ'માં માન્યતા ધરાવે છે. પરમાણુ એ અંતિમ તત્ત્વ છે. અણુઓનાં સંયોગથી સૃષ્ટિનું સર્જન થાય છે, અને વિઘટનથી વિસર્જન. પૂર્વમીમાંસા એ કર્મમીમાંસા તરીકે પણ ઓળખાય છે. તેનાં સૂત્રો ઘણાં પ્રાચીન છે, જે ઈ. સ. ૨૦૦ની આસપાસ રચાયેલાં મનાય છે. યજ્ઞનાં વિધિ વિધાન ઉપર આ દર્શન આધારિત છે. પૂર્વમીમાંસા કર્મકાંડ પ્રધાન છે, તો ઉત્તરમીમાંસા જ્ઞાનકાંડ છે, જે વેદાંત દર્શન તરીકે પ્રસિદ્ધ છે.

**વેદાંત દર્શન :**

સર્વે દર્શનમાં વેદાંત દર્શન શિરમોર સમું સ્થાન ધરાવે છે. અન્ય દર્શનોની સરખામણીએ વેદાંત દર્શન ઘણો વ્યાપ ધરાવે છે. સુવિદિત છે કે, ઋષિઓના ચિંતનની શાખાઓ ઉપનિષદ સ્વરૂપે વિકસી. આ ગ્રંથોમાં પ્રાપ્ત અંતિમ તત્ત્વની છણાવટ સૂત્રોમાં આકારીત થઈ, જે વેદાંત સૂત્રો તરીકે ઓળખાય છે. આ સંદર્ભે એ નોંધવું અસ્થાને નહીં લેખાય કે, આસ્તિક દર્શનો પૈકી કર્મમીમાંસાનાં સૂત્રો ઘણાં પ્રાચીન છે. જેનાં રચૈતા જૈમિની ગણાય છે. વેદ વ્યાસ જૈમિનીનાં ગુરુ થાય, જે બાદરાયણ તરીકે પણ ઓળખાય છે. તેમણે બ્રહ્મસૂત્રોની રચના કરી છે. તેનાં વિવિધ નામો પ્રચલિત છે, જેમ કે વેદાંતસૂત્ર, ઉત્તરમીમાંસાસૂત્ર, શારીરિક સૂત્ર વગેરે. એ નોંધવું અસ્થાને નહીં લેખાય કે બ્રહ્મવિદ્યા પ્રસ્થાનત્રયી દ્વારા પ્રસ્તુત થાય છે. તે છે – (૧) ઉપનિષદો – જે શ્રુતિ પ્રસ્થાન છે. (૨) બ્રહ્મસૂત્રો – જે સૂત્ર પ્રસ્થાન છે. (૩) શ્રીમદ્ ભગવગીતા – જે સ્મૃતિ પ્રસ્થાન છે. બ્રહ્મસૂત્રો ઉપનિષદ્ ગ્રંથોનો અર્ક છે, જેને આચાર્ય બદરાયણે વિષય પ્રમાણે સંકલિત કરી ચાર અધ્યાયો અને ચાર પાદમાં વિભાજિત કર્યા. આ અધ્યાયો તે (૧) સમન્વય અધ્યાય (૨) અવિરોધ અધ્યાય (૩) સાધન અધ્યાય (૪) ફલ અધ્યાય. આ ચારે અધ્યાયોનાં પોતપોતાનાં 'પાદ' – પેટા વિભાગો છે, જેમાં અધિકરણોનાં જૂથમાં સૂત્રો પ્રસ્તુત થયાં છે. અધ્યાયોના વિષયો જોઈએ તો – સમન્વય અધ્યાયમાં – ઉપનિષદ ગ્રંથોમાં પ્રતિપાદિત બ્રહ્મ જે અંતિમ સત્ય છે, તેની સમન્વય કરી રજૂઆત થઈ છે. અવિરોધ

અધ્યાયમાં તર્ક ને આધારે સૂત્રકારે સાંખ્ય, વૈશેષિક, બૌદ્ધ, જૈન, પાશુપત અને ભાગવત મતોનું ખંડન કરી અદ્વૈતની સ્થાપના કરી છે. સાધન અધ્યાયમાં જ્ઞાનનાં સાધનોની ચર્ચા છે. વળી, સગુણ બ્રહ્મને લગતાં વાક્યો અપરાવિદ્યા સંદર્ભે છે, તે દર્શાવ્યું છે. તો ફલાધ્યાયમાં જ્ઞાનને આધારે મોક્ષનું પ્રતિપાદન કર્યું છે. સૂત્રકાલ બાદ ઈ. સ. ૪૦૦માં શબરસ્વામીએ શાબારભાષ્ય લખ્યું તેમાં જૈમિની, બાદરાયણ, બાદરિ, આશમ્યરથ્ય, આત્રેય, ઔડુલોમિ વગેરે આચાર્યોનાં પણ ઉલ્લેખો મળે છે. આરંભમાં બંને મીમાંસાઓનું એક જ ભાષ્ય હતું. પરંતુ શંકરાચાર્યે તેમનાં ભાષ્યનાં પ્રથમ અધ્યાયના ચોથા સૂત્ર ઉપરના ભાષ્યમાં સ્પષ્ટ કર્યુ છે કે કર્મમીમાંસા એ અથાતો ધર્મમીમાંસા થી આરંભાય છે. અને જ્ઞાનમીમાંસા અર્થાત્ ઉત્તરમીમાંસા અથાતો બ્રહ્મમીમાંસા થી આરંભાય છે. આમ કર્મ અને અને જ્ઞાન માર્ગને અલગ પાડ્યાં છે. બ્રહ્મસૂત્રો ઉપર વિવિધ આચાર્યોએ પોતાનાં આગવાં દૃષ્ટિકોણને આધારે ભાષ્ય રચ્યાં છે. જેને લીધે વેદાંત દર્શન ઘણું વ્યાપક બન્યું અને વિકસ્યું. તેની વિશેષતા વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા સમી છે. સર્વ શાખાઓનો મૂળભૂત પાયો વેદાંત છે, પણ વિવિધ આચાર્યોની પોતપોતાની વિચારસરણીને આધારે વિવિધતા આકારીત થઈ છે.

| ક્રમ | કર્તા | ભાષ્ય | વિચારધારા | સમય |
|---|---|---|---|---|
| ૧. | શંકરાચાર્ય | શારીરિક ભાષ્ય | કેવલાદ્વૈત | ઈ. સ. ૭૮૮થી ૮૨૦ |
| ૨. | ભાસ્કર ભટ્ટ | ભાસ્કર ભાષ્ય | ભેદાભેદ | ઈ. સ. ૧૦૦૦ |
| ૩. | રામાનુજાચાર્ય | શ્રી ભાષ્ય | વિશિષ્ટાદ્વૈત | ઈ. સ. ૧૧૪૦ |
| ૪. | મધ્વાચાર્ય | પૂર્ણપ્રજ્ઞ ભાષ્ય | દ્વૈત | ઈ. સ. ૧૨૩૮ |
| ૫. | નિમ્બાર્ક | વેદાન્તપારિજાત | દ્વૈતદ્વૈતા | ઈ. સ. ૧૨૫૦ |
| ૬. | શ્રીકંઠ | શૈવ ભાષ્ય | શૈવવિશિષ્ટાદ્વૈત | ઈ. સ. ૧૨૭૦ |
| ૭. | શ્રીપતિ | શ્રીકરભાષ્ય | વીરશૈવવિશિષ્ટાદ્વૈત | ઈ. સ. ૧૪૦૦ |
| ૮. | વલ્લભાચાર્ય | અણુ ભાષ્ય | શુદ્ધાદ્વૈત | ઈ. સ. ૧૪૭૯-૧૫૪૪ |
| ૯. | વિજ્ઞાનભિક્ષુ | વિજ્ઞાનામૃત | અવિભાગાદ્વૈત | ઈ. સ. ૧૬૦૦ |
| ૧૦. | બલદેવ | ગોવિંદ ભાષ્ય | અચિંત્ય ભેદાભેદ | ઈ. સ. ૧૭૨૫ |

*(ઉદ્ધૃત – શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન – સ્વ. સી. વિ. રાવલ)*

આમ જોઈ શકાય છે કે અન્ય દર્શનોની સરખામણીમાં વેદાંત દર્શન ખૂબ જ વિકસ્યું, અને પ્રચાર પામ્યું. એ બાબત નોંધનીય છે કે, પ્રાચીન સમયમાં પણ દર્શનની ઘણી સૂક્ષ્મ ચર્ચાઓ જ નહીં, પરંતુ છણાવટો પણ થઈ જેણે કારણે વેદાંત દર્શનની અનેક શાખાઓ વિસ્તરી.

વેદાંત દર્શનની શાસ્ત્ર તરીકે છણાવટ કરવા તેનાં અનુબંધ ચતુષ્ટયને પ્રસ્તુત કરવાં પડે. અધિકારી, વિષય, પ્રયોજન અને સંબંધ – આ ચાર અંગો સૂક્ષ્મતાથી ઉપનિષદ્ ગ્રંથોમાં પ્રસ્તુત થયાં છે, જે વેદાંત દર્શનનું સ્વરૂપ આકારીત કરે છે.

(૧) અધિકારી – વેદાંત દર્શનના અભ્યાસી થવા માટે પૂર્વશરતો આવશ્યકની ગણાય. અહીં ફક્ત અભ્યાસ ખાતર જ અભ્યાસની વાત નથી, પરંતુ જે વ્યક્તિમાં પરમ સત્ય પામવાની જિજ્ઞાસા છે, બ્રહ્મવિદ્યાની અનુભૂતિની ખેવના છે, તે અભિપ્સા વેદાંત દર્શનના અધિકાર અંગેની પૂર્વ શરત છે. તે માટે શુદ્ધ અંતઃકરણ હોવું જરૂરી છે. જ્યાં સુધી ભોગ વિલાસ પામવાની વૃત્તિ છે, ત્યાં સુધી વેદાંત દર્શન તરફની અભિરુચિ સ્થાન નથી લેતી (तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा... केनोपनिषत् ४-८ श्रेयो हि धीरोऽभि प्रेयसो वृणीते प्रेयोमन्दो योगक्षेमक्षेमात वृणीते ।। कठोपनिषत् २-२, तपसा ब्रह्मचर्येण श्रद्धाया... प्रश्नोपनिषत् १-२, स तत्र तपसा ब्रह्मचर्येण श्रद्धया सम्पन्नो महिमानमनुभवति । ५-३, प्रश्नोपनिषत् ।) સાધકની પરમ સત્યને પામવાની અદમ્ય તત્પરતા તેને યથાર્થ રીતે બનાવે છે. બૃહદાણ્યક ઉપનિષદ્‌માં પ્રસ્તુત મૈત્રેયીનું પાત્ર તત્પર સાધકનું પ્રતિનિધિત્વ કરે છે. (येनाहं नामृता स्यां किमहं तेन कुर्या... । बृहदारण्यक उपनिषत् ४-३) આ સંદર્ભે કઠોપનિષદ્ કંઈક વિશેષ જણાવે છે. પરમ સત્યને સાધક સત્યને પામવા ઇચ્છે છે, પરંતુ તે પરમ સત્ય દ્વારા 'વરણ' કરાય તો જ તેને પામી શકે છે. नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेना लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् - मुण्डकोपनिषत् ३-२-३, कठोपनिषत् २३)

(૨) વિષય – બ્રહ્મ, જીવ અને જગત – આ ત્રણ વેદાંત દર્શનનાં મુખ્ય વિષયો છે. પરંતુ વેદાંત દર્શન પૂર્ણ જીવનનું આગ્રહી છે. જગતમાં રહીને આત્મકલ્યાણ કરવાની વાત પ્રસ્તુત કરે છે. સંસારમાં રહીને સાંસારિક અલિપ્તતાની વાત કરે છે. વ્યાવહારિક જગતને તે ઉવેખતું નથી. વેદાંત દર્શનને આત્મસાત્ આવશ્યક નૈતિક જીવનનો વ્યવહાર રજૂ કરે છે, જેને સ્હેજે ગૌણ ના ગણી શકાય. અને એ રીતે વેદાંત દર્શનના વિષયને પારમાર્થિક અને વ્યાવહારિક એમ બે સ્તરમાં વહેંચી શકાય.

પારમાર્થિક વિષય – વેદાંત દર્શન અનુસાર સત્-ચિત્-આનંદ સ્વરૂપ 'બ્રહ્મ' પરમ સત્ય છે. જે એકમાત્ર સત્ય છે. બ્રહ્મ શિવાય અન્ય કોઈની સ્વતંત્ર સત્તા નથી. (ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् । मुण्डकोपनिषत् २-२-११ ब्रह्मैवैकं परमार्थसत्यमिति वेदानुशासनम्-

શાંકરભાષ્ય) દશ્યમાન જગત બ્રહ્મમાં ઉત્પન્ન થાય છે, બ્રહ્મમાં ટકે છે, અને બ્રહ્મમાં લય પામે છે. (यतो वा इमानि भूतानि जायन्ते । जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंभिसंविशन्ति । तद्विजिज्ञासस्व । तद्ब्रह्मेति । - तैतिरीयोपनिषत् ३-१) બ્રહ્મ જગતની ઉત્પત્તિનું ઉપાદાન તેમજ નિમિત્ત કારણ છે. (यथार्णनाभिः सृजते गृहणते... तथाऽक्षरात्संभवतीह विश्वम् । मुण्डकोपनिषत् ५-७, स यथोर्णनाभिस्तन्तुनोच्चरेद्यथाग्नेः क्षुद्रा विस्फुलिइगा व्युच्चन्ति... । बृहदारण्यक उपनिषत् १-२०) વેદાંત દર્શન બ્રહ્મના સગુણ તેમજ નિર્ગુણ પાસાંને દર્શાવે છે. (सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः ...छान्दोग्य उपनिषत् १४-४, दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः । अप्राणो ह्यमनाः शुभो ह्यक्षरात्परतः परः ।। -मुण्डकोषनिषत् २-१-२) બ્રહ્મની અદ્વૈત સત્તાનું પ્રસ્થાપન એ વેદાંત દર્શનનો મુખ્ય વિષય છે. જીવ એ પારમાર્થિક દષ્ટિએ બ્રહ્મ જ છે, પરંતુ અવિદ્યાગ્રસ્ત હોઈ ચૈતન્ય 'જીવ' તરીકે સ્થાન લે છે. તે પંચકોષથી આવરીત છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ. જીવની ચાર અવસ્થાઓ છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત અને તુરીય. આ જ ચૈતન્ય અંતર્યામી છે. તે જ સર્વનું ઉત્પત્તિ સ્થાન છે. (एष सर्वेश्वर एष सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः सर्वस्य प्रभावाप्ययौ हि भूतानाम् छान्दोग्य उपनिषत्-६)

(૨) વ્યાવહારિક વિષય – પરમ સત્યની અનુભૂતિ માટે વેદાંત દર્શન અનુસાર શ્રેયની કામના મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માનવ જીવનને ઉદાત્ત બનાવનારાં મૂલ્યોને વેદાંત દર્શન મહત્ત્વ આપે છે. કઠોપનિષદ્ સ્પષ્ટ રીતે શ્રેય અને પ્રેય વચ્ચે પસંદગીને પ્રસ્તુત કરતાં જણાવે છે કે આત્મકલ્યાણને પામવા ઇચ્છતી વ્યક્તિ શ્રેયના માર્ગની પસંદગી કરે છે. વ્યક્તિ અને સમાજ એમ બેઉના ઉત્કર્ષને તેમાં સ્થાન મળ્યું છે. નિષ્કામ કર્મ, દયા, દાન, ઇંદ્રિયોનો સંયમ વગેરે મૂલ્યોને પ્રધાનતા આપે છે. માનવજીવનને અંતે કરેલા કર્મો ને યાદ કરતાં જીવ પ્રસ્થાન કરે, તે ઘણું સૂચક છે. વેદાંત દર્શન શુષ્ક તત્ત્વજ્ઞાન જ પ્રસ્તુત નથી કરતું, પરંતુ માનવ અને સમાજને ઉદાત બનાવનારાં નીતિવિષયક મૂલ્યો પણ રજૂ કરે છે. ઇશોપનિષદ્ કર્મમાંથી પલાયન ના થવા સ્પષ્ટ કહે છે. પલાયનવાદ એ પરમ નિંદનીય છે, જે 'અસૂર્ય માર્ગ' છે. (असूर्या नाम ते लोका... ईशोपनिषद्-३) વ્યક્તિ જ નહીં પરંતુ સમગ્ર સમાજના હિત ને પ્રસ્તુત કરતાં પ્રથમ મંત્રીથી પૂજ્ય ગાંધીજી ખૂબ જ અભિભૂત થયાં હતાં.

(૩) પ્રયોજન – ભારતનો આધ્યાત્મિક દષ્ટિકોણ માનવજીવનને પ્રયોજનલક્ષી ગણે છે, જે માનવને પ્રાણીઓની કક્ષાથી ભિન્ન પાડે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – આ ચાર પ્રયોજનો પૈકી મોક્ષ એ માનવજીવનનું અંતિમ પ્રયોજન છે. ઉપનિષદ્ ગ્રંથો તેને માટે 'અમૃત' પદ પ્રયોજે છે. બ્રહ્મને જાણનાર બ્રહ્મ બને છે, તે વેદાંતદર્શનનો સિંહનાદ છે. (ब्रह्म वेद ब्रह्मैव भवति... तरति शोकं तरति पाप्मानं गुहाग्रन्थिभ्यो विमुक्तोऽमृतो भवति । मुण्डकोपनिषत्-३-३-९) અવિદ્યાના નાશ દ્વારા વિદ્યાની પ્રાપ્તિ – અમૃતની પ્રાપ્તિ તે વેદાંતદર્શનનું પ્રયોજન છે. (अविद्यया मृत्युं तीर्त्वा विद्याऽमृतमश्नुते ।। ईशोपषिद्-११)

(૪) સંબંધ – બ્રહ્મની અદ્વૈત સત્તાનું સ્થાપન એ વેદાંતદર્શનનો પ્રતિપાદ્ય વિષય છે. ઉપનિષદ્ ગ્રંથો કે વેદાંતદર્શન તેનું પ્રતિપાદન કરે છે. આમ પ્રતિપાદ્ય અને પ્રતિપાદકનો સંબંધ છે.

ઉપનિષદ્ ગ્રંથોના અર્ક સમા બ્રહ્મસૂત્ર સ્વરૂપે વેદાંતદર્શન વ્યવસ્થિત દર્શન તરીકે આકારીત થયું, જેની ઉપર વિવિધ આચાર્યોએ પોતાનાં આગવાં ચિંતનને ભાષ્યબદ્ધ કરી પ્રસ્તુત કર્યું. પરિણામે વેદાંતદર્શન વિવિધ શાખાઓ સ્વરૂપે વિસ્તર્યું. પરમ તત્ત્વ બ્રહ્મ અને જીવના સંબંધ સંદર્ભે, જગતની સત્યતા અંગે અને માયા સંદર્ભે આચાર્યોમાં મતમતાંતરો પ્રવર્ત્યા, જેને પરિણામે વેદાંતદર્શનની વિવિધ શાખાઓ અસ્તિત્વમાં આવી. શંકરાચાર્ય જ્ઞાનમાર્ગનાં પુરસ્કર્તા હતાં, જેમણે કેવલાદ્વૈત વેદાંત પ્રસ્થાપિત કર્યું. તો રામાનુજાચાર્યે વિશિષ્ટા દ્વૈત વેદાંતની પરિપાટી પ્રસ્તુત કરી. મધ્વાચાર્યે દ્વૈતવાદ પ્રસ્તુત કર્યો. બળદેવે અચિંત્ય ભેદાભેદ તો વલ્લભાચાર્યે શુદ્ધાદ્વૈત મત રજૂ કર્યો. એ નોંધનીય છે કે, શંકરાચાર્ય શિવાય અન્ય આચાર્યોએ ભક્તિમાર્ગ અનુસાર પોતપોતાનું આગવું ચિંતન રજૂ કર્યું. આમ વેદાંતદર્શન અન્ય દર્શાનો કરતાં વધુ ને વધુ વ્યાપક અને પ્રસિદ્ધ થતું ગયું, અને વૈશ્વિક સ્તરે આજે પણ દર્શન તરીકે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ખરે જ! વેદાંતદર્શન ભારતીય આધ્યાત્મિકતાને પ્રસ્તુત કરતું પ્રધાન દર્શન છે, જે પ્રાચીન સમયથી ભારતના જ નહીં પરંતુ પાશ્ચાત્ય ચિંતકોને પણ પ્રભાવિત કરતું રહ્યું છે. પ્લેટો, દેકાર્ત, બર્કલી, કાન્ટ, હેગલ, બ્રેડલી, શોપનહોવરથી માંડીને આધુનિક સમયના પ્રસિદ્ધ વિચારકો ઉપર તેનો પ્રભાવ છવાએલી રહ્યો છે. જર્મન ચિંતક શોપનહોવરે ઉપનિષદ્ ગ્રંથોથી અભિભૂત થઈ તે ગ્રંથોને જીવન તેમ જ મૃત્યુમાં પણ અશ્વાસનસમાં ગણ્યાં હતાં!

વેદાંતદર્શન વ્યક્તિનિષ્ઠ જ નહીં પરંતુ સમષ્ટિનિષ્ઠ ઉદાત્તિકરણની તક પૂરી પાડે છે. સાંપ્રત સમયમાં જ્યારે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વૈર, કપટ, ઈર્ષા ડગલે ને પગલે સ્થાન લઈ રહ્યાં છે. તેમજ સામાજિક સ્તરે જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે દેશો વચ્ચે પણ યુદ્ધોની ભૂમિકાઓ રચાઈ રહી છે, ત્યારે વેદાંતદર્શનની વિચારધારા અનુસાર થોડું પણ અનુસરણ કરવામાં આવે. તો થોડે અંશે પણ વિશ્વ શાંતિ પ્રવર્તી શકે. એક જ તત્ત્વમાંથી સર્વ પ્રાદુર્ભૂત થયું છે, તેમાં વાસી રહ્યું છે, અને તેમાં જ લય પામવાનું છે, તો 'આ મારું', 'આ તારું'ના વ્યર્થ કંકાસો – વિશ્વ યુદ્ધના ભણકારાઓ શા ખપનાં? ખરે જ! વેદાંતદર્શન એક માત્ર સાર્વત્રિક દર્શન બની ઘણાં બધાં પ્રશ્નોનું નિવારણ કરવા વૈશ્વિક સ્તરે સક્ષમ છે, તે કહેવું અતિશયોક્તિ નહીં કહેવાય!

**સંદર્ભ ગ્રંથો**


*(૧) ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા (ખંડ-૩ : દર્શનયુગ) - અનુવાદક - ડૉ. ઇંદુકલા ઝવેરી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૬૪.*

*(૨) સર્વદર્શનસંગ્રહ : ભાગ-૧, (સંપાદન) – ડૉ. એસ્તેર સોલોમન – સંસ્કૃત સાહિત્ય અકાદમી અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૪.*

*(૩) હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ – નર્મદાશંકર દેવશંકર મહેતા (સંપાદન) એસ્તેર સોલોમન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, આવૃત્તિ-૨. ૧૯૬૨.*

*(૪) શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન – પ્રા. સી. વી. રાવળ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૪.*

*(૫) श्रीशंकराचार्यग्रंथावली – प्रथमो भागः – ईशादिदशोपनिषदः – मोतीलाल बनारसीदास – दिल्ली-१९६४.*

*(૬) The cultural Heritage of India, Vol. 3, (ed) Haridas Bhattacharyya, The Ramakrishna Mission, Institute of Culture, Calcutta-Reprint-2006.*


◆ ◆ ◆

# જગદ્‌ગુરુ શંકરાચાર્યનું દાર્શનિક પ્રદાન


**ડૉ. મુકુન્દ કોટેચા**

*તત્ત્વજ્ઞાનના નિવૃત્ત અધ્યાપક. વર્ષો સુધી સુરેન્દ્રનગરની અને અન્ય શહેરોની સરકારી કૉલેજોમાં અધ્યાપનકાર્ય કર્યું હતું. તત્ત્વજ્ઞાન વિષયમાં ઉત્ખનન થતું રહે અને એમાં એ વિષયના યુવા પેઢીના અધ્યાપકો સામેલ થાય એ ઈરાદે તત્ત્વજ્ઞાન વિકાસ વર્તુળની સ્થાપના કરી નામક સમાયિક દ્વારા ઘણા લેખો પ્રકાશિત કરતા રહ્યા. એમના લેખો અને પુસ્તકોની સંખ્યા ઘણી મોટી છે.*


**હિ**ન્દીના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ – ના લેખક શ્રી ન. દે. મહેતા લખે છે.

''શ્રી શંકરાચાર્યે પ્રસ્થાનત્રયીમાંથી તાત્પર્ય નિર્ણયરૂપે જે દર્શન રચના કરી છે તે શ્રુતિવાક્ય ઉપર અવલંબે છે, તો પણ તેની કસોટી તર્ક અને અનુભવથી થઈ શકે તેવી છે. શાંકરદર્શન કંઈ માત્ર ભારતીય વેદધર્મ અનુસરનાર માટે જ નથી. આ દર્શનનું સત્ય સર્વદેશ-કાલમાં અબાધિત રહે તેવું છે. તેના આ વ્યાપક સ્વરૂપને લઈને શાંકરદર્શન એક તત્ત્વદર્શન બન્યું છે; કેવળ ધર્મ સંપ્રદાયનો મર્યાદિત સિદ્ધાન્ત નથી. અને આ જ કારણથી આ દર્શનના દ્રષ્ટા ઋષિને જે ''જગદ્‌ગુરુના પદની પ્રાપ્તિ થઈ છે તે સર્વથા સત્ય એટલે ઉચિત છે.''

આ સંદર્ભમાં અને સમર્થનમાં સ્વયં શંકરાચાર્યના શબ્દોનો આધાર મળી રહે છે. અતિ નમ્રભાવે તેઓ કહે છે, જે સિદ્ધાંન્તોનું પોતે નિરૂપણ કરે છે તે વેદ અને ઉપનિષદમાં પ્રથમથી જ જોવા મળતા સિદ્ધાન્તો જ છે. તેમની આ નિખાલસ કબુલાત છે. આમ છતાં એ ખરું છે કે શંકરાચાર્યના સમય સુધીનું શ્રુતિ સાહિત્ય સૂત્રાત્મક હતું પણ સળંગ સૂત્ર કે સૂત્રબદ્ધ ન હતું. વેરણ છેરણ, વૈવિધ્ય સભર અને વિપુલ હતું. સાથે સાથે વિરોધાભાસી પણ હતું. જેમ કિંમતી મોતી વેરાયેલા હોય તેને એક ધાગામાં પરોવવાથી આભૂષણરૂપ માળા બનાવવાનું કસબી કામ આગવી કલા દષ્ટિની અપેક્ષા રાખે છે. અને મોતીનો યોગ્ય ઉપયોગ શક્ય બને છે. તેમ દર્શન સૂત્રબદ્ધ હોય તો માર્ગદર્શક બની શકે. શંકરાચાર્ય ઉત્તમકક્ષાના ભાષ્યકાર હોવા સાથે મૌલિક સત્ય શોધક અને સાધક પણ છે. કેવલાદ્વૈતના મહત્ત્વના સિદ્ધાન્તના સાક્ષાત્કારી પ્રસ્થાપક અને પ્રવર્તક તરીકેનું તેમનું સ્થાન અપ્રતિમ રહ્યું છે.

જ્યાં સુધી ઉપનિષદોને સંબંધ છે ત્યાં સુધી તો એમ કહેવું પડશે કે શંકરનો મત તેના હાર્દને પ્રસ્તુત કરે છે. ઉપનિષદોનો હેતુ સૃષ્ટિક્રમના વર્ણનનો છે જ નહીં તે તો સર્વ વસ્તુના મૂળમાં રહેલા

બ્રહ્મનું જ પ્રતિપાદન કરવા માગે છે. આથી શંકર ભારપૂર્વક ઉપનિષદોની વ્યાખ્યા એક જ સુસંગત પદ્ધતિથી કરવાનો પ્રયત્ન કરે છે. તેમના મતે ઉપનિષદોમાંથી આપણને જે બ્રહ્મજ્ઞાન મળે છે તે એક સરખું તથા વિરોધરહિત છે. અબાધિત છે. અહીં જે વિધાનો એકબીજાથી જુદા પડે છે તેનો સાંદર્ભિક અર્થ સ્પષ્ટ કરી શંકર તેમાં એકવાક્યતા સ્થાપવાનો પ્રયત્ન કરે છે.

આપણા સ્વદેશી વિદ્વાનો-મનિષિઓ જેવા કે મહર્ષિ અરવિંદ, ડૉ. રાધાકૃષ્ણન, શ્રી એસ.એન. દાસગુપ્તા ઉપરાંત વિદેશી અભ્યાસીઓ જેવા કે મેક્સમૂલર, ડોયસન જેકોબી, એ. બી. કીથ વગેરે એક જ સૂરમાં બોલે છે હું ઉપનિષદો મુખ્યત્વે બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. આ બ્રહ્મ એ જ સર્વનું મૂળ છે. આદિ સ્ત્રોત છે. વિધાત્મા છે. જે સત્ છે તેનું જ આકલન કરવું તેની જ શોધ કરવી એ જ ઉપનિષદોનો કેન્દ્રવર્તી વિષય રહ્યો છે. ઉપનિષદોનું શિક્ષણ મુખ્યતઃ એકતત્ત્વવાદી કે અદ્વૈતવાદી છે.

## શંકરાચાર્યની વિશેષતા :

ઉપનિષદો પરમસત્‌ના સ્વરૂપની બાબતમાં નિર્ગુણ તથા સગુણ એમ બે પ્રકારના પરસ્પર વિરોધી વર્ણનો જોવા મળે છે. શંકર તેમાં પરાવિદ્યા અને અપરાવિદ્યાના ભેદ દ્વારા સમન્વય સ્થાપે છે. મુક્તાત્માની દૃષ્ટિએ બ્રહ્મ નિર્ગુણ છે. જ્યારે સંસારના બંધનમાં સીમિત દૃષ્ટિવાળા માટે સગુણ છે.

માયાનો સિદ્ધાન્ત બધા ઉપનિષદમાં એક સમાન અર્થ સાથે જોવા નથી મળતો. આવી માયાનો સિદ્ધાન્ત ઉપનિષદોના મતનો શંકર દ્વારા કુશાગ્ર બુદ્ધિથી કરવામાં આવેલો વિકાસ ગણી શકાય. બ્રહ્મદારણ્યક ઉપનિષદની આજે પણ કરાતી પ્રાર્થના કે જેમાં 'અસત્'માંથી સત્ તરફ તથા અંધકારમાંથી તે જ તરફ લઈ જવાની વાત છે, તે માયાના સિદ્ધાન્તનું જ આડકતરું સૂચન છે. એ જ રીતે કઠ, પ્રશ્ન, છાંદોન્ય વગેરે ઉપનિષદોમાં માયાનો નિર્દેશ થયેલો છે. શ્વેતાશ્વેતરમાં માયાને પ્રકૃતિ અને માયિનને મહેશ્વર તરીકે ઓળખાવાયા છે. કઠોપનિષદ સ્પષ્ટ રીતે અવિદ્યા દૂર થતાં બ્રહ્મજ્ઞાન ઉપલબ્ધ થતું જણાવે છે. આ અવિદ્યાનો ખ્યાલ શંકર માટે માયાના પર્યાય સમાન બની જાય છે. અલબત્ત શાંકર દર્શન સાદ્યંત રીતે બ્રહ્મવાદી દર્શન છે. આમ છતાં માયા દૃષ્ટિને છોડીને નહીં શકનારા, બ્રહ્માત્ય ઐક્યની અદ્વૈત ભૂમિકા સુધી પહોંચવા માટે જે અહ્મ-મમની આહુતિ આપવી પડે છે તે નહીં આપી શકનારા શંકરને માયાવાદી કહી ભાંડે છે. ગમે તેટલા મહાન તત્ત્વના તત્ત્વજ્ઞ – દાર્શનિક કે મહાત્મા હોય તેનું જીવનદર્શન આખરે અભિવ્યક્તિનો વિષય બને ત્યારે તેના માનવીય પરિસરથી પ્રભાવિત હોય છે. તેની મહત્તા પ્રભાવિત થવા કરતાં પ્રભાવિત કરવામાં સમાયેલી છે.

## ૧. તત્કાલીન ભારતની સ્થિતિ :

ઇતિહાસ દશકાઓની નહીં સૈકાઓની ભાષા બોલે છે. કમનસીબે ઇસવીસન આધારે કરાતી વાતનું આજે વજન પડે છે. તેથી જ લોકમાનસ ભ્રમવાદી બની ગયું છે. ઈ. સ. ૩૨૦ થી ૫૦૦નો સમય એટલે ચંદ્રગુપ્તવંશને સામ્રાજ્યનો સમય કૌટિલ્ય મહાનનો સમય એ ભારતનો સુવર્ણયુગ હતો. તે દરમિયાન હિંદુ ધર્મ એની કીર્તિ અને સત્તાના શિખરે હતો. એ ગુપ્ત સામ્રાજ્યની પડતી થતાં. હૂણ આક્રમણ પછીનો સમય પનોતીનો શરૂ થયો. દેશ-રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક નૈતિક અંધાધૂધીમાં ધકેલાયો હતો. છઠ્ઠી-સાતમી સદીમાં દેશ મત-મતાંતરોની રણભૂમિ બની ગયો હતો. શૂન્યવાદ અનેકાન્તવાદ, તાંત્રિક વામમાર્ગી સાધના-અઘોર પંથે - જાદુટોના વહેમ અંધશ્રદ્ધા પશુબલિ જેવા અધમ કૃત્યો ધર્મને નામે દેશને રહેંસી રહ્યા હતા મહાસંકટના સમયમાં વૈદિક ધર્મ કોઈ ઉદ્ધારકને ઝંખી રહ્યો હતો. વૈદિક સાહિતય જૂનું-નવું, અસલી-નકલી ઢગલા બંધ અસ્તિત્વમાં આવી ચૂક્યું હતું પણ તેમાં સૂકા સાથે લીલું બળે તેમ વાણી વિલાસના અતિરેકને લીધે પોતાનો પ્રભાવ ગુમાવી બેઠું હતું. આત્મા અમર છે એવો ઉપદેશ કરનાર મોતથી વધુમાં વધુ ડરતા હતા. સર્વ બ્રહ્મસ્વરૂપના મંત્રો રટવાવાળા ઉચ્ચનીચના – સ્ત્રીપુરુષના અને છૂઆછૂતના ભેદથી પીડાતા હતા.

જે શિષ્ટ, સંસ્કારી, સદાચારી અલ્પસંખ્યા હતી તેઓમાં મૂળભૂત એકતાના સ્થાને વાડાબંધી અને કટ્ટર સાંપ્રદાયિકતાનું ગ્રહણ લાગેલું હતું. બૌદ્ધો-રાજ્યાશ્રય લઈ વર્ચસ્વ જમાવવા મથતા હતા તો સ્થૂળ અહિંસાવૃત્તિએ સૈન્યબળના શૌર્યને આઘાત પહોંચાડ્યો. જૈનોના અનિકિવત અનેકાન્તવાદી વલણે સત્યની શોધને શિથિલ બનાવી અને હિન્દુધર્મના પોથી પાંડિત્યે વાદ-વિવાદમાં શક્તિ સમય અને સામર્થ્ય હરી લીધા. ભિક્ષુ-સાધુ અને અપરિપક્વ સન્યાસની વધી પડેલી જમાત પરોપજીવી બની બોજો વધારતી હતી તો સાચા-નિષ્ઠાવાન ત્યાગી-તપસ્વી-જ્ઞાની પ્રજ્ઞાની આ બધાથી મોં ફેરવી જનવિમુખ બનવા લાગ્યા હતા.

શંકરાચાર્યના જન્મ પહેલાના સૈકામાં જ્ઞાનની સાચી પ્રેરણા અને પ્રભાવ નામશેષ થયા હતા. વેદોનો આધાર લઈને અનેક સંપ્રદાયો ઊભા થયા હતા. તેઓએ લોકોમાં શ્રદ્ધાની કટોકટી સર્જી હતી. ગુમરાહ સમાજ ન સાચા અર્થનો આસ્તિકતાનું આત્મબળ અનુભવી શકતો હતો ન નાસ્તિકતાનું ખમીર કે ખુમારી.

આ બધાં વમળ અને વહેણો વચ્ચે શંકરાચાર્ય એક દાર્શનિક અને સિદ્ધ સન્યાસી તરીકે ધર્મયોદ્ધાના રૂપે પ્રગટ્યા. તેમના પ્રદાનને તથ્ય અને સત્ય બન્ને દૃષ્ટિથી મૂલવી શકાય. વ્યવહાર અને પરમાર્થ વેદોન્તની બન્ને ભૂમિકા વડે પ્રમાણી શકાય.

પ્રથમ વ્યવહારુ સ્થૂળ દૃષ્ટિથી જોતાં જાતે સર્વોચ્ચ અદ્વૈતના મૂર્તિમંત પુરસ્કરતા હોવા છતાં શિવ, વિષ્ણુ શક્તિની ભક્તિનું હૃદય પૂર્વક પ્રતિપાદન કરી શકતા હતા. પ્રખર તર્કશાસ્ત્રી જેટલા જે પ્રબુદ્ધ કવિ હતા. તેમના દર્શન તેમ જ દાર્શનિક સ્તોત્રોએ સમકાલીન તેમજ સર્વકાલીન જ્ઞાન-ભક્તિ કર્મ અને યોગ માર્ગ ઉપર ચિરંતન ઊંડી છાપ પાડી છે.

**શંકરાચાર્યની ખરી ઓળખ :**

સત્ય હંમેશ અલ્પોક્તિ અને અતિશયોક્તિની મોં ફેરવી લેતું હોય છે. આમ તો માનવ સ્વભાવ સર્વત્ર એક સરખો જ છે છતાં મહાન વ્યક્તિ વિભૂતિઓની બાબતમાં ભારતમાં સત્ય વિષેનું આ સત્ય નજર અંદાજ થતું રહ્યું છે. ખાસ કરી પુરાણ સાહિત્ય જે હિન્દુધર્મનું લોકભોગ્ય વાહક માધ્યમ બન્યું છે. છે એટલે લખું છું આજનો હિન્દુ ધર્મ શ્રુતિયુગનો જેમ નથી, આચાર્ય કે સંતયુગનો નથી તે પ્રધાનપણે પુરાણયુગનો છે. પૌરાણિક છે. તેમાંની કલ્પના કથા ગમે તેટલા ઉદાત્ત હેતુવાળી હતી છતાં વાસ્તવ (તથ્ય) અને નગદ-પ્રામાણિક સત્યથી જોજન દૂર લઈ જનારી છે.

શંકરાચાર્યને અતિમાનવ ગણાવવા તેને સાક્ષાત્ શિવના અવતાર બનાવી દેવાયા. અરે! ત્યાં સુધી ગૌતમ બુદ્ધ વિષ્ણુના જ અવતાર મનાયા. આમ કરવાથી કદાચ તેમના પ્રત્યે પૂજ્યભાવ-શ્રદ્ધાભક્તિ અને ઉપદેશ આકર્ષણ વધતા હશે પરંતુ માનવીય ગૌરવ ઝાંખુ પડે છે. ઈશ્વરદત્ત સામાન્ય બુદ્ધિ પણ અકારણ રુંધાવા લાગે છે. અહીં ચમત્કારની બોલબાલા વધી પડે છે. સાહસ તો દૂર શ્રમ અને સ્વાશ્રય લોપ પામે છે. જે કંઈ ધર્મના નામે ચડ્યું તે શાસ્ત્ર, ગુરુ કે બાબા માન્યતાના મુખિયા બની જાય છે. જાનો નહિ માનોનું વલણ હોઈએ તેનાથી વધુ પછાત બનાવી દે છે.

આપણે જો માનવ્યનું ગૌરવ વધારનારી વિવેકબુદ્ધના પ્રકાશમાં શંકરાચાર્યના જીવન અને કવન નિહાળીશું, તો તેમાં વ્યક્ત થતી ભવ્યતા અને દિવ્યતા બન્ને જોઈ શકીશું.

આધુનિક લેખનશૈલીને માન આપીને મારે જો લખવા-કહેવાનું હોય તો હું ''શંકરાચાર્ય મારી દૃષ્ટિએ'' એનું શીર્ષક આપવાનું પસંદ કરું. તેમનું ખરું પ્રદાન એ દર્શાવવામાં રહેલું છે – આપણે દેહભાવે પામર હોવા છતાં આત્મભાવે પરમ છીએ.

આદિગુરુ શંકરનો જન્મ કેરળ પ્રાન્ત કાલડી ગામ નામુદ્રિયાદ બ્રાહ્મણકુળ પિતા શિવગુરુ અને માતા અંબિકાને ત્યાં ઈ.સ. ........માં થયો હતો. પિતા વેદપાઠી–વેદજ્ઞ હતા તેથી ઘણી જ નાની વયમાં શંકર પણ મેધાવી બાળક હોવાથી વેદપારંગત બની ગયા હોય તે વિરલ છતાં બુદ્ધિગમ્ય ઘટના છે. જહોન સ્ટુઅર્ટ મિલ પશ્ચિમનું દૃષ્ટાન્ત અને સમકાલીન મનોવૈજ્ઞાનિક સિદ્ધાન્ત આપણને આ હકીકત સ્વીકારવા માટે સમર્થન આપે છે.

પણ સંન્યાસ દીક્ષા ઇચ્છતા શંકર પોતાની વિધવા માતાને મગર જેવા પ્રાણી દ્વારા 'ઇમોશનલી બ્લેક મેઇલ' કરાવે તે ન માનીએ તો ચાલે.

કિશોર વયે સન્યાસ દીક્ષા મૂળ હિન્દુધર્મ પરંપરામાં અપવાદ ગણાય. તેને સમાન્તર કિસ્સા ખાસ જાણવા મળતા નથી. છતાં તેમનો પશવિદ્યાનો પ્રેય દૂર નર્મદા કાંઠે ગોવિંધ્યાચાર્યના આશ્રમ પ્રવેશ અર્થે દોરી જાય એ જેટલું સહજ લાગે છે એટલું જ તેમના ''આત્માષ્ટકી'' ઉત્તરના પ્રમાણ પત્ર બાબત સાચુ લાગે છે. ગુરુએ પૂછ્યું તું કોણ છે વત્સ! ત્યારે શંકરે નેતિ નેતિ વાળી વેદવાણી અને હું આત્મા છું શિવોહમ કહ્યું તે તેમના અધ્યાત્મવાદી પ્રદાન માટે પર્યાપ્ત ગણાય. પછીનું સમગ્ર જીવન કવન આ સ્તોત્રના વિસ્તાર સમુ બની જાય છે.

શ્રી શંકરાચાર્યની દાર્શનિક સાહિત્ય રચનાનો પરિચય અત્રે અપ્રસ્તુત છે. તેમાં રજૂ થયેલા સિદ્ધાન્તોનો અતિ અલ્પસાર આપી તેની મહત મહત્તા દર્શાવવી યોગ્ય ગણાશે.

**બ્રહ્મવાદી દર્શન :**

શંકરાચાર્ય હાડોહાડ બ્રહ્મવાદી છે. તે હકીકત અવગણી જે લોકો તેને માયાવાદી ચિતરવા પ્રયત્ન કરે છે તેઓ આત્મદ્રોહી જ પુરવાર થાય છે. ભગવદ્ ગીતાના ઉદ્ગાતા શ્રીકૃષ્ણ હોય કે આપણા જમાનાના જ્ઞાની ભક્ત ગંગાસતિ હોય અરે જે. કૃષ્ણમૂર્તિ પણ જેને સમજવું નથી તેને સમજાવવામાં ડહાપણ જોતા નથી.

શંકરાચાર્યનું ભાષ્યકાર તરીકેનું કાર્ય તેમના સમયની શૈલી અને શરત અનુસાર કરાયેલું છે. શ્રુતિ-તર્ક અને અનુભૂતિ દ્વારા એમ પુરવાર કરવાનું રહેતું કે તમામ દર્શન સૂત્રોમાં એકવાક્યતા છે. નિશ્ચિત સ્વરૂપનો બ્રહ્મવાદ જ વ્યક્ત થાય છે.

અલબત્ત શંકરાચાર્ય શ્રુતિ વાક્યોનું સ્વતંત્ર રીતે ચયન કરે છે. તર્કના તમામ વ્યવહારુ નિયમોનું પાલન કરે છે અને પ્રામાણિક અપરોક્ષાનુભૂતિ દ્વારા તેનું સમર્થન કરે છે. આ અનુભૂતિ માટે તેઓ આત્મવિચારની અદ્ભૂત પ્રક્રિયા અને પદ્ધતિ દર્શાવે છે.

અથાતો બ્રહ્મ જિજ્ઞાસા। સૂત્ર બ્રહ્મસૂત્ર ગંથનું પહેલું જ સૂત્ર છે. આ બ્રહ્મ એ પરમસત્યનો પર્યાય છે. શ્રુતિ ગ્રંથોમાં બ્રહ્મને અનિર્વચનીય ગણાવ્યા પછી તેના સાક્ષાત્કારી ઋષિઓએ સાંકેતિક વર્ણનો સૂત્રમાં રજૂ કર્યા છે. બ્રહ્મ એક અને માત્ર એક છે અદ્વિતીય છે કોઈક વાર તેને સત્યમ્ જ્ઞાનમ્ અનન્તમ્ તો અન્યત્ર સત્ ચિત્ આનન્દ સ્વરૂપ પણ કહ્યું છે તે નિત્ય, કૂટસ્થ અચલમ્ ધ્રુવમ છે.

બ્રહ્મ પરમતત્ત્વ જ નહીં પરમ સત્ય છે. અહીં ટૂંકી તત્ત્વચર્ચા ઉલ્લેખનીય છે. પાકવાત્ય ચિંતનમાં પ્લેટો અસ્તિત્વ અને સત્ય વચ્ચે ભેદ પાડી ભારતીય ઋષિથી અલગ મત રજૂ કરે છે. બ્રહ્મના પ્રથમ લક્ષણરૂપ સત્ સત્ય અસ્તિત્વરૂપ છે. જો સત્ય સમજાય તો અસ્તિત્વે પામય.

**વેદાન્તની અબાધિતતાની સત્ય વિષયક કસોટી**

**સત્ય એટલે શું?**

ડૉ. સુરેશ વકીલે સત્યની બાર પ્રકારે વ્યાખ્યાની શક્યતા નિર્દેશી છે અને વેદાન્તની અબાધિતતાની કસોટીને મહત્ત્વની માની છે. ડૉ. સુરેશની અટક વકીલ હતી. વ્યવસાય તરીકે વકીલાત કરતાં, શોખથી દર્શનસભા ચલાવતા તેથી વેદાન્ત માટેની તેમની દલીલો અને છેલ્લે આપેલો ચૂકાદો પ્રસ્તુત બનશે. પુસ્તક પ્રકરણ યાદી રસપ્રદ છે. સત્યના રૂપ અનેક, સામાન્ય-વૈજ્ઞાનિક-નૈતિક-સ્યાદવાદી ગાંધીયન અને છેલ્લે અદ્વૈતિક.

**સત્યની સંતાકૂકડી :**

જ્યાં સુધી આપણો રોજીંદો આ માયાવી વ્યવહાર આપણી અલ્પમતિને પડકારે નહીં ત્યાં સુધી 'રાજા રામ ને પ્રજા સુખી' ન્યાય પ્રવર્તતો દેખાય છે. તત્ત્વજ્ઞાનીઓ અળખામણા કેમ ભાગે છે? આ પ્રશ્ન મેગી નામના વિદ્વાને 'મેન ઑફ આઇડિયા' લખીને આપ્યો છે. તે લખે છે 'તત્ત્વચિંતક આપણા અજ્ઞાનને ખુલ્લુ પાડે છે. જે આપણા અહમ્‌ને પરવડતું નથી.'

જે વાત સમગ્ર માટે સાચી છે તે અહીં વિશેષ માટે વિશેષપણે સાચી છે. આ વિધાને જાણે કે અજાણે આપણને પડકારના પ્રદેશમાં ધક્કો માર્યો છે.

'સત્ય એટલે શું?' સવાલ જેટલો સહેલો છે જવાબ એટલો જ અઘરો છે. કારણ કે બધા જ નાના કે મોટા (ઉંમરના) માણસો એમ માનીને વ્યવહાર કરે છે કે પોતે જે માને છે તે સત્ય છે. તેની માન્યતા ખરેખર સત્ય છે? તે જાણવા રોકાતા નથી. તત્ત્વજ્ઞાની આવી રોજીંદા વ્યવહારની આપણી ચાલતી ગાડીની સાંકળ ખેંચે છે. વિચારયાત્રાના ખરે પાટે ચડાવવા.

શાંકરદર્શનના સંદર્ભમાં અટપટુ લાગે છતાં એક વિધાન કરીને આગળ વધીએ. તેઓ 'ખોટા સત્યની સાચી વાત સમજાવે છે અને સાચા સત્યની ખોટી વાત છોડવા કહે છે.' આ જ વાત ગંભીરતાપૂર્વક કહીએ તો તેઓ 'સત્યસ્ય સત્યમ્'ની પરાવિદ્યાની વાત અપરા, પ્રકૃતિના જગતને માયા તરીકે દર્શાવે છે. અને તે પણ ભલભલાને હંફાવે તેવી સત્યની તર્ક કસોટી વડે.

**અદ્વૈતની અબાધિતતાની કસોટી :**

બ્રહદારણક્ય ઉપનિષદમાં પૂર્ણ સત્યને 'સત્યસ્ય સત્યમ્' કહ્યું છે. અને તેને બ્રહ્મ નામે આપ્યું છે. બ્રહ્મ પૂર્ણ એટલે નિર્પેક્ષ સત્ય છે. 'નિર્પેક્ષ સત્યને', હોવા માટે બીજી કોઈ વસ્તુની અપેક્ષા હોતી નથી તે સ્વભાવ અને સ્વરૂપથી જ સત્ય હોવું જોઈએ. સાપેક્ષ સત્ય નામપ્રમાણે અપેક્ષા રાખે છે. તે શરતી હોવાથી શરતના સંદર્ભમાં જ સત્ય હોય છે. સ્વપ્નના પદાર્થો સ્વપ્નના સંદર્ભમાં જ સત્ય હોય છે સ્વપ્નની બહાર તેનું, અસ્તિત્વ હોતું નથી. લાકડા ફાડીને જીવન ગુજારતો કઠિયારો સ્વપ્નમાં રાજા બને પણ જાગ્રત થતાં જ કઠિયારો જ રહે. રાજા થયાનું સાપેક્ષ સત્ય બાધિત થઈ જાય. શાંકરદર્શન અનુસાર જગતના બધા પદાર્થો સ્વપ્નના જેવા છે. બ્રહ્મજ્ઞાનની પરમ જાગ્રતાવસ્થાની બ્રહ્મદૃષ્ટિથી જોતા આ સંપૂર્ણ સાચુ સાબિત થાય છે.

આ પરબ્રહ્મનો વિશેષ પરિચય આગળ કરીશું અહીં અસ્તિત્વ-સત્-સત્તા સાથેની તેની એકરૂપતા જણાવી અબાધિત સત્યની કસોટી જાણી લઈએ.

અદ્વૈત સિદ્ધાન્ત અનુસાર બ્રહ્મ એટલે કેવળ અસ્તિત્વ. એ જ નિર્પેક્ષ સત્ય. તેની બહાર કશુ સત્ય ન હોય. તે સમસ્ત ક્ષેત્ર આવરી લે છે. તેને સીમા નથી તે અસીમ છે. જેનું અસ્તિત્વ ન હોય 'તે છે' એમ બોલવું એ સ્વવ્યાઘાતી – આત્મવિરોધી વાત છે. આથી અંગ્રેજ આઇડિયાલીસ્ટ બ્રેડલે વેદાન્તના શબ્દો જ બોલે છે. ''સત્ય એટલે 'જે વિરોધમુક્ત – અવિરોધી છે તે' થોડું ભલે વિચિત્ર લાગે છતાં કહેવું પડશે કે ભ્રમ, સ્વપ્ન મૃગજળ એ બધા ખોટા છે છતાં ખોટા તરીકે પણ તે અસ્તિત્વ ધરાવે છે. અરે તમે બૌદ્ધોની માફક બરાડી બરાડી બોલો 'સર્વમ્ શૂન્યમ શૂન્યમ અસ્તિ' તો શંકર કહેશે – પકડા ગયા. अस्ति बौला मैं चला!

હવે વાત સંતાકુકડીની. શાંકર સિદ્ધાન્ત પ્રમાણે પરમ સત્ય – બ્રહ્મ જ્ઞાતાજ્ઞાત છે. સત્ય જ્ઞાત પણ છે અને અજ્ઞાત પણ છે. જો સત્ય જરા પણ જ્ઞાત જ ન હોત તો તે જાણી પણ ન શકાય અને જો પૂરું જ્ઞાત જ હોત તો તેને જાણવાની અને શોધવાની જરૂર ન

રહેત. આનો અર્થ એ થાય છે કે સત્ય થોડું જ્ઞાત છે, બાકીનું અજ્ઞાત છે. જો થોડું જ્ઞાત હોય તો બાકીનું શોધી શકીએ.

વ્યવહારના દૃષ્ટાન્તથી પરમાર્થના સિદ્ધાન્તને સમજીએ. ધારો કે એક મિત્ર મહેમાન પરદેશથી આવી રહ્યા છે તમારે એરપોર્ટ પર તેને રીસીવ કરવાના છે. તમે તેને રૂબરૂ કદી જોયા નથી. તેમણે પણ તમને જોયા નથી. તો કેવી રીતે રીસીવ કરવા? કાંતો ફોટા વડે અથવા તેના રૂપરંગ ઢંગની કોઈ નિશાની અગાઉથી મેળવીને તમે ઓળખી શકશો. એ જ રીતે સત્યની શોધ શરૂ કરવા માટે તેનું અંશાત્મક જ્ઞાન જરૂરી છે.

શાંકર દર્શન અદ્ભુત અને અપૂર્વ છે. તે પરંપરા અને ક્રાન્તિ બન્ને વચ્ચે સમતુલા જાળવે છે. પરમ સત્ય મન-વાણીથી પર છે. વેદ-ઉપનિષદ ગાઈ-બજાવી કહે છે. તેના વિશે 'મૂંગા મરો' સ્વામી માધવતીર્થ (વલાદવાળા) એક શબ્દમાં વેદાન્તબોધ કરાવતો કહેતા 'ચૂપ'. આ મૌનનાં પર્યાય છે. ગુરુના મૌન વ્યાખ્યાનથી સંશયો છેદાયા ને હૃદય ગ્રંથિ ભેદાઈ. વળી મૂળ વાક્ય છે 'યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસો સહ । આ બધુ આપણાથી વધારે શંકર જાણતા હતા. નેતિ નેતિ કહી વેદર્ષિઓ હાથ ઊંચા કરી દે છે.'

ત્યાં શંકરાચાર્ય મોટું છીંડું પાડી આપે છે પેલી કસોટી આપણા સગા આત્માને લગાડી જણાવે છે ત્રણે અવસ્થામાં સાક્ષી ચૈતન્યરૂપે બીરાજમાન આત્મા પિંડમાં સત્ય છે એ જ બ્રહ્માંડનું સત્ય છે. કઠ જેવા મૃત્યુમીમાંસક ઉપનિષદમાં જીવે છે યમ રહસ્ય ખોલતા નચિકેતાને સાનમાં સમજાવે છે યથા પિંડ તથા બ્રહ્માંડે ।

વિશ્વ ચિંતનના વ્યાપક ફલકમાં માન્ય પ્રણાલિગત ત્રણ કસોટી વાસ્તવવાદી-આદર્શવાદી અને ઉપયોગિતાવાદી રજૂ થાય છે. તે અનુક્રમે અનુરૂપતાની સુસંગતાની અને ઉપયોગિતાની શરત આધારિત કસોટી છે. પરંતુ વેદાન્ત તે ત્રણે સાપેક્ષ અને આંશિક સત્ય નિર્દેશની ગણાવી ચોથી કસોટી નિરપેક્ષ તત્ત્વના અનુસંધાનવાળી રજૂ કરે છે. તે પ્રમાણે ''સત્ય છે તે છે જે હંમેશા અબાધિત રહે છે.'' એક અવસ્થા કે સ્થિતિમાં હોય અને બીજીમાં ન રહે તે સત્ય માની શકાય.

## આત્મ બ્રહ્મ ઐક્ય :

આપણું બધું જ જ્ઞાન દૃષ્ટા અને દશ્યના દ્વૈત અને દ્વન્દ્વવાળું છે. ઉપયુર્કત સત્ય કસોટી લાગુ કરતાં ત્રણે અવસ્થા જેવી કે જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ દરમિયાન દશ્ય પરંપરા ભાવ અભાવ ઉપરાન્ત પરિવર્ત્ય સ્વભાવવાળી છે. જ્યારે દૃષ્ટાનું સાક્ષી સ્વરૂપ નિત્ય-અચલ-ધ્રુવ રહે છે. શાંકરદર્શનમાં તેને અંતર્યામિ ચૈતન્ય સ્વરૂપ આત્મા તરીકે ઓળખાવ્યો છે. તેની અવસ્થા તુરીય બરાબર ચોથી ગણાવી છે.

ગુરુ દીક્ષાર્થીને તત્વમસિનું પ્રથમ શ્રવણ કરાવે છે શિષ્ય ચિંતન-મનન અને નિદિધ્યાસન અંતે અનુભૂતિ પામે છે. અહીં તત્ દ્વારા પરમતત્ત્વ બ્રહ્મ ત્વમ્ બરાબર છે – દેહધારી દેહી આત્મા કે જીવ સમજવાનો છે. આગંતુક ઉપાધિનો નિષેધ સત્યની કસોટી અનુરૂપ કરવાથી માત્ર સત્ જે શેષ રહે છે તે આત્મા અને બ્રહ્મનું પ્રથમ સ્વરૂપ લક્ષણ બની જાય છે સત્ એટલે હોવું તેનું ભાન ચિત્‌ની અનિવાર્યતા નિર્દેશે છે. અને હોવું. સર્વપ્રિય અલગપણે સાબિત કરવું પડતું નથી. માટે આનંદ આત્મ તેમજ બ્રહ્મનું લક્ષણ બની જાય છે.

આમ સત્ય પરથી આત્મા અને આત્મા પરથી પરમસત્ય-સત્યસ્ય સત્ય બ્રહ્મ સુધી પહોંચવાની પ્રક્રિયા વિચાર માર્ગી જ્ઞાનમાર્ગી વેદાન્તી સાધના પ્રક્રિયા છે.

અહમ્ બ્રહ્માસ્મિ । વેદાન્ત દર્શનના જ નહીં સમગ્ર અધ્યાયત્મ યાત્રાનો આખરી પડાવ છે. આત્મતત્ત્વ પ્રથમથી જ તદ્રપ છે આથી અહીં નવું પ્રાપ્ત કરવાનું નહીં જે 'પ્રાપ્ત જ છે તેને ઓળખવાનું છે. પ્રાપ્તસ્ય પ્રાપ્તિનો અનોખો' ઉપદેશ છે. બ્રહ્મ સિવાય બીજું કશું સત્તાત્મક સત્ય નથી. નેહનાનસ્તિ કિંચિત । આવું ઐક્ય બીજા શબ્દોમાં અદ્વૈત અને કેવળ અદ્વૈત હોવાથી શાંકરમત કેવલાદ્વૈત કહેવાય છે.

## સત્યનું અજ્ઞાન એ જ માયાનું બંધન.

ઉપર્યુક્ત નિર્ણય એ પારમાર્થિક સત્તાનો નિર્ણય છે. તેનું વર્તમાનમાં પ્રવર્તે છે. તે મૂળ અવિદ્યા તરીકે માયા તરીકે શંકરાચાર્ય દ્વારા પ્રસ્તુત કરાઈ છે. બ્રહ્મદર્શનની સાધનાસિદ્ધિ ને બુદ્ધિગમ્ય બનાવવા અહીં યુક્તિનો કુશળતાપૂર્વક પ્રયોગ થયો છે. માયાનું સત્તાત્મક અસ્તિત્વ નથી છતાં અનુભવ કક્ષાએ માનવાથી વ્યવહારભૂમિકા સુસંગત બને છે. તેને અસત્‌ની પ્રતિભાસિક સત્તોથી સ્પષ્ટ રીતે જુદી પાડી છે. માયા – સસલાના શીંગ કે વંધ્યાના પુત્ર કે આકાશકુસુમ સમાન તદ્દન અસત્ નથી. જ્યાં સુધી પારમાર્થિક-વ્યાવહારિક અને પ્રાતિભાસિક સત્તાત્રય ન સમાજ્ય ત્યાં સુધી કૈવલાદ્વૈતની આત્મસિદ્ધિની વાસ્તવિકતા માત્ર વાચાભરણમ્ બની જાય છે.

શાંકરદર્શનની લઘુસૂત્રી રજૂઆત બ્રહ્મ સત્ય, જગત મિથ્યા, જીવો બ્રહ્મના પરઃ । નો તત્કાલીન પ્રભાવ હિન્દુ-વૈદિક ધર્મમાં નવા પ્રાણ પૂરનારો રહ્યો હતો – તેના સર્વદેશીય સર્વકાલીન પ્રભાવના પાર વિનાના જાણીતા અજાણ્યા દૃષ્ટાન્તો જોવા મળે છે. વર્તમાનની

જ વાત કરીએ તો સ્વામી વિવેકાનંદ તેના પ્રમુખ પ્રવક્તા રહ્યા છે તો મહર્ષિ રમણ મૂર્તિમંત કેવલાત્મવાદી છે.

આચાર્ય વિનોબા ભાવે કહે છે તે મુજબ આત્મજ્ઞાન એ જ બ્રહ્મજ્ઞાન છે. આ સમજ માત્ર પારમાર્થિક દૃષ્ટિએ જ નહીં વ્યાવહારિક જીવનના તમામ પાસા માટે ઉપકારક છે. તે સમજ મૃત્યુના ભયથી અહીંને અહીં મુક્તિ અપાવે છે. સત્ય ''હું'' માત્ર દેહ-મનમાં કેદ થઈ મારું-તારું કરી હિંસા, ક્રોધ, ઈર્ષા, વેર, સ્પર્ધા જેવા જીવન વ્યવહાર કરે છે તેને પ્રતીતિ થાય છે. ''હું જે આપું છું એ જ મને પાછું મળે છે'' તે સત્ય-પ્રેમ-કરુણાના માનવીય મૂલ્યો પ્રત્યે તો જ વળી શકે છે જ્યારે માની લીધેલા અન્યમાં પોતાની અનુભૂતિ કરે છે. આ અનુભૂતિ કરાવવાની શક્તિ બ્રહ્મવાદ સિવાય બની કોઈ વાદ કે સિદ્ધાન્તમાં જણાતી નથી.

બ્રહ્મવાદ એ વાદ છે જે આપણી ઓળખ આપણને અમૃતસ્ય પુત્રા તરીકે કરાવે છે. માત્ર પડોશીને પ્રેમ કરવામાં ઇતિશ્રી માનતો નથી. આત્મવંત સર્વ મૂતેષુનો આદેશ-ઉપદેશ આપે છે. આપણા પૃથ્વી પરના જન્મને મૂળ પાપનું પરિણામ ગણાવી ઉદ્ધારકની બાહ્ય શોધ કરવાનું કહેતો નથી. આત્માથી આત્મા ઉદ્ધારવાનો છે તે આત્મજ્ઞાનથી જ શક્ય બને છે. આપણે અહીં મૂળ આત્મઅજ્ઞાનવશાત છીએ. પાપવશાત નહીં.

◆ ◆ ◆

# વિશિષ્ટાદ્વૈત દર્શન

**પ્રો. સી. વી. રાવલ**

*તત્ત્વજ્ઞાનના પૂર્વ પ્રોફેસર. ગુજરાતની જુદી જુદી કૉલેજોમાં ઘણાં વર્ષો સુધી અધ્યાપક તરીકે કામ કર્યું હતું. તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ, જિજ્ઞાસુઓ અને અધ્યાપકો માટે એમણે ઘણાં પુસ્તકો લખ્યાં હતાં. આ વિષયના દૃષ્ટિવંત અને નિષ્ઠાવાન અધ્યાપક તરીકે એમની ખ્યાતિ છે.*

**આ**પણો ચિન્તનાત્મક વારસો એટલો ઉન્નત અને મૂલ્યવાન છે કે એને સુયોગ્ય રીતે સમજી જો આચરણમાં મૂકીએ તો માનવ-જીવન ધન્ય બની જાય. અનંતકાળથી જીવનનું વહેણ વહેતું રહ્યું છે. સંતોએ અને અનુભવી પુરુષોએ જીવનના અસ્ખલિત વહેતા પ્રવાહને ઊંડાણથી જોવાનો પુરુષાર્થ કર્યો છે. એમને પગલે પગલે ચાલવાનું ઈશ્વર આપણને બળ આપે એવી અપેક્ષાએ આ લઘુ લેખ પ્રસ્તુત છે.

આપણી સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. જો કે તેના ઉપર અનેક આક્રમણો આજ સુધીમાં થઈ ચૂક્યાં છે અને ''સૈકે સૈકે ઘવાયા છતાં'' તે આજ પર્યંત જીવંત છે. હિન્દુ સંસ્કૃતિ ઉપર પણ વચ્ચે વચ્ચે કેટલીયે વાર મેલના થર બાઝ્યા છે; પરંતુ એને સાફ કરી, ફરી ફરીને એ સંસ્કૃતિને તેના વિશુદ્ધ અને ઉજજવળ રૂપમાં રજૂ કરનારા અનેક ઋષિમુનિઓ, ધર્માચાર્યો અને સાધુસંતો છેક પ્રાચીનકાળથી આજ સુધી દરેક જમાને પેદા થતા આવ્યા છે. એમનું મુખ્ય ભાષાકીય વાહન સંસ્કૃત રહ્યું છે, પણ જનસાધારણ આગળ એ લોકમસ્તની ભાષાઓમાં અને બોલીઓમાં વહેતું રહ્યું છે, અને અસંખ્ય કથાવાર્તાઓમાં એ પચી ગયું છે.

ભારતમાં તત્ત્વજ્ઞાનને કેવળ બુદ્ધિનો વિલાસ માનેલ નથી, તે માત્ર ઉચ્ચકોટિના વિચારોમાં સમય વિતાવવા માટેનું સાધન નથી; પરંતુ સમસ્ત વિશ્વના અસ્તિત્વમાં જે એક શાશ્વત સત્ય છે, તેની ભાવના, વિચાર, ધ્યાન વગેરે માનસિક શક્તિઓ દ્વારા તથા ક્રિયા દ્વારા શોધ કરી, તેની અનુભૂતિ કરી, આપણા સમગ્ર જીવનના નિયામક બળ તરીકે તેનું સ્થાપન કરવાનું છે. માણસમાં સત્યને જાણવાની તાણાવેલી હોય છે. આથી તે વિવેક બુદ્ધિથી શાશ્વતની શોધ કરે છે. શાશ્વતનો આ પંથ માત્ર ઉપદેશથી દર્શાવવાને બદલે આપણે ત્યાં થયેલા મહાન આચાર્યોએ તેમના જીવનના ઉદાત્ત અને તેજસ્વી દૃષ્ટાન્તો દ્વારા બતાવ્યો છે.

તમિળ પ્રાંતમાં થઈ ગયેલા આવા એક મહાન વૈષ્ણવ આચાર્ય શ્રી રામાનુજ (ઈ. સ. ૧૦૧૭-૧૧૩૭)ના ચિન્તનનો પરિચય કરાવવાનો અહીં ઉપક્રમ છે. તેઓ શ્રી વિશિષ્ટાદ્વૈત દર્શનના પ્રધાન પ્રવર્તક અને પ્રથમ આચાર્ય છે. આ દર્શન પ્રમાણે જીવન અને જગત બ્રહ્મનાં શરીર અને વિશેષણ છે. જીવ ચિત્ અને જગત અચિત્ છે. ચિત્ અને અચિત્થી વિશિષ્ટ એવું બ્રહ્મ જ વિશિષ્ટાદ્વૈત દર્શનનું વિશિષ્ટાદ્વૈત તત્ત્વ છે. આ દર્શનમાં બ્રહ્મ તત્ત્વને ચિત્ તથા અચિત્થી વિશિષ્ટ માનવામાં આવતું હોઈ તેને 'વિશિષ્ટાદ્વૈતવાદ' કહેવામાં આવે છે. પ્રાચીનકાળથી વૈષ્ણવ સંપ્રદાય ચાર વિભાગમાં વહેંચાયેલ છે. ૧. શ્રી સંપ્રદાય ૨. હંસ સંપ્રદાય ૩. બ્રહ્મ સંપ્રદાય અને ૪. રુદ્ર સંપ્રદાય. તેમાં (૧) શ્રી સંપ્રદાય 'શ્રી' કહેતાં લક્ષ્મીએ પ્રવર્તાવેલો

અર્થાત્ ભગવાનનો આશ્રય કરી રહેલાં ભગવદ્ વિભૂતિના ચિન્તનમાંથી ઉદ્ભવેલો. તેના મુખ્ય સંસ્થાપક રામાનુજાચાર્ય, અને તેમનો મત તે 'વિશિષ્ટાદ્વૈત' તરીકે પ્રસિદ્ધ છે. આ સિદ્ધાંત માટેના પ્રમાણભૂત આધારો દ્વિવિધ છે અને તેથી તેને 'ઉભય વેદાન્ત' પણ કહેવામાં આવે છે. એક આધાર તે વેદ, ઉપનિષદો, પુરાણો, પાંચરાત્ર આગમો વગેરેનો છે અને બીજો આધાર તે તમિળ ભાષામાં ઉપલબ્ધ દક્ષિણ ભારતનું સાહિત્ય, જેમાં વેદના ઉપદેશ ઉપરાંત કેટલાક અ-વૈદિક-પ્રવાહો પણ મળેલા તે છે. આ મતનું સાહિત્ય એના ઉદ્ભવના રૂપમાં બોધાયન દ્વારા રચિત 'બ્રહ્મસૂત્રવૃત્તિ'થી શરૂ થયેલું ગણાય. રામાનુજને આ ગ્રન્થની એક નકલ કાશ્મીરમાંથી મળી હતી એમ કહેવાય છે. રામાનુજના પૂર્વવર્તી ગ્રન્થોમાં સાતમીથી નવમી સદી દરમિયાન થઈ ગયેલા આળવાર સંતોનાં પદો થતા પ્રબંધો જોવા મળે છે. દક્ષિણ ભારતમાં કાવેરી તટે અને તેની આસપાસના પ્રદેશોમાં કેટલાક વૈષ્ણવસંતો થઈ ગયા. તેઓ આળવારને નામે ઓળખાય છે. તમિળ ભાષામાં રચાયેલા નમ્માળવાર (શતકોપા)ના જે ચાર ગ્રંથો છે તેને દક્ષિણ ભારતના વૈષ્ણવો ચાર વેદ સમાન ગણે છે. આળવાર સંતોએ તેમની રચનાઓમાં સ્થાનિક તથા લોકપ્રિય ભાષાનો ઉપયોગ કર્યો. તેઓ મર્મીઓ અને કવિઓ હતા. ધર્મના સાધનપક્ષમાં તેમને ભક્તિનો માર્ગ જ સરળ, સર્વસુલભ અને શ્રેષ્ઠ લાગ્યો. શાસ્ત્રીય ભક્તિને તેમણે ભાવમૂલક ઘાટ આપ્યો. તેઓ એકાંતિક શરણ ભક્તિના પુરસ્કર્તા બન્યા. આળવાર સંતોની દિવ્ય વાણીને દાર્શનિક રૂપ આપવાનું શ્રેય પ્રથમ આચાર્ય નાથમુનિ તથા ત્યારબાદ થયેલા યામુનાચાર્યને ફાળે જાય છે. રામાનુજાચાર્યે બ્રહ્મસૂત્ર ઉપર લખેલ 'શ્રી ભાષ્ય' તથા તેના સંક્ષેપરૂપે 'વેદાન્તસાર' તથા 'વેદાન્તદીપ' લખેલ છે. 'વેદાન્તસંગ્રહ' તેમનો સ્વતંત્ર ગ્રંથ છે. તેમણે શ્રીમદ્ ભગવદ્ગીતા પર પણ ભાષ્ય લખેલ છે. શ્રી ભાષ્યમાં તેમણે પોતાનું તત્ત્વજ્ઞાન આલેખ્યું છે. આ મહત્ત્વની કૃતિ વૈષ્ણવ સંપ્રદાયને તત્ત્વજ્ઞાનનો પાયો પૂરો પાડે છે. બ્રાહ્મણ પરંપરાના મૂળ તત્ત્વને વફાદાર રહેવાનો અને સાથોસાથ આળવારોની ચેતનાને વફાદાર રહેવાનો તેમનો પ્રયત્ન પ્રશસ્ય છે. પહેલામાંથી તેમણે પરબ્રહ્મનું તત્ત્વજ્ઞાન મેળવ્યું અને બીજામાંથી ઈશ્વરવાદ. તેમણે 'ગદ્યત્રય' તથા 'નિત્યગ્રંથ'ની પણ રચના કરી છે. રામાનુજીય પરંપરામાં વેદાન્ત દેશિક (વેંકટાચાર્ય), રંગરામાનુજ, શ્રીનિવાસ વગેરેએ વિશિષ્ટાદ્વૈતમતને પોષક સાહિત્યનું સર્જન કર્યું છે.

તેમના તત્ત્વચિન્તનને આપણે ટૂંકમાં જોઈએ :

**(૧) બ્રહ્મનું સ્વરૂપ :**

બ્રહ્મ આધાર છે, બ્રહ્મ શરીરી છે. જીવ-જગત શરીર છે. બ્રહ્મવિશેષ્ય છે અને જીવ-જગત વિશેષણ છે. બ્રહ્મ નિયંતા છે. અંતર્યામી પરમપુરુષ પરમાત્મા તે જીવ-જગતનો નિયંતા છે. જીવ અને જગતની સત્તા, સ્થિતિ અને પ્રવૃત્તિ પરમાત્માના સંકલ્પને આધીન છે. બ્રહ્મરક્ષક છે. તે શાસક છે, પરંતુ પરમ કારુણિક પણ છે. બ્રહ્મ સ્ત્રષ્ટા છે. બ્રહ્મ શેષી અને જીવ શેષ છે. બ્રહ્મ સ્વામી છે, જીવ સેવક છે. બ્રહ્મ પ્રકારી છે, જીવ-જગત પ્રકાર છે. અચિત્, ચિત્ અને તે બન્નેનું તેમના તમામ સ્વરૂપોમાં નિયમન કરનાર ઈશ્વર – આ ત્રણેયનું (તત્ત્વત્રયી) અવિભાજ્ય ઐક્ય તે રામાનુજના મતે બ્રહ્મ યા પરમ સત્ Ultimate છે.

**ચિત્ તત્ત્વ : (જીવાત્મા)**

જીવ ચેતનસ્વરૂપ છે. તે ધર્મભૂતજ્ઞાનયુક્ત છે. તે નિત્ય, સત્ તત્ત્વ છે. ચૈતન્ય તેમજ આનંદસ્વરૂપ છે. પ્રત્યેક જીવ કર્તા તથા ભોક્તા છે. જીવ દ્રવ્યરૂપે અણુ, છતાં જ્ઞાનરૂપે અનંત છે. જીવાત્માનું જ્ઞાન સંકોચ-વિકાસશીલ છે. જીવાત્માના ત્રણ પ્રકારો છે. ૧. બદ્ધ ૨. મુક્ત અને ૩. નિત્ય અથવા ચિરંતનમુક્ત.

૧. જેનું સાંસારિક જીવન હજી સમાપ્ત થયું નથી તે બદ્ધજીવ' છે. તેના પણ બુભુક્ષુ, મુમુક્ષુ વગેરે પેટા પ્રકારો છે.

૨. મુક્તજીવમાં સર્વજ્ઞત્વ તથા સત્યસંકલ્પત્વ જેવા ગુણો છે. (પરંતુ સર્વકર્તૃત્વનો ગુણ તો માત્ર ઈશ્વરમાં જ રહે છે.) મુક્ત જીવો અનેક છે અને તેઓ ઈશ્વર સમાન ભોગ ભોગવે છે. ભગવાન કે ભગવદ્ભક્તોને જરા પણ દુઃખ ન પહોંચે તેવું તેમનું વર્તન હોય છે. પ્રથમ સ્થૂળ શરીરનો ત્યાગ, પછી સૂક્ષ્મ શરીરનો ત્યાગ અને પછી દિવ્ય શરીરની પ્રાપ્તિ.

૩. જે કદાપિ સંસારમાં ન આવ્યા હોય એવા જીવો તે 'નિત્યજીવ'. ઈશ્વરની નિત્ય ઇચ્છાથી જ તેમના ભિન્ન ભિન્ન અધિકારો અનાદિકાળથી નિયત થયેલા હોય છે. ભગવાનના અવતારો માફક તેમનાં અવતારો પણ સ્વેચ્છાથી થાય છે.

**શરીર અને આત્મા :**

રામાનુજ મતમાં શરીર બે જાતનાં માનેલ છે. એક નિત્ય અને બીજું અનિત્ય. ત્રિગુણાત્મક પ્રકૃતિ, કાળ, જીવ વગેરે જે ઈશ્વરનું શરીર તે નિત્ય છે, અને જીવનું આ સ્થૂળ શરીર તે અનિત્ય છે. આત્મા જેનું નિયમન કરે છે, આત્મા જેને ટકાવી રાખે છે, અને આત્મા જેનો પોતાને અર્થે ઉપયોગ કરે છે, તે શરીર – એવી વ્યાખ્યા રામાનુજ આપે છે. શરીર તેમજ આત્મા બન્ને સત્ય છે. 'અહમ્' (હું) શબ્દ દ્વારા જે પદાર્થનું સૂચન થાય છે તેને રામાનુજ

'આત્મા' કહે છે. પ્રત્યેક જીવાત્મા 'અચિત્' થી ભિન્ન ને પર છે, છતાં એ અ-પાર્થિવ શરીરમાં વસે છે. શરીરધારી આત્માએ પ્રભુપ્રાપ્તિ માટે હંમેશા પ્રયત્નશીલ રહેવાનું  છે.

**અચિત્ તત્ત્વ :**

ઉપનિષદોમાં અચિત્ પ્રકૃતિ દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિ દર્શાવેલ છે. રામાનુજ તેનો સત્ય તરીકે સ્વીકાર છે. તેમના મતે પ્રકૃતિ અચિત્ તત્ત્વ છે. તે વિકારવાન અને જડ છે. તેના ત્રણ ભેદ છે. ૧) શુદ્ધ સત્ત્વ ૨) મિશ્ર સત્ત્વ અને ૩) સત્ત્વશૂન્ય. પ્રકૃતિના ત્રણ ગુણો (વિશેષણો) છે – સત્ત્વ, રજસ્ અને તમસ્. એમાંથી આપણે રજસ્ અને તમસ્‌ને છોડી દઈએ અને પ્રકૃતિને કેવળ સત્ત્વગુણયુક્ત કલ્પીએ તો આપણને નિત્યવિભૂતિનો કાંઈક આછો ખ્યાલ આવી શકે છે. કેટલાક વિશિષ્ટાદ્વૈતી આચાર્યો તેને જડ માને છે, તો કેટલાક ચિત્ તત્ત્વ માને છે. પ્રકૃતિ પ્રથમ જડ દ્રવ્ય છે, અહીં પ્રકૃતિને જીવનું અને તે દ્વારા સ્વયં ઈશ્વરનું નિવાસસ્થાન માનેલ છે; કારણ કે સ્વયં જીવ એ ઈશ્વરનું શરીર છે, પ્રકૃતિ તત્ત્વનું જીવ યા ઈશ્વર દ્વારા પૂર્ણપણે નિયમન થાય છે – પ્રકૃતિમાંથી સમગ્ર બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે અને એના પર પરમાત્માનું જ આધિપત્ય છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ એમ ત્રિગુણ શૂન્ય તત્ત્વ 'કાળ' છે. તે પ્રાકૃતિક વસ્તુઓના પરિણામનું કારણ છે – પ્રકૃતિથી તેને અલગ તત્ત્વ માનેલ છે, પરંતુ તે બ્રહ્મથી અલગ નથી. કાળને આધીન થયા વગર ઈશ્વર પણ જગતનું સર્જન કરી શકતા નથી. કાળ 'સત્' તેમજ સ્વતંત્ર છે. ક્ષણ, કલાક, દિવસ-રાત વગેરે આદિકાળનાં જ પરિણામો છે. આકાશ (Space)ની સરખામણી એ પ્રકૃતિ પ્રથમ (પૂર્વવર્તી) છે. કાળથી ઊલટું આકાશ (દિક્ યા દેશ)ને પ્રકૃતિમાંથી આવિર્ભાવ પામેલું માન્યું છે.

**જગત :**

રામાનુજના મતે આ જગત વાસ્તવિક (Real) છે. જેમ બ્રહ્મ સત્ય છે તેમ આ જગત પણ સત્ય છે, માયા કે મિથ્યા નથી (શંકરથી ઉલટો મત છે). જગત નિત્ય છે. જગતની સત્યતા આત્માની સત્યતા વડે સિદ્ધ થાય છે. બીજ અને વૃક્ષનો સંબંધ છે એવો જ આત્મા અને જગતનો પણ સંબંધ છે.

રામાનુજ શંકરના 'માયાવાદ'નું પણ ખંડન કરે છે. 'માયા' એટલે તેમના મતે ઈશ્વરની વાસ્તવિક સૃષ્ટિ રચવાની શક્તિ એવો અર્થ છે. શ્રી ભાષ્યમાં તેમણે સાત પ્રકારની દલીલો રજૂ કરી છે અને માયાવાદનો અસ્વીકાર કર્યો છે. ટૂંકમાં ૧) માયા યા અવિદ્યા શેના આશ્રયે રહેલી છે તે નિશ્ચિત નથી. ૨) અવિદ્યા અને બ્રહ્મનો સંબંધ માયાવાદીઓ તર્કસંગતપણે દર્શાવી શકતા નથી. ૩) અવિદ્યાનું સ્વરૂપ ભાવરૂપ છે કે અભાવરૂપ? જો તેને ભાવરૂપ કહીશું તો 'અ-વિદ્યા'. એવો શબ્દ પ્રયોગ જ ખોટો ઠરશે. અને જો તેને અભાવરૂપ કહીશું તો જગતની ઉત્પત્તિની કલ્પના જ કરવી મિથ્યા ઠરશે. ૪) માયા યા અવિદ્યાને અનિર્વચનીય કહીશું તો તે બરાબર નથી કારણ કે સત્ તેમજ અસત્‌થી વિલક્ષણ એવો કોઈ પદાર્થ જ હોઈ શકે નહીં. અને હોય તો તેની પ્રતીતિ થઈ શકે નહીં. ૫) વળી અવિદ્યા કે માયાના અસ્તિત્વ સંબંધમાં કોઈ પ્રમાણ નથી. પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ (શ્રુતિ) – આ ત્રણે પ્રમાણોમાંથી કશાથી તે સાબિત થઈ શકે તેમ નથી. ૬) અવિદ્યા કે માયાને જ્ઞાનથી દૂર કરી શકાય છે એમ કહેવું પણ બરાબર નથી. નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન અશક્ય છે. આથી આપણે જગતમાં હોઈએ ત્યાં સુધી ભ્રમ-મુક્ત થવાની શક્યતા જ નથી. ૭) અવિદ્યાનો નાશ જ્ઞાન દ્વારા નહીં પણ કેવળ શુભ કર્મ અને પરમાત્માની ઉપાસના અને ભક્તિ દ્વારા પ્રાપ્ત ઈશ્વર કૃપા વડે જ થઈ શકે છે અને પરિણામે મોક્ષ પ્રાપ્તિ થાય છે.

જો કે આ આક્ષેપોના જવાબો પણ અદ્વૈતવાદીઓ તરફથી આપવામાં આવ્યા છે પરંતુ એ ખંડન-મંડન અહીં સ્થળ સંકોચના કારણે નિરૂપવું શક્ય નથી. વળી તેમાં બધાને સમાન રસ ન પણ પડે.

**સેશ્વરવાદ (Theism) :**

ઈશ્વરવાદ અનુસાર ઈશ્વર આ જગતમાં વ્યાપ્ત (અનુસ્યૂત - Immanent) છે તેમજ પરાત્પર (Transendent) પણ છે. ઈશ્વરનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ છે અને તે પોતાની ઇચ્છાશક્તિ દ્વારા ઉદ્દેશની પૂર્તિ અર્થે જગતની રચના કરે છે. (જુઓ : ગીતા). રામાનુજના સેશ્વરવાદમાં ઈશ્વરને સંપૂર્ણપણે સાકાર-વ્યક્તિરૂપ કલ્પવામાં આવેલ છે. તે ઉપાસનાનો વિષય છે, તેમજ ધાર્મિક સાધના માટેનું લક્ષ્ય પણ છે. સૃષ્ટિ રચનાના સંદર્ભમાં વાત કરીએ તો ઈશ્વર સૃષ્ટા છે. વિશિષ્ટાદ્વૈતદર્શનમાં કારણાવસ્થ બ્રહ્મ અને કાર્યાવસ્થ બ્રહ્મ એમ બ્રહ્મનાં બે સ્વરૂપ માનેલાં છે. પ્રલય કાળમાં જીવ અને જગત સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરે છે તે વખતે કારણાવસ્થ બ્રહ્મ (ચિદ્ અચિદ્ વિશિષ્ટ) કહેવાય છે.

સૃષ્ટિ કાળમાં બ્રહ્મ કાર્યાવસ્થ બ્રહ્મ (સ્થૂળ ચિદ્-અચિદ્ વિશિષ્ટ) કહેવાય છે. આ રીતે બ્રહ્મ (ઈશ્વર) જગતનું અભિન્ન-નિમિત્તોપાદાન-કારણ છે. કાર્ય-કારણ સંબંધની દૃષ્ટિએ જોઈએ તો રામાનુજ સત્કાર્યવાદી છે. મૂળ કારણને જે પરિણામી નિત્ય માને છે. કાર્યમાત્રમાં મૂળ કારણના અંશોનું વાસ્તવિક અસ્તિત્વ સ્વીકારે છે; આથી તે

સત્કાર્યવાદી છે – તેમનો વાદ એ બ્રહ્મ પરિણામવાદ કહી શકાય; કારણ કે તેમના મતે બ્રહ્મ ખરેખર જગતરૂપે પરિણમે છે (પરિણામવાદમાં કારણ જ કાર્ય બની રહે છે). શરીર, શરીરનું ધારણપોષણ કરનાર આત્મા અને તેનું નિયંત્રણ કરનાર ઈશ્વર એ ત્રણેની સમષ્ટિ જ યથાર્થ અદ્વૈત છે. રામાનુજમતે ઈશ્વર તેમજ જીવ વચ્ચે અભેદસૂચક એકતા નથી. અલ્પજીવ અને અનંત શક્તિયુક્ત ઈશ્વર એ બન્નેમાં એકતા (તાદાત્મ્ય) કેમ સંભવે? બધી જ સત્ વસ્તુઓ છેવટે તો ઈશ્વરનાં જ સ્વરૂપો યા પ્રકારો છે. તેથી પ્રત્યેક શબ્દ ઈશ્વરનો પ્રતીક બની અંતે ઈશ્વરને જ નિર્દેશે છે. વિશિષ્ટદ્વૈતદર્શન, 'સગુણ' બ્રહ્મની અવધારણાને તથા ભક્તિને દાર્શનિકરૂપ આપવા માટે સર્જાયેલું દર્શન છે એટલે એમાં નિર્ગુણબ્રહ્મ પ્રતિપાદક શ્રુતિવાક્યોનો પણ કુશળતાપૂર્વક અર્થભેદ નિરૂપેલો છે.

સમસ્ત જગતનું સર્જન, સ્થિતિ અને સંહાર કરનાર ઈશ્વર છે. તે હેયગુણરહિત છે, તે અર્થમાં તેને નિર્ગુણ કહી શકાય તે જ્ઞાન, શક્તિ વગેરે સારા ગુણોથી વિભૂષિત છે. સૃષ્ટિની લીલાનો નાયક ઈશ્વર છે. ભક્તોના આશ્રય દાતા છે. સૃષ્ટિનું સર્જન, સ્થિતિ અને સંહાર એ તેની લીલા છે. કરુણા સિન્ધુ ભક્તવત્સલ ભગવાન છે. ભાગવત મતમાં 'ભગ' એટલે જ્ઞાન, બલ, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ અને તેજ – એ છ ગુણ, અને એ ગુણવાળો પરમાત્મા તે ભગવાન ઉપાસકોની આવશ્યકતા પ્રમાણે નારાયણ અર્થાત્ વાસુદેવ રૂપી પરબ્રહ્મ પાંચ સ્વરૂપો ધારણ કરે છે.

૧. પર સ્વરૂપ – આ સ્વરૂપ કાળની ગતિથી પર છે. તેમાં ક્યારેય કશો ફેરફાર થતો નથી. નિરવધિ આનંદ જ સ્વરૂપ છે. 'નિત્યભૂતિ'ના રાજ્યમાં નિવાસ કરે છે.

૨. વ્યૂહરૂપ – આ સ્વરૂપ વિશ્વની લીલા માટે નિમિત્ત છે. સંસારીઓની રક્ષા તથા મુમુક્ષુ અને ભક્તો પ્રતિ અનુગ્રહ કરનારું છે. તે વિવિધ રૂપે આવિર્ભાવ પામે છે. દા.ત.

૧. વાસુદેવ ('પર' વાસુદેવનો એક ભેદ) ષડ્ગુણાલંકૃત

૨. સંકર્ષણ (જીવ) જ્ઞાન તથા બળયુક્ત

૩. પ્રદ્યુમ્ન (મન) (ઐશ્વર્ય તથા વીર્યયુક્ત છે)

૪. અનિરુદ્ધ (અહંકાર)

(તે શક્તિ તથા તેજ યુક્ત છે.)

૩. વિભવ : આ અનંત છે, છતાં પણ તેમાં ગૌણ અને મુખ્ય એમ બે ભેદ છે. (જુઓ : ગીતા - અવતારવાદ)

૪. અંતર્યામી : આ સ્વરૂપથી ભગવાન જીવોના અન્તઃકરણમાં પ્રવેશ કરી જીવોની બધી પ્રવૃત્તિઓનું નિયમન કરે છે.

૫. અર્ચાવતાર : ભક્તની રુચિને અનુસાર મૂર્તિમાં રહેનાર ભગવાનની આ ઉપાસ્ય મૂર્તિ છે. તેના ચાર ભેદ છે : સ્વયંવ્યક્ત દૈવ, સૈદ્ધ અને માનુષ.

ઉપરની પાંચે અવસ્થાઓમાં ભગવાન શ્રી લક્ષ્મીની સાથે જ રહે છે.

**જ્ઞાન મીમાંસા :**

રામાનુજના મતે વાસ્તવનો સંપૂર્ણ બોધ તે જ્ઞાન. બધા પ્રકારના જ્ઞાનમાં ભેદ તત્ત્વ તો રહેલું જ છે; અભેદ જ્ઞાન અશક્ય છે. જ્ઞાન અંગેનો તેમનો આ મત બાહ્યાર્થસદ્વાદ (Realism) કહી શકાય. આ બારામાં તેઓ નૈયાયિકો તથા મીમાંસકોને મળતા આવે છે. કોઈપણ વસ્તુના જ્ઞાનની પ્રાપ્તિ માટે રામાનુજમતમાં ત્રણ પ્રમાણો સ્વીકારેલ છે. ૧. પ્રત્યક્ષ ૨. અનુમાન અને ૩. શબ્દપ્રમાણ (આગમ).

**૧. પ્રત્યક્ષ :** ઇન્દ્રિયો દ્વારા જે યથાર્થ જ્ઞાન થાય છે તેનું કારણ એટલે કે સાધન તે પ્રત્યક્ષ છે. તેના બે પ્રકારો માનેલ છે. ૧. નિર્વિકલ્પક અને ૨. સવિકલ્પક. સમગ્ર પ્રત્યક્ષ અનુભવ સમાનપણે નિશ્ચયાત્મક છે. સ્મૃતિને અહીં અલગ પ્રમાણ તરીકે સ્વીકારેલ નથી. પણ પ્રત્યક્ષમાં તેનો સમાવેશ કરેલ છે. ઇન્દ્રિયની અપેક્ષા વગરનું જ્ઞાન૧) યોગજન્ય પ્રત્યક્ષ જ્ઞાન સ્વયંસિદ્ધ છે અને (૨) ભગવાનના અનુગ્રહ વડે મળેલું જ્ઞાન દિવ્ય છે. ટૂંકમાં સર્વજ્ઞાન સત્ય અને સવિશેષ છે. નિર્વિશેષ વસ્તુ ગ્રહણ કરવી શક્ય નથી.

**૨. અનુમાન પ્રમાણ :** અનુમિતિજન્ય જ્ઞાન તે અનુમાન. વ્યાપ્તિ સંબંધ મુખ્ય છે. અન્વયવ્યતિરેક અને કેવલાન્વયી અનુમાન એમ બે ભેદ રામાનુજને માન્ય છે. ઉપમાન પ્રમાણને તેઓ પ્રત્યક્ષ અને સ્મૃતિનું સંયુક્તરૂપ માને છે. ઉપમાન અને અર્થાપત્તિને તેઓ અનુમાનની અંદર સમાવે છે.

**૩. શબ્દપ્રમાણ (આગમ) :** આ બારામાં સામાન્યતઃ તેઓ પૂર્વ મીમાંસકોને અનુસરે છે. તેમના મતે અ-પૌરુષેય અને નિત્ય એવાં વેદવાક્યો જ પ્રમાણ છે. પાંચરાત્ર આગમનો પણ પ્રમાણ તરીકે સ્વીકાર કર્યો છે. શ્રુતિ અને સ્મૃતિના નિત્ય આદેશો કે ધર્મો (ફરજો) પ્રમાણભૂત હોઈ માણસ માટે બંધનકારક છે. તે જીવે ત્યાં સુધી કરવાના છે.

જ્ઞાનના પ્રામાણ્યની બાબતમાં જ્ઞાને જે બે મહત્ત્વનાં કાર્યો કરવાનાં છે ૧. સત્‌ને ગ્રહણ કરવાનું અને ૨. વ્યવહાર ઉપયોગી પ્રયોજનો સાધવાનું તે સરખાં મહત્ત્વનાં હોઈ સ્વીકાર્ય છે.

તેમનો ભ્રમવિષયક સિદ્ધાંત 'સત્ખ્યાતિવાદ'નો છે. ભ્રમ એ અજ્ઞાન નથી, પણ અપૂર્ણ જ્ઞાન છે.

જ્ઞાનની પ્રક્રિયા રામાનુજના મતે એવી છે કે તે આત્મા Selfથી શરૂ થાય છે અને પછી મનને પહોંચી ઇન્દ્રિયો દ્વારા બહાર નીકળી બાહ્ય પદાર્થોને જઈ મળે છે. આમ જ્ઞાન જ્યારે વિષયના સંપર્કમાં આવે છે ત્યારે એ વિષયોનો આકાર ધારણ કરતું મનાય છે અને કોઈક રીતે તે પ્રમાતાને એ વિષય પ્રકાશિત કરે છે.

**ધર્મભૂતજ્ઞાન :**

આ મતમાં જ્ઞાનને દ્રવ્ય માનવામાં આવેલ છે. પરંતુ તે ઈશ્વર અને જીવોનો ગુણ (ધર્મભૂતિ) પણ છે. ધર્મભૂત જ્ઞાન એટલે વિશેષણાત્મક ચૈતન્ય, જે વિશેષ્યાત્મક ચૈતન્યથી ભિન્ન છે. તેનું તાત્પર્ય એ છે કે તે જીવો કે ઈશ્વરનું 'વિશેષણ' છે અને તેનું નામ સૂચવે છે તેમ તે હંમેશા જીવ અને ઈશ્વરથી ગૌણ છે. ધર્મભૂત જ્ઞાન સ્વયંપ્રકાશ, અચેતન દ્રવ્ય અને જ્ઞાનનો વિષય છે; તે વિભુ અર્થાત્ વ્યાપક છે, પ્રભાપૂર્ણ અને ગુણાત્મક છે, અને અર્થનો પ્રકાશકરવાવાળું તેમજ બુદ્ધિરૂપ છે. ધર્મભૂત જ્ઞાનયુક્ત આત્મામાં અનુભવની વિવિધતા તથા એકરસતા બન્ને સંભવિત છે. કર્મની મર્યાદાઓ હોવા છતાં તે સર્વ અંતરાયો વટાવી પ્રગતિ કરી શકે છે અને પોતાની નિરૂદ્ધ સ્થિતિમાં પરમાત્માનો સાક્ષાત્કાર સાધવામાં એક મહાન સાધન બને છે.

**બંધન અને મુક્તિ :**

આત્માને જે બંધન થાય છે તે કર્મનું પરિણામ છે. કર્મના પ્રભાવને લઈને જ આત્મા દેહ ધારણ કરે છે. આત્મા એ દેહાત્મા બનતાં તેનું ચૈતન્ય શરીર અને ઇન્દ્રિયો વડે બંધાઈ જાય છે. આત્મા જો કે અણુરૂપ છે છતાં પણ શરીરના પ્રત્યેક ભાગને તે ચૈતન્યયુક્ત બનાવે છે. જેમ કોઈ નાનો દીવો એક મોટા ઓરડામાં સર્વત્ર પ્રકાશ પાથરે છે તેમ આત્મા વડે શરીર ચેતનવંત બની પ્રકાશે છે. પરિણામે ચૈતન્યયુક્ત શરીરને જ આત્મા પોતાનું શરીર માની બેસે છે. આમ અનાત્મામાં આત્મબુદ્ધિ થવી તેનું જ નામ અહંકાર છે; તેને જ અવિદ્યા કહે છે.

મુક્તિ એટલે બ્રહ્મ સાદશ્ય. રામાનુજ જીવન્મુક્તિનો આદર્શ સ્વીકારતા નથી. તેઓ ફક્ત વિદેહ મુક્તિમાં જ માને છે.

**મોક્ષપ્રાપ્તિ માટેનું સાધન ભક્તિ :**

રામાનુજ મુક્તિના સાધના તરીકે ધ્યાન, ઉપાસનાત્મક ભક્તિને જ ગણાવે છે. તેમના મતે બ્રહ્માત્મૈક્ય જ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિ થતી નથી. ભક્તિથી જ ભગવાન પ્રસન્ન થઈ મુક્તિ પ્રદાન કરે છે. મુક્તિ તો ઈશ્વરની અનન્યભાવે ભક્તિ કરવાથી જ મળે. કર્મ અને જ્ઞાન દ્વારા ભક્તિનો ઉદય થાય છે, અને પરિણામે મુક્તિ મળે છે. 'કર્મ' એટલે અહીં વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે કરવામાં આવતાં નિત્ય-નૈમિત્તિક કર્મો. પરંતુ કર્મનું અનુસરણ સ્વર્ગાદિની ભાવના મનમાં લાવ્યા વગર નિષ્કામ ભાવે કરવું જોઈએ. કર્મ અને જ્ઞાનની આવશ્યકતા માત્ર પરબ્રહ્મમાં ભક્તિ કેળવવાને માટે જ દર્શાવેલ છે. શ્રી સહિત નારાયણની સેવા કરવી એ જ પરમ પુરુષાર્થ છે. માનવમાત્રમાં રહેલો ભાવન પ્રધાન પ્રેમ કે અનુરાગ તે ભક્તિ છે એ પ્રેમભરી નિષ્ઠા છે. પૂજા વગેરેને વિષે પ્રેમ તે ભક્તિ. ઈશ્વરની મહત્તાનાં ગુણગાન તથા કથા વગેરેને વિષે પ્રેમ તે ભક્તિ. ભક્તિને લીધે આત્માનંદમાં ભંગ ન પડવો જોઈએ. ઈશ્વરને વિષે ધ્યાનમગ્ન રહેવાથી આત્મા જે આનંદ અનુભવે છે એનું નામ ભક્તિ. ઈશ્વરને શરણે જવું, પોતાનાં સર્વ કર્મ તેને અર્પણ કરવાં, ઈશ્વરને માટે વ્યાકુળતા ઉપજવી એનું નામ ભક્તિ. ભક્તને ઈશ્વર તરફથી તેના યોગક્ષેમની હંમેશાં ખાત્રી મળે છે. ભક્તિ એ તો હૃદયની ભાષા છે. ''શિરતણું સાટું'' છે. 'બીજા તમામ વિષયોથી વિરક્ત થઈ પોતાના ઈષ્ટનું આનંદરૂપે પરમ જ્ઞાન પામવું તે ભક્તિ છે. ભક્તિમાં પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે રામાનુજ સાત પ્રકારના સદ્‌ગુણો કેળવવાની વાત કરે છે :૧. વિવેક ૨. વિમોક (સર્વ પ્રકારની કામનાઓનો ત્યાગ) ૩. અભ્યાસ, ૪. ક્રિયા (શ્રૌત અને સ્માર્ત કર્મો), ૫. કલ્યાણ (જનસેવા), ૬. અનવસાદ (નિરાશ ન થવું), ૭. અનુદ્ધર્ષ (પરમ સંતોષરૂપ આનંદનો ગુણ કેળવવો). આ સાત પ્રકારનાં સાધનો વડે આધ્યાત્મિક ઉન્નતિના પંથે ક્રમશઃ આગળ વધવાનું છે. શ્રીમદ્ ભાગવત નવધા ભક્તિની વાત કરે છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય સખ્ય અને આત્મનિવેદન.

રામાનુજ ઈશ્વરપ્રાપ્તિ માટે સર્વસુલભ એવો માર્ગ પણ સ્વીકારે છે. આ માર્ગને જાતિ-પાંતિના ભેદ વિના કોઈ પણ વ્યક્તિ અનુસરી શકે છે. આ માર્ગ છે પ્રપત્તિ યા શરણાગતિનો. Complete dedication to God. જ્યાં લગી ભક્તિમાં આત્મસમર્પણ અને અધીનતા (Submission) ન હોય ત્યાં સુધી ભક્તિ અધૂરી જ રહેવાની. રામાનુજના મતે પ્રપત્તિ એટલે 'પરમાત્માની અનુકૂળતાનો સંકલ્પ અને પ્રતિકૂળતાનો ત્યાગ; એ (પરમાત્મા) રક્ષણ કરશે જ એવો દઢ વિશ્વાસ તથા રક્ષણકર્તા તરીકે એનો પ્રેમપૂર્વક સ્વીકાર.' આમ અહીં છ પ્રકારે શરણાગતિ સ્વીકારે છે. પરમભક્તિ અને સંપૂર્ણ પ્રપત્તિ એક જ વસ્તુનાં બે પાસાં છે; જેને ભક્તિમાર્ગની છેલ્લી ભૂમિકાઓમાં રામાનુજ આવશ્યક માને છે. સાચી ભક્તિનું પરિણામ હંમેશા નિઃસ્વાર્થ આચરણમાં આવે છે. જેઓ ભક્તિને આત્મપરાયણ જીવનની પરાકાષ્ઠા માને છે તેમને માટે અન્તિમ

ધ્યેય નિર્ગુણ પરબ્રહ્મમાં ભળી જવાનું નથી, પણ પુરુષોત્તમ સાથે તાદાત્મ્ય સાધવાનું છે. મધુસૂદન સરસ્વતીએ પ્રપત્તિ અર્થાત્ શરણાગતિનાં ત્રણ સોપાનો ગણાવ્યાં છે : ૧) હું એનો જ છું, ૨) એ મારો જ છે, ૩) એ હું જ છું. 'પ્રપન્ન' ભક્ત શાન્તિથી જીવન જીવ્યે જાય છે. જનસેવા એ જ તેને મન પ્રભુ સેવા છે. આવા ભક્તના પણ બે પ્રકાર માનેલા છે. એકાન્તી અને પરમ એકાન્તી. પરમ એકાન્તીના પણ બે પ્રકાર છ. એક દપ્ત અને બીજો આર્ત. બન્નેને ભગવાનનો વિયોગ સહ્યો જતો નથી.

સમય જતાં રામાનુજ સંપ્રદાયમાં પ્રપન્ન દશામાં જીવે કંઈપણ કરવાનું રહે છે કે કેમ એ પ્રશ્ને બે શાખાઓ પડી. ૧. વડગલાઈ (ઉત્તરની ગાદી (કાંચી)ની શાખા) અને ૨. તેંગલાઈ (દક્ષિણની ગાદી (શ્રી રંગમ્)ની શાખા). ટૂંકમાં એક શાખા ઈશ્વરની ભક્તિથી સંતોષ માને છે; જ્યારે બીજી શાખા ભક્તિ કરતાં પણ વિશેષ જે પ્રપત્તિ – એનો ઉપદેશ કરે છે.

ધર્મ તેમજ તત્ત્વજ્ઞાન ક્ષેત્રે શ્રી રામાનુજે કરેલું પ્રદાન મહત્ત્વનું છે. તેમનું દર્શન એ જન સામાન્યનું દર્શન છે. ધાર્મિક તેમ જ નૈતિક વિશ્વાસનું રામાનુજ માફક કોઈએ આટલું સમર્થન કર્યું નથી. તેમણે હિન્દુઓને તેમના આત્માઓ (જીવ) પાછા આપી દીધા. (કારણ કે શાંકરવેદાન્તમાં જીવ અને બ્રહ્મનો અભેદ હતો!). જીવાત્મા, જગત તથા ઈશ્વર ત્રણેયની માત્ર વ્યાવહારિક નહીં પરંતુ પારમાર્થિક સત્તા છે એમ તેમણે સાબિત કરવા પ્રયત્ન કર્યો અને લોકોને માયાવાદના વમળમાં ફસાતા બચાવ્યા! ભક્ત અને ભગવાનની વાસ્તવિક અલગ સત્તા સ્વીકાર્યા વગર પ્રેમ કે ભક્તિનો ઉદય થવો શક્ય નથી. વળી તેમણે દ્વૈતની સાથે અદ્વૈતનું પણ રક્ષણ કર્યું. જીવ અને પ્રકૃતિને ઈશ્વરથી ભિન્ન માની, છતાં બન્નેને ઈશ્વરની જ વિભૂતિ માન્યાં. શાંકરમતથી આગળ જઈ તેમણે ભક્તિ, પ્રેમ તથા કર્તવ્યને વિશેષ મહત્ત્વ આપ્યું.

આચાર્ય આ. બા. ધ્રુવના મતે રામાનુજાચાર્યની મહત્તા બે બાબતમાં રહેલી છે. ૧) તેમણે જે જ્ઞાનકર્મસમુચ્ચયવાદ સ્વીકાર્યો એ સામાન્ય મનુષ્યના ધાર્મિક જીવનને ઘણો ઉપકારક છે, અને ૨) સગુણ બ્રહ્મનું સવિસ્તર જ્ઞાન આપી નરીશ્વરવાદ પ્રત્યે અરુચિ ઉપજાવવામાં મદદ કરી. રામાનુજના તત્ત્વદર્શનની અન્ય તત્ત્વદર્શનો પર પણ અસર થઈ છે. (દા.ત. સ્વામિનારાયણ સંપ્રદાય). ઉત્તરભારતમાં ધર્મ અંગે જે નવી નવી, પ્રવૃત્તિઓ થઈ એ સર્વ રામાનુજના ઉપદેશનું પરિણામ હતું. રામાનુજના આગમન પહેલાં વૈષ્ણવધર્મ વેરવિખેર થઈ ગયો હતો. તેમણે સર્વ વૈષ્ણવોનું સંગઠન કર્યું અને વૈષ્ણવધર્મને બહુજન સમાજમાં સાચા અર્થમાં ફેલાવ્યો. પ્રભુભક્તિ પર આધારિત વૈષ્ણવધર્મની સ્થાપના કરી આધ્યાત્મિક બંધુત્વનું નિર્માણ કર્યું. પરિણામે તેમના પછી સૈકાઓ બાદ થયેલા રામાનંદ, ચૈતન્ય, રામદાસ જેવા સૌ વિલક્ષણ ભક્તો સંપ્રદાયના વિરોધીઓનાં આક્રમણોને રોકી શક્યા. રામાનુજે જગતને સુલભ આકર્ષક અને પુનિત બનાવનાર માર્ગ ચીંધી માનવજીવનને સાર્થ તથા મૂલ્યાવાન બનાવ્યું.

◆ ◆ ◆

## : અભિનંદન અને શુભેચ્છાઓ :

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના જાન્યુઆરી ૨૦૨૨ થી ડિસેમ્બર ૨૦૨૩ સુધીના કાર્યકાળ માટે નીચેના સભ્યોની ચૂંટણી પ્રક્રિયા દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે.

### : કારોબારી પદાધિકારીઓ :

| | |
|---|---|
| ૧. શ્રી દિલીપભાઈ એમ. શાહ – પ્રમુખ | ૪. શ્રીમતી વર્ષાબેન આર. શાહ – જોઈન્ટ સેક્રેટરી |
| ૨. શ્રી બકુલભાઈ ગાંધી – ઉપપ્રમુખ | ૫. શ્રીમતી રમાબેન મહેતા – ટ્રેઝરર |
| ૩. ડૉ. સેજલબેન એમ. શાહ – સેક્રેટરી | ૬. શ્રી રજનીકાંત સી. ગાંધી – જોઈન્ટ ટ્રેઝરર |

### : કાર્યવાહક સમિતિના સભ્યો :

| | | |
|---|---|---|
| ૧. શ્રી ચંદુભાઈ ફ્રેમવાલા | ૫. શ્રીમતી ભારતીબેન બી. શાહ | ૯. ડૉ. રેણુકાબેન પોરવાલા |
| ૨. શ્રી હસમુખભાઈ ડી. શાહ | ૬. શ્રી ગિરીશભાઈ વકીલ | ૧૦. શ્રી કિરણભાઈ શેઠ |
| ૩. શ્રીમતી કલ્પાબેન એચ. શાહ | ૭. શ્રી બિપીનભાઈ કે. જૈન | ૧૧. કુ. મીનાબેન શાહ |
| ૪. શ્રી વી. આર. ઘેલાણી | ૮. શ્રી બિપીનભાઈ એન. શાહ | ૧૨. ડૉ. સ્નેહલ સંઘવી |

### : કૉ-ઓપ્ટ સભ્યો :

| | | |
|---|---|---|
| ૧. શ્રી શાંતિલાલ કે. ગોસર | ૨. શ્રી પન્નાલાલભાઈ છેડા | ૩. શ્રી દિનેશભાઈ બી. શાહ |

# દ્વૈતદર્શન

## પૂર્ણિમા દવે

*મુંબઈની સાઠે કૉલેજમાં આડત્રીસ વર્ષો સુધી તત્ત્વજ્ઞાન અધ્યાપક તરીકે યશસ્વી કામગીરી કરનાર વિદુષી અને તેજસ્વી અધ્યાપિકા. મુંબઈ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગમાં એડજંક્ટ પ્રોફેસર તરીકે પણ સેવાઓ આપેલી. બોમ્બે ફિલોસોફિક્લ સોસાયટીના પહેલા ઉપપ્રમુખ અને પછી પ્રમુખ તરીકે ઉજ્જળ સેવાઓ આપેલી. તેઓએ ફ્રીલાન્સ રાયટર તરીકે પુષ્કળ લેખન કર્યું છે. અંગ્રેજી ભાષામાંથી ઘણાં પુસ્તકો ગુજરાતીમાં ઉતાર્યાં છે. સ્વામીનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી અને હિમાયતી, એ સંપ્રદાયના મહત્ત્વના પુસ્તકોના લેખિકા.*

**રા**મ, કૃષ્ણ વગેરે અવતારોની ભેટ આપણને ઉત્તર ભારત તરફથી મળી, જ્યારે પાંચ મુખ્ય તત્ત્વજ્ઞાની આચાર્યો દક્ષિણ ભારતની ભૂમિમાં પાક્યા. આ પાંચે આચાર્યોનાં વેદાંતદર્શનમાં સમગ્રતયા બ્રહ્મતત્ત્વની ચર્ચા એ મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. આ પાંચ આચાર્યો અને તેમના વેદાંતદર્શનને મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકાય :

(૧) એક તરફ શંકરાચાર્યને અને તેમના નિર્ગુણ-નિર્વિશેષ બ્રહ્મવાદને મૂકીએ. તેમના મતે બ્રહ્મ નિરાકાર (આકારરહિત), નિર્ગુણ (ગુણરહિત) સચ્ચિદાનંદરૂપ છે. કેવળ એક બ્રહ્મ જ સત્ય છે; બાકી સર્વે જગતમાત્ર મિથ્યા છે, માયા છે. જીવ અને બ્રહ્મ બંને એક છે.

શંકરાચાર્યનો આ બ્રહ્મવાદ એ અદ્વૈતવાદ, નિર્ગુણ બ્રહ્મવાદ, નિરાકારવાદ, માયાવાદ, કેવળવેદાંત, કૈવલાદ્વૈત, શાંકરવેદાત, શાકરમત વગેરે નામોથી પણ બહુજનસમાજમાં પ્રચલિત છે.

(૨) આ શંકરાચાર્યના નિર્ગુણ બ્રહ્મવાદથી વિરુદ્ધ બીજો માર્ગ સગુણ-સવિશેષ બ્રહ્મવાદ છે, જેના મત મુજબ પરમેશ્વર, પરબ્રહ્મ, પુરુષોત્તમ નારાયણ સર્વોચ્ચ તત્ત્વ છે. પરમેશ્વર દિવ્ય ગુણ, દિવ્ય આકાર અને દિવ્ય વિશેષણે સહિત છે. તેમના ધ્યાન, ઉપાસના, ભક્તિ કરવાથી જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે.

શંકરાચાર્ય સિવાયના બીજા ચાર આચાર્યો રામાનુજ, મધ્વ, વલ્લભ અને નિંબાર્ક શ્રીવિષ્ણુને પરમેશ્વર, ઇષ્ટદેવ માની તેમની ધ્યાન-ઉપાસના-ભક્તિ દ્વારા મોક્ષનો માર્ગ બતાવે છે. આથી આ ચાર આચાર્યોના માર્ગને વૈષ્ણવ સંપ્રદાય, ભક્તિમાર્ગ, વિષ્ણુપરક બ્રહ્મવાદ તથા સગુણ બ્રહ્મવાદ તરીકે પણ ઓળખાવાય છે.

ઉપાસનાના ભેદને લીધે સગુણ બ્રહ્મવાદના પાંચ પ્રકાર પડે છે : વિષ્ણુની ઉપાસના વિષ્ણુપરક, શિવની ઉપાસના શિવપૂરક, શક્તિપૂજા શક્તિપૂરક, સૂર્ય-ઉપાસના સૂર્યપરક અને ગણપતિપૂજા ગણપતિપરક બ્રહ્મવાદ એમ કહેવાય છે.

વિષ્ણુપરક સગુણ બ્રહ્મવાદના ચાર આચાર્યો તેમના દાર્શનિક મત-સિદ્ધાંતની (તત્ત્વજ્ઞાનની) ભિન્નતાને કારણે એકબીજાથી અલગ પડે છે. તે મુજબ વિષ્ણુપરક સગુણ બ્રહ્મવાદના ચાર અવાતર વિભાગ પડે છે.

વિશિષ્ટાદ્વૈતવાદ (રામાનુજાચાર્ય)

દ્વૈતવાદ (ભધ્વાચાય)

શુદ્ધાદ્વૈતવાદ (વલ્લભાચાર્ય)

દ્વૈતાદ્વૈતવાદ (નિંબાર્કાચાર્ય)

આ ચારની વિરુદ્ધનો મત નિર્ગુણ બ્રહ્મવાદ, અદ્વૈતવાદ (શંકરાચાર્ય).

ભારતીય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં મધ્યયુગથી માંડીને અદ્યાપિ આ પાંચે વાદોએ પ્રથમ દક્ષિણ ભારતમાં અને ત્યાર બાદ કાળાંતરે આગળ વધતા સમગ્ર ભારતમાં એક જીવંત દર્શનશાસ્ત્ર તરીકેનું ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. દરેક આચાર્યને પોતાનું આગવું શિષ્યગણ, ધાર્મિક સંસ્થાન, તત્ત્વજ્ઞાન અંગેનું સંસ્કૃત ભાષામાં વિપુલ સાહિત્ય છે. એમાંયે ખાસ કરીને મધ્વાચાર્યના દ્વૈતવાદનું સાહિત્ય તો પ્રાંતિક ભાષા કન્નડમાં અને રામાનુજના વિશિષ્ટતાદ્વૈતનું ભક્તિસાહિત્ય તમિળ ભાષામાં પણ જોવા મળે છે.

શંકરાચાર્યના સમયમાં ભારતવર્ષ બૌદ્ધ, જૈન અને કાપાલિકોની અસત તળે સંપૂર્ણતયા આવી ચૂક્યો હતો. વૈદિક ધર્મનો સૂર્ય અસ્ત પામી રહ્યો હતો. લોકો વૈદિક કર્મકાંડની નીરસતા અને ઔપનિષદ નિર્ગુણજ્ઞાન ઉપાસનાથી શુષ્ક અને ઉદાસ થઈ ગયા હતા તેથી જૈન અને બૌદ્ધ ધર્મની છત્રછાયા નીચે આશ્રય લેવા લાગ્યા હતા. અસ્ત પામી રહેલા વૈદિક ધર્મને પુનઃ ઊંચે લાવવાના મુખ્ય ઉદ્દેશથી શંકરાચાર્યનું પ્રાક્ટ્ય આવા કપરા કાળે થયું હતું. બુદ્ધનું ખંડન કરતાં કરતાં અજ્ઞાતપણે બુદ્ધની અસર તેમના નિર્ગુણ બ્રહ્મવાદ પર પડી ચૂકી અને આમ શંકરાચાર્ય પર પ્રચ્છન્ન બુદ્ધની મહોર લાગી ગઈ.

શંકરાચાર્યના અદ્વૈતવાદમાં પરમાત્માના સગુણ સ્વરૂપને તથા

ભક્તિ ઉપાસનાને અવકાશ નહોતો. આવા શુષ્ક વેદાંતનું ચારે વૈષ્ણવ આચાર્યોએ ખંડન કર્યું. તેમાં સૌ પ્રથમ રામાનુજાચાર્યે પોતાના વિશિષ્ટાદ્વૈત મત અને વૈષ્ણવ-ભક્તિમાર્ગ દ્વારા વિરોધ કર્યો પરંતુ અતિ વિનમ્ર અને સાધુપુરુષ રામાનુજનો સહિષ્ણુ અને ઉદાર વલણયુક્ત વિરોધ અદ્વૈતવાદ – ખંડનક્ષેત્રે મધ્વની દૃષ્ટિએ અત્યંત નબળો અને ઓછો પ્રભાવક લાગ્યો. આમ અદ્વૈતવાદ પ્રતિ સેશ્વર (ઈશ્વરનું અસ્તિત્વ પુરવાર કરતા) પ્રત્યાઘાતો સૌ પ્રથમ રામાનુજે કર્યા પરંતુ મધ્વના દ્વૈતવાદે તીખા, તીક્ષ્ણ પ્રહારો કરી તેની સામે જોરદાર વિરોધ નોંધાવ્યો. રામાનુજનું વલણ વધુ પડતું સહિષ્ણુ અને સમન્વયકારી હતું, જ્યારે મધ્વનું વલણ અસહિષ્ણુ અને બિનસમાધાનકારી રહ્યું.

મધ્વાચાર્ય 'વાયુ'નો અવતાર મનાય છે. વંટોળિયો ચડે અને રણઆંધી થાય એમ ધારદાર શબ્દશસ્ત્રોના તીક્ષ્ણ પ્રહારથી તેમણે શાંકરમતનું ખંડન કર્યું. શંકરાચાર્યના અદ્વૈતવાદનું ખંડન એ તેમનો પ્રધાન હેતુ હતો. અદ્વૈતવાદ-ખંડનક્ષેત્રે સર્વ આચાર્યોમાં સૌથી ખંડનાત્મક, જુસ્સાદાર, ધારદાર અને તીવ્ર અભિગમ મધ્વનો રહ્યો હતો.

અદ્વૈતવાદ આક્રમક તાર્કિક દલીલો કરીને સાંખ્ય અને ન્યાય-વૈશેષિકના વાસ્તવવાદ (જગતની સત્યતામાં માનતો વાદ)નો છેદ ઉડાડી દીધો હતો અને પોતાના માયાવાદનો (જગત માયિક છે.) પ્રભાવ સ્થાપિત કર્યો. પરંતુ એ વાસ્તવવાદને બચાવવા મધ્વના દ્વૈતવાદે શંકરના માયાવાદ સામે જબ્બર ટક્કર લીધી મધ્વે અને ત્યાર બાદ સાતશતક દરમિયાન તેમના અનુગામી વિદ્વાનોએ અદ્વૈતવાદ સામે સતત સંઘર્ષ ખેડ્યો. મધ્વ પછી તેમના અનુગામીઓમાં મુખ્યત્વે શ્રીહર્ષ, ચિત્તસુખ, જયતીર્થ, વ્યાસતીર્થ વગેરેએ દ્વૈત સાહિત્યમાં મૌલિક પ્રદાન કરી આ કાર્યને સતત આગળ ધપતું રાખ્યું. આ સર્વમાં જયતીર્થ અને વ્યાસતીર્થના ન્યાયતર્ક પાસે કોઈ ઊભું ન રહી શકે. ૧૬મી સદીમાં નવ્ય અદ્વૈતનો ઉદ્‌ભવ થયો જે મધ્વનાં અનુગામીઓની ન્યાયતર્કયુક્ત દલીલોથી ભરપૂર દ્વૈત સાહિત્યના પરિપાકરૂપે થયો હતો એમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.

મધ્વના મત પ્રમાણે શાંકરમત એ ચાર્વાકના લોકયત મત, જૈન, બૌદ્ધ અને પાશુપત જેવો જ બલકે વિશેષ હાનિકારક હતો કારણ કે તે વેદોપનિષદના અંચળા હેઠળ ઉપદેશાયો હતો. વેદાંતક્ષેત્રે થયેલ તાત્ત્વિક વાદવિવાદના ઇતિહાસમાં મધ્વની ટીકા-ભાષ્ય એક નોંધનીય પ્રકરણ બની રહ્યું છે.

બંગાળનો ચૈતન્ય સંપ્રદાય અને તેની ગુરુપરંપરા, તેમનો 'વિશેષ'નો તાત્ત્વિક વિચાર, સિદ્ધરૂપ ભક્તિ વગેરે પર મધ્વસંપ્રદાયની અસર પડેલી હતી.

કર્ણાટકમાં સંત હરિદાસની ભક્તિ-ચળવળ અને તેમનો બહોળો શિષ્યસમુદાય એ પણ મધ્વસંપ્રદાયની તત્કાલીન અસરનો પ્રભાવ હતો. અન્ય આચાર્યો કરતાં પ્રમાણમાં ઓછું શિષ્યગણ હોવા છતાં મધ્વનો દ્વૈતવાદ તેની અમુક ચોક્કસ સિદ્ધિઓને કારણે જ જનસમાજમાં કેન્દ્રવર્તી અને એટલો જ પ્રભાવક રહી શક્યો છે.

**મધ્વનું જીવન અને કાર્ય :**

મધ્વનો જીવનકાળ એ એક વિવાદાસ્પદ બિના છે. તેમના ચોક્કસ કાલખંડ અગે કૃષ્ણસ્વામી ઐયરે પુરાત્ત્વ આધાર પર કરેલી ઐતિહાસિક શોધખોળ, મધ્વમઠના કોતરકામ પર અંકિત થયેલા ઉલ્લેખો, સુબ્બારાવ અને ડૉ. ભાંડારકરનાં સંશોધનો વગેરેમાં ક્યાંક મતભેદ છે. પરંતુ અંતે સંતોષકારક અને સર્વમાન્ય સમય ઈ.સ. ૧૨૩૮ થી ૧૩૧૭ નક્કી થયો છે.

ઉડુપિ ગામ દાર્શનિક આચાર્ય મધ્વનું જન્મસ્થાન હોવાનાં કારણે ભારતીય તત્ત્વજ્ઞાનનાં ઇતિહાસમાં અમર થઈ ગયું. આજે પણ ઉડુપિ મધ્વનું મુખ્ય કેન્દ્ર છે. ૧૯૧૫માં કરેલ સર્વેક્ષણમાં ફક્ત આ જ વિસ્તારમાં ૭૦,૦૦૦ જેટલા મધ્વાનુયાયીઓ હતા. આ ઉપરાંત અન્ય જગ્યાએ પણ તેઓ પથરાયેલા છે. જોકે એ પણ નોંધવું એટલું જ જરૂરી છે કે હૈદરાબાદની દક્ષિણે મેંગલોર સુધી એટલે કે ઉત્તર-દક્ષિણ કર્ણાટકનો વિસ્તાર એ વીરશૈવોનું પણ કેન્દ્ર ગણાય છે. સમગ્ર તુળુનાડુમાં મુખ્યત્વે જૈન, વેદાંતીઓ, વીરશૈવ અને મધ્વના વૈષ્ણવસંપ્રદાયના અનુયાયીઓ જોવા મળે છે કહેવાય છે કે સ્ત્રીઓનાં વસ્ત્રપરિધાન વગેરેમાં પણ આ ભેદ નજરે ચડે એટલો સ્વાભાવિક છે.

ઉડુપિ (જે રજતપીઠપુર તરીકે પણ ઓળખાય છે.) નજીક પાજકક્ષેત્રમાં મધ્વનું જન્મસ્થાન હજી પણ સચવાયું છે. અત્યારના મૈસૂર પ્રાંતના દક્ષિણ કન્નડ તાલુકાના ઉડુપિ ગામની દક્ષિણ-પૂર્વે આઠ માઈલ દૂર રજતપીઠ ગામે મધિજી ભટ્ટ નામના વેદવેદાંગ પારંગત વિનમ્ર બ્રાહ્મણ-દંપતીના ઘેર આસો સુદ દશમી (વિજયા-દશમી)ના પવિત્ર દિવસે મધ્વનો જન્મ થયો હતો. માતાનું નામ વેદવતી. પિતાનું ગોત્રનામ ઉઙ્નતીલ્લાય, જેનો અર્થ મધ્યમંદિર છે.

મધિજી ભટ્ટના બે પુત્રો મૃત્યુ પામ્યા બાદ પુત્રકામનાથી દંપતીએ ઉડુપિના દેવ શ્રીનારાયણની ઉપાસના કરી અને દૈવકૃપાએ મધ્વનો જન્મ થયો. બાળકનું નામ વાસુદેવ રાખ્યું. બાળક કંઈક અસામાન્ય અને વિલક્ષણ વર્તાતું હતું. પાંચ વર્ષની વયે સંસ્કૃત

સાહિત્ય અને વ્યાકરણ શીખ્યા.

દોડવું, કૂદવું, તરવું, કુસ્તી વગેરેમાં તેઓ પારંગત હતા તેથી ભીમ નામ પડ્યું. મધ્વ વાસુદેવનો ત્રીજો અવતાર મનાય છે. (હનુમાન, ભીમ અને ત્યાર બાદ મધ્વ.)

સાત વર્ષની વયે ઉપનયનસંસ્કાર કર્યો. બ્રાહ્મણોને તે વખતે મળતી કેળવણી તેમણે પાઠશાળામાં કુલગુરુ ટોટાચાર્ય પાસેથી ગ્રહણ કરી નાની ઉમ્મરે સંન્યાસ લેવાનું નક્કી કર્યું પરંતુ માતાપિતાને રુચ્યું નહીં તેથી તે વિચાર મુલતવી રાખ્યો. પાઠશાળાની શિક્ષા સમાપ્ત કરી ઘેર વિભિન્ન શાસ્ત્રોનું અધ્યયન શરૂ કર્યું. નાના ભાઈ વિષ્ણુતીર્થના જન્મ પછી ફરી વાર ચિત્તમાં સંન્યાસની આકાંક્ષા ઉત્પન્ન થઈ. સોળ વર્ષની ઉમ્મરે અદ્વૈત મતના સંન્યાસી આચાર્ય સનકકુલોદ્ભવ અચ્યુતપ્રેક્ષ પાસે દીક્ષા ગ્રહણ કરી પૂર્ણપ્રજ્ઞ નામ ધારણ કર્યું.

ગુરુ પાસે વેદાંતપઠનનો આરંભ કર્યો. વિમુક્તાત્મનના ઇષ્ટસિદ્ધિ ગ્રંથથી શરૂઆત કરી ત્યાંથી જ ગુરુ-શિષ્ય વચ્ચે મતભેદની શરૂઆત થઈ. શાંકર અદ્વૈત તેમને રુચ્યું નહીં અને ભક્તિમાર્ગવાળો દ્વૈતવાદ ઉઠાવ્યો. ગુરુની વ્યાખ્યાથી સંતોષ ન થતાં વ્યાખ્યાનો પ્રતિવાદ કરવા લાગ્યા. મતભેદ શરૂ થતાં તેમણે અભ્યાસ છોડી દીધો. ઉડુપિ અને તેની આજુબાજુના વિસ્તારમાં ગુરુ અચ્યુતપ્રેક્ષના શિષ્યોને અધ્યાપન કરાવવાનું શરૂ કર્યું. સાથે સાથે પ્રસંગોપાત્ત વેદાંતીઓ, જૈન અને બૌદ્ધો સાથે શાસ્ત્રર્થ કર્યા. જમાં વાસુદેવ પંડિત, વાદિસિંહ અને બુદ્ધિસાગરનો સમાવેશ થાય છે. સતત અધ્યાપન અને વાદવિવાદના કારણે તેમની ન્યાયતત્ત્વબુદ્ધિ અતિશય તીક્ષ્ણપણે વિકાસ પામી હતી, દલીલબાજીમાં તેઓ પ્રખર થયા, જે તેમના ગ્રંથોમાંથી પણ પ્રતીત થાય છે.

જ્યારે તેઓ વેદાંતશાસ્ત્રમાં પારંગત થઈ ગયા ત્યારે ગુરુએ તેમને આનંદતીર્થ નામ આપી મઠાધીશ બનાવ્યા. આનંદજ્ઞાન, જ્ઞાનાનંદ, આનંદગીરી, પૂર્ણપ્રજ્ઞ, આનંદતીર્થ વગેરે નામોથી તેઓ પ્રસિદ્ધ થયા. 'મધ્વ' નામ તેમણે પોતે જ ધારણ કરેલું.

રજતપીઠપુરમાં એક વાર ગુરુ અચ્યુતપ્રેક્ષને મળવા આવેલ શાંકરમતના વિદ્વાને પંડિતને તેમણે હરાવ્યા. આ સફળતાથી પ્રેરાઈને નવા મનના પ્રચારાર્થે દક્ષિણ ભારતની યાત્રા શરૂ કરી જેમાં ત્રિવેન્દ્રમ્, કન્યાકુમારી, શ્રીરંગમ્ અને રામેશ્વર તીર્થોનો સમાવેશ થયો હતો. ગુરુ અચ્યુતપ્રેક્ષ અને અન્ય પણ સાથે હતા. વિષ્ણુમંગલ સ્થાનમાં રોકાયા. કન્યાકુમારીમાં શૃંગેરી મઠાધિપતિ સાથે શાસ્ત્રર્થ થયો જે ઉગ્ર વિવાદમાં પરિણમ્યો. ત્રિવેન્દ્રમથી ધનુષકોટી રામેશ્વરમાં ચાતુર્માસ દરમિયાન શ્રીવિષ્ણુને ભક્તિભાવપૂર્વક પૂજાવિધિ અર્પણ કર્યો. ત્યાંથી શ્રીરંગમ્ તરફ ગયા જ્યાં સંભવતઃ રામાનુજના અનુયાયીઓના સંપર્કમાં આવ્યા હશે. શ્રીરંગમથી ઉત્તર માર્ગે ઉડુપિ પાછા ફર્યા. માર્ગમાં અનેક વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ થયો. નાના પ્રકારની યોગસિદ્ધિઓ પણ તેમણે દેખાડી.

બે મૂળભૂત સંકલ્પો – માયાવાદખંડન અને નવા મતની સ્થાપનાનાં પગરણ આ રીતે મંડાઈ ચૂક્યાં. ઉડુપિ પાછા ફર્યા પછી તેમણે ગીતા પર ભાષ્ય રચ્યું જેમાં તેમણે દ્વૈતવાદને સારાંશ આપ્યો. ગીતાભાષ્ય તેમણે ઉત્તર ભારતની બદરીધામની યાત્રામાંથી પાછા ફર્યા સુધી પ્રકાશિત કર્યું નહોતું.

આમ દક્ષિણમાં નવા મતના પ્રસ્થાપક તરીકે સ્થાપિત થયા બાદ તેમણે ઉત્તર ભારતની યાત્રા શરૂ કરી. ગંગા નદી ઓળંગી હરદ્વાર, બદરીધામ ગયા. એમ કહેવાય છે કે ત્યાં તેમને ભગવાન વ્યાસના દર્શન થયાં અને વ્યાસજીએ પ્રસન્ન થઈ તેમને ત્રણ શાલિગામની મૂર્તિ ભેદ આપી, જે સુબ્રહ્મણ્ય, ઉડુપિ અને મધ્યતલમાં પ્રતિષ્ઠિત થઈ છે.

શાલિગ્રામ સિવાય એક શ્રીકૃષ્ણની મૂર્તિ પણ ઉડુપિમાં સ્થાપી આ કૃષ્ણમૂર્તિની પ્રતિષ્ઠાની કથા આ પ્રમાણે છે : એક વેપારીનું જહાજ દ્વારિકાથી મલબાર જઈ રહ્યું હતું જે તુમુળદેશ પાસે ડૂબી ગયું. આ જહાજમાં ગોપીચંદનના લેપવાળી એક કૃષ્ણમૂર્તિ પણ હતી. આચાર્ય મધ્વને પ્રભુએ આદેશ આપ્યો એટલે તેમણે એ મૂર્તિ જળમાંથી કાઢી અને તેની ઉડુપિમાં સ્થાપના કરી. ત્યારથી ભક્તો માટે ઉડુપિ એક મહાન તીર્થસ્થાન બની ગયું છે.

કથા એમ કહે છે કે વેદવ્યાસે તેમને શાકરભાષ્યની ટીકા કરતું અન્ય ભાષ્ય રચવાની આજ્ઞા કરી તેથી તેમણે ઉડુપિ પાછા ફરવાનો સંકલ્પ કર્યો. બાદરિકાશ્રમથી ચાલતા ચાલતા પોતાના નવા મતનો માર્ગમાં પ્રચાર કરતા કરતા બિહાર, બંગાળ અને છેવટે ચાલુક્ય સામ્રાજ્યની રાજધાની ગોદાવરી કાંઠે કલ્યાણમાં આવ્યા. ત્યાં પંડિત શોભન ભટ્ટ સાથે શાસ્ત્રર્થ થયો. ચર્ચાના અંતે શોભન ભટ્ટે પદ્મનાભતીર્થ નામ ધારણ કરી સંન્યસ્ત દીક્ષા ગ્રહણ કરી મધ્વનું શિષ્યપદ સ્વીકાર્યું. વિવેચકોનું માનવું છે કે શોભન ભટ્ટ આંધ્ર પ્રદેશ (તેલુગુ)ના નહીં પરંતુ સંભવતઃ ગોદાવરી કિનારા કન્નડ તાલુકાના એકાદ ગામના હોવા જોઈએ. આંધ્ર કે ઓરસ દેશના નરહરિતીર્થે પણ અનુમાને આ જ વર્ષે શિષ્યપદ સ્વીકાર્યું હશે.

ઉત્તરયાત્રાની ફળશ્રુતિ એ હતી કે મધ્વના વ્યક્તિત્વનો અને મધ્વમતનો જનમાણસ પર ઊંડો પ્રભાવ પડ્યો. ઉડુપિમાં પુનરાગમન

પછીની નોંધનીય ઘટના એ બની કે ગુરુ અચ્યુતપેક્ષ જેઓ વેદાંતી હતા તેઓ મધ્વમતમાં જોડાયા. બીજું કે અત્યાર સુધી શાંકર વેદાંત પર મધ્વે શાસ્ત્રાર્થમાં કરેલી ટીકાટિપ્પણો હવે લેખિત ભાષ્યના રૂપમાં પરિણમી. ગીતાભાષ્ય અને બ્રહ્મસૂત્ર ભાષ્ય એના ફળસ્વરૂપ હતા. બ્રહ્મસૂત્રભાષ્ય (જે પૂર્ણપ્રજ્ઞભાષ્ય તરીકે પણ ઓળખાયું)ની રચના પૂર્વે તેમણે સૌ પ્રથમ શાંકરમતનો ઊંડો અભ્યાસ કર્યો; તેમના પુરોગામી વિદ્વાનો દ્વારા રચાયેલા કુલ ૨૧ ભાષ્યોમાં સ્થાપિત થયેલ સિદ્ધાંતથી તદ્દન અનોખો મત સૌ પ્રથમ વાર તેમણે સ્થાપિત કર્યો. આ તેમનો સ્વતંત્ર મૌલિક દ્વૈતવાદ શંકરાચાર્યના મતથી તદ્દન વિરુદ્ધ હતો.

મધ્વનું આકર્ષક વ્યક્તિત્વ, ધારદાર તર્કબુદ્ધિ, વિશદ જ્ઞાન અને નવા મતની લાક્ષણિકતાઓથી અનેક લોકો આકર્ષાયા અને તેમના મતમાં જોડાયા.

આ પછી બીજી વાર મધ્વની ઉત્તર ભારત યાત્રા થઈ. યાત્રા દરમિયાન પણ ભીના થયા વિના પાણી પર ચાલતું, દૃષ્ટિમાત્રે ઘૂઘવતા ક્રોધી દરિયાને શાંત કરવો વગેરે ચમત્કારોની વાત તેમને વિશે કહેવાય છે. દિલ્હી, વારાસણી અને ગોવા થઈ પાછા ફર્યા. તે પછી દક્ષિણ કર્ણાટકનો પ્રવાસ કર્યો જેમાં વિષ્ણુમંગલ અને ફડતલ સ્થાનો મુખ્યત્વે રહ્યા. આ પછીના ગાળામાં સંપ્રદાયનો વિકાસ અને શિષ્યગણનો વિસ્તાર મુખ્યત્વે હતા. દશોપનિષદ ભાષ્ય, દશ પ્રકરણ, ભાગવત – મહાભારતનું વિવરણ વગેરે ગ્રંથોની રચના થઈ. આ સાહિત્યથી નવા મતની ખ્યાતિ વધતી ચાલી, જે અદ્વૈતોને માટે એક ચિંતાનો વિષય બની ગયો. તેમના સંપ્રદાયના વિકાસ અને સાહિત્યિક પ્રવૃત્તિને અવરોધવા મધ્વ પુસ્તકાલયમાંથી કીંમતી પુસ્તકોની ઉઠાંતરી કરવામાં આવી. પાછળથી કલિંગ દેશના રાજા જયસિંહની મદદથી પુસ્તક-સંચય પુનઃપ્રાપ્ત થઈ શક્યો. આ પ્રસંગથી મધ્વને રાજા જયસિંહ સો નાતો જોડાયો. તેના ફળસ્વરૂપે જયસિંહ દરબારના પ્રખર વેદાંતી મહાપંડિત દીવાન ત્રિવિક્રમ સાથે શાસ્ત્રર્થ થયો અને તેઓ મધ્વમતમાં જોડાયા. આ જ ત્રિવિક્રમના પુત્ર પંડિતાચાર્ય નારાયણ ભટ્ટે મધ્વવિજય, મધ્વમંજરી અને મધ્વકૃત બ્રહ્મસૂત્રભાષ્ય પર 'તત્ત્વપ્રદીપ' નામની ટીકા લખી છે.

મહાપંડિત ત્રિવિક્રમના આગમનથી મધ્વસંપ્રદાયના ઇતિહાસમાં જબરો વળાંક આવ્યો. અન્ય મહાનુભાવો અને વિદ્વાનો પણ તેમાં ધીમેધીમે જોડાયા. આમ પ્રતિષ્ઠા વધતી ચાલી.

શ્રીમધ્વ તેમના અંતિમ સમયમાં સરિદન્તર નામના સ્થાનમાં રહ્યા. જીવનના છેલ્લાં વર્ષો દરમિયાન અધ્યાપન, ભક્તિસાધના અને ગ્રંથરચના મુખ્ય પ્રવૃત્તિ રહી હતી. ન્યાયવિવરણ, કર્મવિવરણ, કૃષ્ણામૃત મહાર્ણવ ગ્રંથો આ સમયે રચાયા. હવે કાર્યની પૂર્ણાહૂતિ થઈ ચૂકી હતી. વિશ્વને નૂતન સંદેશ અપાઈ ચૂક્યો હતો. પોતાની જન્મભૂમિ તથા અન્ય સ્થાનકોમાં માનસન્માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થયાં હતાં. ઉત્સાહી, કાર્યશીલ, મુમુક્ષુ શિષ્યગણ જ્ઞાનદીપને વિશેષ પ્રજ્વલિત કરવા તૈયાર થઈ ગયો હતો. હવે દેહત્યાગ કરી પરમધામ વૈકુંઠ પ્રતિ પ્રયાણ કરવાનો સમય આવી ચૂક્યો છે તે જાણી શિષ્ય પદ્મનાભતીર્થને શ્રીરામજીની મૂર્તિ અને વ્યાસદેવે આપેલી શાલિગ્રામની શિલા દઈને કહ્યું કે મતનો પ્રચાર કરજો. અતિ પ્રિય એવા ઐતરિય ઉપનિષદમાંથી આપેલો તેમનો છેલ્લો સંદેશ એ હતો : ''અમસ્તા બેસી ન રહેવું પણ ફરતા રહેવું. મુમુક્ષુઓને ઉપદેશ આપતા રહેવું અને સત્યજ્ઞાનનો પ્રચાર કરતા રહેવું.''

તેજસ્વી બુદ્ધિપ્રતિભાવાન, સત્ય પર નીડરપણે પ્રકાશ પાડવાની અપૂર્વ ક્ષમતાવાળા, પૂર્ણ વિકસિત વ્યક્તિત્વમય, ઊંચા પાડવાની અપૂર્વ ક્ષમતાવાળા, પૂર્ણ વિકસિત વ્યક્તિત્વમય, ઊંચા સશક્ત સુદૃઢ બાંધાવાળા, નેણ-નાકની નમણાશ અને ઘાટીલું દેહ-સૌષ્ઠવ ધરાવતા, વિવિધ ભાષાના જાણકાર, લલિતકલા-કાવ્ય, સંગીત, સ્થાપત્યનિષ્ણાત, રમતગમત, ખેલકૂદ, કુસ્તીબાજી વગેરેમાં પ્રવીણ, વાદવિવાદમાં પારંગત, દ્વૈતવાદ-સદ્‌સંપ્રદાયના સ્થાપક, લક્ષ્મીનારાયણ-ઉપાસના પ્રવર્તક શ્રીમધ્વાચાર્યે માઘ સુદ નવમીના પિંગળ ૧૩૧૮માં વૈકુંઠવાસી થયા.

બંગાળમાં વૈષ્ણવભક્તિ ઉદય પામી તેના મૂળમાં મધ્વમતના સંન્યાસી ભક્તોનો મુખ્ય ફાળો છે. બંગાળના પરમહંસ ચૈતન્યને વૈષ્ણવ ધર્મનો ઉપદેશ આપનાર ઈશ્વરપુરી તથા જેમના સૌ પ્રથમ ગાઢ પરિચયમાં તેઓ આવ્યા તે અદ્વૈતાનંદ વગેરે મધ્વના ભક્તો હતા. ઈ. સ. ૧૫૧૦માં ચૈતન્યે ૨૪ વર્ષની વયે કટવા ગામે દીક્ષા લઈ કૃષ્ણચૈતન્ય નામ ધારણ કર્યું. તેમને દીક્ષા આપનાર કેશવભારતી મધ્વસંપ્રદાયી હતા. ચૈતન્ય મહાપ્રભુએ દક્ષિણની યાત્રા વખતે કીર્તન અને ઉપદેશ દ્વારા મધ્વસંપ્રદાયનો પ્રચાર કર્યો હતો.

આમ ચૈતન્યસંપ્રદાયમાં મધ્વની અસર તો હતી જ, પણ સાથે સાથે નિંબાર્ક મતનું પણ સંશ્રિણ હતું અને જયદેવ, બિલ્વમંગળ જેવા સંસ્કૃત ભક્તકવિઓએ તથા ચંડીદાસ, વિદ્યાપતિ વગેરે પ્રાકૃત ભક્તિકવિઓએ ગાયેલી રાધાકૃષ્ણની શૃંગારભક્તિનું પણ તેમાં સંમિશ્રણ થયેલુ છે.

સાધુ સંપ્રદાયમાં મધ્વ આચાર્ય અને ચૈતન્ય પરમાચાર્ય ગણાય છે. માધ્વ લોકોમાં નગરકીર્તન અને સંકીર્તનના પ્રચારની શરૂઆત

ચૈતન્યથી લઈ હોવાનો સંભવ છે.

મધ્વાચાર્યના અનુયાયીઓ કપાળ પર નાકની ઉપરથી સીધી ગોપીચંદનની બે લીટીઓ કરે છે. આ લીટીઓને નાક ઉપર આડી લીટીથી જોડે છે. પછી વચ્ચે એક કાળી લીટી અને મધ્યમાં લાલ ચાંદલો આવું ચિહ્ન કરે છે. ગોપીચંદનથી હાથ ઉપર તથા શરીરના બીજા ભાગો પર શંખ, ચક્ર વગેરે આયુધોનાં ચિહ્નો કરે છે. કેટલાક લોકો તપ્તમુદ્રા પણ ધારણ કરે છે (તપાવીને આયુધોની છાપ ખાસ કરીને બાવડાં પર લે છે).

આ સંપ્રદાય અનુયાયીઓ કર્ણાટક જિલ્લામાં, મૈસૂરમાં તથા ગોવાથી દક્ષિણ કર્ણાટકના પશ્ચિમ કાંઠા પર પર મોટી સંખ્યામાં દેખાય છે, જ્યારે વૃંદાવન તથા ઉત્તર ભારતમાં છૂટાછવાયા દેખાય છે.

આ સંપ્રદાયના સંન્યાસીઓ તીર્થ (દા.ત. આનંદતીર્થ), ભારતી (કેશવભારતી), પૂરી નામ ધારણ કરે છે અને દશનામીમાં ગણાય છે.

## દ્વૈત સાહિત્ય :

દ્વૈત સાહિત્યને મુખ્ય બે વિભાગમાં વહેંચી શકાય :

**(૧) મધ્વની પોતની ગ્રંથરચના :**

મધ્વે કુલ ૩૭ ગ્રંથો રચ્યા જે 'સર્વ-મૂલ' અથવા 'સર્વ-મૂલ-ગ્રંથો' તરીકે ઓળખાય છે. (આમાંના કુલ ૧૮ ગ્રંથો પર મધ્વના અનુગામી જયતીર્થે ટીકા લખી છે.)

મધ્વના સાહિત્યને કુલ ચાર વિભાગમાં ગોઠવી શકાય :

**અ. પ્રસ્થાનત્રયી પરની ટીકા :** (બાદરાયણરચિત 'બ્રહ્મસૂત્ર', 'ભગવદ્ગીતા' તથા 'ઉપનિષદ' – આ ત્રણ ગ્રંથોના સમૂહને પ્રસ્થાનત્રયી કહેવાય છે.)

મધ્વે બ્રહ્મસૂત્ર પર રચેલા ભાષ્યો – બ્રહ્મસૂત્રભાષ્ય, અણુભાષ્ય, અણુવ્યાખ્યાન, ન્યાયવિવરણ.

ભગવદ્ગીતા પરના ગ્રંથો – ગીતાભાષ્ય, ગીતાતાત્પર્યનિર્ણય. મુખ્ય દશ ઉપનિષદ પર ભાષ્ય.

**બ. દસ પ્રકરણ :**

પ્રમાણલક્ષણ, કથાલક્ષણ, ઉપાધિખંડન, માયાવાદખંડન, પ્રપંચમિથ્યાત્વાનુમાન-ખંડન, તત્ત્વસંખ્યાન, તત્ત્વવિવેક, તત્ત્વોદ્યોત, વિષ્ણુતત્ત્વનિર્ણય અને કર્મનિર્ણય.

**ક. ટૂકાં ભાષ્ય અને નોંધ :**

મહાભારતનો છંદમય સંક્ષિપ્ત સંગ્રહ (દ્વૈત સિદ્ધાંત અનુસાર) ઋગ્વેદના પ્રથમ ત્રણ અધ્યાયનું વિવેચન.

**ડ. નાના ગ્રંથો :**

યમક : કાવ્ય (યમક : ભારત), કૃષ્ણામૃત, મહાર્ણવ, તંત્રસારસંગ્રહ વગેરે.

એકંદરે મધ્વની ભાષા સરળ, સીધી, સાહિત્યિક છતાં આડંબર વિનાની, છંદમય સુંદર શૈલીવાળી, વિચારોની ઊંચાઈવાળી અને ઊંડી અભિવ્યક્તિવાળી છે.

**(૨) મધ્વ પછીના યુગમાં સાહિત્યરચના :**

મધ્વ પછી પણ પ્રકાંડ પંડિતો દ્વારા બૃહદ્, વિપુલ, વિદ્વત્તાપૂર્ણ, ન્યાયતર્કસભર સાહિત્ય એ દ્વૈતવાદની અનોખી સિદ્ધિ છે. દ્વૈતવાદનો સારાંશ પદ્મનાભતીર્થ રચિત 'મધ્વસિદ્ધાંતસાર' ગ્રંથમાં મળે છે, જ્યારે પંડિત નારાયણ ભટ્ટ લિખિત 'મધ્વવિજય' અને 'મધ્વમણિમંજરી' આ બે ગ્રંથો મધ્વના જીવન અને કાર્યની વિશ્વસનીય માહિતી પૂરી પાડે છે.

મધ્વાચાર્યના ચાર મુખ્ય શિષ્યો ગણાય છે – પદ્મનાભતીર્થ જે મધ્વ પછી સાત વર્ષ ગાદી પર રહ્યા. નરહરિતીર્થ ૯ વર્ષ, ત્યાર બાદ માધવતીર્થ અને અક્ષોભ્યતીર્થ – આ ચાર મુખ્ય વિદ્વાન શિષ્યો ઉપરાંત અન્ય પ્રખર વિદ્વાનો આચાર્ય વ્યાસરાજસ્વામી, વ્યાસરામાચાર્ય, રાઘવેન્દ્ર સ્વામી, આચાર્ય વેદેશતીર્થ, શ્રીતિવાસતીર્થ વગેરેનો અપૂર્વ ફાળો છે. બે સ્ત્રીઓનાં નામ પણ ઉલ્લેખનીય છે. મધ્વનાં બહેન કલ્યાણદેવી પ્રથમ અને ત્રિવિક્રમના અવિવાહિતા બહેન કલ્યાણદેવી દ્વિતીય.

આ સર્વમાં જયરાજતીર્થે ત્રેવીસ વર્ષના ગાળામાં અજોડ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો અને તેમાં ન્યાયતર્કયુક્ત દલીલો દ્વારા તેમના દ્વૈતવાદનું સ્થાન અદ્વૈત અને વિશિષ્ટાદ્વૈતની હરોળમાં જાળવી રાખ્યું મધ્વની અને તેમના અનુગામી પંડિતોની વિશાળ ગ્રંથરચનાના કારણે દ્વૈતવાદે તેનું વેદાંતના એક મુખ્ય દર્શનશાસ્ત્ર તરીકેનું સ્થાન યશસ્વી રીતે ટકાવી રાખ્યું. મધ્વના અનુયાયીઓ રચિત સમૃદ્ધ વિપુલ સાહિત્યના ભયથી ૧૬મી સદીમાં નવ્ય વેદાંતનો ઉદ્ભવ થયો હતો.

આશ્ચર્ય તો એ વાતનું છે કે મધ્વ પછી સાતસો વર્ષના ગાળામાં કેટલાયે વિદ્વાનો થયા પરંતુ મધ્વના મૂળ સિદ્ધાંતમાંથી કોઈ અલગ સૈદ્ધાંતિક ફાંટો પડ્યો નથી; તડ પડી નથી; મતભિન્નતા નથી. મધ્વના જ મૂળભૂત વિચારને કેન્દ્રમાં રાખી સન્નિષ્ઠાપૂર્વક દ્વૈતવાદનું સ્થાન સુદૃઢ અને સ્થિર કરવામાં જ સર્વે પ્રવૃત્ત રહ્યા.

હરિદાસી પ્રાકૃત સંપ્રદાય અને આચાર્ય વ્યાસતીર્થનો સંસ્કૃત સંપ્રદાય એ કેવળ ભાષાની ભિન્નતા પર આધારિત છે. સંસ્કૃત

વિદ્વાનો ઉપરાંત પ્રાકૃત ભાષા કન્નડમાં મધ્વમતની માહિતી આપનાર લેખકો થયા તે સૌમાં પુરદાસ અગ્રણી ગણાય છે. ધાર્મિક અને ભક્તિસાહિત્યનો પ્રાંતિક કન્નડ ભાષામાં નૂતન ઉદય થયો. રહસ્યવાદી અને હરિદાસ ફૂટના નેતૃત્વ હેઠળ કન્નડ ભાષામાં ઉત્તમ ભક્તિસાહિત્ય સાકાર પામ્યું. તિમ્મપદાંત અને મધ્વદાસે કન્નડમાં સ્તોત્રો રચ્યાં. ચિદાનંદ રચિત 'હરિભક્તિરસાયન', 'હરિકથાસાર' ગદ્યગ્રંથ, ભાગવતનું કન્નડ ભાષાંતર તથા વૈકય્ય આર્યે કરેલો 'કૃષ્ણલીલાભ્યુદય' – દશમ સ્કંધનો કન્નડ અનુવાદ મુખ્ય કન્નડ ગ્રંથો છે.

**મધ્વનું તત્ત્વજ્ઞાન :**

મધ્વાચાર્ય 'દ્વૈતવાદ'ના ઐતિહાસિક સ્થાપક ગણાય છે. પદ્મપુરાણના ઉલ્લેખ મુજબ મધ્વસંપ્રદાય બ્રહ્મમાંથી ઊતરી આવેલો છે અને તેથી બ્રહ્મસંપ્રદાય તરીકે પણ ઓળખાય છે. મધ્વ સુધીની ગુરુપરંપરા આ પ્રમાણે છે :

(૧) શ્રી હંસ (નારાયણ) (૨) બ્રહ્મા (૩) ચારસન (૪) દુર્વાસ (૫) જ્ઞાનનિધિ, જ્ઞાનતીર્થ (૬) ગરુડવાહનતીર્થ (૭) કૈવલ્યતીર્થ (૮) જ્ઞાનીશતીર્થ (૯) પરતીર્થ (૧૦) સત્યપ્રજ્ઞાતીર્થ (૧૧) પ્રજ્ઞાતીર્થ... ચારસો વર્ષનો ગાળો (૧૨) અચ્યુતપ્રેક્ષતીર્થ (૧૩) આનંદતીર્થ (મધ્વાચાર્ય).

વચ્ચે ચારસો વર્ષના ગાળા દરમિયાન સંભવતઃ આ સંપ્રદાયના સંતો થઈ ગયા હશે પરંતુ મનાય છે કે તેમને અદ્વૈતોના હાથે કનડગત થઈ હોવાથી તેઓ અંગેની કોઈ પણ માહિતી ઉપલબ્ધ રહી શકી નથી.

મધ્વને બાદરાયણ વ્યાસમાંથી સીધી પ્રેરણા મળી હશે કારણ કે તેમના ગ્રંથોમાં મધ્વ કૃતજ્ઞતાપૂર્વક વ્યાસદેવનું ઋણ સ્વીકારે છે, જ્યારે વિદ્યાગુરુ અચ્યુતપ્રેક્ષનું નામ એક વાર પણ તેમના ગ્રંથોમાં આવતું નથી. તેથી વિશેષ રૂપમાં જોવા જઈએ તો દ્વૈતવાદના ખાસ સ્થાપક શ્રી મધ્વ જ ગણાય.

**દ્વૈતવાદ અથવા સ્વતંત્ર-અસ્વતંત્રવાદ :**

પાશ્ચાત્ય દેશમાં દ્વૈતવાદ એટલે આત્મા અને શરીર એ બે સ્વતંત્ર અને પરસ્પર ભિન્ન તત્ત્વો. આ પ્રકારનો દ્વૈતવાદ સાચા અર્થમાં ભારતીય દર્શનશાસ્ત્રક્ષેત્રે સાંખ્યમતને ઘટાવી શકાય. સાંખ્યના દ્વૈતવાદમાં બે તત્ત્વો છે : પુરુષ અને પ્રકૃતિ. એ બંને તત્ત્વો નિત્ય અને સત્ય છે.

મધ્વના દ્વૈતવાદમાં બે પારસ્પરિક ભિન્ન તત્વો તો છે. પરંતુ એક તત્ત્વ સ્વતંત્ર છે; બીજાં તમામ અસ્વતંત્ર (પરતંત્ર) છે. એકમાત્ર ઈશ્વર જ સ્વતંત્ર છે; બાકીનાં તમામ પ્રકૃતિ, પુરુષ, કાળ, કર્મ, સ્વભાવ વગેરે અસ્વતંત્ર તત્ત્વો છે. સ્વતંત્ર-પરતંત્ર એમ તત્ત્વના બે ક્રમ એ મધ્વના તત્ત્વજ્ઞાનનો ચાવીરૂપ વિચાર છે.

મધ્વની આ સૂક્ષ્મ તાત્ત્વિક ભૂમિકા અંગેની ચોક્કસ ગેરસમજના કારણે કેટલાકે તેને નિરર્થક દ્વૈતવાદ કરી દાર્શનિક વર્તુળમાંથી નકારી કાઢવા સુધીની કમનસીબ વાત કરી છે.

બ્રહ્મસૂત્રમાં અદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ તથા ભેદાભેદવાદનો ઉલ્લેખ મળે છે. પરંતુ દ્વૈતવાદનો ઉલ્લેખ મળતો નથી. અદ્વૈતવાદના મતે બ્રહ્મ અને આત્મા અભિન્ન છે; એક છે. વિશિષ્ટાદ્વૈત તથા ભેદાભેદવાદના મત પ્રમાણે બ્રહ્મ સ્વતંત્ર છે, જીવ અસ્વતંત્ર. બ્રહ્મ સેવ્ય છે, જીવ સેવક. જીવ (સેવક) ક્યારેય બ્રહ્મ (સેવ્ય)થી અભિન્ન થઈ શકતો નથી. મધ્વ આગળ વધીને કહે છે બ્રહ્મ અને જીવ બંને વચ્ચે નિત્ય ભેદ છે, પૃથક્તા છે.

શ્રી મધ્વાચાર્ય પહેલાં આ પ્રકારના દ્વૈતવાદનો કોઈ ઉલ્લેખ મળતો નથી. તેમણે પુરાણાદિકનું અનુસરણ કરીને જ આ મત સ્થાપિત કર્યો હશે.

રામાનુજ અને નિંબાર્કે અદ્વૈતને કંઈક અવકાશ આપ્યો છે પરંતુ મધ્વે અદ્વૈત મતનો સર્વથા તિરસ્કાર કર્યો છે. ઈશ્વરને જગતનું ઉપાદાન કારણ કહેનારા સૂત્રોને જુદી જ રીતે ઘટાવ્યાં છે. આ રીતે રામાનુજ અને નિંબાર્કથી પણ જુદા પડીને તેમણે પંચભેદવાળો દ્વૈતવાદ ઉપદેશ્યો છે. સાંખ્યના દ્વૈતવાદથી ભિન્ન હોવાથી પોતાની અલગ ઓળખાણ દર્શાવવા તેમ જ કોઈ પ્રકારની ગેરસમજ ઊભી ન થાય તે માટે તેમના મતને 'સ્વતંત્રાસ્વતંત્રવાદ' નામ આપવામાં આવ્યું છે. તેમનો મતસિદ્ધાંત ૧૭મી સદી સુધી તત્ત્વવાદ કે વૈષ્ણવસિદ્ધાંત તરીકે તેમ જ માધ્વમત તરીકે પણ પ્રચલિત હતો.

શંકર અને રામાનુજ કરતાં કાળક્રમે પાછળથી આવેલા છતાં, અને તેમના કરતાં પ્રમાણમાં ઓછા અનુયાયી ધરાવતા હોવા છતાં મધ્વાચાર્યનો મત શંકરાચાર્યના અદ્વૈતવાદ સામે મુખ્ય પ્રતિસ્પર્ધી તરીકે આગવું સ્થાન ધરાવે છે. જોકે રામાનુજે અદ્વૈતવાદ પ્રતિ સૌ પરમ પ્રત્યાઘાતો દર્શાવ્યા છે, પરંતુ મધ્વે ખૂબ જુસ્સાદાર વિરોધ નોંધાવ્યો છે.

'પ્રકૃતિ'નેએ શાસ્ત્રમાં કોઈ જ સ્થાન નથી એવી વાત શંકરાચાર્યે કરી. રામાનુજે શંકરની આ વાત પર ખાસ પ્રતિક્રિયા ન દર્શાવતાં જાણે કે આંખમિચામણાં કર્યાં. પરંતુ મધ્વના દ્વૈતવાદે 'પ્રકૃતિ'ને થયેલા અન્યાયને દૂર કર્યો અને પોતાના વેદાંતમાં તેને યોગ્ય સ્થાન આપ્યું. શંકરના માયાવાદ (વિશ્વ માયા છે.) અને વિશ્વદૈવવાદ - સર્વત્ર બ્રહ્મ જ છે તેથી વિશ્વ અને બ્રહ્મ એક છે)ને જડમૂળથી ઉખેડી

નાખ્યા.

મધ્વ સંપ્રદાયના પ્રાચીન તેમજ અર્વાચીન આચાર્યોના વિપુલ સાહિત્યમાં વણાયેલા તત્ત્વજ્ઞાનનું અતિ સંક્ષેપમાં સરળ વર્ણન નવ સિદ્ધાંતમાં કર્યું છે જેમાં સંપ્રદાયના સંપૂર્ણ તાત્ત્વિક રહસ્યનો સમાવેશ થઈ જાય છે :

૧. મધ્વ સંપ્રદાયમાં શ્રી વિષ્ણુ જ સર્વોચ્ચ તત્ત્વ છે. ઈશ્વર વિષ્ણુ નામથી પ્રસિદ્ધ છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણાદિક સર્વેમાં વિષ્ણુને પરબ્રહ્મ દર્શાવ્યા છે. બ્રહ્મા, શિવ આદિથી વિષ્ણુ શ્રેષ્ઠ છે.

મધ્વમતાનુસાર તત્ત્વ બે પ્રકારનાં છે : સ્વતંત્ર અને અસ્વતંત્રત.

ભગવાન વિષ્ણુ એકમાત્ર સ્વતંત્ર છે. બાકી સર્વ તત્ત્વો – કાલ, દેશ, ગુણ વગેરે – અસ્વતંત્ર છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ વિષ્ણુ પૂર્ણ છે. માયાના દોષ અને ખામીથી રહિત છે. સર્વોપરી અને અંતર્યામી છે. દેશ અને કાળ દ્વારા મર્યાદિત નથી. અસીમ, અનત છે. સર્વજ્ઞ, અનંત શક્તિસંપન્ન છે. અપરિમિત દિવ્ય કલ્યાણગુણોનાં આશ્રય છે. અનંત ગુણોથી શ્રીવિષ્ણુ પરિપૂર્ણ છે. તેમનો પ્રત્યેક ગુણ અનંત, અપરિમિત, નિરતિશય રૂપમાં છે. આ અર્થમાં બ્રહ્મ (વિષ્ણુ) સગુણ છે. તેમના અપાર, અસીમ ગુણોની ગણના થઈ શકતી નથી એ અર્થમાં નિર્ગુણ છે. બ્રહ્મ શાસ્ત્રગમ્ય (શસ્ત્રથી જાણી શકાય તેવા), દર્શનીય અને વાચ્ય છે.

ચેતન અને અચેતન જગત બંને ભગવાનને આધીન છે. ભગવાન બંનેથી સર્વથા પૃથક્ છે. કર્તુમ્ અકર્તુમ્, અન્યથા કર્તુમ્ શક્તિ-સામર્થ્ય ધરાવે છે. જગતના સર્જક, પાલક અને સંહારક છે. સૃષ્ટિનું ઉપાદાન-કારણ નથી પણ નિમિત્ત-કારણ છે.

ભગવાન વિષ્ણુ તેમનાં શ્રેષ્ઠ ઉત્તમ ભક્ત લક્ષ્મી સહિત વૈકુંઠધામમાં બિરાજમાન હોય છે. વળી, ક્યારેક લક્ષ્મી અદશ્યરૂપે વિષ્ણુમાં ભાસે છે. મધ્વ લક્ષ્મી સહિત નારાયણની ઉપાસનાના પ્રવર્તક છે. ભગવાન વિષ્ણુ મુક્તિદાતા છે.

૨. જગત અચેતન છે, અસ્વતંત્ર છે, પરમાત્માને આધીન છે. જગતનું કારણ બ્રહ્મ છે. કારણ (અર્થાત્ બ્રહ્મ)ને જાણવાથી કાર્ય (અર્થાત્ જગત) જણાય છે. કારણ (બ્રહ્મ) સત્ય છે અને કાર્ય (જગત) પણ સત્ય છે.

જગત સત્ય છે, અર્થાત્ 'રજ્જુ-સર્પ' દોરડામાં સર્પનો આભાસ) એ ન્યાયથી મિથ્યા કે આભાસ નથી. વેદ જો સ્વતઃ પ્રમાણિકત હોય અને વેદ જો ભગવાનને સત્યસંકલ્પી કહેતા હોય તો સત્યસંકલ્પી ભગવાનસર્જિત કોઈ પણ પદાર્થ (અર્થાત્ જગત) કેમ મિથ્યા હોઈ શકે? મધ્વ જણાવે છે : જે લોકો અદ્વૈતવાદીઓ) જગતને મિથ્યા દર્શાવે છે તેઓ કાર્યકારણના નિયમનું ઉલ્લંઘન અને સ્વ-પ્રતિજ્ઞાનો વિરોધ કરે છે. (એટલે કે કારણ સત્ય હોય પણ કાર્ય મિથ્યા એ કેમ સંભવી શકે?)

સૃષ્ટિ એ સ્વયં ભગવાનની લીલા છે. સૃષ્ટિનું સર્જન કોઈ પણ પ્રયોજનાર્થે નથી પરંતુ એ ઈશ્વરની નિત્ય વહેતી દયા અને આનંદની જ અભિવ્યક્તિ છે.

પ્રકૃતિ વિશ્વનું ઉપાદાન-કારણ છે. પ્રકૃતિ જડરૂપ છે, નિત્ય છે, અવ્યાપ્ત છે, પરિણામી છે. ઈશ્વરાધીન છે તેથી હરિની ઇચ્છા અથવા હરિનું બલ કહેવાય છે.

સૃષ્ટિના જન્મ પહેલા કેવળ પ્રકૃતિ જ અસ્તિત્વમાં હતી. પછી ઈશ્વરે નિર્માણની ઇચ્છા પ્રકટ કરી અને પ્રકૃતિમાંથી સત્ત્વ, રજસ અને તમસનો સમૂહ બહાર આવ્યો તથા મહત્ વગેરે સૃષ્ટિનો વિસ્તાર થતો ગયો, જે મધ્વે પૌરાણિક રીતે કહ્યો છે.

ત્રણ ગુણોનું કાર્ય આ પ્રમાણે છે :

શુદ્ધ સત્ત્વગુણ મુક્ત જીવોના લીલાશરીર માટે ઉપયોગી થાય છે. રજોગુણથી સૃષ્ટિ થાય છે; રજોગુણમાં રહેલા સત્ત્વગુણથી સ્થિતિ રહે છે. તમોગુણથી નાશ થાય છે.

આમ વિશ્વ, કાળ અને ગુણત્રયાદિ (સત્ત્વ, રજસ, તમસ એ ત્રણ ગુણ)નું ઉપાદાન પ્રકૃતિ છે.

પદાર્થ : માધ્વમત પ્રમાણે કુલ દસ પદાર્થ છે : દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, વિશિષ્ટ, અંશી, શક્તિ, સાદશ્ય અને અભાવ.

આ બધા પદાર્થો પરતંત્ર છે. જે મનુષ્ય પદાર્થોની પરતંત્રતા જાણે છે તે સંસારથી મુક્ત થઈ જાય છે.

૩. પંચભેદ સિદ્ધાંત : ભેદ વાસ્તવિક છે. ભેદના પાંચ અવાંતર પ્રકાર છે : જીવ - ઈશ્વર, જીવ-જડ, ઈશ્વર-જડ, જીવ-જીવ (જીવો વચ્ચે પરસ્પર ભેદ) અને જડ-જડ (જગતના પદાર્થો વચ્ચે પરસ્પર ભેદ).

આ પાંચ ભેદ વસ્તુતઃ છે, ઔપચારિક નથી. પંચભેદ સિદ્ધાંત એ મધ્વના વિશ્વવૈવિધ્યવાદની આધારશિલા છે.

૪. જીવ અને બ્રહ્મ બંને ચેતન તત્ત્વો છે, સચ્ચિદાનંદાત્મક સ્વરૂપ છે. પરંતુ જીવ માયામોહિત છે તેથી અનાદિ કાલથી બદ્ધ છે. જીવોનું સકલ સામર્થ્ય પરમાત્માને આધીન છે. જીવ અસ્વતંત્ર છે, અણુ છે. પ્રત્યેક દેહમાં જીવ જુદો જુદો છે. જીવ ક્યારેય પણ (મુક્તિ અવસ્થામાં પણ) ભગવાન સાથે અભિન્ન (એકરૂપ) નથી

થઈ શકતો.

ભગવાન સેવ્ય છે, જીવ સેવક છે, ભગવાનનો દાસ છે. મધ્વ પૂર્ણપણે દ્વૈતવાદી છે. 'અહં બ્રહ્માસ્મિ' કે 'તત્ ત્વમ્ અસિ'- (જીવાત્મા એ જ બ્રહ્મ છે.)ના અનુભવ કે વિચારમાત્રથી જીવને અધોગતિ પ્રાપ્ત થાય છે, એવો એમનો મત છે.

પરમાત્મા પરમ સેવ્ય છે. તેમની સેવા-પ્રસન્નતા કરવી એ જ જીવનો એકમાત્ર પુરુષાર્થ છે. દુઃખની નિવૃત્તિ અને ભગવાનના ધામમાં (વૈકુંઠમાં) પરમાનંદ-દિવ્યાનંદની પ્રાપ્તિ એ જ એક જીવનું પ્રયોજન છે.

૫. જીવોમાં તારતમ્ય (ઊંચાનીચાપણું) છે. કેવળ સંસારાવસ્થામાં જ નહીં પરંતુ મોક્ષાવસ્થામાં પણ જીવોનું તારતમ્ય રહે છે. પરમધામમાં વર્ણભેદ પણ મધ્વને માન્ય છે.

૬. મધ્વ જીવનમુક્તિ તથા વૈકુંઠપ્રાપ્તિ અર્થાત્ વિદેહમુક્તિ સ્વીકારે છે. નિયમધર્મનું પાલન, દૃઢ શ્રદ્ધા, ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા તેમની શરણાગતિનો સ્વીકાર – વગેરે સાધનો દ્વારા અંતે જીવ પર ભગવાનની કૃપા થાય છે. પંચ – પ્રપંચભેદજ્ઞાન, સમસ્ત જગતના પદાર્થોનું યથાર્થ જ્ઞાન, ઈશ્વરના ગુણોની ઉપલબ્ધિ તથા પરમાત્માની અસીમ શક્તિ અને અનંત ગુણનું જ્ઞાન અને અતિશય સ્નેહભક્તિનો ઉદય થવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. ઉપાસનાપ્રધાન હનુમાનજી જેવી દાસ્યભક્તિનો આદર્શ તેમણે આપ્યો છે. જ્યારે જીવ પર ભગવાનની કૃપા થાય છે ત્યારે તેને વિષ્ણુના વૈકુંઠલોક અને રૂપ મળે છે.

મુક્ત જીવ (મુક્તિ પછી પણ જીવ) ઈશ્વરના સેવક છે. મુક્ત પુરુષ વૈકુંઠમાં જઈ દાસભાવે નારાયણની સેવાથી પરમાનંદ પ્રાપ્ત કરે છે. વૈકુંઠની પ્રાપ્તિ એ જ મુક્તિ છે.

ઉપાસના બે જાતની છે : ૧. શાસ્ત્રના અભ્યાસરૂપ ઉપાસના; ૨. ધ્યાનરૂપ ઉપાસના. અર્થાત્ કેટલાકને હંમેશાં શાસ્ત્રવિચાર કરવાથી અપરોક્ષ જ્ઞાન તાય છે અને કેટલાકને ધ્યાનથી અપરોક્ષ જ્ઞાન થાય છે.

એકગુણોપાસના, : એકમાત્ર 'આત્મા' – એ ગુણવાળા ભગવાનની ઉપાસના તે એકગુણોપાસના.

ચતુર્ગુણોપાસના : સત્, ચિત્, આનંદ અને આત્મા – આ ચાર ગુણવાળા ભગવાનની ઉપાસના. ઉત્તમ મનુષ્યો ચાર ગુણવાળી ઉપાસના કરે છે.

બહુગુણયુક્ત ઉપાસના : ઋષિઓ અને દેવો આ પ્રકારની ઉપાસના કરે છે.

અનંતગુણવિશિષ્ટ ઉપાસના : બ્રહ્મા વેદોક્ત અનંત ગુણવિશિષ્ટ ઉપાસના કરે છે.

બિંબ ઉપાસના : દેહમાં રહેલા બિંબની ઉપાસના કેટલાક ઋષિઓ કરે છે. અર્થાત્ હૃદયમાં વ્યાપી રહેલા પુરુષોત્તમની બિંબરૂપે ઉપાસના જેને પ્રજ્ઞાની ઉપાસના પણ કહે છે.

આ પ્રમાણે ઉપર કહ્યા મુજબ સાધનસંપત્તિથી બ્રહ્મથી માંડીને મનુષ્યપર્યન્તને યથાયોગ્ય અપરોક્ષ જ્ઞાન થાય છે. અપરોક્ષ જ્ઞાનથી દેવને અણિમા, લઘિમા આદિ આઠ પ્રકારનાં ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. અપરોક્ષ જ્ઞાન પછી પરમભક્તિનો ઉદય થાય છે, જે મોક્ષનો પ્રધાન ઉપાય છે.

૭. મોક્ષનું મુખ્ય સાધન અમલા ભક્તિ છે. મલરહિત ભગવાનમાં અસાધારણ પ્રીતિ એ જ મુક્તિનો પ્રધાન ઉપાય છે.

ધ્યાન (ઉપાસના), ભગવદ્ભક્તિ, વેદાધ્યયન, ઇન્દ્રિયસંયમ, ભોગવિલાસત્યાગ, આશા અને ભય પરત્વે ઉદાસીનતા, સાંસારિક વસ્તુઓની નશ્વરતાનું જ્ઞાન, સંપૂર્ણ રૂપથી પરમાત્માના ચરણમાં આત્મસમર્પણ – આ તમામ વિના ઈશ્વરસાક્ષાત્કાર અસંભવ છે.

આ પ્રમાણે ત્યાગ, ભક્તિ, ઈશ્વરની અનુભૂતિ અને ભગવાનની સેવા એ સર્વે મુક્તિનાં સાધન છે.

મધ્વ ભગવાનની સેવા ત્રણ પ્રકારે દર્શાવે છે : (૧) ભગવાનના આયુધોની છાપ શરીર પર લેવી. (જેને તપ્તમુદ્રા કહેવાય છે.) (૨) ઘરમાં પુત્રાદિના નામ ભગવાનના નામ પરથી પાડવા. (૩) દશવિધભજન, જે વાચિક, કાયિક અને માનસિક એમ ત્રણ પ્રકારે થઈ શકે છે. સત્ય બોલવું, હિતવચન બોલવું, પ્રિયભાષણ અને સ્વાધ્યાય. (આ ચાર વાચિક હિતવચન ભજન છે.) સુપાત્રે દાન, વિપન્ન વ્યક્તિનો ઉદ્ધાર અને શરણાગતની રક્ષા. (આ ત્રણ શારીરિક ભજન છે.) દયા – દરિદ્રનું દુઃખ દૂર કરવું, સ્પૃહા-કેવલ ભગવાનના દાસ બનવાની સ્પૃહા તથા શ્રદ્ધા – ગુરુવચન તથા શાસ્ત્રમાં વિશ્વાસ. (આ ત્રણ માનસિક ભજન છે.)

આ તમામને સાધનરૂપ ભક્તિ કહી છે પરંતુ માહાત્મ્યજ્ઞાનયુક્ત મલરહિત અતિશય સ્નેહયુક્ત પ્રીતિભક્તિ એ મોક્ષનું મુખ્ય સાધન છે. પ્રથમ સાધનરૂપ ભક્તિ, ત્યાર બાદ ઈશ્વરસાક્ષાત્કાર અને પછી પરમભક્તિઉદય થાય છે. ભગવાનના અનંત કલ્યાણકારી ગુણોના

મહિમાનું જ્ઞાન અને તે થકી સતત-અવિરત પ્રેમનો પ્રવાહ વહેતો થાય છે. આ પ્રેમપ્રવાહ, આત્મા કે આત્મીય પદાર્થો કરતાં અનંતગણો અને અનંત અંતરાયોથી પણ રોક્યો નહીં એવો પ્રેમપ્રવાહ, પરમાત્મા પ્રતિ વહેતો થાય છે. આવી પ્રેમલક્ષણાયુક્ત પરમભક્તિથી ભગવાન અત્યંત પ્રસન્ન થાય છે અને ભગવાનના પ્રસાદ-કૃપાથી જીવ પ્રકૃતિ-અવિદ્યામાંથી છૂટી મોક્ષ પ્રાપ્ત કરે છે.

પ્રારબ્ધ છૂટયા પછી જીવ દેહમાંથી નીકળી ક્રમે ક્રમે વૈકુંઠલોકમાં જાય છે. ઊર્ધ્વગતિ કરતા સર્વે જીવોને સત્યલોકમાં બ્રહ્મા ઉપદેશ કરે છે, શ્વેતદ્વીપમાં વાસુદેવનું દર્શન થાય છે, છેવટે વૈકુંઠમાં મુક્તોને સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય એમ ચાર જાતનો ભોગ હોય છે, પરંતુ પ્રલયકાળે એ બધા ભગવાનના ઉદરમાં પ્રવેશ કરે છે.

આ મુક્તો વૈકુંઠમાં પણ જુદી જુદી જાતના ઉપભોગો ભોગવે છે પણ સર્વે ઇર્ષ્યારહિત અને અતિશય આનંદયુક્ત હોય છે. કેટલાક ભગવાનના ગુણાનુવાદ ગાય છે.

૮. વેદોનું તાત્પર્ય મુખ્યત્વે ભગવત્‌તત્ત્વ પ્રતિપાદનમાં (બ્રહ્મતત્ત્વનું પ્રતિપાદન) જ છે. સમસ્ત વેદો દ્વારા વેદ્ય, (જાણવા યોગ્ય) ભગવાન વિષ્ણુ જ છે. વેદ સ્વતઃસિદ્ધ, સ્વતઃપ્રમાણ, અપૌરુષેય, નિત્ય છે. સત્ય સ્વરૂપ અને સત્ય જ્ઞાનનો ઉપાય છે. (બ્રહ્મનું જ્ઞાન – સત્યનું જ્ઞાન વેદ દ્વારા પ્રાપ્ત થાય છે.) વેદ ભગવાનની સ્વયં દિવ્ય પરાવાણી છે.

૯. સર્વે દર્શનશાસ્ત્રોનું તાત્પર્ય સત્યનિર્ણય અથવા તત્ત્વનિર્ણય છે.

શંકરાચાર્યના મત પ્રમાણે જે સર્વ અવસ્થામાં, સર્વ કાળમાં, સર્વ દેશમાં અબાધિત (બાધા રહિત, મુક્ત) છે તે જ સત્ય છે. આ દૃષ્ટિએ બ્રહ્મ એટલે જ્ઞાન જ સત્ય છે. સત્યમ્, જ્ઞાનમ્ અનન્તમ્ બ્રહ્મ. દૃશ્ય વસ્તુ (જગત) વાસ્તવિક નથી, સત્ય નથી, કારણ કે તે બાધિત છે. આમ શાંકરમત મુજબ બ્રહ્મ સત્ય છે; જગત મિથ્યા છે.

પરંતુ મધ્વના મતે આ ઠીક નથી. સત્ય દૃશ્ય વસ્તુ અભિન્ન છે, તેમાં ભેદનો સંભવ નથી. સર્વે જ્ઞાન સાપેક્ષિક છે. જ્ઞાતા અને જ્ઞેય વિના જ્ઞાનનિ ઉત્પત્તિ થઈ શકતી નથી. મધ્વ શંકરાચાર્યના નિર્વિકલ્પક (નામ, રૂપ, ગુણવિહીન) જ્ઞાનનો સ્વીકાર કરતા નથી. તેમના મતે સર્વજ્ઞાન સવિકલ્પક છે. સવિકલ્પક જ્ઞાનવાદના વિચારથી જેની સત્યતા પ્રમાણિત થાય તે સત્ય છે.

મધ્વનું કહેવું છે કે જ્યારે જ્ઞાન નિર્વિકલ્પક નથી ત્યારે વિષય (અર્થાત્ દૃશ્ય જગત) અવશ્ય સત્ય છે. જ્ઞેય (જાણવા યોગ્ય વિષય – પદાર્થ – જગત) સત્ય ન હોય તો જ્ઞાનની સ્ફૂર્તિ થઈ કેમ શકે? તેઓ કહે છે કે કાર્ય (વિશ્વ) ક્ષણિક હોવા છતાં સત્ય છે. 'વિકાર હોવાથી જગત અનિત્ય હશે' અથવા 'અનિત્ય અને પરિવર્તનશીલ હોવાથી જગત' મિથ્યા હશે' – આ શંકરનો વિચાર તેમને સ્વીકાર્ય નથી.

તેમના મતે સત્યના જ્ઞાન વિના અસત્યનું જ્ઞાન સંભવ નથી. 'આ છે' – એવા પ્રામાણિક જ્ઞાનની ઉપર જ 'આ નથી' – એવું જ્ઞાન પ્રતિષ્ઠિત છે. 'આ નથી' – કહેવાથી જ કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ પ્રમાણિત થાય છે. જે અસત્ય છે તે જ્ઞાનનો કે મિથ્યાજ્ઞાનનો પણ વિષય ન જ બની શકે.

**પ્રમાણ :** પ્રમાણ વિના કોઈ વિષયનું યથાર્થ જ્ઞાન થતું નથી. વિચાર કરવા માટે પણ પ્રમાણની આવશ્યકતા છે. જેની સહાયતાથી યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને પ્રમાણ કહે છે.

પ્રત્યક્ષ, અનુમાન અને વેદ (શબ્દ) આ ત્રણ જ પ્રમાણ છે. આ ત્રણ પ્રમાણોથી બ્રહ્મનું જ્ઞાન થાય છે, કારણ કે વસ્તુસિદ્ધિ પ્રમાણને આધીન હોય છે. મધ્વ તો આગળ ચાલીને એમ પણ કહે છે કે જ્ઞાન જ પ્રધાન પ્રમાણ છે, કારણ કે જ્ઞાન જ જ્ઞેય વસ્તુનું પ્રતિપાદક છે.

અન્ય દાર્શનિકોએ ત્રણથી અધિક અથવા ત્રણથી ન્યૂન પ્રમાણોની સંખ્યા માન્ય રાખી છે. પરંતુ મધ્વના મત મુજબ ત્રણથી અધિક પ્રમાણોની આવશ્યકતા નથી, કારણ કે આ ત્રણ પ્રમાણમાં તેમનો સમાવેશ થઈ જાય છે; જ્યારે ત્રણથી ન્યૂન સંખ્યામાં નિર્વાહ શકતો નથી, માટે ત્રણ પ્રમાણ આવશ્યક છે.

શ્રી મધ્વાચાર્યનો સ્વતંત્રા-સ્વતંત્રવાદ વૈષ્ણવોના ભક્તિવાદનું ફળ છે. જે સમયમાં શાંકર મત અને ભક્તિવાદનો દેશમાં સંઘર્ષ ચાલી રહ્યો હતો તે સમયમાં માધ્વ મતનો ઉદ્‌ભવ થયો. વાદ-પ્રતિવાદના ફળસ્વરૂપ માધ્વ મત શાંકર મતનો એકદમ વિરોધી બની ગયો. ભેદાભેદવાદ અને વિશિષ્ટદ્વૈતવાદ પર તો સંભવતઃ શાંકર મતનો બહુ પ્રભાવ પડ્યો પરંતુ માધ્વ મત તો તેનાથી બિલકુલ અલગ રહ્યો. શાંકર મતનું મધ્વે બહુ તીવ્રભાષામાં ખંડન કર્યું છે.

✦ ✦ ✦

# દ્વૈતાદ્વૈતદર્શન

## પૂર્ણિમા દવે

**અ**ખિલ વિશ્વના તમામ પદાર્થોને જડ અને ચેતન એમ બે વિભાગમાં વિભાજિત કરી શકાય. વિશ્વના જડ (અચેતન) પદાર્થ અંગેના વિચારશાસ્ત્રને આપણે 'વિજ્ઞાન' કહીએ છીએ, જ્યારે વિશ્વના ચેતન તત્વના વિચારશાસ્ત્રનો આપણે તત્ત્વજ્ઞાનદર્શન, દર્શનશાસ્ત્ર કે અધ્યાત્મવિજ્ઞાન નામોથી ઓળખીએ છીએ. આ દર્શનશાસ્ત્રના પુરસ્કર્તાઓ દાર્શનિક આચાર્યો, તત્ત્વવેત્તાઓ કે તત્ત્વજ્ઞાનીઓ કહેવાય છે.

સમયે સમયે દેશના તત્ત્વવેત્તાઓ પાસેથી આપણને તેમના વિભિન્ન સિદ્ધાંત પ્રાપ્ત થાય છે. તેમાંના પાંચ મુખ્ય આચાર્યોની શ્રેણીમાંથી ચાર આચાર્યોનાં જીવન અને તત્ત્વજ્ઞાનનો ટૂંક પરિચય અગાઉ ચાર પરિચય પુસ્તકા દ્વારા અપાયો છે. એ શ્રેણીના અંતિમ આચાર્ય શ્રી નિંબાર્કનો પરિચય આપતાં પૂર્વે આ પાંચે આચાર્યોના જીવનમાં જોવા મળતું સામ્ય અને તત્ત્વજ્ઞાનમાં ચર્ચાયેલા સામાન્ય વસ્તુવિષય ઉપર એક નજર નાખી જઈએ.

આ પાંચ દાર્શનિક આચાર્યો – શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભચાર્ય અને નિંબાર્કાચાર્ય – દક્ષિણ ભારતના બ્રાહ્મણો હતા. તેઓ સંસ્કૃત ભાષાના નિપુણ પંડિતો અને આપણી સંસ્કૃતિના મર્મજ્ઞે હતા. તેઓ અખૂટ આધ્યાત્મિક ખજાનાથી ભરપૂર એવા તત્ત્વચિંતકો હતા. તેમણે શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ તો કર્યો હતો, ઉપરાંત શાસ્ત્રના વચન મુજબ પવિત્ર અને સદાચારી જીવન પણ તેઓ જીવ્યા હતા. જેમનું શાસ્ત્રના વચન મુજબનું આચરણ હોય તેમણે માટે જ આચાર્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

આચાર્યપદને અનુરૂપ તેઓના જીવને ધર્માનુરાગી, ભક્તિપૂર્ણ, કર્મપરાયણે, સદ્‌ગુણી, સદાચારી અને પવિત્ર હતા. સમાજની પ્રણાલિકાને સાચવીને તેમણે ભક્તિનો ઉપદેશ આપ્યો. તેમણે તત્ત્વજ્ઞાને સંસ્કૃત ભાષા દ્વારા વિદ્વાન પંડિતો સુધી અને સરળ ભાષા દ્વારા સામાન્ય જનસમુદાય સુધી પહોંચાડ્યું. શુષ્ક બની ગયેલા ધર્મમાં પ્રાણ પૂર્યા, તત્ત્વજ્ઞાનને બુદ્ધિગમ્ય બનાવ્યું, ભક્તિની ગંગા વહેતી કરી અને સમાજને ધર્મ-ભક્તિના તાંતણે બાંધી સુદઢ અને એકત્રિત કર્યો.

આ પાંચે આચાર્યોના જીવનમાં અગાધ ચિંતન, વિશદ્‌જ્ઞાન અને બહુમુખી પ્રતિભાનાં દર્શન થાય છે. સાથે સાથે તેમના જીવનપ્રસંગોમાંથી તેમનામાં રહેલા દયા, પ્રેમ, આર્દ્રતા, કરુણા, હૃદયની કોમળતા જેવા ઉમદા ગુણોનો પરિચય પણ આપણને મળે છે. તેમના પોતાનામાં તો દઢનિષ્ઠા અને સાધુતા હતાં એટલું જ નહીં પણ આપણી ધર્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાને દઢ કરવાની ક્ષમતા પણ તેમનામાં હતી. આ અર્થમાં તેઓ કેવળ આચાર્યો જ નહીં બલકે સંત પણ હતા.

તત્ત્વજ્ઞાન જો ઈશ્વરનિષ્ઠા, પ્રભુભક્તિ કે સદાચરણવિહોણું હોય તો તે લાંબે ગાળે શુષ્ક, નીરસ અને કંટાળાજનક બને છે. તે જ પ્રમાણે ધર્મનું આચરણ જો તત્ત્વજ્ઞાન અને ભક્તિના પાયા પર રચાયું ન હોય તો તે વિચારમાં સંકુચિતતા અને આચારમાં યાંત્રિક જડતા પ્રેરે છે. પરંતુ આ પાંચે આચાર્યોના જીવનમાં પવિત્રતાનો સુંદર સુમેળ સધાયો હતો. તેથી જ તેઓ લોકોમાં પ્રભાવક યુગપુરુષ તરીકે સ્વીકાર્ય બની શક્યા હતા.

તેમણે પ્રમાણ અને તર્કબુદ્ધિથી સ્વ-મતનું સ્થાપન કર્યું. સ્થાપન કરેલા સ્વ-મતનું પાંડિત્યપૂર્ણ વિચારવિમર્શ દ્વારા સમર્થન કર્યું. સમગ્ર ભારતદેશમાં પરિભ્રમણ કરી શાસ્ત્રાર્થ દ્વારા સ્વ-મતનો પસાર-પ્રચાર કર્યો. આ જ તીર્થાટનનો મહિમા ગણાય છે. તે દ્વારા પવિત્ર તીર્થધામોની યાત્રા થાય, સાધુસંતો, તપસ્વી મહાત્માઓ અને વિદ્વાન પંડિતોનાં દર્શન-સમાગમનો લાભ મળે અને સદ્‌વિચારોની આપલે થાય. વિદ્યાના ક્ષેત્રમાં થયેલાં નવીન સંશોધનોનો એકમેકને પરિચય પ્રાપ્ત થાય. આચાર્યોને તીર્થાટન દરમિયાન પ્રવચન, પારાયણ, ભજનકીર્તન, નગરયાત્રા વગેરે દ્વારા ભાગવત ધર્મનો સામાન્ય જનતામાં પ્રસાર કરવાનો અવકાશ મળ્યો અને સાથે સાથે જનસમુદાય સાથે આત્મીયતા કેળવાઈ. વિદ્વાનો સાથે બુદ્ધિયુક્ત ચર્ચા-શાસ્ત્રાર્થ થવાથી એકમેકના જ્ઞાનનો લાભ મળ્યો.

તેમને શાસ્ત્રાર્થ, જનજાગૃતિ, માનવસેવા, જનકલ્યાણ, લોકોને ધર્માભિમુખ થવાની પ્રેરણા જેવાં ઉમદાં કાર્યો કર્યાં. વિદ્વત્તા, પ્રભાવક વ્યક્તિત્વ, સાધુતા, આદર્શ, પવિત્ર જીવનકાર્ય અને સચોટ ઉપદેશ રીતેએ અનેકનાં જીવન ઊર્ધ્વગામી બનાવ્યાં. અદ્યાપિ તેઓ વિશાળ જનસમુદાયના માર્ગદર્શક અને ભારતવર્ષની અધ્યાત્મજ્યોતને પ્રજ્વલિત રાખનાર દીપક સમ બની રહ્યા છે.

ભારતવર્ષના આચાર્યો, ઋષિ-મુનિ અને મહર્ષિઓના જીવનની એક અત્યંત ધ્યાનાકર્ષક બાબત હોય તો એ છે કે તેઓ આધ્યાત્મખોજમાં એટલા લીન થઈ જતા કે જીવનની અન્ય તમામ

વસ્તુ તેમને માટે અત્યંત ગૌણ થઈ જતી. પ્રભુના ચરણકમળમાં તેઓ એટલી હદ સુધી નિમગ્ન રહેતા કે પોતાનાં જન્મ-સમય, નામ, કાર્યની નોંધણી વગેરે પરત્વે તદ્દન બેફિકર રહેતા. તેથી આજે તેમને અંગેની આ બધી માહિતી આપણને ઉપલબ્ધ નથી.

અહીં પાંચે આચાર્યો અંગેની એક બાબત પરત્વે સ્પષ્ટતા કરવી જરૂરી છે કે સામાન્ય પ્રજામાં અન્ય આચાર્યોનું સાહિત્ય સુલભ ન હોવાને કારણે વેદાંતદર્શન એટલે માત્ર શાંકર દર્શન એવી એક ભ્રામક માન્યતા પ્રવર્તી હતી. શાંકર વેદાંત એ વેદાંત શબ્દનો પર્યાય બની ગયો એટલે હદ સુધીની એ ગેરસમજ હતી.

શંકરાચાર્યનું અદ્વૈતદર્શન તત્ત્વજ્ઞાનક્ષેત્રે અતિ ઉચ્ચ સ્થાન ધરાવે છે તેમાં બેમત નથી. દેશવિદેશમાં પરમ કોટિના તત્ત્વજ્ઞ તરીકે શંકરાચાર્ય સુપ્રતિષ્ઠિત છે તે વિષે પણ કોઈ શંકા નથી. પરંતુ તત્ત્વજ્ઞાનની પરિસમાપ્તિ શાંકર દર્શનમાં સમજવી એ માન્યતા ભૂલભરેલી છે અને અન્ય આચાર્યોની ઉપેક્ષા કે તેમને અન્યાય કરવા બરાબર છે.

આત્મા અને બ્રહ્મની એકતા સ્થાપવામાં શંકરાચાર્યના વિચારો અત્યંત મૌલિક છે પરંતુ જગતનું સ્વરૂપ અને તેના વૈભવ જેવા વિષયોમાં સાંખ્ય-યોગદર્શનનાં ચિંતનો વેદાંતના વેદાંતભાષ્યો અને વિવરણો છેલ્લાં કેટલાંક વર્ષોમાં પ્રકાશિત થયા પછી લોકોની દૃષ્ટિ ઊઘડી છે.

### શ્રી નિંબાર્કની જીવન-ઝરમર :

સામાન્યત શંકરાચાર્યની ઓળખ જ્ઞાનસ્વરૂપ તરીકે અપાય છે. શ્રીમદ્ રામાનુજાચાર્ય ભક્તિસ્વરૂપ, શ્રીમદ્ મધ્વાચાર્ય સદાચારસ્વરૂપ, શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રેમલક્ષણાભક્તિસ્વરૂપ તરીકે ઓળખાય છે. જ્યારે અન્ય આચાર્યોની સમાન દ્વૈતાદ્વૈતવાદના સ્થાપક શ્રીમદ્ નિંબાર્કાચાર્ય શાંતિસ્વરૂપ, સ્થિરમૂર્તિ હતા.

શ્રી નિંબાર્કનો જન્મસમય નક્કી કરવાનું અતિશય કઠિન પુરવાર થયું છે. તેનું એક કારણ એ છે કે કોઈ ચોક્કસ પ્રમાણ આપણી સમક્ષ ઉપલબ્ધ નથી. પંડિત કિશોરદાસ તેમને માયાવાદના મુખ્ય પ્રવર્તક શ્રી શંકરાચાર્ય પહેલાં અને ગૌડપાદાચાર્યના સમકાલીન – એટલે કે પાંચમી સદીની આસપાસમાં – ગણાવે છે. નિંબાર્કના ભક્તોની માન્યતા છે કે તેઓ દ્વાપર યુગમાં પ્રગટ થયા હતા. પરંતુ વર્તમાન અન્વેષકગણ તેમનો આવિર્ભાવકળ ૧૧મી સદી ગણે છે. ડૉ. ભાંડારકરના મતે તેઓ રામાનુજ પછી થયા હતા. આ મત વિશેષ સ્વીકાર્ય બન્યો છે જેનાં કેટલાંક ચોક્કસ તાર્કિક કારણો છે.

નિંબાર્કમતમાં ભગવાન શ્રીકૃષ્ણની સાથે રાધાની પૂજા થાય છે. રાધાના નામનો નિર્દેશ હરિવંશ, વિષ્ણુપુરાણ કે ભાગવતમાં નથી. તેથી જો રાધા-કૃષ્ણપૂજા નિંબાર્કમતમાં પ્રચલિત હોય તો નિંબાર્ક પાંચમા કે છઠ્ઠા શતક જેટલા પ્રાચીન હોઈ  શકે નહીં. વળી નિંબાર્કનું નામે ભાસ્કર હતું પરંતુ ભાસ્કર એટલે ભેદાભેદવાદના પ્રવર્તક ભાસ્કરાચાર્ય એ માન્યતા પણ આ જ કારણસર ખોટી કરે છે, કારણ કે ભેદાભેદવાદી ભાસ્કરભાષ્યમાં નિંબાર્કની રાધાપૂજાનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી.

નિંબાર્કના જ શિષ્ય અને તેમના સમકાલીન હરિવ્યાસદેવે દશશ્લોકોની ટીકામાં ઉલ્લેખ કર્યો છે કે નિંબાર્કનો જન્મ વૈશાખ સુદ તૃતીયા (અખાત્રીજ)ના દિવસે થયો હતો. હરિવ્યાસદેવે મહિના અને તિથિનો ઉલ્લેખ કર્યો છે પરંતુ કઈ સાલમાં તેમનો જન્મ થયો હતો તે નોંધ્યું નથી.

નિંબાર્ક દક્ષિણના તૈલંગ બ્રાહ્મણ હતા અને નિમ્બ ગામમાં રહેતા હા. નિમ્બ ગામ હાલના આંધ્ર પ્રદેશના બેલારી જિલ્લાનું નિમ્બપુર હશે એમ ડૉ. ભાંડારકર અનુમાન કરે છે. હરિવ્યાસના દશશ્લોકી ભાષ્યમાં તેમના પિતાનું નામ જગન્નાથ અને માતાનું નામ સરસ્વતીદેવી દર્શાવ્યું છે. બીજું એમ પણ કહેવાય છે કે દક્ષિણ દેશમાં ગોદાવરી તટ પર વૈદુર્યપત્તન નજીક અરુણાશ્રમમાં અરુણમુનિની પત્ની શ્રી જયંતીદેવીની કૂખે તેમનો જન્મ થયો હતો.

નિંબાર્કના અન્ય નામોમાં ભાસ્કર, નિંબાદિત્ય, નિયમાનંદ નામોનો પણ સમાવેશ થયેલો છે. દેવાનંદે તેમના ગ્રંથમાં નિંબાર્કનો નિયામાનંદ નામે ઉલ્લેખ કરી તેમને વંદન કર્યાં છે. વળી એમ પણ કહેવાય છે કે નિંબાર્કનું મૂળ નામ તો ભાસ્કર હતું પણ નિંબાદિત્ય નામ અમુક ચોક્કસ કારણસર પડ્યું હતું. એક કિવદંતી મુજબ તેઓ (સૂર્ય (આદિત્ય)નો અવતાર હતા અને પાખંડરૂપી અંધકારનો નાશ કરવા તેમણે પૃથ્વી પર અવતાર ધારણ કર્યો હતો તેથી નિંબાકદિત્ય તરીકે ઓળખાયા હતા.

તેમના નિંબાદિત્ય નામ વિષે બીજી એક કથા પણ પ્રચલિત છે. જ્યારે તેઓ વૃંદાવન પાસે રહેતા હતા ત્યારે એક વાર કોઈ મતના જૈન ઉદાસીન એક દંડી તેમના આશ્રમમાં આવ્યા. બંને વચ્ચે વિચારવિમર્શ શરૂ થયો જે સાંજ સુધી ચાલ્યો. જૈન ઉદાસીન આંગણે અતિથિ થઈને આવ્યા હતા તેથી તેમનું જમાડીને આતિથ્ય-સ્વાગત્ કરવાની નિંબાર્કને તીવ્ર ઇચ્છા અને ભાવના હતી પરંતુ જૈનોમાં સૂર્યાસ્ત પછી ભોજનનો નિષેધ હોવાથી તેમણે નિંબાર્કના આગ્રહનો અસ્વીકાર કર્યો. પરંતુ ભાસ્કરાચાર્ય ઉર્ફે નિંબાર્કમાં પ્રબળ આતિથ્યભાવનાની સાથે સાથે અપૂર્વ યોગસિદ્ધિ પણ હતી.

કથા એમ કહે છે કે તેમણે પોતાની યોગસિદ્ધિથી સૂર્યની અસ્ત થવાની ગતિને રોકી દીધી. સૂર્ય (આદિત્ય) ભાસ્કરાચાર્યની આજ્ઞાથી નિંબતરુ (લીમડાના વૃક્ષ) પર સ્થિર થઈ ગયો. જૈન અતિથિનું ભોજન સમાપ્ત થયા બાદ સૂર્ય ભાસ્કરાચાર્યની આજ્ઞા લઈ અસ્ત થયો. ત્યારથી ભાસ્કરાચાર્યનાં નિંબાર્ક અને નિંબાદિત્ય નામ પ્રસિદ્ધ થયાં.

આ કથા પરથી અનુમાન કરી શકાય કે નિંબાર્ક અતિથિપ્રેમી હતા. કોઈ પણ ધર્મના અનુયાયી – ભલે પછી જૈન હોય – તે સર્વ પ્રત્યે ઉદાસ, સહિષ્ણુ, સમદષ્ટિવાળા અને શાંત મૂર્તિ હતા. તેઓ તત્ત્વજ્ઞ, સંન્યાસી અને મહાન યોગી હતા. અનેક યોગસિદ્ધિ હોવા છતાં નમ્રતા અને નિરભિમાન જેવા ગુણો સહજપણે તેમનામાં રહેલા હતા.

આમ કેટલાક તેમને સૂર્યનો અવતાર માને છે, જ્યારે કેટલાક મહાનુભાવો તેમને ભગવાન વિષ્ણુના પ્રિય આયુધ શ્રી સુદર્શન ચક્રનો અવતાર પણ માને છે.

કહેવાય છે કે ઉપનયન સંસ્કાર સમયે સ્વયં દેવર્ષિ નારદે તેમને શ્રી ગોપાલમંત્રની દીક્ષા તેમ જ શ્રી ભૂ-લીલા સહિત શ્રીકૃષ્ણની ઉપાસનાનો ઉપદેશ આપ્યો હતો. આથી વિશેષ માહિતી તેમના જીવન વિશે ઉપલબ્ધ નથી.

નિંબાર્ક સંપ્રદાયની ગાદી મથુરા પાસે યમુનાતટવર્તી ધ્રુવક્ષેત્રમાં છે. વૈષ્ણવોનું તે અતિ પ્રિય પવિત્ર તીર્થ માનવામાં આવે છે. આ સંપ્રદાયના અનુયાયીઓ ખાસ કરીને ભારતના પશ્ચિમ ભાગમાં જ જોવામાં આવે છે. કેટલાક અનુયાયીઓ બંગાળમાં જોવા મળે છે. બીજું એક સ્થાન અજમેરની દક્ષિણે સલીમાબાદમાં છે. પરંતુ એક હકીકત એ છે કે પ્રાચીન સમયમાં નિંબાર્ક સંપ્રદાયનો પ્રચાર વ્રજભૂમિની બહાર નહીં થયો હોય કેમ કે સર્વદર્શનસંગ્રહમાં મધ્વમતનો ઉતારો છે, પરંતુ નિંબાર્ક મધ્વના પુરોગામી હોવા છતાં તેમના વિશે તેમાં ઉલ્લેખ મળતો નથી. નિંબાર્કનો જન્મ દક્ષિણમાં થયો પરંતુ વિશેષતઃ તેઓ મથુરાની આસપાસ રહ્યા હતા. તેથી એમના સંપ્રદાયના અનુયાયીઓ મોટે ભાગે ઉત્તર હિંદુસ્થાનમાં મથુરામાં તથા બંગાળના કેટલાક ભાગમાં જ દેખાય તે સ્વાભાવિક છે. ગૅઝેટિયરમાં નિંબાર્કના કોઈ અનુયાયી ગુજરાતમાં નથી એમ કહેવું છે પરંતુ બારડોલી તાલુકામાં હાલમાં નિંબાર્કના ભક્તોનું મંડળ છે. રામાનુજ પછી નિંબાર્ક સંપ્રદાયના ગ્રંથો પણ ગુજરાતના ભંડારોમાંથી મળ્યા છે એમ નોંધાયું છે.

નિંબાર્ક સંપ્રદાયના અનુયાયીઓ, ગોપીચંદની બે સીધી લીટી કરી વચમાં કાળો ચાંદલો કરે છે. ગળામાં તુલસીની કંઠી પહેરે છે. રાધા-કૃષ્ણની પૂજા કરે છે. તેઓ શાંત રીતે કીર્તન-ભજન કરે છે.

ઈ. સ. ૧૫૦૦ની આસપાસ નિંબાર્ક સંપ્રદાયમાં બે પેટાશ્રેણી પડી. કેશ કાશ્મીરી ભટ્ટથી આચાર્ય પરંપરા શરૂ થઈ. કેશવભટ્ટના અનુયાયીઓ સંન્યાસી, વિરક્ત છે. બીજો પંથ હરિદાસી, ટટ્ટી પંથ કે ગૃહસ્થ સંપ્રદાયી તરીકે પ્રચલિત થયો. આ પંથના સ્થાપક હરિદાસ મુનિ એ આચાર્ય પરંપરાના સ્થાપક કેશવભટ્ટના સમકાલીન હતા. હરિદાસ મુન-અર્થાત્ હરિવ્યાસ મહાન સંગીતવિદ્ હતા. અકબર બાદશાહના દરબારના પ્રસિદ્ધ ગવૈયા તાનસેનના સંગીતવિદ્યા-ગુરુ હરિદાસ એ જ આ હરિવ્યાસ. એમનું એક મંદિર વૃંદાવનમાં છે. આ સંપ્રદાયનું મુખ્ય મંદિર વૃંદાવનમાં છે.

રાધાવલ્લભી સંપ્રદાયના સ્થાપક આચાર્ય ગોસ્વામી હિતહરિવંશજી હતા. તેમના સંપ્રદાય રાધા સાથે શ્રીકૃષ્ણની પૂજા અને ભજન થાય છે. હિતહરિવંશજી શ્રીકૃષ્ણની વાંસળીનો અવતાર મનાય છે અને સાધુ-સંપ્રદાયમાં તેમની ઓળખાણ નિંબાર્કમતના પરમાચાર્ય તરીકે પણ આપવામાં આવે છે. તેમના સંપ્રદાયમાં રાધાકૃષ્ણની પૂજા એ તેમના પર નિંબાર્ક સંપ્રદાયની અસર તો નિશ્ચિતપણે કહી શકાય.

ઇષ્ટદેવ સાથે તેમની પત્નીનું યજન કરવાની પ્રથા ઘણી જૂની છે. પાછલા વૈદિક સાહિત્યમાં ક્યાંક લક્ષ્મીનો વિષ્ણુપત્નીરૂપે ઉલ્લેખ જોવા મળે છે. મહાભારતમાં વ્યાપકરૂપે રુક્મિણી-કૃષ્ણની પૂજા જોવા મળે છે. રામાવતારમાં સીતા-રામની યુગલપૂજા પ્રચલિત હતી. રામાનુજ અને મધ્વ સંપ્રદાયમાં વિષ્ણુ (વાસુદેવ કે નારાયણ) સાથે લક્ષ્મીની જ પૂજા થાય છે, જ્યારે શ્રીકૃષ્ણ સાથે રાધાની પૂજાનું પ્રથમ દર્શન નિંબાર્ક સંપ્રદાય થાય છે. નિંબાર્કે લક્ષ્મીને બદલે સધાનો વિષ્ણુ (કૃષ્ણ) પત્ની તરીકે સ્વીકાર કર્યો. બ્રહ્મવૈવર્તપુરાણે અને નિંબાર્કે રાધાને સર્વોચ્ચ સ્થાન આપ્યું. ત્યાર પછીના શિષ્ટ સાહિત્યમાં તે સ્થાન સદાયને માટે પ્રસ્થાપિત થઈ ગયું. બારમી સદીના ઉત્તરાર્ધમાં જયદેવે રાધાકૃષ્ણની શૃંગારલીલા-પ્રેમલક્ષણા-ભક્તિના અપૂર્વ કાવ્ય 'ગીતગોવિંદ'ની રચના કરી જેની અસર ચૈતન્ય અને વલ્લભ સંપ્રદાય પર પડી. જયદેવના 'ગીતગોવિંદ'માં રાધાને નાયિકાનું સ્થાન પ્રાપ્ત થયું છે. ત્યાર બાદ બંગાળમાં ચડીદાસ (૧૫મી સદી), મૈથિલીમાં વિદ્યાપતિ (ઈ. સ. ૧૩૫૦ થી ૧૪૫૦) – જેમને અભિનવ જયદેવનું બિરુદ અપાયું છે – તેમણે રાધાકૃષ્ણવિષયક પદોની રચના કરી. આમ પૂર્વ ભારતમાં અને સર્વત્ર રાધાકૃષ્ણને કેન્દ્રમાં રાખી પ્રેમલક્ષણાભક્તિનાં અસંખ્ય પદો રચાયાં અને પ્રેમરસની

ગંગા વહેતી થઈ.

સોળમા શતકથી ગોપીજનવલ્લભ કૃષ્ણ સાથે રાધાનું નામ જ વિશેષરૂપે જોડાયેલું છે. રાધાવલ્લભી સંપ્રદાય, ગૌડીય અને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં નિત્ય 'રાધાકૃષ્ણ'નું નામરટણ, નામસ્મરણ થાય છે.

આમ સીતા-રામ, લક્ષ્મી-નારાયણ, રાધા-કૃષ્ણની યુગલ-ઉપાસના વૈષ્ણવ સંપ્રદાયમાં અતિશય પ્રચલિત છે. પરંતુ તેમના દર્શનશાસ્ત્રમાં લક્ષ્મી, સીતા કે રાધાના ચોક્કસ સ્થાનની તાત્ત્વિક ચર્ચા-નિરૂપણ ખાસ જોવા નથી મળતાં.

## નિંબાર્કનું તત્ત્વજ્ઞાન (દ્વૈતાદ્વૈતવાદ) :

બ્રહ્મ એ જીવ અને જડ (ચેતન અને અચેતન) બંનેથી અત્યંત પૃથક્ (ભિન્ન) છે અને અપૃથક્ (અભિન્ન) પણ છે. પૃથક્ત્વ અને અપૃથક્ત્વ પર તેમનું દર્શનશાસ્ત્ર નિર્ભર છે. જીવ અને જગત બંને બ્રહ્મનું પરિણામ છે. 'જીવ અને જગત બ્રહ્મથી અત્યંત ભિન્ન છે, અભિન્ન પણ છે' – દ્વૈતાદ્વૈતનો આ સારસિદ્ધાંત છે.

દ્વૈતાદ્વૈતના મુખ્ય આચાર્ય નિંબાર્ક છે. આમ તો મત ઘણો પ્રાચીન છે. બ્રહ્મસૂત્રમાં દ્વૈતાદ્વૈતવાદ અને તેના આચાર્યનું નામ મળે છે. ૧૦મી સદીમાં આચાર્ય ભાસ્કરે ભેદાભેદવાદ અનુસાર બ્રહ્મસૂત્રની વ્યાખ્યા કરી. પરંતુ આ વ્યાખ્યા બ્રહ્મપરક (બ્રહ્મની ઉપાસના) હતી. શિવપરક (શિવની ઉપાસના) કે વિષ્ણુપરક (વિષ્ણુની ઉપાસના) નહીં. ૧૧મી શતાબ્દીમાં નિંબાર્કે બ્રહ્મસૂત્રની વિષ્ણુપરક (વિષ્ણુ એ પરમોચ્ચ તત્ત્વ-પુરુષોત્તમરૂપે) વ્યાખ્યા કરીને દ્વૈતાદ્વૈતની સ્થાપના કરી. તાત્ત્વિક વિચારસરણી મુજબ તે દ્વૈતાદ્વૈત વેદાંત કહેવાય છે.

વિષ્ણુની ઉપાસના હોવાના કારણે તે વૈષ્ણવોના ચાર સંપ્રદાયોમાંનો એક ગણાય છે. નિંબાર્ક સંપ્રદાયને સનકાદિ સંપ્રદાય પણ કહે છે, કારણ કે બ્રહ્મના ચાર માનસપુત્રો (ઋષિઓ) – સનક, સનન્દન, સનાતન અને સનત્કુમાર – આ સંપ્રદાયના આચાર્ય ગણાય છે. છાંદોગ્ય ઉપનિષદની સનત્કુમાર-નારદ આખ્યાયિકા પ્રસિદ્ધ છે. આ આખ્યાયિકામાં જણાવ્યા મુજબ નારદ સનત્કુમાર પાસેથી બ્રહ્મવિદ્યા શીખ્યા હતા. નારદે આ જ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ નિંબાર્ક કર્યો. નિંબાર્ક પોતાના ભાષ્યમાં સનત્કુમાર તેમ જ નારદના નામનો ઉલ્લેખ કર્યો છે. તેથી આમ જોવા જઈએ તો મત ઘણો પ્રાચીન છે. પરંતુ સાંપ્રદાયિક ઢબે એ મતની શિક્ષા મેળવી, તેને સ્વ-પ્રતિભાથી ઉજ્જવળ બનાવી, સ્વ-બળથી તેનો પ્રસાર-પ્રચાર કરવાનું ઉત્તમ કાર્ય નિંબાર્ક કર્યું. તેથી આ પ્રકારનો ભેદાભેદ એ દ્વૈતાદ્વૈત સંપ્રદાય, નિંબાર્ક સંપ્રદાય કે નિંબાર્ક વેદાંત તરીકે પણ પ્રસિદ્ધ બન્યો છે.

ભારતવર્ષમાં પ્રચલિત મુખ્ય ચાર ધાર્મિક અર્થાત્ વૈષ્ણવ સંપ્રદાયો પૈકી આ એક છે. તેમનો તત્ત્વઉપદેશ વેદાંત પર અવલંબિત છે. નિંબાર્ક ઉપદેશેલ પૂજાપદ્ધતિનું અનુસરણ કરવાથી વેદાંતનિદર્શિત લક્ષ્ય સુધી મુમુક્ષુ નિશ્ચિતરૂપે પહોંચી શકે છે. દ્વૈતાદ્વૈત નામથી પ્રસિદ્ધ અને સુપ્રતિષ્ઠિત વેદાંતદર્શન આ રીતે નિંબાર્ક દ્વારા પ્રચલિત થયું.

## નિંબાર્ક સાહિત્ય અને અનુયાયીઓ :

નિંબાર્ક સંપ્રદાયનો મુખ્ય આહારગ્રંથ શ્રીમદ્ ભાગવત છે પણ અત્રે નોંધવું જરૂરી છે કે રામાનુજ અને નિંબાર્ક પુરાણોમાં વિષ્ણુપુરાણને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે, જ્યાર મધ્વ, વલ્લભ અને ચૈતન્યે ભાગવતપુરાણને જ કેન્દ્રમાં રાખ્યું છે.

નિંબાર્ક બ્રહ્મસૂત્ર (વેદાંતસૂત્ર) ઉપર ભાષ્ય લખ્યું છે તે અતિસંક્ષિપ્ત ગ્રંથ છે અને એ બ્રહ્મ સૂત્રભાષ્ય 'વેદાંતપારિજાતસૌરભ' નામે ઓળખાય છે. તદુપરાંત એક લઘુગ્રંથ 'સિદ્ધાંતરત્ન' પણ નિંબાર્કરચિત છે. ફક્ત દસ શ્લોકમાં તેમણે સ્વ-મતના સર્વ સિદ્ધાંતો ટૂંકમાં સરળતાથી સુંદર રીતે વર્ણવ્યા છે. આ ગ્રંથને દશશ્લોકી પણ કહેવાય છે.

આ ઉપરાંત કૃષ્ણસ્તવરાજ, ગુરુપરંપરા, વેદાંતતત્ત્વબોધ, વેદાંતસિદ્ધાંતપ્રદીપ, સર્વધર્માધ્વબોધ, ઐતિહ્યતત્ત્વસિદ્ધાંત આદિ ગ્રંથોની રચના કરી હતી. તેમના સ્વરચિત બે શ્લોકો દેવાચાર્ય અને સુંદર ભટ્ટના ગ્રંથોમાં જોવા મળે છે.

તેમના અનુયાયીઓના ગ્રંથો નીચે મુજબ છે :

શ્રીનિવાસ – 'વેદાંત કૌસ્તુભ' (વેદાંતપારિજાતસૌરભ પર ભાષ્ય),

પુરુષોત્તમાચાર્ય – 'વેદાંતરત્નમંજૂષા' (દશશ્લોકી પર ટીકા),

હરિવ્યાસદેવ – દશશ્લોકી પર ટીકા,

દેવાચાર્ય – સિદ્ધાંતજાહ્નવી,

સુંદર ભટ્ટ – 'સેતુ' (સિદ્ધાંતજાહ્નવી પર ટીકા),

કેશવ કાશ્મીરી – બ્રહ્મસૂત્ર પર ટીકા,

પુરુષોત્તમપ્રસાદ – શ્રુત્યન્તસુરદ્રુમ.

આ તથા અન્ય અપ્રસિદ્ધ ગ્રંથો નિંબાર્કના અનુયાયીઓ પાસેથી સાંપડ્યા છે.

**આચાર્ય શ્રીનિવાસ :** તેઓ નિંબાર્કના શિષ્ય હતા અને તેમનો જન્મકાળ સંભવતઃ ૧૧મી સદીમાં મનાય છે. ગુરુના મતને શ્રુતિ અને વ્યક્તિબલથી પ્રતિપાદિત કરવા તેમણે 'વેદાંતભેદાભેદ' નામના ગ્રંથની રચના કરી. આ ભાષ્ય સંક્ષિપ્ત છે પણ પ્રમાણિત મનાય છે.

**આચાર્ય શ્રીયાદવપ્રકાશ :** 'રામાનુજનું તત્ત્વજ્ઞાન' એ પરિચય પુસ્તિકામાં યાદવપ્રકાશના નામનો ઉલ્લેખ કરેલો છે. તેઓ સૌપ્રથમ કાંચીમાં અદ્વૈતવાદી હતા. બ્રહ્મના નિરૂપણ અને વ્યાખ્યા સંબધી ગુરુ યાદવપ્રકાશ અને શિષ્ય રામાનુજ વચ્ચે જે મતભેદ પડ્યો તે એટલી હદ સુધી વણસ્યો કે રામાનુજને તેમની પાસે અભ્યાસ બંધ કરવો પડ્યો. ઇર્ષ્યાના કારણે રામાનુજને મારી નાખવાનું ષડ્યંત્ર પણ તેમણે ગોઠવ્યું હતું. જોકે તેમાં તેઓ નિષ્ફળ ગયા. પાછળથી તેમણે રામાનુજનું શિષ્યપદ સ્વીકાર્યું હતું અને બ્રહ્મસૂત્રની ભેદાભેદ મત મુજબ વ્યાખ્યા કરી હતી.

**શ્રી પુરુષોત્તમાચાર્ય :** સંભવતઃ ૧૨મી સદીનો પૂર્વાર્ધ તેમનો જન્મકાળ હતો. નિંબાર્કના દ્વૈતાદ્વૈતવાદનું અનુસરણ કરી તેને પુષ્ટ કરવાની કોશિશ કરી. 'વેદાંતરત્નમંજૂષા' ગ્રંથમાં દ્વૈતાદ્વૈતમતની તેમને વ્યાખ્યા કરી છે.

શ્રી દેવાચાર્ય : ૧૨મી સદીના ઉત્તરાર્ધમાં તેમનો સમય ગણાય છે. તેમનો જન્મ તૈલંગ દેશમાં થયો હતો. ભગવાનના હાથમાં સ્થિત 'કમળ'નો તેઓ અવતાર મનાયા હતા. કૃપાચાર્ય પાસે તેમણે વેદાંતની શિક્ષા લીધી. તેમણે શાંકર વેદાંત અને નિંબાર્કમતનું ગૂઢ અધ્યયન કર્યું હતું જે તેમના રચેલા ગ્રંથોથી જાણવા મળે છે. 'વેદાંતજહ્નવી' અને 'ભક્તિ રત્નાંજલિ' ગ્રંથોમાં નિંબાર્કમત અને ભક્તિનું પ્રતિપાદન તથા શાંકર મતનું ખંડન જોવા મળે છે.

**શ્રી કેશવાવાર્ય :** તેઓ ૧૫મી સદીમાં થઈ ગયા. તેઓ શ્રી ચૈતન્ય મહાપ્રભુના સમયમાં વિદ્યમાન હતા. નિંબાર્કના બ્રહ્મસૂત્રભાષ્ય 'વેદાંતપારિજાતસૌરભ' પર શ્રીનિવાસે 'વેદાંતકૌસ્તુભ' નામે જે ટીકાગ્રંથ લખ્યો હતો તે ગ્રંથના શ્રી કેશવાચાર્ય વ્યાખ્યાતા (ટીકાકાર) હતા.

**આચાર્ય વિશ્વનાથ ચક્રવર્તી :** તેઓ ૧૮મી સદીમાં થઈ ગયા. તેમનો જન્મ બંગાળમાં થયો હતો. તેમણે ભાગવત્ ગ્રંથ પર નિંબાર્ક મતાવલંબી ટીકા લખી છે જે નિંબાર્ક સંપ્રદાયમાં અતિ આદરણીય છે. અદ્વૈતમતમાં 'શ્રીધરી', રામાનુજ સંપ્રદાયમાં 'વીર રાધવી', મધ્ય સંપ્રદાયમાં 'વિજયધ્વજી', વલ્લભ સંપ્રદાયમાં 'સુબોધિની', ગૌડીય સંપ્રદાયમાં 'ક્રમસંદર્ભ' જેમ પ્રામાણિક ટીકા ગણાય છે તેમ જ શ્રી વિશ્વનાથજીની ટીકા નિંબાર્ક સંપ્રદાયમાં પ્રમાણ ગણાય છે. તેમણે ગીતા પર પણ સુંદર ટીકા લખી છે.

આ સંપ્રદાયની એક વિશિષ્ટતા એ છે કે તેમના અનુયાયીઓ અન્ય મતના આચાર્યોની જેમ બીજા મતોના ખંડન-મંડનમાં ઊતર્યા નથી. ફક્ત દેવાચાર્યના ગ્રંથમાં શાંકર મત વિરુદ્ધ આક્ષેપો જોવા મળે છે.

### અચિંત્ય ભેદાભેદવાદ :

અચિંત્ય ભેદાભેદવાદના સ્થાપક બંગાળના શ્રી ચૈતન્ય મહાપ્રભુ હતા. તેમનો ભેદાભેદવાદ નિંબાર્કના દ્વૈતાદ્વૈતવાદની સમાન છે. નિંબાર્ક અને ચૈતન્યની અચિંત્ય શક્તિ પણ પ્રાયઃ એક જ વસ્તુ છે. ચૈતન્ય સંપ્રદાય પર મધ્વની અસર વિશેષ છે પરંતુ સાથે સાથે નિંબાર્કમતનું તથા જયદેવ, બિલ્વમંગલ વગેરે સંસ્કૃત ભક્તકવિઓ તથા ચંડીદાસ, વિદ્યાપતિ વગેરે પ્રાકૃત ભક્તકવિઓએ ગાયેલી રાધાકૃષ્ણની શૃંગારભક્તિનું પણ મિશ્રણ થયેલું છે.

### નિંબાર્કનું તત્ત્વજ્ઞાન :

જડ જગત, ચૈતન્ય જીવ અને બ્રહ્મ (ભોગ્ય, ભોક્તા અને નિયન્તા)માં વસ્તુતઃ ભેદ છે, ભિન્નતા છે. પરંતુ જીવ અને જગત બ્રહ્મથી વ્યાપ્ત છે અને બંને બ્રહ્મને આધીન છે. આ અર્થમાં તેઓમાં અભેદ, અભિન્નતા છે, અદ્વૈત છે. આમ ભેદ અને અભેદ (ભેદાભેદ) બંને સત્ય છે, દ્વૈત અને અદ્વૈત (દ્વૈતાદ્વૈત) બંને સત્ય છે.

### બ્રહ્મ :

શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ, પરમાત્મા છે, બ્રહ્મા અને શિવથી વંદિત છે. આમ તો પરમાત્મા દુર્જ્ઞેય છે પરંતુ ભક્તની ઇચ્છા મુજબ તેમના ધ્યાનમાં આવી શકે તેવું રૂપ ધારણ કરે છે, કારણ કે તેમની શક્તિ અચિંત્ય છે. પરમાત્મા દુર્જ્ઞેય અને દુર્લભ હોવા છતાં તેમનામાં રહેલા દયા, કરુણા, શરણાગતવત્સલતા આદિ ગુણોના કારણે તેઓ પોતે શરણાગત ભક્તોને માટે સુલભ બને છે.

બ્રહ્મ રસસ્વરૂપ ('રસો વૈ સઃ') છે. રસને પ્રાપ્ત કરવાથી મુદિત-આનંદિત થઈ જવાય છે. બ્રહ્મ સત્ય, અનંત, સાર્વભૌમ (સર્વવ્યાપક) છે, રસસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે.

ભગવાનમાં સ્વતઃ કોઈ પણ દોષ નથી. રામાનુજ નિદર્શિત જ્ઞાન, શક્તિ, બલ, ઐશ્વર્ય આદિ અનંત કલ્યાણકારી, દિવ્ય, અપ્રાકૃત ગુણોના રાશિ છે. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ – કેશવ ગોવિંદ વગેરે બીજા બાર વ્યૂહો તથા અવતારો એ ભગવાનનાં અંગો છે, ભગવાન તે વ્યૂહો અને અવતારોના અંગી છે. વરેણ્ય છે.

બ્રહ્મ સનાતન, અવર્ણનીય, સદા સર્વથા પૂર્ણ છે. છતાં ચાર સ્વરૂપોથી યુક્ત છે. આ જ દ્વૈતાદ્વૈત સિદ્ધાંત છે. બ્રહ્મ નિર્ગુણ અને સગુણ બને છે. સર્વનો આધાર હોવાના કારણે બ્રહ્મ નિર્ગુણ છે અને સર્વ શક્તિઓથી યુક્ત હોવાના કારણે સગુણ છે.

બ્રહ્મ સર્વશક્તિમાન છે. તેમનો સગુણભાવ જ મુખ્ય છે. બ્રહ્મ

જગતરૂપમાં પરિણત થાય છે છતાં નિર્વિકાર રહે છે. જગતથી અતીત છે એ રૂપમાં નિર્ગુણ છે. સ્વરૂપતઃ બ્રહ્મ જગતથી અતીત છે. પ્રલયાવસ્થામાં સમસ્ત જગત બ્રહ્મમાં લીન થાય છે પરંતુ લીન થયા છતાં તેમાં જગત વિકાર ઉત્પન્ન કરી શકતું નથી. ગુણ-ગુણોમાં અભેદ છે. અભેદ હોવાને લીધે બ્રહ્મ સ્વરૂપતઃ નિર્ગુણ છે. જ્યારે સૃષ્ટિના કારણ તરીકે બ્રહ્મ સગુણ છે.

ઈશ્વર સર્વદ્રષ્ટા છે. સંસારના તમામ પદાર્થોને એકીસાથે પૂર્ણતઃ જુએ છે. ઈશ્વર સર્વદ્રષ્ટા હોવાથી કાલાતીત છે. જીવોના નિયંતા છે. તેઓ સ્વયંભૂ છે. સનાતન અને અક્ષર હોવાને લીધે બ્રહ્મ સર્વાતિશાયી, સર્વાનંદ, સર્વજ્ઞાનમય, પોતાના પૂર્ણરૂપેમાં આકારરહિત હોવાથી અને તેમનામાં રૂપની કલ્પના નહીં હોવાથી તે પરબ્રહ્મ કહેવાય છે.

આમ નિંબાર્કના અનુયાયીઓ બ્રહ્મના સર્વવ્યાપક સ્વરૂપનો અનુભવ કરવા માટે રાધા-કૃષ્ણની યુગલ મૂર્તિની ઉપાસના વિશિષ્ટ પ્રકારથી કરે છે. પ્રકૃતિના ત્રણ ગુણ છે : સત્ત્વ (પ્રકાશ), રજસ (ક્રિયા), તમસ (મોહ), હરિ (શ્રીકૃષ્ણ, હર (શિવ), વિરંચી (બ્રહ્મા) આ ત્રણમાં વ્યક્ત કરવા પરબ્રહ્મ આ ત્રણ ગુણની સહાય લે છે. હરિ-શ્રીકૃષ્ણનું શરીર શુદ્ધ અને દિવ્ય તત્ત્વથી બનેલું છે. તેથી શ્રીકૃષ્ણના રૂપમાં બ્રહ્મની ઉપાસના કરવાથી ભક્ત પરમ કલ્યાણને પામે છે.

બ્રહ્મા, શિવ આદિથી વંદિત એના શ્રીકૃષ્ણના પદારવિંદથી અતિરિક્ત મોક્ષને માટે બીજું કોઈ સાધન નથી. ભક્તોની ઇચ્છાથી તેમને ધ્યાન માટે સુલભ બનવા બ્રહ્મ સુગમ રૂપ ધારણ કરે છે. બ્રહ્મની શક્તિ અચિંત્ય છે, શાસન કલ્પનાતીત છે.

બ્રહ્મ સત્ય, આનંદસ્વરૂપ, અનંત, સાર્વભૌમ છે. જે અલ્પ છે તે મર્ત્ય છે. અલ્પમાં સુખ નથી. સાર્વભૌમમાં જ સુખ છે. જે સાર્વભૌમ છે તે જ અમૃત છે. બ્રહ્મની આનંદમયતાથી તેની અદ્વિતીયા અને સર્વવ્યાપકતા સિદ્ધ થાય છે. બ્રહ્મ અદ્વિતીય છે તેથી પોતાના આનંદનો તે સ્વયં ભોક્તા છે. તેની ચિતશક્તિ દ્વારા તે અંતર્ભૂત આનંદનો ઉપભોગ કરે છે. એથી બ્રહ્મ સચ્ચિદાનંદ કહેવાય છે.

**જગત :**

જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારન બ્રહ્મ છે. બ્રહ્મમાંથી એમની ઇચ્છા અને સંકલ્પથી જગત ઉત્પન્ન થાય છે. બ્રહ્મ પોતાની શક્તિ દ્વારા જગતરૂપે પરિણમે છે. તેથી બ્રહ્મ એ જગતનું અભિન્ન-નિમિત્ત-ઉપાદાન કારણ છે. અર્થાત્ બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે અને ઉપાદાન કારણ પણ છે અને બ્રહ્મ જગતથી અભિન્ન છે.

ચેતન (જીવ) અને જડ (જગત) જે સૂક્ષ્મ અવસ્થામાં રહેલ છે, તેને બ્રહ્મ પોતાની શક્તિ વડે સ્થૂળ રૂપે પ્રગટ કરે છે. તેથી બ્રહ્મ તેમનું ઉપાદાનકારણ છે.

અનાદિ કર્મસંસ્કારને વશ જીવોને તેમનાં કર્મફળ ભોગવવા માટે કર્મ અનુસાર ભોગનાં સાધનો સાથે જીવોનો સંયોગ કરી આપે છે. માટે બ્રહ્મ તેમનું નિમિત્ત કારણ છે.

આમ બ્રહ્મ સર્વ પદાર્થોના અંતરાત્મા છે. સર્વ વસ્તુઓ બ્રહ્માત્મક છે. તેથી અંતે બ્રહ્મ જ સર્વ છે. સર્વની સ્થિતિ, પ્રવૃત્તિ બ્રહ્મને આધીન છે. તેથી સર્વ બ્રહ્મ છે (અભેદ). ભોક્તા (જીવ), ભોગ્ય (જગત), નિયંતા (ઈશ્વર) એ ત્રણે વસ્તુતઃ ભિન્ન છે, જુદાં છે (ભેદ). આમ ભેદ અને અભેદ બંને સત્ય છે.

પરબ્રહ્મ ચરાચર જગતનું મૂલ્ય કારણ છે. એમનાથી આ સમગ્ર જગત ઉત્પન્ન થયું છે, એમાં જ સ્થિતિ છે અને એમાં જ એનો લય થઈ જશે.

જેમ આ સંસારમાં માટી એ વૃક્ષ, ડાળી છોડ, ફળ, ફૂલ, માંસ, હાડકાં આદિ અનેક રૂપોમાં પરિણામ પામે છે અને એ સર્વે કાળક્રમે ફરી માટીનું રૂપ ધારણ કરે છે, અર્થાત્ માટીમાં વિલીન થઈ જાય છે, એ જ પ્રકારે નામરૂપ વિશ્વ પણ બ્રહ્મથી પાદુર્ભાવ પામે છે અને પ્રલય પછી બ્રહ્મ સાથે એકાત્મક બની રહે છે.

જેમ સર્પ કૂંડાળું બનાવીને તેમાં બેસી રહે ત્યારે તેના શરીરનાં બધાં અંગ દેખાઈ શકતાં નથી, પરંતુ જ્યારે તે પોતાને ફેલાવી દે છે ત્યારે તેની ફેણ, પૂંછડી આદિ સર્વે અંગો દષ્ટિગોચર થાય છે. તેમ પ્રલયના સમયે સમગ્ર વિશ્વ બ્રહ્મમાં લીન રહે છે તેથી કેવળ બ્રહ્મ જ ભાસે છે, પરંતુ સૃષ્ટિસમયે વિશ્વ બ્રહ્મમાંથી આવિર્ભૂત તાય છે.

પોતાના વાસ્તવિક રૂપમાં પરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. સર્વ ઉપાધિઓથી રહિત, સર્વવ્યાપક, પૂર્ણ, નિર્વિકાર છે. બીજી તરફ જોઈએ તો સર્વદ્રષ્ટા, સર્વશક્તિમાન, કર્તા, ધર્તા, સંહર્તા છે. અનંત રૂપોમાં વ્યક્ત, સર્વના હૃદયમાં નિવાસ અને સંચાલન કરનાર છે. વિશ્વના અણુએ અણુમાં વ્યાપ્ત છે પરંતુ સાથે સાથે સર્વાતિશાયી (સર્વથી પર) પણ છે.

**જીવ :**

જ્યારે સૂર્ય આકાશમાં નીકળે છે ત્યારે સૂર્યનો સમગ્ર પ્રકાશ ચોતરફ પ્રસરી જાય છે. સાથે સાથે તેમાં સમાયેલાં-છુપાયેલાં અગણિત કિરણો પણ ચારે દિશામાં પથરાઈ જાય છે. વળી, જેવી રીતે સ્તંભનાં વિભિન્ન અંગોનું જ્ઞાન સંપૂર્ણ સ્તંભના જ્ઞાનમાં સંવિષ્ટ છે, તે જ પ્રમાણે અગણિત જીવો પણ બ્રહ્મમાં સંનિહિત છે, અંતર્ભૂત

છે, પણ વ્યક્ત રૂપમાં જીવો બહાર આવે છે.

બાળપણથી વૃદ્ધાવસ્થા પર્યંત દેહમાં અનેક પરિવર્તનો થતાં રહે છે છતાં જીવ-તત્ત્વને કારણે વ્યક્તિ એ જ રહે છે. ડ્રાઇવર ગાડી ચલાવતાં વાતમાં મશગૂલ થઈ શકે છે તેમ મુમુક્ષુ જીવ આત્માનુભૂતિમાં નિમગ્ન થવા છતાં અન્ય સાથે વાર્તાલાપ કરી શકે છે અને જગતનો વ્યવહાર પણ કરી શકે છે.

જીવ નિત્ય છે, ચિરસ્થાયી છે, ચૈતન્ય છે. ચૈતન્ય પોતાની વિશિષ્ટ વ્યક્તિગત અનુભૂતિમાં તેમ જ અહંબોધ અને સંપૃક્ત અવસ્થામાં જીવ કહેવાય છે અને એ તેની બદ્ધાવસ્થા પણ કહેવાય છે. પરંતુ ચૈતન્ય પોતાની પૂર્ણ અને નિરપેક્ષ એવી કૈવલ્ય અવસ્થામાં બ્રહ્મ છે જે જીવની મુક્તિઅવસ્થા કહેવાય છે.

જીવ પૂર્ણ પરમાત્માનો એક અંશ છે પરંતુ એ એક એવો અંશ છે જે અવિભેદ્ય એવા પૂર્ણ પરમાત્માથી પૃથક્ ન કરી શકાય. પરમાત્મા બ્રહ્મની શક્તિ અસીમ છે; જીવની શક્તિ પરિસીમિત છે. જીવ અંશ છે; બ્રહ્મ અંશી છે. જીવ અલ્પજ્ઞ છે; બ્રહ્મ સર્વજ્ઞ છે. આમ અંશ-અંશી તથા અજ્ઞ-જ્ઞ હોવાને કારણે જીવ-બ્રહ્મમાં ભેદ છે. પરંતુ મહાવાક્ય 'तत् त्वम् असि' બંનેની અભિન્નતા પ્રકટ કરે છે. અર્થાત્ અંશે (જીવે) પોતાની શક્તિ અને ગુણોથી પૂર્ણ (અંશી-બ્રહ્મ)ની સાથે એકાત્મભૂત થવું જોઈએ. આ પ્રકારે બદ્ધ જીવ અને પરમાત્માનો પરસ્પર સંબંધ ભેદાભેદગત છે.

જીવના મુખ્ય બે પ્રકાર છે : બદ્ધ જીવ અને મુક્ત જીવ. બદ્ધ જીવ અણુ છે; વિભુ નહીં. મુક્ત જીવ પણ અણુ છે. જીવ અલ્પજ્ઞ છે. મુક્તિઅવસ્થામાં જીવ જ છે. બદ્ધ અને મુક્ત જીવમાં એ ભેદ છે કે જીવ બદ્ધ અવસ્થામાં જગતની સાથે એકાત્મતા કેળવે છે પરંતુ પોતાની બ્રહ્મસ્વરૂપતા અને જગતની બ્રહ્મસ્વરૂપતાની ઉપલબ્ધિ કરી શકતો નથી. અર્થાત્ સર્વને બ્રહ્મરૂપમાં નિહાળવાની દૃષ્ટિ તેનામાં કેળવાયેલી નથી. પરંતુ મુક્તાવસ્થામાં જીવ બ્રહ્મની સાથે પોતાની અને જગતની એકતાનો (અભિન્નતાનો) અનુભવ કરે છે. તે પોતાને અને જગતને બ્રહ્મરૂપમાં જ જુએ છે.

મહાવાક્ય 'તત્ ત્વમ્ અસિ – તત્' (બ્રહ્મ) ત્વમ્ (જીવાત્મા) અસિ (છે) એ જીવ અને બ્રહ્મની અભિન્નતા દર્શાવે છે. જીવ અને બ્રહ્મનું સામ્ય નહીં પરંતુ સાદૃશ્ય દર્શાવે છે.

ભગવાનની પ્રસન્નતા અને તેમનું દર્શન પ્રાપ્ત કરવું એ જીવનું મુખ્ય પ્રયોજન છે. તેનાથી સર્વ દુઃખોની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. ભક્તિ એ મુક્તિનું સાધન છે; મુક્તિનો ઉપાય છે. ભક્તિ દ્વારા બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મનો સગુણ-નિર્ગુણ બંને રૂપોમાં વિચાર કરી શકાય છે.

જેમનામાં દીનભાવ છે તેમના પર ભગવાનની કૃપા થાય છે અને તેમની દયાથી પરાભક્તિ ઉત્પન્ન થાય છે. પરાભક્તિ એટલે સર્વભૂતોના દયાથી પરાભક્તિ એટલે સર્વભૂતોના અધિપતિ એવા પરમાત્મા પ્રતિ અનન્ય પ્રેમ. નારદસૂત્રમાં નિદર્શિત પ્રેમલક્ષણાભક્તિ એટલે પરાભક્તિ અર્થાત્ ભક્તિની પરાકાષ્ઠા.

અપરાભક્તિ સાધનરૂપ છે. સત્યવાદિતા, અનસૂયા, નિઃસ્પૃહતા વગેરે પરાભક્તિની મંજિલ સુધી પહોંચાડવામાં મદદરૂપ બને છે. ભોગેચ્છા, દ્વૈત ભાવના (હું અને મારું) પર નિર્ભર છે. ભક્તિના સાધનાનો અભ્યાસ કરતાં કરતાં ભોગપદાર્થોથી તૃષ્ણાનો ધીમે ધીમે ક્ષય થાય છે. જીવ અહંશૂન્ય અને અહંકારરહિત થાય છે. પ્રત્યેક વસ્તુમાં બ્રહ્મની જ્યોતિ જુએ છે. સર્વમાં સમદૃષ્ટિ અને પ્રાણીમાત્રમાં સમભાવના કેળવાય છે. આ શુદ્ધ અને પવિત્ર આત્માનાં લક્ષણ છે. આવા લક્ષણોનો જ્યારે ઉદય થાય છે ત્યારે તેનામાં પરાભક્તિ આપોઆપ ઉત્પન્ન થાય છે. જે રીતે નદી સમુદ્રમાં નામરૂપ ખોઈ લીન થઈ જાય છે તેમ ભક્તજીવ પણ બ્રહ્મમાં પોતાને લય કરીને તેમાં એક થઈ જાય છે ત્યારે નિર્બંધ મુક્ત સ્વરૂપમાં જીવ સ્થિત રહે છે. સર્વ ભૂતપ્રાણીમાત્રમાં સમદૃષ્ટિ રાખે છે, સર્વમાં સુખદુઃખનો બરાબર અનુભવ કરે છે અને તે જ પરમયોગી છે.

આમ નિંબાર્કે ઉપદેશેલ માર્ગનું અનુસરણ કરવાથી જીવ પરમાનંદની પ્રાપ્તિ અર્થે યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે. પ્રેમપરિપૂર્ણ હૃદયથી જીવ બ્રહ્મસત્તાના સમુદ્રમાં, સાગરમાં વહેતી નદીઓની જેમ નિમગ્ન બનવા સમર્થ બને છે. દ્વેષ, અસત્ય, હિંસાદિનો ત્યાગ, પવિત્ર હૃદય અને અહંશૂન્યતાથી મનુષ્ય પ્રત્યેક જીવમાં પરમાત્માનો સાક્ષાત્કાર પામી શકે છે. આવી પવિત્રતાથી જ સનાતન શાંતિ મળી શકે છે.

ભક્તિના લક્ષણમાં પ્રેમને મુખ્ય સ્થાન આપવાનું માન નિંબાર્કને જાય છે. ચૈતન્ય સંપ્રદાયમાં માધુર્યભક્તિ એ ભક્તિરસનું શિખર છે. તેના ફળસ્વરૂપે સખીભાવનો વિકાસ થયો. ભાગવત અને નિંબાર્કથી ધ્યાનલક્ષણાને બદલે પ્રેમલક્ષણાભક્તિને પ્રાધાન્ય મળ્યું. પછી નિંબાર્ક વિષ્ણુપત્ની તરીકે લક્ષ્મીને બદલે રાધાનો સ્વીકાર કર્યો. નારદસૂત્રમાં ભક્તિની વ્યાખ્યા 'ઈશ્વરમાં પરમ પ્રેમરૂપ' એમ કરી છે. આ લક્ષણ નિંબાર્કના 'પ્રેમવિશેષ લક્ષણા'ને મળતાં આવે છે.

શ્રી રામાનુજ ઉપર પાંચરાત્ર અને યોગની ઘણી અસર છે. તેમની ભક્તિ ઉપાસનાપ્રધાન છે, જ્યારે નિંબાર્ક પ્રેમલક્ષણા ભક્તિનો

ઉપદેશ આપે છે. જોકો ગોપીઓની ભક્તિને આદર્શ ગણવાની એમાં વાત નથી. નિંબાર્ક કૃષ્ણ સાથે રાધાને ભજે છે અને નિંબાર્કે ભાગવતનો નહીં પરંતુ હરિવંશ, મહાભારત અને વિષ્ણુપુરાણનો મુખ્ય આધાર લીધો છે.

**ઉપસંહાર :**

સર્વ ધર્મોનું અંતિમ લક્ષ્ય એકત્વના અનુભવની પ્રાપ્તિ છે. બ્રહ્મ પરમ સત્ય છે અને સત્ય એક છે. પરંતુ તેની પ્રાપ્તિના માર્ગો અનેક છે. ઋગ્વેદનો મંત્ર છે : 'એક સદ્વિપ્રા બહુધા વદન્તિ'.

પ્રત્યેક આચાર્યે બ્રહ્મનું એ દર્શન કરાવ્યું જે તેમના રસ-રુચિ-મતિને અનુરૂપ તેમને પ્રાપ્ત થયું. પરંતુ એવું માનવું કે એવું પ્રતિપાદન કરવુંકે કોઈ એક ચોક્કસ આચાર્યનું આપેલું વેદાંત-વિવરણ જ સંપૂર્ણ અને અંતિમ છે, તેમનું જ વિવરણ બ્રહ્મના સ્વરૂપનું યથાર્થ વર્ણન કરી શક્યું છે અને બાકી બધા આચાર્યોનાં વર્ણન ખામીયુક્ત અને ટીકાસ્પદ છે તે અત્યંત ભૂલભરેલું છે, અન્ય આચાર્યોનો અનાદર અને તેમને અન્યાય કરવા બરાબર છે.

બધા જ આચાર્યો શ્રુતિ-વેદાંતને પ્રમાણ માનીને ચાલે છે. તેથી અન્ય આચાર્યની સાથે અનાદરપૂર્ણ વ્યવહાર કરવો તે શ્રુતિના પ્રમાણ પર પણ સંદેહ કર્યા બરાબર ગણાય.

અનંત અને અસીમ બ્રહ્મના વાસ્તવિક રૂપના વિષયના સંદર્ભમાં તેમનાં તમામ વિવિધ વેદાંત-વિવરણો સત્ય છે. આપણી અલ્પબુદ્ધિથી તેમાં પરસ્પર વિરોધ જોવાની ચેષ્ટા આપણે ન કરીએ પરંતુ બધાં જ વિવરણો પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપમાં સમાનરૂપથી ઘટે છે એવું નિહાળવાની વિશાળ દૃષ્ટિ કેળવીએ. ''પરબ્રહ્મવિષયક આ વિભિન્ન સંપ્રદાયોમાં સામંજસ્ય જોવું'' – એમ યોગવાસિષ્ઠ રામાયણમાં પણ કહ્યું છે.

આ સંસાર પરિવર્તનશીલ છે. તેમાં પરિસ્થિતિ સતત વદલાતી રહે છે. બદલાતા વહેણમાં વિચારોમાં પલટો પણ ક્યારેક અનિવાર્ય બની રહે છે. આ સંદર્ભે આચાર્યોનાં કાર્ય અને શસ્ત્રને મૂલવવાની દૃષ્ટિ કેળવીએ તો સૈદ્ધાંતિક મતભેદ કે ઝગડાને કોઈ અવકાશ ન રહે.

✦ ✦ ✦

# શુદ્ધાદ્વૈત દર્શન

**ઉષા પટેલ**

*આજના સમયે પુષ્ટિમાર્ગના પ્રણેતા અને પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી રચિત ''બ્રહ્મસૂત્રાણભાષ્ય'' ઉપર મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચડી. કરનાર મુંબઈ યુનિવર્સિટીના વલ્લભ વેદાંત કોર્સના ફાઉન્ડર મેમ્બર એવા વિદુષી ડૉ. ઉષાબેન પટેલ સંનિષ્ઠ અને સમર્પિત વલ્લભીય વૈષ્ણવ જન છે. આપે આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય પરિસંવાદોમાં પુષ્ટિમાર્ગ વિશે વખતોવખત શોધપત્રો રજૂ કર્યા છે. તેમાં સન ૨૦૧૩માં ગ્રીસ દેશમાં એથેન્સ યુનિવર્સિટી ખાતે યોજાયેલી વર્લ્ડ ફિલોસોફી કોંગ્રેસની ''વિશ્વધર્મ પરિષદ''માં શુદ્ધાદ્વૈત દર્શન-વિશે પ્રકાશ પાડ્યો એ ઘટના વિલક્ષણ છે. વારંવાર વર્તમાનપત્રોમાં લેખો ઉપરાંત આપે ૧. દ્વૈત-અદ્વૈત-શુદ્ધાદ્વૈત ૨. જીવ જગત જગદીશ તથા ૩ અણુભાષ્ય વગેરે પુસ્તકો પણ પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત ષોડશ ગ્રંથ, શ્રીમદ્ ભગવદ્ ગીતા તેમ જ શ્રીમદ્ ભાગવતજી ઉપર પ્રવચનોના વર્ગોનું નિયમિત આયોજન કરો છો. કોરોના મહામારીના લોકડાઉનનો સદુપયોગ કરી અનેક વંદનીય મહાનુભાવોની મુલાકાત ઝૂમ મિટિંગ, ફેસબુક તથા યુ-ટ્યુબ પર યોજી પ્રશ્નોત્તરીની વ્યાખ્યાનમાળાની રચના કરી. હાલમાં જ આપ દ્વારા લખાયેલ ''શ્રીમદ્ ભાગવત સરળ તત્ત્વસાર'' ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે.*

**ષ**ડ્દર્શનોની શ્રેણીમાં ઉત્તરમીમાંસા એ છઠ્ઠું દર્શન છે, એને વેદાંતદર્શન પણ કહે છે. વેદોના અંતે આવતું હોવાથી અને વેદોની તત્ત્વવિચારણાનું શિખર દર્શાવતું હોવાથી એને વેદાંતદર્શન કહેવામાં આવ્યું છે. આ દર્શનના અનેક ફાંટા પડ્યા છે. એમાંથી જે સંપ્રદાયો મુખ્ય બન્યા તે છ છે : (૧) કૈવલાદ્વૈત, (૨) વિશિષ્ટાદ્વૈત, (૩) દ્વૈત, (૪) અચિંત્ય ભેદાભેદ, (૫) દ્વૈતાદ્વૈત અને (૬) શુદ્ધાદ્વૈત. આમાંથી શુદ્ધાદ્વૈત દર્શનનો આછો પરિચય આપવાનો મારો ઉપક્રમ છે.

શુદ્ધાદ્વૈત દર્શનના મુખ્ય પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજી છે. ભારતીય આચાર્ય પરંપરાના તેઓ એક અગ્રણી આચાર્ય છે. તેમના પછી શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી કૃષ્ણચંદ્રજી, શ્રી પુરુષોત્તમજી, શ્રી ગિરિધરજી, શ્રી હરિરાયજી, શ્રી વ્રજનાથ ભટ્ટ અને શ્રી બાલકૃષ્ણ ભટ્ટે જે સાહિત્ય રચ્યું છે તે આ દર્શનનું મહત્ત્વનું સાહિત્ય છે.

શ્રી વલ્લભાચાર્યજીના મત મુજબ પરમતત્ત્વ એક જ છે. જડ અને ચેતન તત્ત્વો તેનાથી જુદા નથી, કારણ કે તેઓ તેના અંશો છે.

બ્રહ્મ પોતે જ પોતાની ઇચ્છાથી જીવ અને જગતરૂપે પરિણમે છે. તેમાં અવિદ્યારૂપ માયા છે જ નહીં. બ્રહ્મ સત્ય છે; જગત પણ સત્ય છે. માયાના સંબંધ વગરનું બ્રહ્મ જ કાર્યકારણરૂપે તેમ જ જડચેતનરૂપે આવિર્ભાવ પામેલું છે. જગત અને બ્રહ્મ વચ્ચેનો સંબંધ શુદ્ધ છે, એવી એમની વિચારસરણી હોવાથી તેમના મતને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ તરીકે ઓળખવામાં આવે છે.

શુદ્ધાદ્વૈત એ સામાસિક શબ્દ છે. એ સમાસનો વિગ્રહ ષષ્ઠી તત્પુરુષ સમાસરૂપે કે કર્મધારય સત્રાસરૂપે કરો, બંને રીતે તેનો અર્થ એક જ થાય છે, માયારહિત બ્રહ્મ શુદ્ધ છે, એટલું જ નહીં, કાર્યકારણનો સંદર્ભ લો તો પણ જીવ તથા જગત સાથેનો બ્રહ્મનો સંબંધ શુદ્ધ છે.

આવી દાર્શનિક વિચારણા કરનાર આચાર્યોએ પોતાના સિદ્ધાન્તોને સમર્થન માટે પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાનુપત્તિ, અનુપલબ્ધિ અને ઐતિહ્ય જેવાં પ્રમાણો સ્વીકાર્યા છે. શ્રી વલ્લભાચાર્યજી એ પોતાના સિદ્ધાન્ત પ્રતિપાદનના સમર્થનમાં શબ્દ પ્રમાણને સ્વીકાર્યું છે. એટલે કે એમણે પોતાના સિદ્ધાન્ત પ્રતિપાદનનો આધાર શ્રીમદ્ ભગવદ્ ગીતા, ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, વેદો અને શ્રીમદ્ ભાગવતના શબ્દોને બનાવ્યા છે. વસ્તુનું યથાર્થ જ્ઞાન મેળવવા માટેનું મહત્ત્વનું સાધન શબ્દ છે, પરંતુ તે યોગ્ય આપ્તજન કે આર્થદ્રષ્ટા વડે જ પ્રમાણિત થયેલું હોવું જોઈએ એમ તેઓ માને છે.

આ શુદ્ધાદ્વૈત મતને આચાર્યશ્રીની દષ્ટિએ સાંગોપાંગ સમજવો હોય તો એમણે જે આઠવાદ – બ્રહ્મવાદ, વિરુદ્ધ ધર્માશ્રયવાદ, અભિન્ન નિમિત્તક પાદવાદ, સત્ કારણવાદ, સત્ કાર્યવાદ, આવિર્ભાવ – તિરોભાવવાદ, કાર્યકારણ તાત્મ્યવાદ, અંશાંશિ તાદાત્મ્યવાદ અને લીલાર્થ સૃષ્ટિવાદ દ્વારા સમજી શકાય.

**પ્રમેયમીમાંસા :**

આચાર્યશ્રીએ 'તત્ત્વાર્થદીપ નિબંધ'માં પ્રમેયના ત્રણ પ્રકાર ગણાવ્યા છે. એ છે : (૧) કારણકોટિ (૨) કાર્યકોટિ અને (૩) સ્વરૂપ કોટિ. આમાંથી કારણકોટિ એટલે બ્રહ્માંડ સર્જનમાં નિમિત્તરૂપ બનતાં પ્રવર્તક ઘટકો. એ સંખ્યામાં અઠ્યાવીસ છે : 'સત્ત્વ, રજસ્, તમસ્, પુરુષ, પ્રકૃતિ, મહત્, તત્ત્વ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ તન્માત્રા, પાંચ મહાભૂતો અને મન.' કાર્યરૂપ પ્રમેયના તો અનંત ભેદો છે, જેમ કે ઘટ-પટ વગેરે. તે તમામ કાર્યભેદોના વ્યષ્ટિ અને સમષ્ટિ એવા બે મુખ્ય પ્રવર્તક ઘટકો છે. સ્વરૂપકોટિમાં સચ્ચિદાનંદરૂપ બ્રહ્મના કાર્યશક્તિરૂપ સત્, જ્ઞાનશક્તિરૂપ ચિત્ત અને ઉભયરૂપ આનંદાત્મક આકારવાળા સ્વરૂપને પરબ્રહ્મ કહે છે. આ પરબ્રહ્મ લીલાસૃષ્ટિ અંતર્ગત અંતર્યામી અને એ જ લીલા અવતારરૂપે પરમાત્મા નારાયણ કહેવાય છે. એ જ જડ અને ચેતનના કારણરૂપ બને ત્યારે અક્ષરબ્રહ્મ કહેવાય છે. આ અક્ષરબ્રહ્મ દ્વારા બ્રહ્માંડનું પ્રાગટ્ય થાય છે. એ અક્ષરબ્રહ્મમાંથી જે અઠ્યાવીસ તત્ત્વોનું પ્રાગટ્ય થાય છે તેના વડે જ આ બ્રહ્માંડ અસ્તિત્વમાં આવે છે અને એના દ્વારા જ કાળ, કર્મ, સ્વભાવરૂપ શક્તિઓ પ્રસ્ફુરિત થાય છે.

જેમાંથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે તે બ્રહ્મ છે. આ બ્રહ્મને જ તેમણે જગતનું સત્રવાયીકારણ ગણાવ્યું છે. જેમ મૃતિકા એ ઘટનું સમવાયીકારણ છે, તેમ પ્રરબ્રહ્મ સમવાયીકારણ છે. જેમ મૃતિકા ન હોય તો ઘટ ન હોય. આ મૃતિકામાંથી જ ઘડો, તાવડી, કોડિયું, કુંડું વગેરે બને છે તેમ પરબ્રહ્મ પરમાત્માના અક્ષર સ્વરૂપમાંથી ઘટ-પટ આદિ બને છે.

**વિરુદ્ધધર્માશ્રયત્વ :**

શ્રી વલ્ભાચાર્યજી બ્રહ્મને સવિશેષ તથા નિર્વિશેષ, સગુણ તથા નિર્ગુણ બંને સ્વરૂપે માન્ય ગણે છે. બ્રહ્મમાં કોઈ લૌકિક ધર્મ નથી, તેમ જ તેનામાં પ્રાકૃત / માયિક ગુણો પણ નથી. જેમ કે, જન્મ-મૃત્યુ, ભૂખ-તરસ – માટે તે નિર્ગુણ છે. પરંતુ તેમાં ભગધાતુવાળા છ ગુણો – ઐશ્વર્ય, વીર્ય, યશ, જ્ઞાન, વૈરાગ્ય ઉપરાંત અનંતગુણો છે, નિત્ય છે, સહજ-સ્વાભાવિક છે. માટે તે સગુણ છે. તેવી જ રીતે બ્રહ્મ સજાતીય, વિજાતીય અને સ્વગત એવા ભેદો પણ નથી. તેનામાં લોહી-માંસ યુક્ત પ્રકૃતિ સ્વરૂપ નથી, તેથી તે નિરાકાર છે. તેનામાં આનંદ અને રસતત્ત્વ છે, તે અર્થમાં તે સાકાર છે. આમ, બ્રહ્મમાં સગુણ-નિર્ગુણ, નિરાકાર-સાકાર એમ પરપસ્પર વિરુદ્ધ ધર્મો છે. તેથી તેને વિરુદ્ધધર્માશ્રયત્વ કહેવામાં આવ્યું છે. શુદ્ધ અદ્વૈત બ્રહ્મવાદનું આ વિશિષ્ટ લક્ષણ છે.

**અંતર્યામી :**

જેમ જીવાત્મા અનેક છે તેમ અંતર્યામી પણ અનેક છે, એક જ શરીરમાં જીવ તથા અંતર્યામી સાથે રહે છે. પૃથ્વી પર વસતાં પ્રાણીમાત્રમાં રહીને આ અંતર્યામી જીવનું નિયમન કરે છે. આ અંતર્યામી બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે.

**અક્ષર બ્રહ્મ :**

વેદમાં બ્રહ્મને હસંનું રૂપક આપવામાં આવ્યું છે અને હંસના પુચ્છ તરીકે અક્ષર બ્રહ્મને વર્ણવવામાં આવ્યું છે. આ અક્ષરબ્રહ્મ પરબ્રહ્મથી, આમ અલગ નથી. અક્ષરબ્રહ્મ તે બ્રહ્મના અક્ષર રસને સાચવતું માત્ર છે. એને જ रसो वै सः। કહે છે. જ્યારે જીવ જગત અને જગદીશ્વર સ્વરૂપે પરિણમી ગયો ત્યારે તે અક્ષરબ્રહ્મ કાળ,

કર્મ, સ્વભાવ, પ્રકૃતિ, પુરુષ રૂપે જડ જગતનું નિયમન કરવા લાગ્યું. જ્યારે કાળ, કર્મ, સ્વભાવ, અને પ્રકૃતિ સાથે પુરુષની ચેતનાનો તણખો ઝરે ત્યારે બ્રહ્મમાંથી સદંશ અને ચિદંશનું વ્યુચ્ચરણ થાય છે. આ જડાત્મક સૃષ્ટિ તે સદંશ અને જીવાત્મા તે ચિદંશ. તે માત્ર અંશરૂપ હોઈ એમાંથી આગળની પ્રક્રિયા થતી નથી. આમ, પુરુષ-અને પ્રકૃતિરૂપ અક્ષરબ્રહ્મમાંથી મહત્ તત્ત્વ, તેમાંથી કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો, તન્માત્રાઓ અને પંચ મહાભૂતોનો જે વિકાસ થાય છે તેને 'કાર્ય' કહેવાય. શ્રીવલ્લભાચાર્યજી અક્ષરબ્રહ્મને પૂર્ણ પુરુષોત્તમનું આધ્યાત્મિક સ્વરૂપ માને છે, તે તેમના દર્શનની વિશિષ્ટતા છે.

**પરબ્રહ્મ :**

શ્રીવલ્લભાચાર્યજીને મતે શ્રીમદ્ ભગવદગીતા અને ઉપનિષદોમાં શ્રીકૃષ્ણને પરમ તત્ત્વરૂપે સ્વીકાર્યુ છે તેને યથાર્થ માને છે. શ્રીકૃષ્ણ રસરૂપ આનંદમય બ્રહ્મ છે; એ જ છેવટનું તત્ત્વ છે. તેમણે પોતાની શ્રી કૃષ્ણાશ્રય અને 'મધુરાષ્ટ' જેવી રચનાઓમાં સ્પષ્ટરૂપે પ્રતિપાદિત કર્યું છે કે કૃષ્ણથી પર બીજું કોઈ પરમ તત્ત્વ નથી. 'સુબોધિની' ગ્રંથમાં તેઓ જણાવે છે કે શ્રીકૃષ્ણ વગરનું જગત આનંદ વિનાનું છે. પૂર્ણાનંદ તો શ્રીકૃષ્ણ જ છે. કૃષ્ણાનંદ સમાન બીજો કોઈ આનંદ નથી. તેથી તેમણે શ્રીકૃષ્ણનો અનુગ્રહ પ્રાપ્ત કરવા પુષ્ટિમાર્ગની સ્થાપના કરી અને શ્રીકૃષ્ણની સેવા કરવાનું પ્રબોધ્યું છે.

**જગત :**

બ્રહ્મના ત્રણ ગુણ ધર્મો છે : સત્, ચિત્ત અને આનંદ. બ્રહ્મના માત્ર અવિકૃત સત્ અંશમાંથી જગત આવિર્ભાવ પામે છે. એ વખતે ચિત અને આનંદ તત્ત્વો તિરોભૂત હોય છે, તેથી તે જડ પ્રકૃતિરૂપ છે. જગતનું પ્રગટીકરણ એ અવિકૃત પરિણામ છે. કેમ કે જગત પ્રગટે છે તેથી બ્રહ્મમાં કોઈ વિકાર ઊભો થતો નથી. આ દર્શન અનુસાર જગત અને સંસાર બંને જુદી વસ્તુ છે. ભગવાનના ઇચ્છાવિલાસથી તેમના અવિકૃત સત અંશમાંથી જે પ્રગટે છે તે છે જગત, પરંતુ સ્વરૂપ અજ્ઞાન, દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, પ્રાણાધ્યાસ અને અંતઃકરણ અધ્યાસ જેવા પાંચ પર્વોવાળી અવિદ્યાને કારણે જીવ જે મમતામૂલક પદાર્થની કલ્પના કરે છે તે છે સંસાર. તેમના મતે જગત એ બ્રહ્મની કૃતિ અને પરિણામ બંને છે. જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે માટે તે સમવાયીકારણ અને તેનો બનાવનાર પણ તે જ છે, તેથી નિમિત્તકારણ પણ તે બ્રહ્મ જ છે. આમ, બ્રહ્મ અને જગતનો સંબંધ અભિન્ન નિમિત્તો-પાદનરૂપ છે. તેઓ કહે છે કે જગત પ્રથમથી જ બ્રહ્મમાં રહેલું હતું પણ અવ્યક્ત હતું, હવે એ વ્યક્ત થાય છે. એટલે કે પહેલાં એ કારણમાં અનુસ્યૂત હતું, તે જ હવે કાર્યરૂપે પ્રગટ થાય છે, માટે કારણ પણ સત છે અને કાર્ય પણ સત છે. આને કહે છે સત કારણવાદ.

**અવિકૃત પરિણામવાદ :**

કારણ (ઉપાદાન) કાર્યરૂપે પરિણમે છતાં જો તેનાં મૂળ તાત્ત્વિક સ્વરૂપમાં વિકૃતિ કે બદલાવ ન આવે તો તેવા પરિણામને અવિકૃત પરિણામ કહેવાય. તેમના મતે જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે, જેમ ઉપાદાનરૂપ સોનામાંથી અનેક અલંકારો બનાવી શકાય અને પાછું એ બધા અલંકારને ઓગાળી સોનું પાછું મેળવી શકાય, એ ઘટનાને પોતાની અસલી સ્વરૂપમાં તિરોહિત થયું કહેવાય. તેમ બ્રહ્મતત્ત્વ પોતે પોતાનું સ્વરૂપ બદલી જગતરૂપે પરિણમી ગયું, છતાં તેમાં કોઈ વિકૃતિ આવતી નથી. અનેક સ્વરૂપમાં રહેવા છતાં તે પોતેપોતાના અસલ સ્વરૂપમાં જ રહે છે. બ્રહ્મમાંથી જગતનું પ્રગટ થવું અને પાછું બ્રહ્મમાં જ લય પામવું તે અનાદિકાળથી સતત ચાલતી પ્રક્રિયા છે. તેને શ્રી શ્રીવલ્લભાચાર્યજી આવિર્ભાવ અને તિરોભાવની પ્રક્રિયા કહે છે. કારણ કે જગતનો અભાવ નથી થતો, માત્ર તિરોભાવ થાય છે.

**જીવવિચાર :**

અગ્નિમાંથી જેમ વિસ્ફૂલિંગો (તણખાં) વ્યુચ્ચરણ પામે તેમ જીવાત્માઓ પરમાત્મામાંથી વિભક્ત થયા છે. તેથી જીવ અને બ્રહ્મ વચ્ચે અભેદ છે. પરંતુ આ ભેદ સહિષ્ણુ અભેદ છે. જેમ સાગરમાંથી મોજાં ઊઠે ત્યારે ભેદ અને એ મોજાં પાછાં સમુદ્રમાં વિલીન થઈ જાય તે અભેદ, એ રીતે બ્રહ્મ અને જીવ વચ્ચે ભેદસહિષ્ણુ અભેદ છે. તેઓ કહે છે કે જીવની ઉત્ક્રાન્તિ, ગતિ તથા અગતિ છે માટે તે અણુ છે. ભલે જીવ અણુરૂપ હોય પણ એ બ્રહ્મરૂપ બની શકે છે; જેમ રાજાનો કુંવર રાજા થાય છે તેમ. જીવમાં ચૈતન્ય, પ્રજ્ઞા, દૃષ્ટાત્વ વગેરે ધર્મો જોવામાં આવે છે તે બ્રહ્મના પણ ધર્મો છે. મતલબ કે બંનેમાં કેટલાક ધર્મો સમાન છે. જેમ બાળકમાં રહેલું પૌરુષ તેની પુખ્ત વયમાં ખીલે છે તેમ જીવનમાં રહેલું વિભુત્વ બ્રહ્મભાવ દશામાં પ્રગટ થાય છે. જીવ અંશ છે, બ્રહ્મ અંશી છે. બંનેમાં અનન્યતા છે તેમ સમાનતા પણ છે. તેથી બંનેમાં અદ્વૈત પણ છે.

**આચારમીમાંસા :**

તેઓ જણાવે છે કે આયુર્વેદ શારીરિક રોગ દૂર કરવામાં ઉપયોગી છે તેમ વૈદિક કર્મો સાંસારિક રોગો દૂર કરવામાં ઉપયોગી છે. ખેતરમાં બીજ વાવવાથી ફળ મળે છે અને જેવું બીજ તેવું ફળ, તે પ્રમાણે મનુષ્ય જેવું કર્મ કરે તેવું ફળ પામે છે. મનુષ્યે તેનો દેહ રહે ત્યાં સુધી કર્મો કરવાં જોઈએ. કર્મો દુષ્ટ નથી પરંતુ તેને વિષ

જેવાં માનવાં. પરંતુ વિષને જેમ અન્ય દ્રવ્યોની ભાવના આપવામાં આવે તો તે ભયંકર રોગો પણ મટાડે છે, તેમ જ્ઞાન અને ભક્તિની ભાવના કર્મોને આપવામાં આવે એટલે કે ભગવાનને પ્રસન્ન કરવાના હેતુથી કરવામાં આવે તો કર્મો સારું ફળ આપે છે. જીવને સાંસારિક દશામાં ભગવાનના સંબંધનું વિસ્મરણ થયું છે, તેથી જગતના વ્યવહારોને તે સાચા માની લે છે. તે એક પ્રકારનું અજ્ઞાન છે. દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ એ જ આત્મા છે તેમ માની જીવન વ્યવહાર કરવો તે ભ્રમ છે. જો જીવ વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ અને ભક્તિનું જીવનમાં આચરણ કરે તો અવિદ્યાનો પ્રભાવ દૂર થાય છે અને પોતે બ્રહ્મનો અંશ છે. એવો જીવના મનમાં પ્રકાશ થાય છે. અને આનંદઅંશનો અહેસાસ થાય છે. શ્રીવલ્લભાચાર્યજી ભક્તિમાર્ગને સૌથી ઉત્તમ માર્ગ ગણે છે. બાકીના કર્મ, જ્ઞાન, યોગ વગેરે માર્ગોને તેઓ ગૌણ ગણાવે છે. તેમના મતાનુસાર મર્યાદાવાળા જીવ કર્મ અને જ્ઞાનપ્રધાન હોય, જ્યારે પુષ્ટિજીવો કેવળ ભક્તિપ્રધાન હોય. પુષ્ટિભક્તિને અનુસરનાર જીવ સંપૂર્ણપણે પ્રભુનો શરણાગત જીવ બને, અહમ્ તવાસ્મિનો દાસ્યભાવ કેળવે, ક્યારેક સખ્યભાવ, ક્યારેક વાત્સલ્યભાવ, ક્યારેક માતૃભાવ વડે પ્રભુ સાથે સંયોગ-વિપ્રયોગનો અનુભવ કરે. કૃષ્ણ એવ ગતિઃ મમ એમ ભાવપૂર્વક માને. રસાત્મક પુરુષોત્તમને પામવા માટે રસશાસ્ત્રમાં વર્ણવાયેલા દક્ભંગ, મનઃસંગ, સંકલ્પ, જાગરણ, કૃશતા, રતિ, હ્રીત્યાગ, ઉન્માદ, મૂર્છા, અંત સુધી દશ દશામાં પૂર્ણ પ્રેમ, આસક્તિ અને વ્યસન સિદ્ધ કરી માનસી સેવા. સા પ્રણવ મતાઃ બને.

◆ ◆ ◆

# અચિંત્ય ભેદાભેદ
## (ગૌડીય દર્શન)

**ભાણદેવજી**

*બ્રહ્મવિદ્યા અને યોગવિદ્યાના અનુયાયી અને હિમાયતી. પૂર્વે લોકભારતી, સણોસરામાં મનોવિજ્ઞાન વિષયના અધ્યાપક. આજ સુધીમાં એમનાં સૌથી વધારે પુસ્તકો પ્રકાશિત થયાં છે.*

**ચૈ**તન્ય મહાપ્રભુની પરંપરામાં જે દર્શનનું પ્રાગટ્ય અને વિકાસ થયો છે, તેને 'ગૌડીય દર્શન' કહેવામાં આવે છે. શાસ્ત્રીય પરંપરા પ્રમાણે તે દર્શનનું નામ 'અચિંત્ય ભેદાભેદ' છે.

પ્રથમ આપણે 'અચિંત્ય ભેદાભેદ' શબ્દનો અર્થ સમજીએ.

અદ્વૈત દર્શનને અભેદવાદી દર્શન કહેવાય છે અને દ્વૈતવાદી દર્શનોને ભેદવાદી દર્શનો કહેવાય છે. ગૌડીય દર્શન એમ માને છે કે દ્વૈત કે અદ્વૈતના રહસ્યને માનવબુદ્ધિ દ્વારા સમજી શકાય તેમ નથી. આ રહસ્ય માનવબુદ્ધિ માટે 'અચિંત્ય' છે. તદ્નુર ભેદવાદ (દ્વૈતવાદ) કે અભેદવાદ (અદ્વૈતવાદ)ના સ્વરૂપને અચિંત્ય ગણીને ગૌડીય દર્શનને 'અચિંત્ય ભેદાભેદ' એવું શાસ્ત્રીય નામ અપાયેલ છે.

હવે અહીં આપણે અચિંત્ય ભેદાભેદ દર્શનના પ્રધાન તત્ત્વોને સમજીએ.

### ૧. પરમતત્ત્વ :

ભગવાન શ્રીકૃષ્ણ પરમતત્ત્વ છે, પર બ્રહ્મ છે, પુરુષોત્તમ છે. શ્રીકૃષ્ણ સગુણ છે અર્થાત્ સર્વ અપ્રાકૃત ગુણોનું આશ્રય સ્થાન છે. શ્રીકૃષ્ણ નિર્ગુણ છે અર્થાત્ સર્વ પ્રાકૃતગુણો – સત્ત્વ, રજ, તમ આદિથી રહિત છે.

સમગ્ર અસ્તિત્વ અને અસ્તિત્વથી પણ પાર જે કાંઈ છે, તે સર્વનું સર્વોચ્ચ પરમ તત્ત્વ છે, તે જ છે – શ્રીકૃષ્ણ! શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ આશ્રય – તત્ત્વ છે અને અન્ય સર્વ તેમનું આશ્રિત – તત્ત્વ છે. શ્રીકૃષ્ણ નશકૃતિ છે, પરબ્રહ્મ શ્રીકૃષ્ણ લીલામય છે.

જે અનંત હોય તે પરસ્પર વિરોધી. ગુણોનું આશ્રયસ્થાન હોય છે. તદ્નુસાર શ્રીકૃષ્ણ પરસ્પર વિરોધી ગુણોનું આશ્રય સ્થાન છે.

### ૨. શક્તિ-તત્ત્વ :

પરબ્રહ્મ શ્રીકૃષ્ણની અનંત શક્તિઓ છે. આ શક્તિઓને ત્રણ ભાગમાં વિભક્ત કરવામાં આવે છે – ચિત્-શક્તિ, જીવ-શક્તિ અને માયા-શક્તિ. ચિત્શક્તિને સ્વરૂપ શક્તિ પણ કહેવાય છે. ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપમાં ત્રણેય તત્ત્વો છે – સત્, ચિત્ અને આનંદ.

સત્ – અંશ શક્તિને સંધિની-શક્તિ કહેવાય છે.

ચિત્ – અંશ શક્તિને સંવિત્ – શક્તિ કહેવાય છે.

આનંદ – અંશ શક્તિને આહ્લાદિની શક્તિ કહેવાય છે. સ્વરૂપશક્તિનું શક્તિને એક મૂર્ત-વિગ્રહ સ્વરૂપ પણ છે. તેને 'યોગમાયા' શક્તિ કહેવાય છે. આ યોગમાયા પ્રગટ લીલામાં સહાયકારિણી છે. આ યોગમાયાને 'અઘટન ઘટના-પટીયસી' પણ

કહેવામાં આવે છે, કારણ કે તે શક્તિ અઘટનને પણ ઘટના સ્વરૂપ આપવામાં પટીયસી અર્થાત્ કાર્યક્ષમ છે. આ ચિત્-શક્તિ અર્થાત્ સ્વરૂપ શક્તિને અંતરંગાશક્તિ પણ કહે છે. આ શક્તિની સહાયતાથી લીલા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અંતરંગ લીલાવિલાસ કરે છે. આ શક્તિ સ્વરૂપતઃ ચિદ્વસ્તુ છે અને સ્વ-પ્રકાશ છે.

અનંત કોટિ જીવ શ્રીકૃષ્ણની જીવશક્તિ અંશ છે. આ જીવશક્તિને તટસ્થ-શક્તિ પણ કહે છે; કારણ કે આ જીવશક્તિ અંતરંગા ચિત્શક્તિ અને બહિરંગા માયા શક્તિ – બંનેમાંથી કોઈની સાથે અંતર્ભુક્ત નથી. બંનેથી અલગ એક તટસ્થશક્તિ છે. આ તટસ્થ શક્તિ સ્વરૂપશક્તિ અને માયાશક્તિ, બંનેના નિયંત્રણમાં પ્રવેશ કરી શકે છે. જ્યારે તે પોતાના સ્વરૂપને ભૂલીને શ્રીકૃષ્ણથી બહિર્મુખ થઈ જાય છે. ત્યારે તે બહિરંગા માયાશક્તિના પ્રભાવમાં આવી જાય છે. જ્યારે તે પોતાના સ્વરૂપને અક્ષુણ્ણ રાખીને શ્રીકૃષ્ણોન્મુખ બને છે, ત્યારે તે અંતરંગા ચિત્-શક્તિ તેનો સ્વીકાર કરે છે.

જે શક્તિના કાર્યક્ષેત્રમાં આ પ્રાકૃત બ્રહ્માંડ છે, તેને માયાશક્તિ કહે છે. આ માયાશક્તિ શ્રીકૃષ્ણની નજીક ક્યારેય જઈ સકતી નથી. શ્રી કૃષ્ણની અંતરંગા ચિત્ત-શક્તિ અને ચિત-શક્તિના કાયક્ષેમમાં પણ તેનો પ્રવેશ નથી. શ્રીકૃષ્ણ અને ચિત્-શક્તિના કાર્યક્ષેત્રથી સર્વદા બહાર રહે છે, તેથી આ માયાશક્તિને બહિરંગાશક્તિ પણ કહે છે.

### ૩. સૃષ્ટિ-તત્ત્વ :

સૃષ્ટિનું મૂળ બ્રહ્મ-તત્ત્વ છે. સૃષ્ટિલીલા અનાદિ છે. બ્રહ્માંડની સૃષ્ટિ અને પ્રલયની લીલા અનાદિકાળથી ચાલ્યા જ કરે છે.

ભગવાનની આ સૃષ્ટિ પ્રક્રિયા લીલાવત્ છે. लोकवत्तु लीला कैवल्यम् (ब्रह्मसूत्र २-१-३३) અનુસાર આ સમગ્ર સૃષ્ટિનું સર્જન અને વિસર્જન લીલા છે. સૃષ્ટિકાર્યમાં ભગવાનનું કોઈ પ્રયોજન નથી. ભગવાન તો પરિપૂર્ણ અને આપ્તકામ છે. તેમને માટે કોઈ અભાવ કે પ્રયોજન નથી. ભગવાન સ્વરૂપાનંદ સ્વભાવથી અન્યાન્ય લીલાઓની જેમ સૃષ્ટિલીલા પણ કરે છે.

સૃષ્ટિલીલામાં પાચ તત્ત્વો નિત્ય છે – ઈશ્વર, જીવ, માયા, કર્મ અને કાલ. આ પાંચ નિત્ય તત્ત્વોમાં કાલ, કર્મ અને માયા અચેતન છે અને જીવ અને ઈશ્વર ચેતન છે.

સૃષ્ટિની પ્રક્રિયા વિશે બે મત છે – વિવર્તવાદ અને પરિણામવાદ.

આ સૃષ્ટિ સ્વરૂપતઃ મિથ્યા છે. દેખાય છે, પરંતુ છે નહીં. દેખાય છે, તે તો વિવર્ત – મિથ્યાભાસ છે. સૃષ્ટિ બ્રહ્મનું પરિણામ નથી, પરંતુ મિથ્યાભાસ છે. ભ્રમવશ પ્રતીત થાય છે – વેદાંતનો આ સિદ્ધાંત વિવર્તવાદ કહેવાય છે.

આ સૃષ્ટિ મિથ્યા નથી, આભાસી નથી, પરંતુ સત્ય છે અને સૃષ્ટિ બ્રહ્મમાંથી પ્રગટ થાય છે, પરિણામ પામે છે. આ સિદ્ધાંતને પરિણામવાદ કહે છે. અચિંત્યભેદાભેદ દર્શન વિવર્તવાદનો નહીં, પરંતુ પરિણામવાદનો સ્વીકાર કરે છે.

### ૪. પ્રેમ-તત્ત્વ :

આપણ દુન્યવી અર્થમાં જે પ્રેમની વાત કરીએ છીએ તે પ્રેમની વાત અહીં નથી. પ્રેમ તો પરમતત્ત્વ છે. અને શ્રીકૃષ્ણ સુધી પહોંચવાનો રાજમાર્ગ છે.

આહ્લાદિની શક્તિ સંબંધિત પ્રધાન શુદ્ધસત્ત્વની વૃત્તિ-વિશેષ જ પ્રેમ છે.

પ્રેમ ક્રમશઃ ઘનીભૂત થતાં થતાં આ ક્રમે વિકાસ પામે છે – સ્નેહ, માન, પ્રણય, રાગ, અનુરાગ, ભાવ, મહાભાવ.

આ મહાભાવ અનિર્વચનીય વિશેષતા પ્રાપ્ત કરે ત્યારે તે 'અધિરૂઢ મહાભાવ' કહેવાય છે. અધિરૂઢ મહાભાવના પણ બે સ્તર છે.

(૧) મોદનાખ્ય અધિરૂઢ મહાભાવ

(૨) માદનાખ્યા અધિરૂઢ મહાભાવ

માદનાખ્યા અધિરૂઢ મહાભાવ પ્રેમની સર્વોચ્ચ અને અંતિમ પરિણતિ છે. આ ભાવની અભિવ્યક્તિ અને ઉદય માત્ર શ્રીરાધાજીમાં જ છે.

ચૈતન્ય મહાપ્રભુ કહે છે –

''नित्य सिद्ध कृष्णप्रेम साध्य कभु नय ।

श्रवणादि - शुद्ध - चित्ते करये उदय ।।''

– श्रीचैतन्यचरितामृत; २/२२/५७

શ્રીકૃષ્ણ પ્રેમ અનાદિકાળથી નિત્ય વિદ્યમાન છે. આ પ્રેમ સાધનાદિ દ્વારા ઉત્પન્ન થનાર નથી. શ્રવણ-કીર્તન આદિ સાધન-ભક્તિના અનુષ્ઠાનનાં ફળરૂપે ચિત્ત નિર્મળ બની જાય છે, ત્યારે નિર્મલ ચિત્તમાં પ્રેમનો ઉદય થાય છે.

શ્રીકૃષ્ણ દ્વારા નિક્ષિપ્ત આહ્લાદિની શક્તિની વૃત્તિવિશેષ ભક્ત હૃદયમાં આવિર્ભૂત થઈને 'પ્રેમ' નામ ધારણ કરે છે.

અદ્વૈતવેદાંત આદિ જ્ઞાનીમાર્ગીય દર્શન અને સાધન પ્રણાલિમાં જે સ્થાન 'જ્ઞાન'નું છે, તેવું અને તેટલું કે તેથી પણ વિશેષ સ્થાન આપણા આ ગૌડીયદર્શન અચિંત્ય ભેદાભેદમાં 'પ્રેમ'નું છે.

### ૫. શ્રી રાધા-તત્ત્વ :

શ્રીરાધા શ્રીકૃષ્ણ પ્રેમની ઘનીભૂત અવસ્થા સ્વરૂપા છે.

આહ્‌લાદિનીનો સાર પ્રેમ છે; પ્રેમનો સાર માદનાખ્ય મહાભાવ છે. શ્રીરાધાજી આ માદનાખ્ય મહાભાવ સ્વરૂપિણી છે. શ્રીરાધાજી મૂર્તિમતી આહ્‌લાદિની શક્તિ છે; પ્રેમની અધિષ્ઠાત્રી દેવી છે.

શ્રીકૃષ્ણના સર્વવિધિ આનંદની સંપાદિકા હોવાથી શ્રીરાધા ગોવિંદાનંદિની છે. શ્રીરાધા ષડ્‌વિધ ઐશ્વર્યની અધિષ્ઠાત્રીશક્તિ છે. શ્રીરાધા સર્વશક્તિ, સમસ્ત સૌંદર્ય, સમસ્ત માધુર્ય અને સમસ્ત કાંતિની મૂલ આધારભૂતા છે.

શ્રીરાધા પૂર્ણશક્તિ છે અને શ્રીકૃષ્ણ પૂર્ણ શક્તિમાન છે. શક્તિ અને શક્તિમાનમાં ભેદ અને અભેદ – બંને સ્વીકૃત છે. અભેદ સ્વરૂપે શ્રીરાધા અને શ્રીકૃષ્ણ, બન્ને એકસ્વરૂપ છે. લીલારસ આસ્વાદન માટે અનાદિકાલથી બન્ને સ્વરૂપોમાં વિદ્યમાન છે. આહ્‌લાદિની શક્તિનું મૂર્તિમાન સ્વરૂપ શ્રીરાધાજી છે. પૃથક સ્વરૂપે શ્રીરાધાજી શ્રીકૃષ્ણને લીલારસ – આસ્વાદન કરાવે છે.

શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે. શ્રીરાધાજી ભગવાનની અભિન્ન સ્વરૂપા શક્તિ છે.

ગોલોકધામમાં તો શ્રીરાધા અને શ્રીકૃષ્ણનો નિત્યસંગ છે, નિત્ય મિલન છે. તેઓ બન્ને જ્યારે પૃથ્વી પર અવતરે છે, ત્યારે વિરાહ પણ પ્રાપ્ત કરે છે અને વિરહનો આનંદ પણ માણે છે. વિરહનો આનંદ? હા, વિરહમાં પણ મિલન હોય છે અને વિરહનો આનંદ તો અપ્રતિમ છે.

આ પૃથ્વી પર આજ સુધી શ્રીરાધાજીમાં જેવો પ્રેમ પ્રગટ થયો છે, તેવો પ્રેમ કદી પ્રગટ થયો છે.

શ્રીરાધાજીના પ્રેમાવસ્થા સર્વોચ્ચ પ્રેમાવસ્થા છે. શ્રીરાધાસહિત શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ છે!

**૬. જીવ-તત્ત્વ :**

મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ-વનસ્પતિ આદિ પ્રાણ-વિશિષ્ટ ચેતનસૃષ્ટિ છે. તે સર્વને શરીર છે, જન્મ છે અને મૃત્યુ છે. જન્મથી મૃત્યુ પર્યંત આ સર્વના શરીર સચેતન અને અનુભૂતિપૂર્ણ રહે છે. પરંતુ મૃત્યુ પછી દેહમાં ચેતનતા અને અનુભૂતિપૂર્ણતા રહેતી નથી. આનો અર્થ એમ થયો કે દેહમાં કોઈક એવું તત્ત્વ છે, જે દેહને સચેતન અને અનુભૂતિપૂર્ણ રાખે છે. મૃત્યુ પછી આ દેહ અચેતન અને અનુભૂતિ રહિત બની જાય છે. મૃત્ય સમયે દેહને અચેતન અને અનુભૂતિપૂર્ણ બનાવનાર તત્ત્વ દેહને છોડીને ચાલ્યુ જાય છે. આ સ્વયં ચેતન અને દેહને ચેતનતા પ્રદાન કરનાર તત્ત્વ-ચેતનને 'જીવ' કહેવામાં આવે છે.

આ 'જીવ' ઇન્દ્રિયગમ્ય નથી, પરંતુ અનુભૂતિગમ્ય છે.

જીવ ભગવાનની ચેતનશક્તિ છે.

જીવ ભગવાનની તટસ્થ શક્તિ છે.

જીવ ભગવાનનો અંશ છે.

જીવ ભગવાનનો વિભિન્નાંશ છે. ભગવાનના અંશ બે પ્રકારના હોય છે. વિભિન્નાંશ અને સ્વાંશ. જીવ ભગવાનનો વિભિન્નાંશ છે. જીવ ભગવાનનો અંશ હોવા છતાં ભગવદ્‌-સ્વરૂપ સાથે અદ્વૈત પામતો નથી, કારણ કે તે વિભિન્નાંશ છે.

ભગવાન વિભુ છે અને જીવ અણુ છે.

જીવ નિત્ય છે અને જીવનું નિત્ય પૃથક્‌ અસ્તિત્વ છે.

મુક્ત ભવનું પણ પૃથક્‌ અસ્તિત્વ વિલુપ્ત થતું નથી. જીવ જ્ઞાનસ્વરૂપ છે; પરંતુ જીવ સ્વ-લ્પજ્ઞ છે. જીવ ભગવાનની જેમ સર્વજ્ઞ નથી.

જીવનું કર્તૃત્વ પરમેશ્વરને આધીન છે.

જીવની સ્વતંત્રતા સ્વલ્પ સ્વતંત્રતા છે.

જીવ સ્વરૂપતઃ ભગવાનનો દાસ છે.

જીવના બે પ્રકાર છે – નિત્યમુક્ત અને બદ્ધ.

જીવની બદ્ધતાનું કારણ છે – જીવની ભગવદ્‌ વિમુષતા.

**૭. થોડું વિશેષ :**

શ્રી ચૈતન્ય મહાપ્રભુ (ઈ. સ. ૧૪૮૫-૧૫૩૩) અચિંત્ય ભેદાભેદ – ગૌડીય દર્શનના મૂળપુરુષ છે. મહાપ્રભુએ સ્વયં શિક્ષાષ્ટના આઠ શ્લોકો સિવાય અન્ય કોઈ ગ્રંથની રચના કરી નથી. તેમણે પોતાના શિષ્યોને સમયે સમયે ઉપદેશ આપ્યો હતો. તેમના આ ઉપદેશ વચન તથા તેમની જીવનશૈલીને આધારે અચિંત્ય ભેદાભેદ દર્શનની પ્રતિષ્ઠા અને વિકાસ થયો છે. આ પરંપરાના દાર્શનિક વિકાસમાં શ્રીરૂપ ગોસ્વામી, શ્રી સનાતન ગોસ્વામી, શ્રીજીવ ગોસ્વામી અને શ્રી બલદેવ વિદ્યાભૂષણનો ફાળો વિશેષ છે. શ્રી વિશ્વનાથ ચક્રવર્તીની શ્રીમદ્‌ ભાગવત પરની વિશ્વનાથી ટીકા, બલદેવ વિદ્યાભૂષણનું બ્રહ્મસૂત્ર પરનું ગોવિંદ ભાષ્ય તથા શ્રીમદ્‌ ભાગવત આદિ ગ્રંથો અચિંત્યભેદાભેદ દર્શનના પ્રમાણ ભૂત ગ્રંથો ગણાય છે.

૧. વિવર્તવાદ નહીં, પરંતુ પરિણામવાદ માન્ય છે. પરિણામવાદમાં ભગવાન વિશે વિકારી હોવાની કલ્પના ન કરવી; કારણ કે ભગવાન અચિંત્ય શક્તિથી યુક્ત છે.

૨. 'બ્રહ્મ' શબ્દનો મુખ્ય અર્થ ભગવાન છે. સગુણ સવિશેષ શ્રીકૃષ્ણ બ્રહ્મતત્ત્વ છે.

૩. પ્રેમ દ્વારા શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે અને તેમાં જ જીવની મુક્તિ છે.

૪. જીવ અને બ્રહ્મનો સંબંધ ભેદ-અભેદથી પર અને અચિંત્ય છે. આ સંબંધને કોઈ દાર્શનિક પરિભાષા દ્વારા વ્યક્ત કરી શકાય તેમ નથી.

૫. જગત સત્ય છે, મિથ્યા નથી; પરંતુ જગત વિનાશી છે.

૬. ભગવાન પ્રાકૃત ગુણોથી રહિત હોવા છતાં અનંત અપ્રાકૃત વિશેષતાઓથી વિશિષ્ટ છે. ભગવાન જીવ અને જગતનો સ્રષ્ટા અને નિયંતા છે.

૭. અચિંત્ય ભેદાભેદમાં ભક્તિના સર્વ સ્વરૂપો માન્ય છે. પરંતુ પ્રેમલક્ષણા શુદ્ધાભક્તિને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવેલ છે.

૮. અચિંત્ય ભેદાભેદમાં ભગવદ્-પ્રાપ્તિને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવે છે. અહીં 'પ્રેમ'ને પંચમ પુરુષાર્થ માનવામાં આવે છે અને પ્રેમ જ સર્વોચ્ચ પુરુષાર્થ છે. તેની તુલનાએ મુક્તિ ગૌણ છે. મુક્તિ ભગવત્-પ્રાપ્તિની આડપેદાશ છે. પ્રેમી ભક્તિદૃષ્ટિ ભગવાન તરફ રહે છે, મુક્તિ તરફ નહીં. આમ છતાં ભગવાનની કૃપાથી ભક્તને મુક્તિ તો સહજ રીતે મળે છે. ભગવદ્-પ્રાપ્તિ પ્રેમ-ભક્તિ દ્વારા થાય છે, જ્ઞાન દ્વારા નહીં.

**૮. સમાપન :**

વર્તમાન કાળમાં એક મહાન સંસ્થાનો પ્રાદુર્ભાવ અને વિકાસ થયો છે. આ સંસ્થા છે – શ્રીપાદ પ્રભુપાદજી દ્વારા સ્થાપિત – આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ચેતના સંઘ (ઇસ્કોન). પશ્ચિમી દેશો સહિત વિશ્વભરમાં આ સંસ્થાનો ઘણો ફેલાવો થયો છે.

વસ્તુતઃ આ સંસ્થા પણ ગૌડીય સંસ્થાનો જ એક ફાંટો છે. તેમનું દર્શન પણ અચિંત્ય ભેદાભેદ ગૌડીય દર્શન છે.

આ સંસ્થા દ્વાર શ્રીકૃષ્ણ અને ચૈતન્ય મહાપ્રભુ વિશ્વભરમાં પહોંચી ગયા છે!

◆ ◆ ◆

# શૈવ દર્શન

**રમેશ એમ. ત્રિવેદી**

*નલિની અરવિંદ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગરના ગુજરાતી વિભાગના નિવૃત્ત અધ્યાપક. ટી. વી. પટેલ હાયર સેક્કન્ડરી સ્કૂલના આચાર્ય અને ચારુતર વિદ્યામંડળના સહાયક મંત્રી તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસ અને વિવેચનનાં ઘણાં પુસ્તકો પ્રકાશિત કરેલાં છે. એક નિષ્ઠા અને નિસ્બતવાળા આ અભ્યાસીઓએ ભારતની કેટલી ભાષાઓની કેટલીક ટૂંકી વાર્તાઓ ગુજરાતીમાં અનુદિત કરેલી છે.*

**ભા**રતવર્ષ સનાતન હિંદુ ધર્મના વિવિધ સંપ્રદાયોથી સભર જાણે કે મઘમઘતી ફૂલછાબ છે. અનેક સામાજિક, રાજકીય, સાંસ્કૃતિ ઊથલપાથલો પછી પણ એનું અસ્તિત્વ જળવાઈ રહ્યું છે એટલું જ નહીં નેત્રદીપક પણ રહ્યું છે. કારણ કે એના પાયામાં 'વસુધૈવ કુટુંબકમ્'નો જીવનમંત્ર રહ્યો છે તેમજ વિશ્વના સઘળા ધર્મો તરફ 'સમ-ભાવ' અને 'મન-ભાવ'ની ભાવના જળવાઈ રહી છે. હિંદુ ધર્મની શ્વેતરંગી ચાદર ઉપર લોહી અને તિરસ્કારના ડાઘ પડ્યા નથી. સ્વામી વિવેકાનંદે વિદેશની ધરતી પર પણ એ જ વાત કરી હતી કે અમારે ત્યાં વેદાંત, સાંખ્ય, યોગ, પાશુપત, વૈષ્ણવ આદિ વિવિધ દર્શનોમાંથી વિવિધ સંપ્રદાયો-પંથોમાંથી લોકો પોતપોતાની રુચિ અનુસાર પસંદગી કરી શકે છે અને ઇષ્ટદેવની ઉપાસના મારફતે તેમનું અંતિમ ધ્યેય ફક્ત પોતાનાં દુરિત કર્મોનો નાશ થાય અને સત્કર્મોનો ઉદય થાય, એ જ રહેલું છે.

ગોસ્વામી તુલસીદાસજીએ 'રામચરિત માનસ'ની રચના કરતી વખતે આરંભમાં જ જે વાણીને શ્લોકરૂપે અભિવ્યક્ત કરી હતી, તે આ પ્રમાણે છે :

**'ભવાની શંકરૌ વંદે શ્રદ્ધા વિશ્વાસ રૂપિણૌ ।**
**ચાલ્યાં વિના ન પશ્યતિ સિદ્ધાઃ સ્વાન્તસ્થમીશ્વરમ્' ॥**

અહીં પાર્વતી એ 'શ્રદ્ધા' અને શંકર 'વિશ્વાસ' છે. ધર્મ એ શ્રદ્ધા અને વિશ્વાસનો વિષય છે એમાં તર્ક અને સંશય પ્રવેશી શકે નહીં. શંકર, શંભુ, મહેશ, મહાદેવ, પરમાત્મા–એમ હિંદુ ધર્મના 'શિવ'નાં અનેક નામો છે. એ બધાં શિવ વિષયક સમાનાર્થી શબ્દો છે. 'શંકર' એટલે આનંદ આપનાર 'શિવ' એટલે કલ્યાણકારી. ભગવના શંકરનું એક 'શરીર' બાહ્ય સ્વરૂપ છે જે ચિત્ર, શિલ્પ આદિથી અભિવ્યક્ત થયું છે અને એક 'પ્રાણ' એમનું આંતરિક સ્વરૂપ છે જે નિરાકાર છે.

મંદિરોમાં શિવનું બાહ્ય સ્વરૂપ બિરાજમાન હોય છે. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વકની ભક્તિથી સભર લોકો મૂર્તિ સમક્ષ પોતાનું મસ્તક નમાવે છે. જળ ચઢાવે છે. પંચામૃત વડે પૂજાનો આરંભ કરે છે. જલાભિષેક પછી ચંદન આદિ સુગંધી દ્રવ્યો વડે અર્ચના કરે છે,

પુષ્પો અને બીલીપત્રો ચઢાવે છે. ધૂપ, દીપ, આરતી, મંત્રપુષ્પાંજલિના વિધિ થકી એમના નામનો જયજયકાર કરી શંખનાદ-ઘંટનાદ કરે છે. એ રીતે શિવપૂજા કર્યાનો આત્મસંતોષ અનુભવે છે. શિવપૂજાનો પ્રારંભ આઠેક હજાર વર્ષ પૂર્વે થયેલો મનાય છે. લોકરુચિ, લોકભાવના તેમ જ રૂઢિ ઇતરને કારણે શિવપૂજા કે શિવોપાસનામાં વૈવિધ્ય પણ જોવા મળે છે. 'શિવ' શબ્દ પરમાત્માવાચક છે. જ્યાં શાંતિ, આનંદ અને મંગલ ઉપસ્થિતિ હોય છે ત્યાં શિવ વસે છે શિવની સેવા સાધન છે, શિવપદની પ્રાપ્તિ એ સાધ્ય છે. જેણે નૈમિત્તિક આદિ કર્મફ્લની ઇચ્છાઓનો ત્યાગ કર્યો હોય એવો સાધક 'મનસા-વાચા-કર્મણા' શિવપદને પામવાનો પ્રયત્ન કરે છે. 'વિશ્વેશ્વર સંહિતા'માં શિવકથા સાંભળવી, શિવનું કીર્તન કરવું અને શિવનું ધ્યાન ધરવું એમ જણાવ્યું છે.

* * *

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ – એ 'ત્રિદેવ' સૃષ્ટિના સર્જન, પાલન તથા સંહારની કુદરતી પ્રક્રિયી સાથે સંકળાયેલા છે. જન્મ-વિકાસ-વિનાશ એ સઘળું પ્રાણી-પદાર્થમાત્રનો કુદરતી ક્રમ વણથંભ્યો ચાલ્યા જ કરતો હોય છે. બ્રહ્મા અને વિષ્ણુએ જ્યારે ચારેય વેદો સમક્ષ જિજ્ઞાસાપૂર્વક પૃચ્છા કરી કે 'એક અવિનાશી શ્રેષ્ઠ તત્ત્વ કયું?' તેના ઉત્તરમાં ચારેય વેદોએ સર્વસંમત પ્રમાણ આપ્યું કે 'એક અને અવિનાશી તત્ત્વ શિવ જ છે.' આમ, વેદોના સારરૂપ શિવ જ એકમાત્ર પરમતત્ત્વ છે. અલબત્ત, વેદોમાં 'શિવ'નું નામનામોલ્લેખ થયો નથી. ત્યાં 'રુદ્ર' શબ્દ મળે છે; 'રુદ્ર' ઉલ્લેખ સાથે વિશેષણરૂપે 'શિવ' શબ્દ મળી આવે છે. 'રુદ્ર' સૃષ્ટિસંહારનું મૂર્તિમંત સ્વરૂપ વર્ણવાયું છે. તેમનો વર્ણ હિરણ્યમય છે અને તેમણે હિરણ્યમય કવચ ધારણ કરેલું છે એમ 'પુરાણોક્ત રુદ્રાભિષેક'માં ઉલ્લેખ થયો છે. 'રુદ્ર'નું રૌદ્રસ્વરૂપ, ક્રોધભરપૂર, નૈસર્ગિક ઉત્પાત મચાવનાર, પ્રાણીઓમાં વ્યાધિઓના જનક એવું ઉગ્રમૂર્તિનું છે. 'શિવ' શબ્દનો તો અર્ધ જ કલ્યાણકારી એવા માંગલ્યમય સ્વરૂપનો છે, જ્યારે 'રુદ્ર' ઉગ્ર અને ઉત્પાત મચાવનાર! એક જ દેવનાં બે સ્વરૂપ તે રુદ્ર અને શિવ. એક ઉગ્ર અને બીજા શાંત. એક વાર દેવોએ કરેલી પૃચ્છાના ઉત્તરરૂપે કહ્યું હતું કે : 'હું સર્વ વસ્તુઓની પહેલાં હતો, વર્તમાનમાં પણ છું અને ભવિષ્યમાં પણ હોઈશ. મારા પછી કોઈ નહીં હોય... હું શાશ્વત તેમ અશાશ્વત પણ છું. હું જ્ઞેય અને અજ્ઞેય પણ છું. હું બ્રહ્મ છું અને બ્રહ્મ નથી! આમ તેઓ અનાદિ, અજન્મા, અનંત, શાશ્વત અને જગતની ઉત્પત્તિના કારણરૂપ છે. તેમને આદિ, મધ્ય કે અંત નથી.

બ્રહ્માએ 'રુદ્ર'ને ભવ, શર્વ, પશુપતિ, ઉગ્ર સમહાન (મહાદેવ), ભીમ અને ઈશાન તરીકે પણ ઓળખાવ્યા છે. ભૂમિ, જળ, અગ્નિ, વાયુ, આકાશ, આત્મતત્ત્વ, સૂર્ય અને ચંદ્ર – એમ જગતનાં મૂળ આઠ તત્ત્વોના સર્જન, પોષણ અને સંહારને વિશ્વરૂપ શિવજીનાં આઠ સ્વરૂપોને નિયંત્રિત કરે છે. વાજસ્નેહી સંહિતા, તૈત્તિરીય ઉપનિષદ વગેરેમાં 'સહસનેત્ર', 'નીલકંઠ', 'ચર્મધારી' એની ઓળખ પણ આપી છે. શિવનાં તો હજાર નામ છે! – શ્રીકંઠ, પિનાકિન, વિરૂપાક્ષ, નીલલોહિત, શૂલપાણિ, ગંગાધર, કૃપાનિધિ, કૈલાસવાસી, ત્રિનેત્ર,, પંચવક્ત્ર, ત્રિપુરાન્તક, સદાશિવ, પ્રજાપતિ, પશુપતિ, કૃત્તિળાસસ્ સહસ્ત્રાક્ષ, આશુતોષ વગેરે.

ચિત્ર, શિલ્પ આદિ કળાઓમાં શિવની આકૃતિ (સાકાર સ્વરૂપ) દર્શાવવાનો પ્રયાસ થયો છે. પદ્માસને બિરાજેલા, મસ્તક ઉપર ગંગા તથા અર્ધચંદ્રને ધારણ કરેલા, વામભાગે પાર્વતીજીને બેસાડેલા, વરદાયક અને અભયની મુદ્રા ધરાવતા હસ્તવાળા, કલ્યાણકારી સ્વરૂપવાળા સદાશિવ પ્રસન્ન મુદ્રમાં જોવા મળે છે. નંદી ઉપર બિરાજેલી, વ્યાઘ્રચર્મ ધારણ કરેલા, શરીર પર સ્મશાનની ભસ્મ ચોળેલા, ગળામાં રુદ્રાક્ષ અને ખોપરીઓની માળા ધારણ કરેલા, વિષસભર સર્પો અને નાગોથી વીંટાળાયેલા, હાથમાં ડમરું, મૃદંગ, ત્રિશૂળ, ખટ્વાંગ, પરશુ ધારણ કરેલા પણ જોવા મળે છે. સ્મશાનમાં વસનારા ભૂત-પ્રેતનો સંગાથ રાખનારા, ત્રીજું નેત્ર ખોલીને રતિપતિ કામદેવને બાળીને ભસ્મ કરનારા તરીકે પણ તેઓ ઓળખાય છે. અર્ધનારીશ્વર – શિવ અને શિવાના મિલનને કારણે સમગ્ર સૃષ્ટિના સર્જનનું કારણ બનેલા તેઓ સમાધિસ્થ અને વીતરાગી દેવતા છે. તેઓ સ્વયં યજ્ઞપ્રિય, યજ્ઞસ્વરૂપ છે. નૃત્ય કરતા નટરાજના રૂપમાં શિવતત્ત્વની પ્રતીકાત્માકસંકલ્પના પણ આકારિત થઈ છે.

* * *

એક વાર બ્રહ્મ અને વિષ્ણુ વચ્ચે 'બેમાંથી શ્રેષ્ઠ કોણ?' એવો વિવાદ ઉદ્ભવ્યો. વિવાદે વિખવાદનું રૂપ ધારણ કર્યું. વિવાદ લગભગ યુદ્ધની ગંભીર સ્થિતિએ પહોંચી ગયો. સમગ્ર જગતનો પ્રલય થઈ જાય એવી સંભાવના પેદા થઈ. તે સમયે કરુણાસાગર શિવે 'સ્થાણુ' – અગ્નિના મોટા સ્થંભનો આકાર ધારણ કર્યો અને બંને વચ્ચે 'નિષ્કલરૂપે' ઊભા રહ્યા. એ દશ્ય જોઈ બ્રહ્મા અને વિષ્ણુને કુતૂહલ થયું. આ અગ્નિસ્થંભનો પાર પામવા બ્રહ્માએ હંસનું રૂપ ધારણ કરી થાંભલાના ઉપરના છેડા તરફ ગયા; જ્યારે વિષ્ણુએ

વરાહનું રૂપ ધારણ કરી થાંભલાના ઉપરના છેડા તરફ ગયા; જ્યારે વિષ્ણુએ વરાહનુંરૂપ ધારણ કરી છેક પાતાળ સુધી પહોંચી ગયા. તેમ છતાં, બંનેમાંથી એકેય આ કોયડો ઉકેલી શક્યા નહીં. છેવટે અગ્નિસ્થંભમાંથી શિવજી પ્રગટ થયા. તેમણે બ્રહ્મા અને વિષ્ણુને સમજાવ્યું કે આ નિષ્કલ (નિરવયવ) સ્થંભ જ 'બ્રહ્મ'પણાને વ્યક્ત કરતું લિંગ (ચિહ્ન, લક્ષણ) છે. મારું લિંગ જ મુખ્ય છે, મૂર્તિ તો ગૌણ છે.

જ્યોતિસ્વરૂપ પ્રગટેલા લિંગનો મોટો મહિમા છે. ઇન્દ્રિયોથી પર મન છે, મનથી પર અહંકાર, અહંકારથી પર મહત્, તેનાથી પર પ્રકૃતિ, પ્રકૃતિથી પર પુરુષ અને પુરુષ પર એકમાત્ર શિવ – જ્યોતિસ્વરૂપ શિવ છે. 'શિવ' શબ્દ પરમાત્માવાચક છે. આવાં બાર જ્યોતિર્લિંગો જગપ્રસિદ્ધ છે. તેમનાં દર્શન માત્રનો શિવધર્મીઓ માટે મોટો મહિમા છે. (૧) સૌરાષ્ટ્રના પ્રભાસક્ષેત્રમાં **સોમનાથ**, (૨) દક્ષિણ ભારતમાં કૃષ્ણ નદીને કાંઠે આવેલા શ્રીશૈલ પર્વત ઉપરના **મલ્લિકાર્જુન** (૩) અવન્તિકા (ઉજ્જયિની)ના **મહાકાલ** (૪) મધ્યપ્રદેશમાં નર્મદા નદી વચ્ચે આવેલા માંધાતા પર્વત પરના **ઓમકારેશ્વર** (૫) ઉત્તરાખંડના હિમાલય પર્વતના સાન્નિધ્યમાં **કેદારનાથ** (૬) આંધ્રપ્રદેશના પરલીમાં **વૈજનાથ** (કે વૈદ્યનાથ) (૭) સહ્યાદ્રિની પર્વતમાળામાં ભીમા નદીના મૂળ પાસે **ભીમાશંકર** (૮) દક્ષિણ ભારતમાં સમુદ્રતટે સેતુબંધન **રામેશ્વર** (૯) સૌરાષ્ટ્રમાં દ્વારિકાથી બેટદ્વારકા જતાં દારૂકાવનમાં **નાગેશ્વર** (૧૦) પવિત્ર કાશીનગરીમાં **વિશ્વનાથ** (૧૧) મહારાષ્ટ્રમાં નાસિક જિલ્લામાં બ્રહ્મગિરિની તળેટીમાં ગૌતમમુનિના આશ્રમ નજીક **ત્ર્યંબેશ્વર** (૧૨) ઇલોરાની ગુફાઓ નજીક વેરૂલ ગામના શિવાલય તળાવ પાસે ઘુશ્મેશ્વરનું **જ્યોતિર્લિંગ**. સ્વયંભૂ શિવલિંગ મુખ્યત્વે પૃથ્વીની અંદર રહે છે. લિંગસ્વરૂપે પ્રગટ થતા સદાશિવનો દેખાવ ઘાટઘૂટ નથી હોતો. સ્વયંભૂ શિવલિંગ ઘાટઘૂટ વગરના હોય છે. શિવલિંગ આકાર અને નિરાકાર બંનેનું પ્રતીક છે. બ્રહ્માંડ એ આકાશલિંગ છે. આ આકાશલિંગ જ શિવલિંગ છે. શિવલિંગનો ઉપરનો ભાગ આકાશતત્ત્વ અને નીચેનો ભાગ પૃથ્વીતત્ત્વનો સંકેત છે.

લિંગપૂજા દ્વારા શિવોપાસનાનાં ઘણાં દૃષ્ટાંત મળી આવે છે. શિવલિંગની પૂજા-ઉપાસના કરી દશાનન રાવણ લંકાપતિ બન્યો હતો. લંકાવિજય પછી આજના રામનાથપુરમ્ નજીક સમુદ્રકિનારે વેળુ (રેતી)ની મૂર્તિ કરી રામચંદ્રજીએ લિંગ પ્રતિષ્ઠા કરી હતી. શ્રી કૃષ્ણની માર્ગદર્શન અનુસાર મહાભારતના યુદ્ધમાં વિજયપ્રાપ્તિ માટે અર્જુને શિવોપાસના કરતાં, કિરાતસ્વરૂપ સાક્ષાત્ શિવજીએ અર્જુનને પાશુપત અસ્ત્ર આપ્યું હતું. હરણીના શિકાર પર નીકળેલા વ્યાધે અરણ્યમાં એક બીલીના વૃક્ષ ઉપર આખી રાત જાગરણ કર્યું અને અજાણતાં જ, વૃક્ષના સાન્નિધ્યમાં રહેલા શિવલિંગ પર જળ અને બીલીપત્રથી પરોક્ષ સ્વરૂપમાં પૂજા કરી હતી. શિવધર્મી બ્રાહ્મણો શ્રાવણમાસમાં માટીમાંથી નાનાં નાનાં લિંગ બનાવી 'પાર્થિવ પૂજા' કરતા હોય છે. આમ લિંગપૂજા મારફતે શિવપૂજા, શિવની ઉપાસના થતી રહેલી જોવા મળે છે.

* * *

ચિત્ર-શિલ્પકલાની જેમ સંગીત અને નૃત્યુની કલા દ્વારા શિવોપાસના થતી રહી છે. શિવજીએ જ ભરતમુનિને 'તાંડવ' અને પાર્વતીએ 'લાસ્ય' નૃત્ય શીખવ્યું હતું. નૃત્ય સાથે સંગીત અવિનાશભાવે જોડાયેલું છે. સમગ્ર બ્રહ્માંડની 'અનંત ક્રિયાશીલતા' અને 'સર્જનાત્મક ગતિશીલ'ના મૂળ શિવ અને શક્તિની ઉપસ્થિતિ, એ સંતર્પક અનુભૂતિ ગણાય. આ ક્રિયાશીલતા અને ગતિશીલતા એ જ શિવનર્તનનું અંકન છે. નટરાજરૂપે શિવતત્ત્વની પ્રતીકાત્મક સંકલ્પના એ 'નાદ' અને 'બિંદુ'નો વિમર્શ છે, જે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના ક્રમને આકારિત કરે છે. સ્થિતિ અને લયનું એ ચિરંતન આવર્તન શિવ અને શક્તિના અનુક્રમે 'તાંડવ' અને 'લાસ્ય' નૃત્યની ચિરંતન અભિવ્યક્તિ છે.

વિદ્વાનો શિવને એકાક્ષર 'ૐ'કાર સ્વરૂપ દેવ માને છે અને યોગીઓ એનું જ ધ્યાન ધરે છે. 'ૐ' એ સત્-ચિત્-આનંદનું સ્વરૂપ છે. 'સત્' એ ઈશ્વરનું સાતત્ય-અસ્તિત્વનું સૂચન છે, 'ચિત્' એ ચૈતન્યતત્ત્વનું અને 'આનંદ' ઈશ્વરની દિવ્યતાનું સૂચક છે. 'ૐ'માં અ, ઉ અને મ – એમ ત્રણ વર્ણો છે. તેની સાથે ચંદ્ર અને બિંદુ સ્વરૂપે નાદનો સંયોગ થયો છે. ત્રણ વેદ, ત્રણ અવસ્થાઓ, ત્રણ લોક, ત્રણ દેવોનું પ્રતિપાદન – સઘળા વિકારોથી અતીત, તુરીયસ્વરૂપ સૂક્ષ્મધ્વનિ દ્વારા અવબોધ કરાવતો 'ૐ' શિવના સમસ્ત અને વ્યસ્ત – બંને રૂપોને પ્રતિપાદન કરે છે. ૐના ઉચ્ચારણમાત્રથી આસપાસના વાયુમંડળમાં શુભ, જીવંત અને આનંદમય સ્થિતિનું નિર્માણ થાય છે. 'ૐ' એકાક્ષરી મંત્ર છે. પ્રણય શિવ છે અને શિવ પ્રણવ છે. પૂર્ણજ્ઞાન એ જ શિવજીનું જ્ઞાનસ્વરૂપ છે.

શિવને નિષ્ક્રિયતા પસંદ નથી. ગતિશીલતા એમને ગમે છે. ગતિની સાથે પરિવર્તન અનિવાર્ય છે. સૃષ્ટિની નિરંતર પ્રક્રિયામાં શિવતત્ત્વને ઝાંખી કરતું જોઈ શકાય. 'આનંદ તાંડવ' છે. એ ત્રણે

લોકની સુરક્ષા અને સુખશાંતિ માટે છે. એ સ્વરૂપ અનંત વાસ્તવિકતાના સત્યના પ્રતીકરૂપ છે. વ્યક્તિ અને સમાજ પોતાના ભાવપુરુષનું એમાં દર્શન કરી શકે છે. ગરવી ગુજરાતી ભાષાના સંસ્કારપુરુષ કવિ ઉમાશંકર જોશીએ નટરાજ શિવની 'નિશીથ'– મધ્યરાત્રિના દેવ તરીકે કલ્પના કરી છે. 'ઉષાના વૈતાલિક' હોઈ શિવને 'નિશીથ' કહ્યા છે. તેમણે શિવને 'રુદ્ર-રમ્ય' નર્તક કલ્પ્યા છે. કંઠમાં સ્વર્ગંગાનો હાર અને હાથમાં કરાલ ઝંઝાવાતે જગવતું ડમરુ બજ્યા કરે છે. 'ભૂગોલાર્ધે પાપની ઠેક લેતો... તાલી લેતો દૂરના તારકોથી... પડે પરંતુ પદ તો લયોચિત... વસુંધરાની મૃદુ રંગભોમે બજંત જ્યાં મંદ્ર મૃદંગ સિંધુનાં... નિદ્રાઘેર્યાં ભોળુડાં લોકહૈયાંને વિક્ષેપ ન પડે એ રીતે શિવનું નૃત્ય ચાલે છે મરમી કવિ સાંઈ મકરંદ દવે કહે છે : 'ધરા પાદાઘાતે ધણણ થતી જાણે ધસી પડે... ગ્રહો તૂટે આભે ઘુમરતી ભુજ.-ભોગળ થકી; જટા છુટ્ટા મારે રહી રહી દ્યુલોકે ખળભળે, તમે રક્ષા કાજે નટત, ઉલટ પંથ પ્રભુતા!' શિવજીના આનંદ તાંડવ વિશેનું એમનું આ અવલોકન પણ રમણીય અને પ્રતીતિજનક છે.

* * *

શિવને મૂર્તસ્વરૂપમાં – પ્રત્યક્ષરૂપમાં નિહાળવાનો સતત પુરુષાર્થ માનવી કરતો રહ્યો છે, પરંતુ તેમનું સ્વરૂપ સમજાવવું મુશ્કેલ છે કારણ કે તેઓ તત્ત્વરૂપ રહ્યા છે. ચક્ષુગમ્ય નહીં અનુભવ ગમ્ય છે. શરીરરૂપે બાહ્ય સ્વરૂપમાં નથી, પ્રાણસ્વરૂપે આંતરિક સ્વરૂપમાં – અંતઃકરણમાં વસે છે. ઉદ્દાલક મુનિએ શ્વેતકેતુને માટી અને ઘડાનું દષ્ટાંત આપી સમજાવતાં કહ્યું કે 'તત્ત્વમસિ–' 'તે તું જ છે.' શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે સ્પષ્ટ કર્યું છે કે ''ઈશ્વર સર્વભૂતાત્માઓના હૃદયમાં ચેતનતત્ત્વરૂપે વસેલો છે. માયાના આવરણને લીધે ભ્રાન્તિને લીધે લોકો આ જગતમાં ઈશ્વરની શોધમાં આમતેમ ભટક્યા કરે છે.'' ઈશ્વર અજન્મા છે, શાશ્વત-સનાતન છે, જગતની ઉપત્તિના કારણનું પણ કારણ છે. તપબળથી કે શ્રુતિઓ મારફતે મેળવેલા જ્ઞાનથી પામી શકાય.

ગાંધીજીએ 'આશ્રમભજનાવલિ'માં આશ્રમવાસીઓ માટે પ્રાતઃકાળે થતી નિત્ય પ્રાર્થનાના આરંભે જ જે ત્રણ શ્લોકોની પસંદગી કરી છે તે સુખદ આશ્ચર્ય છે! સવારે સવારે પ્રત્યેક હૃદયમાં આત્મ તત્ત્વનું સ્મરણ સચ્ચિદાનંદમય છે. પરમહંસનોની અંતિમ ગતિ તેમજ 'તુરીય' નામની ચોથી અવસ્થારૂપ છે. જે શુદ્ધ બ્રહ્મ છે તે જ હું છું – કોઈ પંચમહાભૂતોથી લદાયેલો દેહ નથી. મન અને વાણીથી અગોચર, 'આ નહીં, આ નહીં' એમ કહીને જ વેદો તેનું વર્ણન કરી શક્યા છે. તેઓ અંધકારથી પર અને સૂર્ય સમાન છે, પૂર્ણ પુરુષોત્તમ તરીકે ઓળખાય છે, અંધકારથી પર સૂર્ય સમાન છે, જેવી રીતે દોરડીય સાપનો આભાસ થાય તેમ એના અનંત સ્વરૂપની અંદર આ મિથ્યાજગત દૃષ્ટિગોચર થાય છે. ઈશ્વર સર્વત્ર વ્યાપ્ત છે : 'આસપાસ ચોપાસામાં વિશ્વપતિનો વાસ.' ત્યાં કોઈ પૂજારી નથી કે કોઈ દેવ નથી કે મંદિરને તાળાં લગાવેલાં નથી. તે દૂર છતાં નજીક : 'તત્ દૂરે તત્ અન્તિકે' છે. કવિ ન્હાનાલાલ કહે છે : 'તું આઘેમાં આઘે પણ સમીપમાં નિત્ય વસતો.' નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યું?/ 'તે જ હું, તે જ હું' એમ બોલે! – 'સ : અહમ્'નો જ એ પર્યાય છે એમ કહી નરસિંહ મહેતા જીવ અને શિવનું ઐક્ય સૂચવે છે. કવિ કલાપીએ 'ગેબી કચેરી આપની' એમ કહી ગ્રહો-તારા-નિહારિકાઓની પાર રહેલા ઈશ્વરની વાત કરી છે. સચર અને અચર – સર્વત્ર તેનો વાસ છે, એમ સમજાવ્યું છે.

* * *

શિવમંદિરોમાં શિવની મહાપૂજા પછી આરતી અને મંત્રપુષ્પાંજલિનો ઉપક્રમ હોય છે. એ મંત્રપુષ્પાંજલિનો છઠ્ઠો શ્લોક આ પ્રમાણે છે :

'ૐ તત્પુરુષાય વિદ્મહે, મહાદેવાય ધીમહિ, તન્નો રુદ્રઃ પ્રચોદયાત્ ।'

(ભાવાર્થ : તે પ્રસિદ્ધ પુરુષ-ચૈતન્યથી સભર શક્તિને ગુરુ અને શાસ્ત્ર દ્વારા અમે જાણીએ. એ મહાદેવનું અમે ધ્યાન ધરીએ એવી હે રુદ્રદેવ! અમને પ્રેરણા આપો...) આ પુરુષ-અચેતનતત્ત્વ આ સૃષ્ટિના અણુએ અણુમાં વ્યાપેલું છે. એ તત્ત્વ નિર્ગુણ, અગોચર અને સનાતન છે. એ તત્ત્વ પ્રાણસભર છે. લગભગ ક્રિયાશૂન્ય છે, સ્વતઃ વિદ્યમાન છે.' તે સિવાય અન્ય કોઈ અસ્તિત્વ કે અનસ્તિત્વ ત્યાં ન હતું 'એમ ઋગ્વેદના 'નાસદીય'માં કહેલું છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ આવું જ કહ્યું છે. શ્રુતિ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરેમાં સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ વર્ણવાયેલો છે. તેમાં એક સર્વશ્રેષ્ઠ, સર્વશક્તિમાન એવા 'આદિ તત્ત્વ'નો સ્વીકાર કરવામાં આવ્યો છે, એ જ આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ છે. એ આદિતત્ત્વને જ પરબ્રહ્મ કે પરમાત્મા કહ્યા છે.

શિવજીએ તો બ્રહ્મા અને વિષ્ણુ સમક્ષ સ્પષ્ટતા કરી જ હતી કે આ નિષ્કલ (નિરવયવ) અગ્નિસ્થંભ જ બ્રહ્મપણાને વ્યક્ત કરતું લિંગ (ચિહ્ન લક્ષણ) છે. મારું લિંગ જ મુખ્ય છે, મૂર્તિ તો ગૌણ છે... અલબત્ત! આપને ચિહ્નપૂજાના બાહ્યરૂપમાં જ ભરાઈ રહ્યા! ફક્ત

આકારો જ જોવા ટેવાયલી આપણી આંખોને આપણે બીજી રીતે કેળવવાની છે. ઈશ્વરને – આદિતત્ત્વને ખરા અર્થમાં 'પામવા' માટે સૌપ્રથમ તો બહિર્જગત તરફથી આપણા ચક્ષુઓને 'અંદરની તરફ' વાળવાં પડશે. તે નિરવયવ હોવાથી તેની આકૃતિ નહીં હોય પરંતુ તેજોમય આનંદોલ્લાસની અનુભૂતિ કરાવતી સ્થિતિ અવશ્ય પ્રવર્તતી હશે.

શૈવ ધર્મ વૈદિક કાળમાં એક વિશિષ્ટ ધર્મ તરીકે અસ્તિત્વમાં આવ્યો મનાય છે. શિવપૂજાનો પ્રારંભ પણ આઠેક હજાર વર્ષ પૂર્વે થયેલો મનાય છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યના અદ્વૈતસિદ્ધાંતને અનુસરતાં દક્ષિણના સંતશ્રી રામાનુજાચાર્યના પ્રયાસોથી દક્ષિણ ભારતમાં મૂર્તિરૂપમાં શિવની ઉપાસના પ્રચલિત થઈ છે, જે દ્વૈતાદ્વૈત સિદ્ધાંત તરીકે જાણીતી છે. લોકરુચિ, લોકભાવના, રૂઢિ, ઇતરને કારણે શિવપૂજા કે શિવોપાસનામાં વૈવિધ્ય જોવા મળે છે. શિવપૂજામાં જુદી જુદી રીતે તંત્રવિદ્યાએ ભાગ ભજવવા માંડ્યો ત્યારથી શિવધર્મના વિવિધ સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. ઈ. પૂ. ૨જી સદીમાં પતંજલિ મુનિએ શિવધર્મીઓને 'શિવભાગવત' તરીકે ઓળખાવ્યા છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યે 'બ્રહ્મસૂત્ર'માં શૈવધર્મનો 'માહેશ્વર સિદ્ધાંત' તરીકે ઉલ્લેખ કરેલો છે. 'શાંકરભાષ્ય'ના ટીકાકાર આનંદગિરિએ શૈવ, પાશુપત, કારુણિક અને કાપાલિક – એમ ચાર સંપ્રદાયોનો ઉલ્લેખ કરેલો છે. પછીનાં સૈકાંઓમાં કારુણિકો 'કાલમુખા' તરીકે પણ ઓળખાયા છે. આ બધા સંપ્રદાયો શિવજીના કોઈક ને કોઈક ચિહ્ન (ઉ. વ. ત્રિશૂલ)ને શરીર પર ધારણ કરતા હતા. આમ શૈવ, પાશુપત, કાલમુખ અને કાપાલિક એમ ચાર સંપ્રદાયો પ્રચલિત થયા.

શૈવ સંપ્રદાય તમિળ પ્રદેશમાં, વીર શૈવ કર્ણાટકમાં, પાશુપત ગુજરાત અને રાજસ્થાનમાં તથા કાશ્મીરી શૈવ કાશ્મીર પ્રદેશમાં વિકસ્યો. વીરશૈવ સંપ્રદાય એ દક્ષિણના શૈવ સંપ્રદાયનો જ એક પ્રકાર છે. પછીથી એ શૈવ સંપ્રદાય તરીકે ઓળખાવા લાગ્યો. કર્ણાટકમાં લિંગાયત સંપ્રદાય તરીકે ઓળખાયો. આશરે બારમી સદીમાં આ સંપ્રદાયના આદ્ય પ્રચારક તરીકે બસવેશ્વરનું નામ જાણીતું છે. પાશુપતમાં અતિપ્રસિદ્ધ શૈવ સંપ્રદાય છે. શંકરાચાર્યના સમયમાં તેઓ 'મહેશ્વર' તરીકે ઓળખાતા હતા. રામાનુજાચાર્ય 'બ્રહ્મસૂત્ર'ના ભાષ્યમાં એમનો 'પશુમતિના મતો' એવો ઉલ્લેખ કરે છે.

પાશુપત સંપ્રદાયનો જ એક ફાંટો લકુલીશ પાશુપત સંપ્રદાય છે. આ સંપ્રદાયના સ્થાપક નકુલીશ કે નકુલીશને માનવામાં આવે છે. કાયાવરોહણ તીર્થસ્થાનમાં એમનો જન્મ થયો મનાય છે. લકુલીશની મૂર્તિનું સ્વરૂપ કંઈક આવું છે : કેશરાશિથી આચ્છાદિત મસ્તક, જમણા હાથમાં બિજોરું નામનું એક ફળ તેમ જ ડાબા હાથમાં લગુડ કે લકુટ એટલે કે 'દંડ' ધારણ કરેલો છે. શિવના અઢાર અવતારોમાં લકુલીશ આદ્ય અવતાર મનાયા છે. ઈ. સ. ૧૦૫ આસપાસનો સમય એમનો જીવનકાળ મનાયો છે. પશ્ચિમ ભારતમાં આ સંપ્રદાય વિશેષ પ્રચલિત હતો. આ સંપ્રદાયના વર્તમાન આચાર્ય પ. પૂ. રાજેશ્વર મુનિ છે, જેઓ પૂ. કૃપાલ્વાનંદજી મહારાજના દીક્ષિત શિષ્ય છે.

કાપાલિક કે કાલમુખ સંપ્રદાયો 'અવૈદિક' ગણાયા છે. તેઓ સંહારના દેવ ભૈરવના ઉપાસકો છે. જ્ઞાતિભેદ વગર કોઈ પણ માણસ એ સાધના કરી શકતો. માંસ-મદિરાનું સેવન, માંસવિક્રય અને ખાસ તો નરમેધ (નરબલિ)ની પ્રથાને લીધે એમની સાધના પદ્ધતિ હમેશાં ગુપ્ત રહેતી. તેઓ અઘોરી બાવાઓ તરીકે જાણીતા છે. એમની શિવસાધના શક્તિ (સદેહેનારી) સાથે જોડાયેલી હતી. નવલકથાકાર કનૈયાલાલ મુનશીએ એમની 'જય સોમનાથ' નવલકથામાં કપાલિકોનો એક સમૂહ આ પ્રકારની શિવસાધના કરતો હતો તેનો ઉલ્લેખ કરેલો છે. ભવભૂતિના 'માલતી માધવ' કાપાલિકોનો ઉલ્લેખ છે. કાપાલિકોનું મહત્ત્વનું કેન્દ્ર શ્રીશૈલ પર્વત મનાય છે. વર્તમાનમાં આ સંપ્રદાય લગભગ લુપ્ત થઈ ગયેલો જણાય છે. અથર્વવેદમાં 'મહાદેવ' અને 'ઈશાન'ને 'પ્રાત્યો' તરીકે ઓળખાવ્યા છે. ડૉ. દાસગુપ્તાનો એવો મત છે કે આ 'પ્રાત્યો' જ કાપાલિકો છે અને તેઓ ભૈરવની ઉપાસના કરતા હતા.

કાશ્મીરી શૈવ સંપ્રદાયનો ઉદ્‌ભવ તેમજ વિકાસ કાશ્મીરમાં થયેલો માનય છે. આ સંપ્રદાયમાં જ્ઞાન અને ભક્તિનો સમન્વય થયેલો છે. વેદાંત એમ માને છે કે બ્રહ્મમાં 'કર્તવ્ય' નથી જ્યારે પ્રસ્તુત સંપ્રદાય 'કર્તૃત્વ' છે, એમ માને છે. આ સંપ્રદાય પ્રત્યભિજ્ઞા સંપ્રદાયનો પુરસ્કર્તા છે. વેદાંતના અદ્વૈત દર્શન જેટલું જ એનું મહત્ત્વ છે. ઈશ્વરના રૂપમાં પોતાની પ્રત્યભિજ્ઞા (ઓળખ) વડે ઈશ્વરરાધ્યની અનુભૂતિ માનતો આ સંપ્રદાય છે. શિવના સગુણ, નિર્ગુણ અને એ બંનેથી અલગ અલગ એવા 'પરમતત્ત્વ' તરીકેનો ઉલ્લેખ અને ઉપાસનાપદ્ધતિ જાણીતી છે. પરમતત્ત્વ તરીકે શિવનાં વિવિધ સ્વરૂપોની દઢ થતી સંકલ્પનાના ઉલ્લેખો શૈવ આગમોમાં મળી આવે છે.

આગમો ઉત્તર ભારતમાં સંસ્કૃતમાં અને દક્ષિણ ભારતમાં તમિળ વગેરે દ્રવિડ ભાષાઓમાં રચાયેલાં મળે છે. અઢાર શૈવ આગમોનો ઉલ્લેખ મળી આવે છે, એમાં શૈવ દર્શનની ભિન્ન ભિન્ન વિદ્યાઓનું નિરૂપણ થયું છે. (૧) શિવદ્વૈત (૨) શિવ દ્વૈતાદ્વૈત (૩) વિશિષ્ટા દ્વૈત અને (૪) અદ્વૈત શિવાદ્વૈત પ્રત્યભિજ્ઞા દર્શન વગેરે શૈવદર્શન છે.

**(૧) શૈવદ્વૈતમત –** મુખ્યત્વે પાશુપત સંપ્રદાયને પ્રમાણ માનીને ચાલે છે અને તેને અનુસરે છે. ક્યાંક એનો ઉલ્લેખ 'નકુલીશ પાશુપત' તરીકે પણ થયેલો મળી આવે છે. અદ્વૈતમતમાં પતિ, પશુ અને પાશ મહત્ત્વનાં તત્ત્વો ગણાયાં છે. 'પતિ' એટલે સર્વવ્યાપી, અવિકારી તત્ત્વ, 'પશુ' એ જીવાત્મા અને 'પાશ' પતિથી પશુને અલગ દર્શાવતું તત્ત્વ છે. 'પશુ' એ જીવાત્મા છે. તે અજ્ઞાનથી આવૃત્ત અને માયાને કારણે દુઃખ ભોગવે છે. 'માયા' – અજ્ઞાનના પાશ વડે બંધાયેલો માટે પશુ. 'પાશ'માં મલ (મળ), માયા, કર્મ, નિરોધશક્તિ અને બિંદુ એમ પાંચ અવાંતર પદાર્થો સમાવેશ પામેલા છે. મલ કે મળ જીવના જ્ઞાન અને ક્રિયાશક્તિનું તિરોધાન કરે છે. શુદ્ધરૂપની માયા માનવીને મોક્ષ માર્ગ પ્રતિ ઉન્મુખ કરે છે. કર્મ પુનર્જન્મનું કારણ છે. નિરોધ એ જીવના શુદ્ધ જ્ઞાનનો તિરોધાન કરનાર તત્ત્વ છે, જ્યારે બિંદુ એ સૃદૃષ્ટિનું ઉપાદાન છે. સાંખ્ય વગેરે દર્શનોમાં ત્રિવિધ દુઃખોની આત્યંતિક અને એકાંતિક મુક્તિને મોક્ષ કહ્યો છે. જીવ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિનો સમન્વય અને તેના દ્વારા પ્રાપ્ત સિદ્ધિઓનો મેળવીને પરમશિવની સરૂપતા પ્રાપ્ત કરે છે. અલબત્ત, તે શિવથી અલગ જ રહે છે તેથી તેને 'દ્વૈત દર્શન' કહેવામાં આવ્યું છે.

**(૨) શૈવ દ્વૈતાદ્વૈત દર્શન :** મુખ્યત્વે પાશુપત સિદ્ધાંત નિરૂપતા ગ્રંથોમાં તેના વિશે માહિતી મળે છે. પતિ (કાર્ય), પશુ (કારણ), યોગ, વિધિ અને દુઃખાન્ત એમ પાંચ પદાર્થો આ દર્શનમાં છે. 'પતિ' સ્વતંત્ર છે. સત્યસ્વરૂપ નિત્ય સદાશિવ છે. 'પશુ' પોતાના અસ્તિત્વ માટે પતિ પર અવલંબિત છે. વિદ્યા, કલા અને પશુ એમ ત્રિવિધ કાર્યો પતિનાં છે. વિવેક પ્રવૃત્તિ અને અવિવેક પ્રવૃત્તિ તથા અબોધસ્વરૂપી ધર્મ, અધર્મ તેમ જ સંસ્કારરૂપે વિદ્યા છે. કલાઓ દ્વારા વશીભૂત જીવ એટલે જ પશુ. યોગ એટલે ચિત્ત દ્વારા આત્મા કે ઈશ્વરનો સંયોગ. એમાં ક્રિયાકેન્દ્રી જપ, ધ્યાન, ધારણાનો સમાવેશ થયેલો છે. યોગ માનસિક ઉપાસનાની ક્રિયા છે. જ્યારે વિધિ બાહ્ય ઉપાસનાની ક્રિયા છે. ઉ. ત. નૃત્ય, ગીત વગેરે. દુખાન્ત એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણે દુઃખોનો નાશ. જીવ પતિથી અભિન્ન હોવા છતાં પરતંત્રતા અનુભવતો હોઈ દ્વૈત ગણાય છે. જ્યારે સ્વરૂપનો એને બોધ થાય છે ત્યારે અને 'શિવત્વ'નો અનુભવ થાય છે, તેથી અદ્વૈત. માટે આ દર્શનને 'શૈવદ્વૈતાદ્વૈત દર્શન' કહ્યું છે.

**(૩) વિશિષ્ટાદ્વૈત દર્શન –** શક્તિ વિશિષ્ટાદ્વૈત દર્શન : શ્રીકંઠ અને શ્રીપતિ અનુક્રમે તેના આચાર્યો થઈ ગયા. 'બ્રહ્મસૂત્ર' ભાષ્યમાં આ દર્શનને 'વીર શૈવ સિદ્ધાંત' કહી ઓળખાવ્યો છે. શિવ અને શક્તિ વચ્ચે નિત્ય, અવિનાભાવિ સંબંધ છે. એમાં જગતને 'મિથ્યા' નહીં, પરંતુ 'સત્ય' માને છે. એ રીતે 'શાંકરવેદાંત'થી અલગ પડે છે.

**(૪) અદ્વૈત-શિવાદ્વૈત-પ્રત્યભિજ્ઞા દર્શન :** એને 'કાશ્મીરી શૈવ દર્શન' તરીકે પણ ઓળખવામાં આવે છે. સોમદેવ અથવા વસુગુપ્ત, વસુગુપ્તના શિષ્ય સોમાનંદ, તેમના પટ્ટશિષ્ય ઉત્પલદેવ, ઉત્પલદેવના શિષ્ય આચાર્ય અભિનવગુપ્ત કાશ્મીરીના હતા. આ દર્શનો વિકાસ કાશ્મીરમાં જ થયો હતો. સોમદેવે 'શિવદૃષ્ટિ' ગ્રંથની રચના કરી છે. આ દર્શનના મૂળ આચાર્ય તો ઈ. સ. ની નવમી સદીમાં થઈ ગયેલા વસુગુપ્તને માનવામાં આવે છે. એમના શિષ્ય ઉત્પલદેવે એ સિદ્ધાંતનું વિસ્તૃત વર્ણન કરતો 'ઈશ્વર પ્રત્યભિજ્ઞા' ગ્રંથ આપ્યો. અભિનવગુપ્તે પછીથી આ દર્શનને તત્ત્વ, સિદ્ધાંત તેમ જ ઉપાસનાપદ્ધતિની દૃષ્ટિએ વ્યવસ્થિત બનાવ્યું. એના જ સારરૂપે 'તંત્રસાર' ગ્રંથની રચના થઈ છે. આ દર્શનમાં પણ પતિ, પશુ અને પાશ–ને મૂળભૂતરૂપે સ્વીકાર્યાં હોવાથી તેને 'ત્રિકસિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે.'

* * *

જ્ઞાની કવિ અખાએ તો પથ્થર માત્રને દેવ તરીકે પૂજનારા તુલસી જોઈને તેનાં પાન તોડનારા અને પાણી જોઈને સ્નાન કરવા બેસી જનારા, જપમાળાનાં નાકાં ઘસાઈ ગયાં. તીર્થયાત્રાઓ કરી કરીને થાકી ગયેલા એ ચરણોવાળા મનુષ્યને 'મૂરખ' કહ્યો છે. કેવળ બાહ્યડંબરથી ભળેલી સ્થૂળ ઉપાસના હાસ્યાપદ બની રહે છે, એમ સોઇઝાટકીને કહેવામાં અખાએ શરમ રાખી નથી. ફક્ત આકારો જોવા જ ટેવાયલી આંખોને આપણે બીજી રીતે કેળવવી છે. ઈશ્વરને – એ આદિતત્ત્વને ખરા અર્થમાં પામવા માટે.

◆ ◆ ◆

# શાક્તદર્શન

**ડૉ. હર્ષદેવ માધવ**

*અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક. સંસ્કૃત ભાષાના કવિ, કાવ્યશાસ્ત્રી, સમીક્ષક અને શિક્ષણશાસ્ત્રી. તંત્રશાસ્ત્ર, શાક્ત સંપ્રદાયના મર્મજ્ઞ. એમના ૧૩૦ થી વધુ પુસ્તકો પ્રકાશિત થયા છે. કેન્દ્રીય સાહિત્ય-અકાદમીના ઍવોર્ડ ઉપરાંત અન્ય અનેક ઍવોર્ડઝ અને માન-સન્માનથી આરૂઢ વિદ્વાન.*

**ત**ન્ત્રગ્રંથોએ પરમસત્તાનો અખંડ, પ્રકાશરૂપ કે ચિદ્રૂપમાં સ્વીકાર કર્યો છે. આ બાબત શૈવ અને શાક્ત બંને તન્ત્ર સહમત છે. આ સત્તા સ્વાતંત્ર્યમય છે. 'સ્વાતન્ત્ર્ય'નો અર્થ થાય છે – અન્ય નિરપેક્ષતા, એનું જ નામાન્તર છે – આનંદ સત્ અને ચિત્ છે, ચિત્ત એ જ આનંદ છે. સત્ પરમાર્થસ્થિતિમાં અવાક્-મનસ-ગોચર છે. અભિવ્યક્તિની દૃષ્ટિએ તે ચિત્ છે, રસાસ્વાદની દૃષ્ટિએ તે આનંદ છે. સ્વપ્રકાશતાને લીધે તે આનંદ છે. સત્ પોતાનો પ્રકાશ પોતાની પાસે રાખીને સ્વરૂપાન્દનો આસ્વાદ કરે છે.

જે પરમશિવ છે, એ જ પરમશક્તિ છે. શિવ શક્તિ વિનાના – ઇચ્છાહીન, જ્ઞાનહીન, ક્રિયાહીન અને સ્પન્દનમાં અસમર્થ હોવાને લીધે શવ માત્ર છે. પ્રકાશ જ અલિંગ હોવા છતાં સર્વલિંગ રૂપે પ્રકાશિત થાય છે.

**शिवो देव: शिवा देवी शिवज्योतिरिति त्रिधा।**
**अलिङ्गमपि तत्तत्त्वं लिङ्गभेदेन कथ्यते ।।**

(કુમારકૃત તત્ત્વપ્રકાશ વ્યાખ્યા)

શિવ અને શિવાનું પરમઐક્ય એ જ સામરસ્ય છે. શ્રુતિ કહે છે 'परमं साम्यमुपैति दिव्यम्' કૌલમતે શિવ અને શિવામાં શેષ-શેષિ ભાવ છે. ઉત્તર કૌલ સાધકો શક્તિને મુખ્ય માને છે.

પંચપ્રકારનું સામ્ય : શિવ અને શક્તિમાં પાંચ પ્રકારનું સામ્ય છે.

– અધિષ્ઠાન સામ્ય
– અનુષ્ઠાન સામ્ય
– અવસ્થાન સામ્ય
– રૂપ સામ્ય
– નામ સામ્ય

શિવ અને શિવામાં અભેદ હોવા છતાં, શિવ નિષ્ક્રિય અને સાક્ષી છે, શક્તિ પંચકૃત્યપરાયણા છે. આ પાંચકૃત્યો એટલે સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોધાન અને અનુગ્રહ.

જ્યારે પરાશક્તિ આત્મગર્ભસ્થ વિશ્વને એટલે કે પ્રકાશને જોવા ઉન્મુખ થાય છે. ત્યારે માત્રાવચ્છિન્ન શક્તિ અને શિવસામ્યભાવાપન્ન થઈને એક બિંદુરૂપમાં પરિણત થાય છે આ ચૈતન્ય જ્યોતિર્લિંગરૂપે પ્રગટે છે. આ બિંદુ તાન્ત્રિકપરિભાષામાં કામરૂપપીઠ છે. આ પીઠમાં અભિવ્યક્ત ચૈતન્ય સ્વયંભૂલિંગના નામે ઓળખાય છે.

કામરૂપ પીઠ એકમાત્રા શક્તિઅંશ અને એકમાત્રા શિવઅંશને સમભાવમાં લઈને સંઘટિત થાય છે. શક્તિ અને શિવના આ બે અંશને શાન્તાશક્તિ અને અંબિકાશક્તિ કહેવાયછે. આ પીઠમાં મહાશક્તિનો આત્મપ્રકાશ પરાવાક્ના રૂપે પ્રખ્યાત છે.

આ પછી શાન્તાશક્તિ 'ઇચ્છા'ના રૂપમાં પરિણત થાય છે. શિવાંશ એવી અંબિકાશક્તિ 'વામા' રૂપે આવિર્ભાવ પામે છે. આ બંને શક્તિઓના પારસ્પારિક વૈષમ્યનો પરિહાર થવાથી અદ્વય સામરસ્યમય બિંદુ ઉત્પન્ન થાય છે. આ બિંદુ 'પૂર્ણગિરિપીઠ' કહેવાય છે. આ ચિદ્વિકાસ બાહ્યલિંગ છે. 'પશ્યન્તી વાણી'ની આ અવસ્થા છે.

આ પછી ઇચ્છાશક્તિના ઉન્મેષ સાથે દ્વિતીય સ્તરનો સૃષ્ટિવિકાસ થાય છે. ઇચ્છાના પ્રભાવથી તેના ગર્ભના એક ભાગમાં સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. હવે કાળના પ્રભાવને લીધે સૃષ્ટિક્રિયાનો ક્રમાનુસાર આરંભ થાય છે. આ પછી ઇચ્છાશક્તિથી જ્ઞાનશક્તિનો ઉદય થાય છે. શિવાંશ જ્યેષ્ઠાશક્તિની સાથે અદ્વૈતભાવે મળીને જાલન્ધરપીઠ રૂપ સામરસ્યબિંદુ રચે છે. આ બિંદુમાં અભિવ્યક્તિ ચૈતન્ય 'ઇતરલિંગ' કહેવાય છે. આ 'મધ્યમાવાક્'નો આવિર્ભાવ છે.

જ્યારે સ્થિતિશક્તિ ક્ષીણ થઈ જાય છે ત્યારે સ્વભાવના નિયમથી જ અન્તર્મુખ આકર્ષણની પ્રબળતા હોવાને લીધે સંહારશક્તિની ક્રિયા શરૂ થાય છે. ત્યારે જ્ઞાનશક્તિ ક્રિયાશક્તિના રૂપે પરિણત થઈને શિવાંશ રૌદ્રીશક્તિ સાથે સામ્યભાવ પામે છે. આથી જે અદ્વૈતબિંદુનો આવિર્ભાવ થાય છે તે 'ઉડ્ડિયાન પીઠ' કહેવાય છે. આ બિંદુથી ચિત્શક્તિ મહાતેજઃ સંપન્ન. પરલિંગરૂપમાં આવિર્ભાવ પામે છે. આ શબ્દની 'વૈખરી' નામે ચોથી ભૂમિકા છે. આ સંહારશીલ ક્ષયિષ્ણુ જગત વૈખરી શબ્દની વિભૂતિ છે.

પશ્યન્તી, મધ્યમા, વૈખરી

તંત્રનો ત્રિકોણ આ રીતે — સૃષ્ટિ, સ્થિતિ, સંહાર
વામા, જ્યેષ્ઠા, રૌદ્રી
બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર - શિવાંશ
ઇચ્છા, જ્ઞાન, ક્રિયા - શક્ત્યંશ
બિંદુશિવ – શક્તિનું સામરસ્ય છે.

અહં જ્ઞાન – શિવોઽહમ્ – જ શિવનું સ્વરૂપજ્ઞાન છે.

**સર્જન પ્રક્રિયા**

**શક્તિ (શોણિત) + શિવ (શુક્ર)**

↓

સામ્યભાવાપન્ન બિંદુ

↓

એક બિંદુ

ચૈતન્ય જ્યોતિર્લિંગ – કામરૂપપીઠ

↓

શાન્તા — અંબિકા પરાવાક્‌ની ભૂમિકા

↓ ↓

ઇચ્છાશક્તિ — વામા

↓

અદ્વૈતબિંદુ

↓

પૂર્ણગિરિપીઠ - બાણલિંગ-પશ્યન્તી વાણી

↓

જ્ઞાનશક્તિ — જ્યેષ્ઠાશક્તિ

↓

અદ્વૈતબિંદુ

જાલંધરપીઠ – ઇતર લિંગ - મધ્યમા વાક્

↓

ક્રિયાશક્તિ — રૌદ્રીશક્તિ

↓

અદ્વૈત બિંદુ - પરલિંગના રૂપમાં ઉડ્ડિયાન પીઠ-વૈખરી વાણી.

☛ તિરોધાન એટલે આત્મસંકોચ – એ વગર સૃષ્ટિ ઉત્પન્ન ન થાય.

☛ તિરોધાન રૂપ આત્મસંકોચમાંથી નિવૃત્તિ એટલે અનુગ્રહ

આ રીતે લલિતાસહસ્ત્રનામમાં નિર્દેશ છે તે પ્રમાણે – સૃષ્ટિકર્ત્રી બ્રહ્મરૂપા, ગોપ્ત્રી ગોવિંદરૂપિણી, સંહારિણીરુદ્રરૂપા, તિરોધાન કરી ઈશ્વરી, અનુગ્રહદા સદાશિવ – આ ભગવતીનાં પાંચ કૃત્યો છે. જીવના અનેક ક્લેશો નિહાળીને ભગવતી સાધકને મોક્ષનો અનુગ્રહ કરે છે. કૃપાનો આવિર્ભાવે અનુગ્રહશક્તિને લીધે થાય છે. આથી જ 'લલિતાસહસ્ત્રનામ'નાં ભગવતીને 'करुणारससागरा' 'अव्याजकरुणामूर्ति' કહેલ છે. ભગવતીની અનુગ્રહશક્તિને લીધે જ ગુરુ શક્તિપાત શક્ય બને છે. 'પ્રત્યભિજ્ઞાહૃદય'માં રાજનક ક્ષેમરાજ આથી જ કહે છે, 'चितिः स्वतन्त्रा विश्वसिद्धिहेतुः।'

વરિવસ્યારહસ્યના પ્રથમ અંશના ત્રીજા શ્લોકની વ્યાખ્યા કરતાં ભાસ્કરરાય લખે છે. 'હું ઇચ્છું છું. હું જાણું છું' એમાં ઉત્તમ પુરુષ રૂપે ભાસતું સ્ફુરણવાળું જ્ઞાન એ જ પ્રકાશ નામે ઓળખાતું બ્રહ્મ છે. એ બ્રહ્મનો જ આનંદરૂપી અંશ પરાહન્તા, વિમર્શ પરા, લલિતા, ભટ્ટારિકા, ત્રિપુરસુંદરી વગેરે પદોથી ઓળખવામાં આવે છે.

વામકેશ્વરતન્ત્ર કહે છે તેમ ચિતિ જ જગત્ સ્વરૂપે પરિણમે છે.

શૈવ અને શાક્ત બંને આગમોમાં ૩૬ તત્ત્વોનો સ્વીકાર થયો છે. શિવ, શક્તિ, સદાશિવ, ઈશ્વર, શુદ્ધવિદ્યા, માયા, અવિદ્યા, કલા, રાગ, કાલ, નિયતિ એ અગિયાર તત્ત્વો સાથે સાંખ્યનાં ૨૫ તત્ત્વો ઉમેરવાનાં છે.

આદ્યાશક્તિના આશ્રય વગર પ્રકાશ પોતાને અનુભવી શકતો નથી. (જેમ દર્પણથી જ આપણા સ્વરૂપની આપણને પ્રતીતિ થાય છે તેમ પરમેશ્વર પણ શક્તિને જોઈને સ્વત્વ પામે છે.)

શિવ (કે શાક્ત દર્શન મુજબ શક્તિ) એ પ્રથમ તત્ત્વ છે सिसृक्षारूपोपाधिविशिष्टः परमशिव एव केवलशिवपदवाच्यो भवति। स एव तत्त्वानां मध्ये आदिमः।

(૨) પરમ શિવ પોતે જ પૂર્ણ અહં છે. તેની પૂર્ણાહન્તાની સ્ફુર્તિ એ જ શક્તિ. રામેશ્વર 'રત્નત્રયપરીક્ષા'નું અવતરણ આપીને સમજાવે છે –

कर्तृत्वं तत्र धर्मी कलयति जगतां पञ्च सृष्ट्यादिकृत्ये धर्मः पुरूपमाद्या (त्) सकलजगदुपादानमात्रं बिभर्ति। स्त्रीरूपं प्राप्य दिव्या भवति च महिषी स्वाश्रयस्यादिकर्तुः प्राक्तौ धर्मप्रभेदावपि निगमविदां धर्मिवद्ब्रह्मकोटी।

આ રીતે પ્રપંચવાસનારૂપા સિસૃક્ષા એટલે શક્તિ.

(૩) ઇચ્છાશક્તિથી જગત ઉત્પન્ન થાય છે. તેનું અહં રૂપે ઓળખનારું તૃતીય તે સદાશિવ.

अहन्तया यद्दर्शनं तदहमिति तादृशस्पष्टवृत्तिमान्, सदाशिवपदवाच्यः तृतीयतत्त्वम्।

આ જ નાદશક્તિ છે. આ જ સાદાખ્ય તત્ત્વ છે.

શિવ-શક્તિનો બહિરુન્મેષ ઈશ્વર નામનું ચતુર્થ તત્ત્વ છે. ઈશ્વર 'આ જગત હું છું' એમ માને છે. इदं जगदिति केवलं भेदविषयिणी या वृत्तिः तद्वान् ईश्वरपदवाच्यः तुरीयं तत्त्वम्।

(૫) શુદ્ધવિદ્યા પાંચમું તત્ત્વ છે. 'આ જગત તે હું જ છું' એવી સદાશિવ સંબંધી વૃત્તિ એ વિદ્યાતત્ત્વ છે. આમાં અહંતા અને ઇદંતાનું ઐક્ય સમજાય છે.

जगदहमेवेत्याकारिका या सदाशिवसम्बन्धिनी वृत्तिः सा विद्या पदवाच्या पञ्चमं तत्त्वम् ।

(૬) માયા છઠ્ઠું તત્ત્વ છે. આ જગત મારાથી ભિન્ન છે એવું ભાન થાય છે. શુદ્ધવિદ્યાથી અભેદ બુદ્ધિ થાય છે. માયાથી ભેદબુદ્ધિ ઉત્પન્ન થાય છે.

इदं जगदित्याकारिका ईश्वरनिष्ठा भेदविपयिणी वृत्तिः मायापदवाच्या पष्ठं तत्त्वम् ।

માયાની પાંચ ઉપાધિઓ છે. આને પાંચ કંચુકો કહેવાય છે. અવિદ્યા, કલા, રાગ, કાલ-નિયતિ આ પાંચ કંચુકો છે.

(૭) શુદ્ધિ વિદ્યાનું તિરોધાન કરનારા સાતમા તત્ત્વને અવિદ્યા કહેવાય છે. શિવમાંથી જીવ થતી વખતે જ્ઞાન સંકુચિત થાય છે. 'पूर्वोक्त विद्यातिरोधनाशक्तिमती तद्विरोधिनी अविद्यापदवाच्या सप्तमं तत्त्वम्।'

(૮) કલા – આઠમું તત્ત્વ છે. ઈશ્વરમાં સર્વકર્તૃત્વ હોય છે. જીવમાં સંકુચિત કર્તૃત્વ હોય છે. કળાઓ શક્તિરૂપમાં તત્ત્વોની ક્રિયાઓ છે. શાક્તતન્ત્રોમાં આ કળાઓનો નિર્દેશ છે. 'जोर्यानिष्ठ सर्वकर्तृत्वं यत्किञ्चत्कर्तृत्वेन संकुचितं तदेव कलापदवाच्यं तत्त्वम् ।'

(૯) રાગ ઈશ્વરમાં નિત્યતૃપ્તિ હોય છે. જીવને ભોગ્યવિષયમાં રાગ કે અનુરાગ થાય છે. આ તેની અતૃપ્તિ છે.

(૧૦) કાલ, શિવતત્ત્વ ત્રિકાલાબાધિત છે. જીવને છે ભાવવિકારો થાય છે. अस्ति - जायते - वर्धते-विपरिणमते-अपक्षीयते - विनश्यति. આ ભાવવિકારો કાળને લીધે થાય છે અને તેને લીધે જીવનું નિત્યત્વ ઢંકાઈ જાય છે.

(૧૧) નિયતિ – શિવ સ્વાતન્ત્રય રાખે છે. આ સ્વાતન્ત્રયનું આચ્છાદન થાય છે. અવિદ્યાન કારણે સ્વાતન્ત્ર્યશક્તિ સંકુચિત થાય છે તે નિયતિ છે. નિયતિ જીવનું કાર્ય-અકાર્યમાં નિયન્ત્રણ કરે છે.

(૧૨) જીવ બારમું તત્ત્વ છે.

તે માયાના પાંચ કંચુકોનો આશ્રયભૂત છે.

नियति-काल-राग-कला-अविद्याऽऽश्रयो जीवः द्वादशं तत्त्वम्।

(૧૩) પ્રકૃતિ – સત્ત્વ, રજસ્, તમસ્ – આ ત્રણેયની સામ્યાવસ્થા

(૧૪) મન-સંકલ્પક ઇન્દ્રિય.

(૧૫) બુદ્ધિ. અધ્યવસાય - નિર્ણાય કરનારી ઇન્દ્રિય.

(૧૬) અહંકાર.

(૧૭ થી ૨૧) પાંચ જ્ઞાનેન્દ્રિયો – શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, જિવ્હા ઘ્રાણ

(૨૨ થી ૨૬) પાંચ કર્મેન્દ્રિયો – વાક્, પાણિ, પાદ, પાયૂ, ઉપસ્થ

(૨૭ થી ૩૧) પાંચ તન્માત્રાઓ – શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ.

(૩૨ થી ૩૬) પાંચ મહાભૂતો – પૃથ્વી, પાણી, તેજ, વાયુ આકાશ.

આ રીતે સદાશિવથી પૃથ્વી સુધી આ વિશ્વ વિસ્તેલું છે. સદાશિવથી જ સૃષ્ટિ આવિર્ભાવ પામે છે. શિવ અને શક્તિ બંને એક જ છે, અભિન્ન છે.

વિમર્શ અન્તર્લીન થાય તે શિવ.

વિમર્શ બહિર્મુખ થાય ત્યારે સૃષ્ટિ પ્રક્રિયા થાય.

શિવભાવ ગૌણ બને ત્યારે તે શક્તિ કહેવાય છે.

શિવ અને શક્તિનું પરમમિલન તે સામરસ્ય છે. તે તત્ત્વાતીત છે. આ પરમ અવસ્થા પરાશક્તિ છે કે શૈવોના મતે પરમ શક્તિ છે.

તાન્ત્રિક સૃષ્ટિ પ્રક્રિયા અને ચાર પ્રકારની વાણી :

ચિત્ વિચિકીર્ષાથી ઘનીભૂત થાય ત્યારે કારણ બિંદુ ઉત્પન્ન થાય તેમાંથી કાર્ય બિંદુ – પછી નાદ – પછી બીજ ઉત્પન્ન થાય છે.

| | | | |
|---|---|---|---|
| કારણ બિંદુ | → કાર્ય બિંદુ → | નાદ | → બીજ |
| | પર | સૂક્ષ્મ | સ્થૂલ |
| | ચિત્ | ચિત્-અચિત | અચિત્ (જડ)ત્ |

**અધિદૈવત રૂપે**

| | | | |
|---|---|---|---|
| અવ્યક્ત → | ઈશ્વર | → હરિણ્યગર્ભ | → વિરાટ |
| શાન્તા → | વામા | → જ્યેષ્ઠા | → રૌદ્રી |
| અંબિકા → | ઇચ્છા | → જ્ઞાન | → ક્રિયા |

**અધિભૂત રૂપે**

કામરૂપ – પૂર્ણગિરિ – જાલન્ધસ ઉડ્યાણ આધ્યાત્મરૂપે કારણ બિંદુ શક્તિ કે કુંડબિનીના નામે મૂલાધારમાં શરીરમાં રહેલ છે.

કારણ બિંદુ એ જ નિષ્પન્દ બ્રહ્મ કે પરાવાક્ છે. વિમર્શયુક્ત મનવાળું કાર્યબિંદુ પશ્યન્તી વાક્ છે.

બુદ્ધિયુક્ત શબ્દબ્રહ્મ વિશેષ સ્પન્દ પ્રકાશવાળું થઈને નાદમય થાય અએ મધ્યમા વાક્ છે.

બીજાત્મક, શ્રોત્ર કર્ણ વગેરેને ગ્રહણ કરવા યોગ્ય આ બિંદુ વૈખરી વાક્ છે.

**શક્તિસાધના અને મોક્ષ :**

શક્તિસાધનાનું મૂળ સૂત્ર નાદાનુસંધાન અથવા શબ્દનું ક્રમિક ઉચ્ચારણ છે. ગુરુ પાસેથી વૈખરી વાણીમાં પ્રાપ્ત થયેલા મંત્રને આત્મસાત્ કરીને કુંડલિની જાગૃતિ દ્વારા પરવાક્ સુધી પહોંચવાનું છે. બિંદુ કે કુંડલિની વિક્ષુબ્ધ થઈને નાદનો વિકાસ કરે છે. જ્ઞાનના સંચાર સાથે આજ્ઞાચક્રનું ભેદન થાય છે. આજ્ઞાચક્ર પછી જ બિંદુ છે – જેને જ્ઞાનચક્ષુ કે તૃતીયનેત્ર કહેવાય છે. આ બિંદુ પણ છેવટે તિરોહિત થઈ જાય છે. બિંદુ તિરોહિત ન થાય ત્યાં સુધી અહંભાવનું વિસર્જન થતું નથી – અને ત્યાં સુધી મહાબિંદુ કે શિવભાવની અભિવ્યક્તિ થતી નથી.

શ્રીયંત્રના ચક્રો અને શરીરના ચક્રોમાં અત્યંત સામ્ય છે. શ્રીયંત્રની વચ્ચે રહેલું બિંદુ શિવ-શક્તિનું સામસ્ય છે. એ જ શિવ અને શક્તિની પાદુકાનું સ્થાન છે. મૂલાધાર એ ત્રિકોણ છે, અષ્ટકોણ એ સ્વાધિષ્ઠાન ચક્ર છે, અંતર્દશાર મણિપૂર છે, બહિર્દશાર અનાહત છે, ચતુર્દશાર વિશુદ્ધ ચક્ર છે શિવત્રિકોણ આજ્ઞાચક્ર છે, ચતુરસનું બિંદુસ્થાન સહસ્ત્રદલ છે. આજ્ઞાચક્રમાં પંદર કળા અને ત્રિકોણનું બિંદુ મળીને સોળ એમ કુળ સોળ કળાઓ છે. આ શુક્ર-શોણિતમય પાદુકા એ જ આત્મા છે. એના અમૃતના આસ્વાદથી વિશુદ્ધ આનંદનો અનુભવ થાય છે. ગુરુકૃપા આ અનુભવ માટે અત્યંત મહત્ત્વની છે.

દેવી અથર્વશીર્ષમાં તન્ત્રનું પરમતત્ત્વ આ રીતે વર્ણવાયું છે –

मन्त्राणां मातृकारदेवी शब्दानां ज्ञानरूपिणी ।
ज्ञानानां चिन्मयातीता शून्यानां शून्यसाक्षिणी ।
यस्या: परतरं नास्ति सैषा दुर्गा प्रकीर्तिता ।।

**સામરસ્ય :**

તન્ત્રમાં સામરસ્ય શબ્દ મહત્ત્વનો છે.

શંકરાચાર્ય સૌન્દર્યલહરીના શ્લોકમાં કહે છે :–

शरीरं त्वं शम्भो: शशिमिहिरवक्षोरुहयुगं
तवात्मानं मन्ये भगवति नवात्मानमधम् ।
अत: शेष: शेषीत्ययमुभय साधारणतया:
स्थित: सम्बन्धो वां समरसपरान्दपरयो: ।।

આ શ્લોકમાં શંકરોચાર્ય બતાવે છે કે શિવ અને શક્તિ વચ્ચે ગૌણ પ્રધાનભાવ પરસ્પર છે. પરમ આનંદરૂપ શિવ અને પરાશક્તિ વચ્ચે સમરસપણું એટલે કે સામરસ્ય છે. કેવલાદ્વૈતની માફક પ્રપંચ અધ્યાસ નથી. પણ પ્રપંચ અહીં તો દેવીનું જ સ્વરૂપ છે. સૃષ્ટિસ્થિતિલય વખતે શક્તિનું પ્રાધાન્ય હોય છે અને શિવનું ગૌણત્વ હોય છે સર્વનો ઉપસંહાર થાય ત્યારે શિવનું પ્રાધાન્ય અને શક્તિનું ગૌણત્વ છે એવું લક્ષ્મીધર સમજાવે છે. સામરસ્યપરાયણ એવું લલિતાસહસ્ત્રનામમાં ૩૯૨મું નામ છે. 'ભાસ્કરરાય સમજાવે છે કે જ્યારે ભોક્તા અને ભોગ્યનો ભાવ સમાપ્ત થઈ જાય છે તથા ચિન્મય થઈ જાય છે તે અવસ્થા સમ કહેવાય છે. દેવી જ એ આપે છે. આથી તે સામરસ્યપરાયણા કહેવાય છે. સામરસ્ય જેનું સ્થાન છે તે દેવી છે. (शिवशक्त्योभांव - सामरस्यमेव परमयनं स्थानं यस्या:) તાન્ત્રિક પ્રતીકમાં અધોમુખિત્રકોણ શક્તિ છે. તેની વચ્ચેનું બિંદુ શિવ-શક્તિનું સામરસ્ય છે. શ્રી યન્ત્રમાં વચ્ચે આ ત્રિકોણ પરમઐક્યની પરાકાષ્ઠા સૂચવે છે.

**કુંડલિની શક્તિ :**

શારદાતિલકતન્ત્ર કહે છે કે :–

चैतन्य सार्वभूतानां शब्दब्रह्मेति मे मति: ।
तत्प्राप्य कुण्डलीरूपं प्राणिनां देहमध्यगम् ।।

આ ચૈતન્યરૂપ કુંડલિની સર્વગા, વિશ્વરૂપિણી છે. તે શિવનું સાંનિધ્ય અપાવીને આનન્દ ઉત્પન્ન કરનારી છે. તે શબ્દ બ્રહ્મમયી વર્ણમયી કે માતૃકામયી છે. મન્ત્રયોગ દ્વારા મન્ત્રની સ્થૂળ વાણી (વૈખરી)થી શરૂ કરીને ધીમે ધીમે મન્ત્ર સાધક મધ્યમા, પશ્યન્તીને પાર કરીને મન્ત્રનાં રહસ્યો પામીને પરાવાણીરૂપ મરામ્બાનો સાક્ષાત્કાર કરે છે.

**મન્ત્રનાં રહસ્યો :**

મન્ત્ર દ્વારા તન્ત્રયોગ અને મન્ત્રયોગ બને સિદ્ધ થાય છે પણ આ મંત્રોના શબ્દો ગુપ્ત હોય છે. મંત્રની સાથે ન્યાસ, મુદ્રા કીલન, વગેરે જાણવા પડે છે. તાન્ત્રિક પરિભાષા ગુપ્ત હોય છે એથી આ રહસ્યો ગુરુની મદદ વગર ઉકેલાતાં નથી. જેમ કે 'દેવ્યુપનિષદ્'નો ૧૪મો શ્લોક જોઈએ :–

कामो योनि: कामकला वज्नपाणिर्गुहा हसा मातरिश्वाभ्रमिन्द्र: ।
पुनर्गुहा सकला मायया च पुरूच्चेषा विश्वमाताऽऽदिविद्योम् ।।

આ શ્લોકમાં કામ=क, યોનિ=ए, કામકલા=ई, વજ્રપાણિ=ल, ગુહા=ह्रीं, હસ=ह, स, માક્ષરિશ્વા=क, અભ્ર=ह, ઇન્દ્ર=ल, પુનર્ગુહા=ह्रीं, સકલ=सकल, માયા=ह्रीं.

(આ રીતે कएईलह्रीं सर्कलह्रीं हसकहल ह्रीं सर्कलह्रीं – પંચદશી મંત્ર બને છે.)

**અન્તર્યાગ અને બહિર્યાગ :**

ત્રિપુરસુન્દરીની ઉપાસનાના બે પ્રકારો છે. બહિર્યાગ અને બીજો અન્તર્યાગ. બહિર્યાગ કૌલસાધકોનો માર્ગ છે. અને તેમાં યન્ત્રની ઉપાસના થાય છે. આ માર્ગ સમજ્યા માટે કૃષ્ણાર્ણવ, જ્ઞાનાર્ણવ, સ્વચ્છન્દ, પરાનન્દ, ભૈરવી, દક્ષિણામૂર્તિ વગેરે તન્ત્રો પ્રાપ્ત થાય છે. આ સાધકો કુલમાર્ગના સાધકો છે. 'कौलिनी, कुलयोगिनी' એવા લલિતાંનાં નામોમાં એ તરફ ઇંગિત છે.

વામકેશ્વરતન્ત્રમાં અન્તર્યાગની વાત મુખ્ય છે. આથી એ શાક્તસંપ્રદાયનો મુખ્ય ગ્રંથ છે. અન્તર્યાગની ભૂમિકા આમ તો ભાવનોપનિષદ્‌માં પણ છે.

લક્ષ્મીધર ટીકાકારે પણ આ વાત વિસ્તારથી સમજાવી છે.

અંતર્યાગના ઉપાસકો સમાચારવાળા છે.

**પંચમકાર :**

મદ્ય, માંસ, મિથુન, મુદ્રા અને મત્સ્ય તરીકે જાણતા પાંચ મકારો ભોગ દ્વારા યોગની સાધના સૂચવે છે. પંચ મકારોના સૂક્ષ્મ અર્થો છે.

અંતમાં તન્ત્રનું પરમતત્ત્વ પ્રકાશ એ જ પરમ શક્તિ કે પરમશિવ છે. પ્રકાશ જ પરમ ધ્યેય અને એ પ્રકાશને પોતાનામાં આત્મસાત્ કરીને સ્વયંપ્રકાશ શિવ બનવાનો માર્ગ એટલે તન્ત્ર છે. પ્રકાશથી પ્રકાશિત થઈને સ્વયં પ્રકાશપુંજ બનવાની આ યાત્રા 'तमसो मा ज्योतिर्गमय' કે तेजोऽसि तेजो मयि धेहिની પ્રાપ્તિ માત્ર છે, જેમાં અવરોધો સહાયક છે; નિષેધો વિધેયો છે.

◆ ◆ ◆

# જૈન દર્શનનો અછડતો પરિચય

**આચાર્ય વિજય શીલચન્દ્રસૂરિશ્વજી મહારાજ**

*તપાગચ્છના નેમિસૂરિ સમુદાયના શીલવંત આચાર્ય. ચૌદ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હોવાથી શાળા-મહાશાળાની ઔપચારિક શિક્ષાને બદલે બિહારી પંડિતો પાસે શાસ્ત્રાધ્યન કરી પ્રાપ્ત કરેલું છે શિક્ષણ. એમના અનેક ગ્રંથો પૈકી નેમિસૂરીજીનું જીવનચરિત્ર વિખ્યાત છે. તેઓ વર્ષોથી 'અનુસંધાન' નામક સંશોધન ત્રૈમાસિક ચલાવે છે. હેમચંદ્રાચાર્ય ઍવોર્ડ અને પુણ્યવિજયજી ચંદ્રકના પ્રણેતા છે.*

દર્શન એટલે અવલોકન.

સચરાચર સૃષ્ટિનું અવલોકન તે દર્શન.

દશ્યમાન સંસારની પડછે સંતાયેલા અદશ્ય સંસારનું અવલોકન કરવાની ક્ષમતા તે દર્શન.

આવું દર્શન જે કરી શકે તે ઋષિ; તે જિન.

ઋષિઓને આપણે ત્યાં દ્રષ્ટા તરીકે ઓળખાવવામાં આવે છે. આ ઋષિઓ પોતાના આશ્રમમાં, વૃક્ષ હેઠળ બેઠા બેઠા જ સૃષ્ટિના સ્વરૂપને અવલોકે છે; માટે તેમને કહે છે દ્રષ્ટા; તેઓ દ્વારા થતું અવલોકન તે દર્શન.

'જિન' શબ્દથી ઓળખાતા જૈન તીર્થંકર આ અર્થમાં ઋષિ જ ગણાય. તેઓ પોતાના સાધનાકાળમાં કાયોત્સર્ગ એટલે કે દેહવિસર્જનની મુદ્રામાં, દેહાતીત, વચનાતીત અને ચિત્તાતીત બનીને, જાત અને જગતના સ્વરૂપનું તથા સ્વભાવનું જે અવલોકન કરે છે તે છે તેમનું દર્શન : જિન દર્શન : આજના વ્યવહાર પ્રમાણે જૈન દર્શન.

આશ્ચર્ય એ વાતનું છે કે જે કાળે આજના જેવું વિકસિત વિજ્ઞાન ન હતું; વૈજ્ઞાનિક ઉપકરણો નહોતાં; લેબોરેટરી અને ટેલિસ્કોપ અને સ્પેસ શટલ વગેરે એક પણ સાધન નહોતો; તેવા કાળમાં માત્ર પોતાના ધ્યાનના બળે જ, મનના અતલ ગહન પ્રદેશના અભ્યાસ વડે જ, આ ઋષિઓ અને જિનવરોએ આ બધા પદાર્થોને કઈ રીતે જાણ્યા અને પ્રમાણ્યા હશે? ચર્મ ચક્ષુની પહોંચની બહાર વર્તતા અતીન્દ્રિય પદાર્થોને તેમ જ તેમનાં સ્વરૂપને કઈ અવગાણ્યા હશે? આપણે એમ કહી શકીએ કે એક જ સ્થળે રહીને, બાહ્ય કોઈ પણ ઉપકરણોની સહાય લીધા વગર માત્ર મનના બળે જ, જગતના સર્વ પદાર્થોનું અવલોકન તથા આકલન તે 'દર્શન'; અને ઉપલબ્ધ તમામ ઉપકરણોની સહાય લઈને પણ, ઠેર ઠેર ફર્યા કરીને પણ, ખૂબ મર્યાદિત પદાર્થ-વિશ્વનું અવલોકન કરવું તેનું નામ 'વિજ્ઞાન'. સ્પષ્ટ છે કે વિજ્ઞાનની તુલનામાં દર્શનનો વ્યાપ અમાપ છે, અગાધ છે.

* * *

બીજો એક શબ્દ છે – દષ્ટિકોણ.

પ્રત્યેક દ્રષ્ટા પાસે એક દષ્ટિ હોય છે, પોતાનો આગવો

દૃષ્ટિકોણ હોય. આ દૃષ્ટિકોણ તેમના 'દર્શન'ને અન્ય દર્શનો કરતાં (જુદું પાડી આવે છે. પ્રત્યેક દ્રષ્ટાનો દૃષ્ટિકોણ ભિન્ન જ હોવાનો; અને તેથી તે દરેક દ્રષ્ટાનું દર્શન પણ ભિન્ન હોવાનું. દૃષ્ટિકોણને અંગ્રેજીમાં એંગલ-Angle કહેવાય છે.

એક જ વ્યક્તિનો કે પદાર્થનો ફોટો જુદા જુદા પાંચ કેમેરામેન પાડશે તો તે દરેકની પાડેલી તસવીર અલગ જ હશે; કેમ કે દરેકને તેનો પોતાનો એંગલ – દૃષ્ટિકોણ હોય છે. આમાંથી એક પણ કેમેરામેનને ખોટો નહીં ગણી શકાય : એમ નહીં કહી શકાય કે ભાઈ, તમે કોઈ બીજા પદાર્થની કે બીજી વ્યક્તિની તસવીર લીધી છે. કેમેરાનો વિષય એક જ, પણ તેને જોનારા કે તેને જોવાનાં દૃષ્ટિકોણ દરેકના અલગ અલગ છે, તેથી તે દરેક પોતપોતાની રીતે સાચા જ ગણાશે.

એ જ રીતે, અનેક ઋષિઓએ આ સચરાચર વિશ્વને – વિશ્વગત પદાર્થોને પોતપોતાના દૃષ્ટિકોણથી જોયા-તપાસ્યા-પ્રમાણ્યા; એથી તેમનું તે પોતાના આગવા દૃષ્ટિકોણ વડે થયેલું, આગવું દર્શન ગણાયું. આમ જેટલા દ્રષ્ટા તેટલાં દર્શન થયાં. આમાંના એકનાં પણ દર્શનને આપણે ખોટું ન કહી શકીએ. કેમ કે દ્રષ્ટવ્ય વિષય સમાન છતાં દરેક દ્રષ્ટાના દૃષ્ટિકોણ અલગ હતા, તે અનુસાર તેમનાં દર્શન યોગ્ય રીતે જ અલગ થયાં ગણાય.

ભારતીય પરંપરામાં અનેક દર્શનો છે તેનું ખરું કારણ આ વાતમાં છે.

શ્રીહરિભદ્રસૂરિ મહારાજે આ વાતને બહુ જ સારગર્ભિત શબ્દોમાં આમ મૂકી આપી છે :

समेघाऽमेघरात्र्यादौ, सग्रहाधर्मकादिवत् ।

ओघदृष्टिरिह ज्ञेया, मिथ्यादृष्टीतज्ञश्रया ।। (योजदृष्टिसमुश्चय)

અર્થાત્, એક જ પદાર્થ – દોરડું હોય, અને તેને જોનારા કોઈક સાજાગાંડા હોય, કોઈક વળગાડવાળા હોય, કોઈક સ્વસ્થ વ્યક્તિ હોય, કોઈક બાળક હોય, કોઈક જુવાન કે વૃદ્ધ હોય; વળી તે જોવાની વેળાએ રાત્રિ પણ હોય, ને અંધારી રાત હોય કે અજવાળી રાત પણ હોય, તે રાતે વાદળાં અંધાર્યાં હોય કે વરસાદ પણ આવતો હોય, અથવા સ્વચ્છ આકાશ પણ હોય; આમ જુદા જુદા સમયે જુદા જુદા મનુષ્ય તે દોરડાને દેખાડે તો તે દરેકનું દર્શન જુદું જ હોવાનું. કોઈકને સાપ દેખાશે, કોઈકને દોરડું; સાપ પણ જાતભાતનો દેખાવાનો, આને કહેવાય દૃષ્ટિકોણ, અને તેની ફલશ્રુતિને દર્શન.

આથી, કોઈ દર્શનનો તિરસ્કાર કે નિષેધ ન થાય; કોઈનાયે દૃષ્ટિકોણને ગલત કે અસત્ય ન ગણાવાય; આ 'જૈન દર્શન'નો દાર્શનિક પાયો છે.

* * *

દ્રષ્ટાની પાસે દૃષ્ટિ હોય છે. એ દૃષ્ટિ જેટલી ઊંડી, ઘેરી, તીક્ષ્ણ અને વિશદ, તેટલું તેમનું દર્શન વિશદ અને ઘેરું. દૃષ્ટિભેદે આ દર્શનમાં અને વિશદતામાં તફાવત કે તરતમતા હોય. શક્ય છે કે એક દ્રષ્ટા જેટલું અને જ્યાં સુધી જોઈ શકે, તેના કરતાં અન્ય દ્રષ્ટા વધુ જોઈ શકતા હોય. તો સરખામણીમાં ઓછું જોનારા દ્રષ્ટા પોતાના કરતાં અધિક જોનારા દ્રષ્ટાના દર્શનનો ઇન્કાર કે નિષેધ ન કરી શકે. તો એ જ રીતે, અધિક દર્શન ધરાવનારા દ્રષ્ટા, સરખામણીમાં ન્યૂન જોનારા દ્રષ્ટાના દર્શનનો નિષેધ ન કરે; બલ્કે તેટલા દર્શનનો સમાવેશ પોતાના અધિક વિશદ દર્શનમાં કરી જાણે, અને સાપેક્ષભાવે તેના દર્શનનું પણ સમર્થન કરે.

પરસ્પરનું ખંડન-મંડન એ માત્ર બૌદ્ધિક વ્યાયામ છે. એ વ્યાયામને લીધે તત્ત્વ વધુ વિશદતાથી સમજાતું હોય છે. જો તત્ત્વ ન જડે તો એવા વ્યાયામનો કોઈ મતલબ ન રહે. એટલે ખંડન-મંડનને પરસ્પરના વિરોધ અને તજ્જન્ય વૈમનસ્યરૂપે જોવાનું ઉચિત નથી. વસ્તુતઃ સાપેક્ષાભાવે બધાં જ દર્શનો એકબીજાનાં પૂરક છે, એ રીતે આપણે દર્શનોને તપાસવા જોઈએ.

હવે વિશદતાના તારતમ્ય વિશે વાત કરીએ. સામાન્ય રીતે એવું કહી શકાય કે અન્ય દર્શનો કરતાં વિશદ દર્શનની બાબતાં જૈન દર્શન જરા આગળ છે. એક બે ઉદાહરણોથી આ વિધાનને મૂલવીએ.

સંખ્યા-ગણિત અથવા ગણનાની દૃષ્ટિએ મોટાભાગના ભારતીય દર્શનો 'પરાર્ધ'ના અંક આગળ વિરામ લઈ લે છે. અર્થાત્ પરાર્ધ એ છેલ્લી સંખ્યાંક; તેથી આગળ માનવીય અંક નથી હોતો, આ એક દર્શન થયું.

જૈન દર્શન આટલે અટકવાને બદલે આથી ઘણું આગળ જાય છે. અહીં પૂર્વાંગ, પૂર્વ, ઇત્યાદિથી માંડીને સંખ્યાત, અસંખ્યાત, પલ્યોપમ, સાગર પમ, કાળચક્ર, પુદ્‌ગલપરાવર્ત સુધીના અંક તથા ગણિત છે. આ બધાં નામોની પાછળની અંકજાળ, ગણતરીની વિધાઓ – બધું અદ્‌ભુત છે. આ 'દર્શન' ન સમજનારાઓ ક્ષણભરમાં તેનો વિરોધ અને ઉપહાસ કર્યા વિના નહીં રહે. પરંતુ આટલું ઊંડું દર્શન હોવું એ સામાન્ય દૃષ્ટિવાળાનું કામ તો નથી જ.

બીજું ઉદાહરણ : 'પરમાણુ'ની અવધારણા. આપણા દર્શનિકોએ પરમાણુની વ્યાખ્યા બાંધતો શ્લોક લખ્યો –

जालान्तरितसूर्यांशौ यत् सूक्ष्मं दृश्यते रजः।

तस्य षष्टितमो भागः परमाणुः स उच्चते।।

અર્થાત્, બારીમાંથી પ્રવેશતા સૂર્યનાં કિરણોના શેરડામાં ઊડી રહેલી જે અતિસૂક્ષ્મ રજ દેખાય, તે રજના ૬૦ ભાગ કરવામાં આવે, તેવો એક ભાગ તે છે પરમાણુ. લગભગ આ અજૈન બધા દર્શનોને સ્વીકાર્ય વ્યાખ્યા છે.

જૈન દર્શન આનાથી ઘણું ઊંડું ઊતર્યું છે. તેની દૃષ્ટિએ આ ૬૦માં ભાગ એ એકલ પરમાણુ નથી; પરમાણુઓનો જથ્થો છે – સ્કંધ છે. તેના હજુ અગણિત ભાગો વિભાજિત થઈ શકે; અને એવાં વિભાજનો કરતાં કરતાં છેવટે એક ભાગ એવો આવશે – જે નિર્વિભાજ્ય હોય, તે હશે પરમાણુ. બારી વાટે આવતા પ્રકાશના શેરડામાં જે બારીક રજકણ દેખાય, તે તો જૈન દૃષ્ટિએ અનંત અણુઓનો સ્કંધ – જથ્થો જ ગણાય. આ રીતે પરમાણુ સુધી પહોંચાડનારી પરિભાષા જૈન ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ પરિભાષા સૂચવી જાય છે કે ઇતર દર્શનોની તુલનામાં જૈન દર્શન કેટલું આગળ છે.

આજના વિજ્ઞાનમાં 'અણુ' વિષે જે ધારણા છે, તે પણ જૈનદૃષ્ટિએ બહુ જાડી-સ્થૂલ છે. સ્વયં વૈજ્ઞાનિકો જ સમયે સમયે 'અણુ'ના બંધારણ વિશે વિજ્ઞાનના મત બદલતા રહ્યા છે – રહે છે. વિજ્ઞાનની નજરે વર્તમાનમાં 'અણુ' તરીકે ઓળખાતો પદાર્થ પણ, જૈન દર્શનની દૃષ્ટિ એ એક સ્કંધ છે; અગણિત અણુઓનો જથ્થો છે.

જૈન દર્શનનો પાયાનો સિદ્ધાંત છે કે પરમાણુ દૃષ્ટિગોચર બને જ નહીં. તેથી જે દેખાય છે તે અણુઓનો સમૂહ જ હોય. તે જ દેખાય અને તે જ માણસની પકડમાં આવે. અણુને ચર્મચક્ષુ વડે કે ભૌતિક ઉપકરણો વડે નહીં, માત્ર પ્રજ્ઞા-ચક્ષુ વડે જ પકડી શકાય, આ દાર્શનિકા સત્ય સનાતન સત્ય છે.

* * *

જૈન દર્શનનાં કેટલાંક મૂળભૂત અને સૈદ્ધાન્તિક તથ્યોઃ–

૧. જૈન દર્શન આ સૃષ્ટિને છ પદાર્થોમાં વહેંચે છે : ધર્મ, અધર્મ, આકાશ, કાળ, જીવ, અજીવ (પુદ્ગલ).

આ છ પદાર્થોને જૈન પરિભાષામાં 'ષડ્ દ્રવ્ય' કહેવાય છે. આ પૈકી કાળ સિવાયનાં પાંચ દ્રવ્યો 'અસ્તિકાય' સ્વરૂપ છે. અસ્તિ એટલે પ્રદેશ; કાય એટલે 'સમૂહ'; પ્રદેશોનો સમૂહ તે અસ્તિકાય. દરેક દ્રવ્ય પ્રદેશોના સમૂહ સ્વરૂપ હોય છે.

'પ્રદેશ' શબ્દ જૈન દર્શનનો એક વિશેષ અર્થ ધરાવતો શબ્દ છે. પ્રદેશ એટલે પદાર્થનો લઘુતમ અને નિર્વિભાજ્ય વિભાગ અથવા અંશ. 'પ્રદેશ' જ્યાં સુધી પદાર્થ સાથે જોડાયેલો હોય ત્યાં સુધી તે 'પ્રદેશ' ગણાય. અને જો તે પદાર્થની પૃથક્ થાય તો તેને 'પરમાણુ'ના નામે ઓળખાવાય છે. અલબત્ત, અજીવાસ્તિકાય સિવાય કોઈ દ્રવ્યમાંથી તેનો પ્રદેશ અલગ થતો નથી, થઈ શકતો નથી; કેમ કે તે દ્રવ્ય સ્વયં અમૂર્ત હોય; તોપણ કલ્પનાથી તેને જુદો પાડી શકાય, તેથી તેને માટે ઉપરોક્ત શબ્દો પ્રયોજી શકાય. મજાની વાત એ છે કે સંસ્કૃતના કોઈ શબ્દકોશમાં હજી સુધી 'પ્રદેશ'નો આ અર્થ કોઈ કોશકારે નોંધ્યો નથી! આજે જૈન દર્શન પ્રત્યેની ઉપેક્ષા/અરુચિ પણ કહી શકાય અને તે વિષેનું અજ્ઞાન પણ ગણી શકાય.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બે અમૂર્ત દ્રવ્યો છે, જે ક્રમશઃ જીવ અને પુદ્ગલને, ગતિ કરવામાં અને સ્થિર રાખવામાં ઉપકારક બનતાં દ્રવ્યો છે. આ બે દ્રવ્યો જૈન દર્શનની મૌલિક - જગતથી જુદી અવધારણા છે. જીવ અને પુદ્ગલ ગતિ કરે તે 'ધર્મ'ને આભારી છે; ધર્માસ્તિકાય ન હોય તો તે બે દ્રવ્યોની ગતિ શક્ય બને. એ જ રીતે તે બન્ને દ્રવ્યો ક્યાંક સ્થિતિ કરે – સ્થિર બને, તે 'અધર્મ'ને આભારી છે; અધર્માસ્તિકાય ન હોય તો બેય દ્રવ્યો અસ્થિર થઈને ગતિશીલ જ રહે!

અન્યત્ર 'ધર્મ-અધર્મ'ને 'અદૃષ્ટ' તરીકે કે 'અતિશય' તરીકે ઓળખાવાયા છે. આત્મા કર્મો બાંધે, પછી એ કર્મ તો તે જ ક્ષણોમાં નષ્ટ થાય છે; પરંતુ તે એક અતિશય કે અદૃષ્ટ પેદા કરતું જાય છે, જેના પ્રતાપે આત્માએ કર્મવિપાક ભોગવવાનો આવે છે. આનો સાદો અર્થ 'પુણ્ય ને પાપ' એવો કરી શકાય.

સામાન્ય વ્યવહારમાં ધર્મ અને અધર્મ બે શબ્દો ચલાવી છે જ. શાસ્ત્રવિહિત પ્રવૃત્તિ તે ધર્મ અને નિષિદ્ધ પ્રવૃત્તિને અધર્મ, એમ એનો અર્થ થાય. પરંતુ અહીંયા પ્રયુક્ત 'ધર્મ-અધર્મ' શબ્દો ઉપરોક્ત તમામ અલગ કરતાં અલગ જ અર્થછટા ધરાવે છે, જે ઉપર નોંધ્યું જ છે.

આકાશાસ્તિરાય – એક વિરાટ દ્રવ્ય છે. તેનું પ્રયોજન અન્ય બધાં દ્રવ્યોને, વિશેષતાઃ જીવ અને પુદ્ગલને, અવકાશ (જગ્યા) આપવાનું છે. તે પણ અમૂર્ત દ્રવ્ય છે. ધર્મ-અધર્મ-આકાશ ત્રણે દ્રવ્યો સમગ્ર લોકમાં વ્યાપ્ત છે.

'કાળ'ના પ્રદેશો નથી. તે અખંડ પદાર્થ છે. તે અમૂર્ત છે, અને અનંત પણ છે. વ્યવહાર યોગ્ય રીતે ચાલે તે હેતુથી કાળને કાલ્પનિક રીતે વિભક્ત કરીને 'સમય' થી 'સાગરોપમ' સુધીનાં અનેક નામો વડે ઓળખવામાં આવે છે. તેમાં 'સમય' તે કાળનો સર્વાધિક સૂક્ષ્મ તથા નિર્વિભાજ્ય અંશ છે. કાળનો આ ભેદો, આ બધાં નામો – તે પણ જૈન તત્ત્વદર્શનની મૌલિક અવધારણા છે, જે અન્યત્ર નથી જડતી.

જીવાસ્તિકાય એટલે આત્મા. આત્માની સંખ્યા 'અનંત' છે. પ્રત્યેક આત્માના અસંખ્ય પ્રદેશો હોય છે. આ આત્મા બધાં દ્રવ્યો પર આધિપત્ય ભોગવે છે. તે અમૂર્ત છે. તે કર્મો વડે બંધાય છે, કર્મવશ સંસારમાં ભમે છે, ૮૪ લાખ જીવયોનિમાં ફરે છે, અને છેવટે યોગ થાયને કર્મબંધન તોડીને મુક્ત પણ બને છે. સૃષ્ટિ પરના બધા આત્માઓ ક્યારેય 'મુક્ત' થતા નથી, એટલે સૃષ્ટિનો મહાપ્રલય કે અંત થવાનો નથી.

પુદ્ગલ એટલે જડ દ્રવ્ય, જે મૂર્ત છે : દશ્યમાન છે. તેના પરમાણુ અને સ્કંધ (પરમાણુ - સમૂહ) એમ બે મુખ્ય વિભાગ પાડી શકાય. દષ્ટિગોચર વિશ્વમાં જે પણ ભૌતિક જડ પદાર્થો છે, તે તમામ પુદ્ગલાસ્તિકાયની રચના છે. આ પુદ્ગલની અવસ્થાઓ બદલાતી રહે છે, રૂપાંતર પામતી રહે છે, પણ પુદ્ગલનો સર્વનાશ કે સર્વથા નાશ કદી થતો નથી. 'પરમાણુ' શબ્દ પુદ્ગલના અંતિમ નિર્વિભાજ્ય અંશ માટે જ પ્રયોજાય છે. અન્ય દ્રવ્યોના તેવા અંશને 'પ્રદેશ' કહેવાય છે, પરમાણુ નહીં.

આમ છ દ્રવ્યોથી બનેલી આ સૃષ્ટિ છે. બીજી રીતે, આ છ દ્રવ્ય સિવાય સૃષ્ટિનું અસ્તિત્વ સંભવતું નથી.

૨. જૈન દર્શન એ એક રીતે આત્મ-દર્શન છે. આ દર્શનનું પાયાનું ધ્યેય કે લક્ષ્ય આત્માનો મોક્ષ છે. આત્માનો સંસાર કે સંસારમાં પરિભ્રમણ કેમ ઘટે / મટે, અને આત્મા કર્મોથી તથા પુદ્ગલની જાળમાંથી કેમ મુક્તિ મેળવે તે જ આ દર્શનનું ચાવીરૂપ ધ્યેય છે.

દુનિયાના દુન્યવી વ્યવહારો તેમ જ ભૌતિક સુખો તથા તેની સામગ્રી તે માટેની વ્યવસ્થા – આ બધાંનો જૈન દર્શનને વિરોધ કે નિષેધ નથી. તેનાથી તે સર્વથા વિમુખ પણ નથી. પરંતુ આ દર્શનનું મુખ્ય લક્ષ્ય આ બધું નથી. આ બધું છે તો ભલે રહેતું. તે જેવા સ્વરૂપે છે તે પણ સ્વીકાર્ય જ છે. પર જીવનનું કે આત્માનું મુખ્ય કે પરમ લક્ષ્ય આ બધું નથી. એટલે અન્યત્ર પ્રતિપાદિત અને વ્યવહાર જગતમાં સિદ્ધ થયેલા ભૌતિક વ્યવહારને યથાતથ સ્વીકારી લીધા પછી, ત્યાં અટકી જવાને બદલે તેને ઉવેખીને, જૈન દર્શન પોતાનો જુદો ચીલો ચાતરે છે. તેનું લક્ષ્ય એકમાત્ર આત્મદર્શન, આત્મપ્રાપ્તિ તથા આત્મકલ્યણારૂપ મુક્તિ છે. જૈન દર્શનનું સમગ્ર તત્ત્વજ્ઞાન તથા માન્યતા આ આત્મકલ્યાણના ધ્યેય ઉપર જ નિર્ભર છે એમ કહીએ તે વધુ પડતું નથી.

આત્મકલ્યાણની પ્રાપ્તિ માટેના જિનમાર્ગના કેટલાક પડાવો આવેલ છે : 'કલ્યાણ સાધવાના ઇચ્છુક આત્માએ જગતના અન્ય કોઈ પણ જીવને દુભવવાનો નથી, હણવાનો નથી, કે પીડા પમાડવાની નથી. મન-વાણી-કાયા થકી કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચે તેનાથી બચવા માટે છે. આ માટે તેણે જીવના પ્રકારો કેટલા અને કયા – તેનું જ્ઞાન મેળવવું જરૂરી છે. જૈન દર્શન પ્રમાણે પૃથ્વી, અગ્નિ, પવન, વનસ્પતિ અને હલનચલન કરનારાં પ્રાણી – એમ છે પ્રકારના જીવો છે, જીવસમૂહ છે. આ પૈકી 'કોઈ પણ જીવને મારા થકી પીડા કે હાનિ ન પહોંચવી જોઈએ' એવી આ પ્રાર્થના સાધકની કાળજી સતત હોય છે – હોવી જોઈએ.

'જીવોના છ પ્રકાર છે; અથવા તો આ છ એ તત્ત્વોમાં જીવનતત્ત્વ છે,' એવું દર્શન ભારતમાં જિન દર્શન સિવાય ક્યાંય નહીં જડે. આ જ આ દર્શનની મૌલિકતા છે. વનસ્પતિમાં જીવ હોવાનું આજના મનુષ્યને જગદીશચંદ્ર બોઝ દ્વારા જાણવા મળ્યું, તે અગાઉ સદીઓ પહેલાં મહાવીરસ્વામીએ તે પ્રતિપાદિત કરેલું. તેનો અર્થ કે આ દર્શન કોરું દર્શન નથી, તેમાં વિજ્ઞાન પણ છે.

તો, આ છ પ્રકારના જીવોને પીડા ન પહોંચાડવી તે છે અહિંસા એ અહિંસાનું યથાશક્ય આચરણ તે સંયમ. તે સંયમમાં ઉત્તરોત્તર વધુ ઘનિષ્ઠતા લાવી આપનારું પરિબળ તે તપ. આ અહિંસા, સંયમ અને તપ – એ જૈન સાધનાનો રાજપથ છે. આ ત્રણેની સંકલિત સાધના સમ્યગ્ જ્ઞાન – દર્શન – ચરિત્રના નામે ઓળખવામાં આવે છે.

આ સાધનામાં જેને આસ્થા હોય તે દીક્ષા ગ્રહણ કરે છે. તેને જૈન સાધુ કહેવામાં આવે છે. તેમની જીવનશૈલી તે પર્યાવરણની સર્વાધિક જાળવણી તથા રક્ષા કરનારી શૈલી છે. પોતાની જીવનચર્યાથી પર્યાયવરણને ઓછામાં ઓછી હાનિ પહોંચે તેની સાતત્યપૂર્ણ કાળજી રાખે તેનું નામ જૈન સાધુ. આ સાધુ પરોપજીવી અવશ્ય હોય, પરંતુ તે પરાશ્રિત કે પરાવલંબી – પરાધીન હરગીઝ નથી હોતો. તેઓ સ્વજીવન-નિર્વાહાર્થે અન્યનું ઉપજીવન કરે તેમાં પણ, સામાને ઓછામાં ઓછી હાનિ કે અલ્પાંશે પણ હાનિ નહીં, અને પોતાનો નિર્વાહ – આવી યોજના છે. આ યોજનાને કારણે જ તે સાધુ ક્યાંય પણ – કોઈના પણ ઘરે ગમે ત્યાં જઈ શકે છે; લોકો તેમને માનભેર અને ઉપકૃત થયાની લાગણી સાથે આવકારે છે, અને તેમના જીવન-યાપનમાં સહયોગ આપવાની ખુશી અનુભવે છે. જૈન દર્શન સિવાય અન્યત્ર ક્યાંય પણ આવી યોજના હોય તેવું જોવા મળતું નથી.

૩. તાત્ત્વિક દષ્ટિથી જોવામાં આવે તો જૈન દર્શન નવ તત્ત્વોનું બન્યું છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્ત્રવ, સંવર, નિર્જરા, બંધ

અને મોક્ષ – આ નવ તત્ત્વો છે. આ નવ તત્ત્વોમાં સમગ્ર જૈન દર્શન સમાઈ જાય છે. અન્ય રીતે જોઈએ તો ત્રણ જ તત્ત્વો છે : દેવ, ગુરુ, ધર્મ.

પ્રત્યેક ધર્મ કે સંપ્રદાયને આ ત્રણ તત્ત્વોની અનિવાર્યતા હોવાની. પોતાના માન્ય ઇષ્ટદેવ ન હોય, ધર્મગુરુ ન હોય અને તત્ત્વજ્ઞાન ન હોય તેવો એક પણ સંપ્રદાય જગતમાં નહીં જડે. પરંતુ આ ત્રણને 'તત્ત્વ'ની ભૂમિકાએ પ્રતિષ્ઠિત કર્યાં છે માત્ર જૈન દર્શને, એ યાદ રાખવું પડશે.

૪. જૈન દર્શન અનુસાર આત્માની ચાર ગતિ છે : દેવ, નરક, તિર્યંચ, મનુષ્ય. ૮૪ લક્ષયોનિઓ. આ જ ગતિઓમાં સમાવિષ્ટ છે. ચાર ગતિમાં નિરંતર ભળ્યા કરવું એ આત્માની અનાદિકાલીન નિયતિ છે. સૃષ્ટિની અને આત્માની આદિ નથી હોતી; તેથી તે બન્ને અનાદિ ગણાય છે. તે બેનો કદાપિ અંત નથી હોતો, તેથી તે બન્ને અનંત છે. આવી સૃષ્ટિમાં આત્મા ભટકતો રહે છે – રહ્યો છે. નિયતિના અકળ વિધાને તેને ક્યારેક માનવજન્મ મળે છે; ક્યારેક ધર્મ સાંપડે છે; ક્યારેક આત્મલક્ષી જિનમાર્ગ પ્રાપ્ત થાય છે; અને કોઈ વાર તે માર્ગના અનુસરણ વડે તેનું કલ્યાણ પણ નીપજી આવે છે.

ચાર ગતિમય આ સંસાર છે. એ સંસારમાં જીવને ભમાડે છે તેના કર્મો. તે કર્મો આઠ જાતનાં છે. અન્યત્ર જેને પ્રારબ્ધ, સંચિત અને ક્રિયમાણ – એવાં નામે ઓળખવામાં આવ્યાં છે તે બધાંનો સમાવેશ આ આઠમાં થાય છે. કર્મોનાં વિશિષ્ટ નામો તથા ભેદોપભેદ, તેનાં સ્વરૂપ તથા કાર્ય – બધી બાબતોનું સુઘડ અને સ્પષ્ટ વિવરણ ગ્રંથોમાં મળે છે.

આ કર્મો જીવાત્મા સાથે અનાદિકાળથી જોડાયેલાં છે. તેનો અંત આણી શકાય, પણ તેની આદિ જાણી ન શકાય. એક મા-બાપનાં બે સંતાનો એક રાંક, બીજો રાજા; એક જન્મથી અપંગ, બીજો સ્વસ્થ; એક રોગી, બીજો નિરોગી; એક શ્રીમંત, બીજો ગરીબ; એક કદરૂપો, બીજો રૂપાળો – આ તફાવત કોણે કર્યો? દેખાતું કોઈ કારણ તો છે નહીં. તો તેનું અદીઠકારણ કાંઈક હોવું જોઈએ. એ કારણ તે કર્મ. કર્મથી ગતિ-અવગતિ મળે. કર્મથી માન-અપમાન, રાગદ્વેષ, લાભ-હાનિ વગેરે સંભવે. અન્ય દર્શનોમાં જે કાંઈ ઈશ્વરની જવાબદારીમાં ગણાય છે, તે બધાં કામો જૈનદર્શન પ્રમાણે કર્મના હાથમાં છે.

૫. જૈન દર્શન અનુસાર ઈશ્વર જગતનો કર્તા કે સર્જનહાર નથી. વસ્તુતઃ સૃષ્ટિનો આદિ – અંત જ નથી, એટલે તેના સર્જન તથા વિસર્જનનો પ્રશ્ન જ નથી થતો. દરેક આત્માનો પોતાનો આગવો સંસાર છે, એ તેનું સર્જન-વિસર્જન જે તે આત્મા જાતે જ કરતો હોય છે. તેમાં તેને કોઈ ઈશ્વરની મદદ મળતી પણ નથી, ખપતી પણ નથી. આત્મા સ્વયં ઈશ્વર છે, સ્વયં પોતાની સૃષ્ટિનો કર્તા છે.

આમ, જગતના વિધાતાલેખે ઈશ્વરનો સ્વીકાર ન કરવાને કારણે બીજાં તમામ દર્શનો જૈન દર્શનને નિરીશ્વરવાદી તો ગણે જ છે, ઉપરાંત એક યુગમાં જે શબ્દ ગાળ જેવો મનાતો તે શબ્દ 'નાસ્તિક' પણ તેને માટે પ્રયોજે છે. ઈશ્વર જગત્કર્તા ન હોવાના મુદ્દે જૈન દર્શનના તર્ક કાંઈક આ પ્રકારના છે. ઈશ્વર દેહધારી કે દેહવિહોણો હોય? દેહધારી હોય તો તેને જન્મ-મૃત્યુનું ચક્કર વળગે જ, કર્મો પણ હોવાનાં જ; એટલે તેને ઈશ્વર માનવો ઉચિત નથી લાગતું. જો તે દેહરહિત હોય તો તે શરીર વગર સર્જનનું કાર્ય શી રીતે કરી શકશે? વળી જો તેણે જગતની રચના કરવાની જ હોય તો તે સુખી-સુખમય સર્જન કેમ નથી કરતો? જ્યારે સર્જન કરવું તેની ઇચ્છાને આધીન છે ત્યારે તે દુઃખ-દુર્ભાગ્ય-દુર્ગતિવાળા જગતનું સર્જન શા માટે કરે છે? ઈશ્વર તો ધારે તે કરી શકે. જો તે પોતાના મનોરંજન માટે આ ખેલ પાડતો હોય તો તે 'રાગ' વડે દૂષિત ગણાય; ઈશ્વર આવો દૂષિત હોય ખરો? અને છેલ્લે, જો તમે 'સર્વ પદાર્થોને યથાર્થ રૂપે જાણવા' તેને જ સૃષ્ટિનું સર્જન કહેતા હો, તો તે વાતમાં તો અમારી પણ સંમતિ છે જ.

આસ્તિક-નાસ્તિકની વ્યાખ્યા દર્શને દર્શને અને વળી યુગે યુગે અલગ થાય છે. ઈશ્વરની અમારી સંકલ્પનાને ન સ્વીકારે તે નાસ્તિક – એવી વ્યાખ્યા તો એકાંગી – સંકુચિત વ્યાખ્યા છે. આત્માને, મોક્ષને, પરલોકને, પુણ્ય-પાપને માને તે આસ્તિક; તે બધાંને ન માને તે નાસ્તિક; આ વ્યાખ્યા વધુ સમતોલ અને ઉદાર છે. આ વ્યાખ્યા અનુસાર તો જૈન દર્શન પણ આસ્તિક જ છે.

૬. જૈન દર્શન પાંચ કારણોના સમવાયમાં માને છે. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ – આ પાંચ કારણો છે, અને તે વિશ્વના પ્રત્યેક કારણોના સર્જનમાં ઉપયુક્ત-ઉપકારક બને છે. કોઈ પણ કાર્ય, આ પાંચ કારણોનો સમવાય (સમૂહ) મળે તો જ – ત્યારે જ થાય. આમાંનું એક પણ કારણ ઓછું કે આઘુંપાછું હોય તો કાર્ય નિષ્પન્ન ન થાય. એમ કહેવું હોય તો કહી શકાય કે ઈશ્વરનું સ્થાન, જૈન દર્શનમાં, આ પંચકારણ-સમવાયને અપાયું છે.

ભારતમાં જે વિવિધ દર્શનો છે (હતાં) તેમાં કોઈ કાલવાદી, કોઈ નિયતિવાદી, કોઈ સ્વભાવવાદી, કોઈ કર્મવાદી તો કોઈ

પુરુષાર્થવાદી હતાં. દરેક પોતે નક્કી કરેલા કારણને જ સ્વીકારે; અન્ય કારણોનો અપલાપ કરે. જૈન દર્શને આવા એકાંગી વિચારનો અસ્વીકાર કરીને સમુદિત પાંચે કારણોને સ્વીકાર્યાં. આમાં એક તરફ પેલાં પાંચે વાદોનો સાપેક્ષ સ્વીકાર પણ છે, અને પોતાનું સમન્વયાત્મક અને તેથી અનેકાન્તપરક દર્શન પણ છે.

સૂત્રકૃતાંગસૂત્ર નામના આગમગ્રંથમાં ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી, અજ્ઞાનવાદી એવા વિવિધ દર્શનોના ૩૬૩ પ્રકારો ગણાવ્યા છે. મહાવીર સ્વામીના સમયમાં તે બધા વાદો કે દર્શનો વિદ્યામન હતાં. આ બધાં રદિયો આપી, તેમની એકાંગિતાનો પ્રતિવાદ કરીને જૈન દર્શને અનેકાન્તદષ્ટિ તે બધાં દર્શનો વચ્ચે સંતુલન સાધી આપેલું.

૭. જૈન દર્શનની પોતાની આગવી વિશ્વ-રચનાની વાતો છે. તદ્નુસાર ૧૪ રજ્જુપ્રમાણ આ લોકના ત્રણ વિભાગ : ઊર્ધ્વ, મધ્ય, અધો. તેમાં અધોલોક સાત નરકભૂમિઓ, મધ્યલોકમાં મનુષ્ય-તિર્યંચો, ઊર્ધ્વલોકમાં દેવો-વર્તે છે. આપણને દશ્યમાન સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, તારા, નક્ષત્ર બધાં દેવ દેવવિમાનો છે અને તેમાં દેવો રહે છે. અગણિત દ્વીપ-સમુદ્રોમાં મધ્યલોકમાં પથરાયેલો છે.

કાળની વ્યવસ્થા પ્રમાણે એક કાળચક્રના બે વિભાગ : અવસમર્પિણી અને ઉત્સર્પિણી : અર્થાત્ ઊતરતી ભાંજણી તથા ચડતી ભાંજણી. પ્રત્યેક વિભાગમાં ૨૪ તીર્થંકર થાય. તેઓ ધર્મશાસન પ્રવર્તાવે. તેની ઉપાસના દ્વારા અનેક આત્માઓ 'કેવલજ્ઞાન' અને 'મોક્ષ' પ્રાપ્ત કરે. મોક્ષ એ આ લોકના સર્વોપરી ભાગમાં આવેલ 'સિદ્ધશિલા' નામક એક શાશ્વત સ્થાનનું નામ છે. તેના પર જઈને શાશ્વત કાળ સુધી વસવું તે મોક્ષ. કર્મોસહિત સઘળા પૌદ્ગલિક પદાર્થોને ત્યજીને, શરીરને પણ ત્યજીને, અમૂર્ત-અરૂપી સ્વરૂપે અનાવૃત્ત થયેલ શુદ્ધ આત્મા આ સ્થાનની ઉપર, લોકાકાશની ટોચને અડીને પ્રતિષ્ઠિત થાય છે ત્યારે તે 'મુક્ત' થયો ગણાય છે. તે અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-આનંદ આદિ ગુણોથી છલકાતો હોય છે. મુક્ત થયા પછી હવે તેને પુનઃ કદાપિ સંસારમાં આવવાનું હોતું નથી. તે શાશ્વત કાળ સુધી ત્યાં જ રહે.

મનુષ્ય લોકમાં ૧૫ કર્મભૂમિ છે. જ્યાં અસિ (શસ્ત્ર), મષી (કાગળ, વેપાર) અને કૃષિ (ખેતી)ના વ્યવહાર ચાલતાં હોય તે કર્મભૂમિ ગણાય. તેમાં મુખ્ય ૧૫ ક્ષેત્રો અને પાંચ મેરૂપર્વત છે. આ પંદર પૈકી ૧૦ ક્ષેત્રોમાં એકી સાથે ૨૪-૨૪ તીર્થંકરો થાય. શેષ પાંચ ક્ષેત્રોમાં પણ તીર્થંકરો તો થાય, પણ તેમની ગણના પેલાં ક્ષેત્રો કરતાં અલગ પ્રકારે થાય છે.

૮. તીર્થંકર થનાર વ્યક્તિ રાજકુમાર ક્ષત્રિયવંશી જ હોય. તે કાળાંતરે સર્વસંગનો ત્યાગ કરીને સાધુતા ધારણ કરીને તપસ્યા આચરે; પરિણામે તેમને કેવલજ્ઞાન પ્રગટ થાય. તે પછી તેઓ ધર્મ-દેશના (પ્રવચન) આપે અને સંઘ-સ્થાપના કરે. તેમના પ્રમુખ પટ્ટ શિષ્યોને ગણધર કહેવાય; તેઓ દીક્ષા લેતાં જ દ્વાદશાંગ પ્રવચનની રચના કરે. તેમાં મુખ્ય બાર જૈનાગમો હોય.

એ ગણધરોની શિષ્ય-પરંપરા સદીઓ જ નહીં, હજારો વર્ષો સુધી ચાલે. તેમના રચેલાં આગમો પણ પરંપરા સાથે સચવાય, અભ્યાસ પામે. કાળના વહેવા સાથે તે આગમો વીસરાય, તેનાં કદ ઘટતાં જાય અને તેના બચેલા અંશો આગમ લેખે સ્વીકારાય, અત્યારે આપણી પાસે આવાં ૪૫ આગમગ્રંથો ઉપલબ્ધ છે.

તીર્થંકરે સ્થાપેલ સંઘનાં ચાર અંગો છે : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.

૯. ધર્મ અને દર્શન – બે અલગ પદાર્થ છે. પરંતુ સાધારણ મનુષ્ય તેવા ભેદોને ભાગ્યે જ ગણકારે છે. તેને માટે તો બન્ને પદાર્થો એક જ હોય.

ધર્મનો સંબંધ આચાર-મર્યાદા સાથે છે. તપ, ત્યાગ, સંયમનું આચરણ તે ધર્મ. દર્શનનો સંબંધ વિચારધારા સાથે છે. અનેકાન્તદષ્ટિ એ આ વિચારધારાનું મુખ્ય તત્ત્વ કે સૂત્ર છે. અલબત્ત, આચાર અને વિચાર બે વચ્ચેનું સામંજસ્ય તેમ જ એકબીજાની પૂરક સ્થિતિ એ આ ધર્મ-દર્શનનું મહત્ત્વપૂર્ણ બિંદુ ગણાય. વિચારધારા જુદી, અને આચાર તેથી સાવ અલગ-બિનઅનુરૂપ, એવું અહીં નથી; માન્ય પણ નથી. એટલે જ, અહિંસા, સત્ય, અચૌર્ય, સદાચાર (અબ્રહ્મ ત્યાગ), અપરિગ્રહ, અનાસક્તિ, અપ્રમાદ, અભય, અનેકાન્ત – આ બધા શબ્દો જેટલા વિચારધારાપરક છે તેટલા જ આચારમર્યાદાપરક પણ છે. આચાર અને વિચારનો સુમેળ, સમરસભાવ – એ આ દર્શનની મોટી વિશિષ્ટતા છે.

૧૦. મહાવીર જિન હતા. તેમનું દર્શન અનેકાન્તવાદી હતું. ક્યાંય કોઈ વાતે 'એકાંત' નહીં. 'હું કહું તે જ સાચું', 'મારો દર્શાવેલો મત જ સાચો' આવો એકાંતવાદ એમની દષ્ટિમાં નહોતો. તેમની દષ્ટિમાં તમામ દર્શનો સાપેક્ષભાવે સાચાં હતાં. દર્શનો જ્યારે પરસ્પરનાં પૂરક બને છે ત્યારે બધાં એકાંગી મટી જાય છે અને આપોઆપ સાપેક્ષ સત્યરૂપ પ્રમાણિત થાય છે. એ જ દર્શનો જ્યારે એકબીજાનો તિરસ્કાર કરે છે ત્યારે તે બધાં પોતાને જ 'નિરપેક્ષ કે પૂર્ણતાઃ સત્ય' સમજે છે. ત્યારે તે બધાં એકાંગી બની જતાં એકાંત દષ્ટિવાળાં અને તેથી ખંડિત સત્યવાળા બની જાય છે. અનેકાન્તદષ્ટિ

સત્યને અખંડપણે સ્વીકારવામાં રહી છે. એટલે અનેકાન્તવાદ તે બધાં જ દર્શનોના દષ્ટિબિંદુઓમાં સચવાયેલ આંશિક સત્યોને પકડી લઈને બધાંને એકસૂત્રે બાંધી આપીને એક અખંડ સત્યનું દર્શન કરાવે છે. અનેકાન્તદષ્ટિથી નિહાળતાં એક યા દષ્ટિકોણ અસત્ય નથી; પણ એકાન્તદષ્ટિ આવે કે સત્ય તરડાયા વગર રહેતું નહીં.

આ અનેકાન્ત માત્ર વૈચારિક પદાર્થ નથી; તે આચરણનો પણ મોટો પદાર્થ છે. અનેકાન્ત ફક્ત વિચારધારાનો વિષય બની રહે, અને આચારમર્યાદામાંથી તે અલોપ થાય, ત્યારે સંપ્રદાય, ફિરકા, ગચ્છ આદિના ભેદો સહેજે રચાતા હોય છે, જે મનુષ્યને મહાવીરસ્વામીના મૂળ રાજમાર્ગથી વેગળો લઈ જઈને તેને એકાંગી, એકાન્તવાદી અને તેથી રાગ-દ્વેષગ્રસ્ત બનાવી મૂકે છે.

અનેકાન્તદષ્ટિને સમજવા માટેની ચાવીરૂપી બાબતો : ‘પ્રમાણ, નય, નિક્ષેપ આ ત્રણ છે. ‘કોઈ પણ પદાર્થનું કથંચિત્ એટલે કે કોઈ અપેક્ષાથી હોવું યા ન હોવું’ – એમ બન્ને સ્થિતિનો (સાપેક્ષ) સ્વીકાર કરે તેવું જ્ઞાન તે પ્રમાણ. ‘યા તો હોય, અથવા ન હોય; પણ બન્ને સ્થિતિ તો અશક્ય’ – આમ નિરપેક્ષપણે બે પૈકી એક જ સ્થિતિનો (એકી વખતે) સ્વીકાર કરે તેનું નામ નય ‘પ્રમાણ’ એકી વખતે સાપેક્ષપણે બન્ને સ્થિતિને સ્વીકારશે; જ્યારે ‘નય’ એક વખતે એક સ્થિતિનો જ સ્વીકાર કરશે; અલબત્ત, તે બીજી સ્થિતિને ઈન્કાર નહીં કરે, પણ સ્વીકાર પણ નહીં કરે. અને જ્યારે એક વખતે એક જ સ્થિતિનો સ્વીકાર થાય, પણ બીજી સ્થિતિનો ‘જ’કાર સાથે નિષેધ થાય, ત્યારે તે ‘નય’ આપોઆપ ‘દુર્નય’ બની જાય છે.

નિક્ષેપ એટલે ન્યાસ – એક પદાર્થમાં વિવિધરૂપો કે સ્વરૂપોનો ન્યાસ-સ્થાપના. કોઈ પણ પદાર્થ લઈએ; તેના માટે પ્રયોજાતો શબ્દ લઈએ; તે શબ્દ દ્વારા તે પદાર્થ ચાર રૂપે ઓળખાય. દા.ત. ઘડો ‘ઘડો’ એવું અમુક વસ્તુનું નામ છે : નામ ઘડો. ‘ઘડા’નું ચિત્ર તે સ્થાપના ઘડો. ખાલી ઘડો ખૂણામાં ઊંધો પડ્યો હોય તે દ્રવ્યઘડો. તે જ ઘડામાં પાણી ભરીને મૂકાય અને તેનો તત્સંબંધી પ્રયોજનમાં ઉપયોગ થાય ત્યારે તે ભાવ ઘડો. આમ એક જ ઘડાને વિવિધ – ચાર - પ્રકારથી કે સ્વરૂપે ઓળખાવનારી પ્રક્રિયા છે તે નિક્ષેપ.

નયો સાત છે. પ્રમાણ બે છે : પ્રત્યક્ષ તથા પરોક્ષ. નિક્ષેપ મુખ્યત્વે ચાર છે, જે ઉપર દર્શાવી આપ્યા છે.

પ્રમાણ અને નયને સમજાવવાની એક તત્ત્વ અને તર્ક ભરેલી પ્રક્રિયા તે સપ્તભંગી. કોઈ પણ વસ્તુનું ‘હોવું – ન હોવું’ સમજવા માટે સપ્ત ભંગ-વિદ્યાઓ અનેકાન્તવાદે સ્વીકારેલ છે. જેમ કે –

૧. ઘડો છે. ૨. ઘડો નથી. ૩. ઘડો છે અને નથી. ૪. ઘડો એક જ ક્ષણે છે અને નથી તેવું બોલવું શક્ય નથી : અવસ્તવ્ય. આમ મૂળભૂત ભંગ ચાર છે. બાકીના ત્રણ તે આ ચારના જ ચોક્કસ સંયોજનથી રચાય છે. પદાર્થના અસ્તિત્વને તથા નાસ્તિત્વને સમજવા માટેનું આ સપ્તભંગીરૂપ વિશ્લેષણ દર્શનિક જગતનું એક અનન્ય પ્રદાન છે, એમ કહેવું જોઈએ.

અનેકાન્તવાદની આ દષ્ટિ જેમને નથી સમજાતી તેઓ આ વાદને ‘સંશયવાદ’ તરીકે ઓળખે છે, અને મોટી થાપ ખાતાં રહે છે. એક સર્વાશ્લેષી દર્શનને તથા દાર્શનિક પ્રતિપાદનને / સિદ્ધાન્તને સમજવાની અશક્તિ, તે સિદ્ધાંન્તને જ જૂઠો પાડવા તરફ પ્રેરે, એ દાર્શનિક વિશ્વની મોટી કરુણતા તથા વિડંબના જ ગણાય. ક્વચિત્ અમુક દર્શન પ્રત્યેની સૂત્ર કે અરુચિ પણ આવું પ્રેરતી રહી જણાય છે. અસ્તુ.

અનેકાન્તદર્શન અનુસાર જગતનો પ્રત્યેક પદાર્થ, તે નિત્ય હોય કે અનિત્ય, ત્રણ સ્થિતિ ધરાવે છે : ઉત્પત્તિ, સ્થિતિ અને લય. પ્રત્યેક પદાર્થ પર્યાયોની એટલે વિવિધ અવસ્થાઓની અપેક્ષાએ ઉત્પન્ન થતો રહે છે અને વિનાશ પણ પામતો રહે છે. અને છતાં તે પદાર્થ તેના મૂળભૂત દ્રવ્યસ્વરૂપે કાયમ રહે છે. ઉત્પત્તિ-સ્થિતિ-લયની આ સ્થિતિથી જ તે પદાર્થનું અસ્તિત્વ સિદ્ધ થતું હોય છે – થઈ શકે છે.

૧૧. તીર્થંકર મહાવીર સ્વામી બે પ્રકારના ધર્મમાર્ગ દર્શાવે છે : ૧. સાધુધર્મ; ૨. શ્રાવક ધર્મ. સંસારનો સર્વથા ત્યાગ કરે અને જીવનભર નિષ્પાપ-નિર્દોષ ધર્મ સાધના જ કરે તે સાધુ. તેને પાંચ મહાવ્રતો પાળવાનાં હોય. તે અપરિગ્રહી અને અનાસક્ત હોય. અહિંસા અને સંયમનું પાલન તેનું જીવનકૃત્ય હોય. તે તપસ્વી હોય. અન્યને કોઈને પણ ઓછામાં ઓછી ડિસ્ટર્બ કરવા, અને શક્ય નિઃસ્પૃહ-નિરપેક્ષ રીતે જીવન-યાપન કરવું એ તેમની જીવનશૈલી હોય.

સાધુ ન બની શકે તેવા ગૃહસ્થો શ્રાવક બને છે. તેમણે બાર વ્રતો પાળવાનાં હોય છે. તેમની જીવનશૈલી પણ ન્યાય-નીતિ-સદાચારથી સભર હોય.

સાધુના ત્રણ ધર્મ મુખ્ય : અહિંસા, સંયમ, તપ. તે જ રીતે તેમને રત્નત્રયીની આરાધના કરવાની હોય. તે રત્નત્રયી એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર. આ ત્રણ રત્નો જ મોક્ષનો માર્ગ છે, અને સાધુનું પ્રધાન લક્ષ્ય મોક્ષમાર્ગની આરાધના હોય છે.

૧૨. આત્માની ઉન્નતિ એ જૈન દર્શનની સાધનાનું મુખ્ય લક્ષ્ય

છે. આત્મોન્નતિની ૧૪ ભૂમિકાઓ છે, જે ‘૧૪ ગુણસ્થાનક’ એવા નામે ઓળખાય છે. મિથ્યાદષ્ટિથી માંડીને મુક્તિ પર્યંતના ૧૪ મુકામોમાં પ્રત્યેક મુકામે આત્માનો ગુણવિકાસ સધાતો રહે છે. જેમ જેમ ગુણો વિકસતાં જાય તેમ તેમ ગુણસ્થાન બદલાતું – વધતું જાય. ગુણવિકાસના ચરમોત્કર્ષે આત્મા મોક્ષપદ પામે.

ગુણઠાણાની આ સમગ્ર પ્રક્રિયા જરા અટપટી લાગે તેવી છે. પરંતુ એ જૈન દર્શનની આગવી દેન છે, જે અન્યત્ર જડે તેમ નથી.

૧૩. આમ, જૈન દર્શનનો અછડતો પરિચય આપતી વાતો અહીં કરી. આમ તો આમાં ઘણી વાતો તથા સિદ્ધાંતોની છણાવટ બાકી રહે છે અથવા અધૂરી જ થઈ છે. પરંતુ સ્થૂળ પરિચયમાં આથી વધુ વર્ણન કેટલું થઈ શકે? આમ છતાં, જો વર્ણન વાંચીને કોઈકને જૈન દર્શનનો વિશેષ પરિચય મેળવવાની ઇચ્છા થશે તો આ પ્રગતિની તે સાર્થકતા હશે.

૧૪. જૈન દર્શન સામે વિદ્વાનોની એક કાયમી ફરિયાદ એ છે કે આ દર્શનની પરિભાષા બહુ અઘરી – અટપટી અને વળી બહુ મોટી છે. એ બધી સમજવી તેમજ યાદ રાખવી. અશક્ય પ્રાય છે. પારિભાષિક શબ્દોની આટલી બધી જટિલતાનો પાર કેમ પામવો?

એક હદ સુધી આ ફરિયાદમાં તથ્ય છે તે સ્વીકારવું જોઈએ. પરંતુ પછી કહેવાનું એ છે કે કયા ધર્મમાં અને દર્શનમાં પોતાની આગવી-અલગ પરિભાષા નથી? આપણે તેનાથી સાવ અનભિજ્ઞ હોઈએ જ છીએ, છતાં જ્યારે તેમાં રસ દાખવીએ અને તેનો અભ્યાસ કરીએ છીએ ત્યારે તે બધી પરિભાષા સહેજે હસ્તગત – બુદ્ધિગત – વાણીગત થતી જ હોય છે.

ઇંગ્લિશ એ પરભાષા છે; વિજ્ઞાન-સંબંધિત અનેક વિષયો સાવ નવા જ હોય છે, અને તેની પરિભાષા તો અત્યંત જટિલ – અટપટી જ હોય છે; છતાં ભણવા બેસીએ ત્યારે તે બધું શીખી જવાય છે – આવડી જાય છે. ત્યારે તે વિષે કોઈ ફરિયાદ થતી નથી. ઊલટું, તે બધું જાણનારા સંસ્કૃતભાવ ને જટિલ કહીને તેના વિષે ફરિયાદ કરતાં થાય છે! કાંઈક એવું જ જૈન પરિભાષા માટે પણ બન્યું છે. આપણને આ દર્શન પ્રત્યે રુચિ નથી હોતી જિજ્ઞાસા પણ નથી હોતી, તેથી તેની વાત નીકળે ત્યારે ‘એ તો ભાઈ બહુ અઘરી વાતો’ – એમ કહીને સહેલાઈથી છટકી જવાનું આપણને ફાવી ગયું છે. બાકી સંસ્કૃતના જ્ઞાતા હોય, વિવિધ દર્શનોના અભ્યાસી હોય, તો તેમને મા જૈન દર્શનની વાતો તથા પરિભાષા અઘરી ન જ પડવી જોઈએ, ન જ પડે. સવાલ આપણા રસ અને જિજ્ઞાસાનો છે. જો સહજ અરુચિ જ હોય તો તેનો કોઈ ઉપાય કે જવાબ નથી હોતો.



◆ ◆ ◆

# બૌદ્ધ તત્ત્વચિંતન


**ડૉ. દિલીપ ચારણ**

*ગુજરાત યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યાપક અને અધ્યક્ષ. તેઓ છવીસ વર્ષોનો અધ્યાપનનો અને વીસ વર્ષોનો સંશોધનનો અનુભવ ધરાવે છે. એમનાં પાંચ પુસ્તકો અને ત્રીસ સંશોધન પત્રો પ્રગટ થયેલાં છે.*


ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકાના મધ્યભાગમાં બૌદ્ધધર્મના સ્થાપક ભગવાન ગૌતમબુદ્ધનો જન્મ થયો હતો. પ્રારંભના બૌદ્ધધર્મને ‘પાલી બૌદ્ધ ધર્મ’, ‘ત્રિપિટકનો બૌદ્ધ ધર્મ’, ‘દક્ષિણી બૌદ્ધ ધર્મ’ અને થેરવાદ (અર્થાત્ સ્થવિરવાદ – વૃદ્ધોનો સિદ્ધાંત) એવાં વિવિધ નામોથી પણ ઓળખવામાં આવે છે. બુદ્ધના આવિર્ભાવ સુધીમાં પ્રાચીન વેદધર્મમાં અનેક પરિવર્તનો આવ્યાં હતાં. એક તરફ જનસમાજમાં કોઈક-કોઈક સ્થળે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યના ઉપદેશનો પ્રભાવ હતો, તો તેને સમાંતર બીજી તરફ જનસમાજનો મોટોભાગ કર્મકાંડના જાળામાં બંધાયેલો હતો. જ્ઞાન, ભક્તિ, કલા અને સાધુતાની મૂળ વૈદિક ભાવનાનું સ્થાન તાર્કિકો, કર્મકાંડીઓ અને છીછરા તપસ્વીઓએ લીધું હતું. આવે સમયે ધર્મઉદ્ધારના મહાનિયમને અનુસરી ભગવાનશ્રી ગૌતમ બૌદ્ધનો અવતાર થયો તેમનું નામ સિદ્ધાર્થ હતું, તેઓ ગોતમ અથવા ગૌતમ નામના પ્રાચીની ગૌત્રના હતા. તેમણે જ્ઞાન અર્થાત્ બોધિની પ્રાપ્ત કરી, અને તેને લીધે તેઓ જીવનરૂપી સ્વપ્નમાંથી જાગ્રત થઈ સત્યનું દર્શન કરી શક્યા.

‘બુદ્ધ’ એટલે બોધ પામેલા, જાગેલા જ્ઞાની. આ સંસારમાં અજ્ઞાનીજનોને સૂતેલા સમજવા, અને જ્ઞાનીને જ જાગૃત સમજવાં. તેથી જ ગૌતમકુળમાં ઉત્પન્ન થયેલા મહાપુરુષ સિદ્ધાર્થને ‘બુદ્ધ’ કહે છે.

(૧) બુદ્ધં શરણં ગચ્છામિ – ‘હું બુદ્ધને શરણે જાઉં છું.’

(૨) ધર્મં શરણં ગચ્છામિ – ‘હું ધર્મને શરણે જાઉં છું.’

(૩) સંઘ શરણં ગચ્છામિ – 'હું સંઘને શરણે જાઉં છું.'

આ ત્રણ બૌદ્ધધર્મના મહામંત્ર રૂપી'રત્નત્રય' છે. બૌદ્ધધર્મના અનુયાયીઓએ જે કંઈ જાણવાનું છે તે સઘળું આમાં સૂચવાયું છે.

**મહાભિનિષ્ક્રમણ :**

રાજકુમાર સિદ્ધાર્થ યુવાવસ્થામાં સંસારમાં પ્રવૃત્ત થાય છે. પણ તેમનો આત્મા સંસ્કારી હતો. ઇન્દ્રિયભોગમાં હંમેશ માટે લપટાઈ રહે એવો ન હતો. એવું કહેવાય છે કે ચાર નિમિત્તો (વૃદ્ધ, રોગી, મૃત્યુ અને સંન્યાસી)ને જોઈને તેમનો સંસ્કારી આત્મા જાગી ગયો. અને તેમણે સંસારી જીવનનો ત્યાગ કર્યો. રાણી યશોધરા અને પ્રિય પુત્ર રાહુલનો ત્યાગ કરતી વખતે રાજકુમાર સિદ્ધાર્થના મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ થયા. આખરે સમસ્ત સંસારના કલ્યાણના અર્થે પોતે કરેલા 'ગૃહત્યાગ'ના સંકલ્પનો વિજય થયો. અને રાજકુમાર સિદ્ધાર્થ સંસારનો ત્યાગ કરે છે. સંસારત્યાગનો આ મહાન ઐતિહાસિક બનાવ બૌદ્ધ ધર્મશાસ્ત્રોમાં 'મહાભિનિષ્ક્રમણ'ના નામે ઓળખાય છે.

**મધ્યમમાર્ગ :**

સંસારના દુઃખોનો ઉપાય શોધવા બુદ્ધ પ્રારંભમાં કઠોર તપશ્ચર્યા કરે છે. અતિશય દેહદમનવાળી તપશ્ચર્યાથી તેમને કાયિક-વાચિક દુષ્કર્મોથી મુક્તિ મળે છે. પરંતુ દુઃખમાત્રમાંથી મુક્તિ મેળવવાનો ઉપાય મળ્યો નહીં. તેમને પ્રતીતિ થાય છે કે માત્ર કઠોર તપથી ચિત્તનો મેલ દૂર થતો નથી. ''અત્યંત ભોગવિલાસથી જેમ સત્ય જડતું નથી, તેમ અત્યંત દેહદમનમાંથી પણ જડતું નથી.'' આખરે 'મધ્યમ પ્રતિપદા'નો મહિમા (મધ્યમમાર્ગ) તેમને સમજાયો. તે આખરે દેહદંડના માર્ગની સમાજમાં પ્રતિષ્ઠા હતી, તેને છોડી દે તો ટીકાપાત્ર થવાય. પરંતુ બુદ્ધે તેની પરવા કરી નહીં. તેમને ઘોર તપશ્ચર્યાનો માર્ગ છોડી દીધો. અહીંથી બુદ્ધની સાધનાનો દ્વિતિય તબક્કો – 'મધ્યમમાર્ગ' શરૂ થાય છે. એમણે ધ્યાનમાર્ગ તરફ વળવાનો નિશ્ચય કર્યો. ચિત્તને અને સમગ્ર જગતને મૈત્રીથી ભરી દેનારું ધ્યાન જ તેમને સાચો પરમશાંતિનો ઉપાય લાગ્યો. કામ, દ્વેષ અને હિંસા ચિત્તનાં મળો છે. તેમના પર વિજય પ્રાપ્ત કરી નિષ્કામતા, મૈત્રી અને અહિંસાનો વિકાસ કરવા તેમણે ચિત્તને કેળવવા માંડ્યું. સાથે સાથે એમને એવી પણ પ્રતીતિ થઈ કે નિર્ભયતા વિના તત્ત્વબોધ થવો કઠિન છે. તેથી તેમણે નિર્ભયતા કેળવવા માટે પણ સઘન પ્રયાસ કર્યો. ધ્યાનમાર્ગમાં માર (તૃષ્ણા) સાથે મહાસંગ્રામ કરવો પડે છે. સતત જાગ્રત રહીને અને ધ્યાન કરીને તેમણે ચિત્તની બધી દુર્વૃત્તિઓ અને કુવાસઓનો નાશ કર્યો. વૈશાખી પૂર્ણિમાની એક રાત્રે પીપળાના વૃક્ષ નીચે ધ્યાનસ્થ બુદ્ધનું ચિત્ત નિર્મળ થયું. ગૌતમને પરમ જ્ઞાન (સંબોધિ) થયું. તે 'બુદ્ધ' બન્યા. પરમશાંતિની સંપૂર્ણ અનુભૂતિ પછી તેમને ઉદ્‌ગાર કાઢ્યા છે – 'ધર્મજ્ઞાનનો જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે માર (તૃષ્ણા)ની સેનાનો ધ્વંસ થઈ જાય છે અને તે પરમજ્ઞાન સૂર્યની જેમ પ્રકાશે છે.'

**ધર્મચક્રપ્રવર્તન :**

બોધિજ્ઞાન પામ્યા પછી બુદ્ધને લાગ્યું કે તેમણે શોધેલ માર્ગ લોકપ્રવાહથી ઊલટો જનારો છે, ગંભીર અને સૂક્ષ્મ છે. તેનો ઉપદેશ લોકોને આપવો વ્યર્થ છે. પરંતુ તરત જ તેમનામાં કરુણા, મૈત્રી, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાઓ જાગી. સંસારના દુઃખ જોઈ કરુણા જાગી અને લોકોને દુઃખ મુક્ત થવાનો માર્ગ બતાવવા સંકલ્પ કર્યો. સર્વ જીવો પ્રત્યેની મૈત્રીએ સંકલ્પને દઢ કર્યો. જે પોતાના માર્ગને સ્વીકારશે તેના પ્રત્યે મોદ પામશે અને જે પોતાના માર્ગનો અસ્વીકાર કરશે તો તેના પ્રત્યે દ્વેષ નહીં પણ ઉપેક્ષા-ઉદાસીનતા સેવશે એવો નિશ્ચય કર્યો. આમ બોધિજ્ઞાનથી પોતે પ્રાપ્ત કરેલા દુઃખમુક્તિના માર્ગનો લોકકલ્યાણર્થે ઉપદેશ આપવાનો તેમણે નિર્ણય કર્યો.

સૌ પ્રથમ પોતાના પાંચ શિષ્યોને તેમણે અભિનવ ધર્મમાર્ગનો ઉપદેશ આપ્યો. જેને **'ધર્મચક્રપ્રવર્તન'** કહેવાય છે. ધીરે ધીરે સમગ્ર ભારત દેશમાં બૌદ્ધધર્મનો પ્રચાર-પ્રસાર થયો. તેને રાજ્યાશ્રય પણ મળ્યો.

બુદ્ધનો ઉપદેશ સર્વ માટે હતો. તેમણે અનેક નિમ્ન જાતિના લોકોને પણ ઉપદેશ કર્યો હતો. તેમણે ભિક્ષુકોને કહ્યું હતું કે ભિક્ષુઓ, બહુજનોનું હિત કરવા, બહુજનોને સુખી કરવા અને બહુજનોનું કલ્યાણ કરવા તમે ધર્મોપ્રદેશમાં પ્રવૃત્ત થાવ. કર્મારપુત્ર ચુંદ, ગણિકા આમ્રપાલી અન અંગુલિમાલ લુટારા જેવા અસંખ્ય લોકો બુદ્ધને શરણે આવ્યાં હતાં. બોદ્ધધર્મ અંગિકાર કરી સંઘમાં પ્રવેશી સાધના કરવાનો સૌને સરખો અધિકાર છે એમ બુદ્ધ માનતા હતા.

સતત પિસ્તાળીસ વર્ષ સુધી બુદ્ધ ભગવાને ધર્મચક્ર પ્રવર્તન કર્યું અને એંશી વર્ષની ઉંમરે નિર્વાણ પામ્યા. એમના અવસાન વખતે એમણે શિષ્યોને જે ઉપદેશ કર્યો છે તે પ્રેરણાદાયી છે. ''હે ભિક્ષુઓ! ધર્મ જ તમારો ગુરુ, બીજો કોઈ ગુરુ નહીં. બધી વસ્તુઓ નાશવંત છે. અપ્રમાદી બની દુઃખમુક્તિના ધ્યેય ભણી આગળ વધો.'' આ પ્રેરણાદાયી વચનો સાથે મલ્લોના કુશીનગર પાસે શાલવનમાં શાલવૃક્ષની નીચે બુદ્ધ મહાપરિનિર્વાણ પામ્યા. બુદ્ધનો ઉપદેશનો

માર્ગ આજે અઢી હજાર વર્ષ પછી પણ વિશ્વને માર્ગદર્શનરૂપ બની રહ્યો છે. એ માનવજાતનું અને સર્વ જીવોનું સૌભાગ્ય છે.

**બૌદ્ધધર્મના ગ્રંથો :**

બૌદ્ધધર્મના મૂળ ગ્રંથોમાં કેટલાક પાલિ અને કેટલાક સંસ્કૃત ભાષામાં રચાયા છે. આ બંનેમાં પાલિ ભાષાના ગ્રંથો વધુ પ્રાચીન છે. સાથે સાથે બૌદ્ધધર્મ ભારતની બહાર તિબેટ, ચીન, જાપાન વગેરે દેશોમાં પ્રચલિત થયો. અને તે તે દેશોની ભાષાઓમાં પણ મૂળ પાલી અને સંસ્કૃત ગ્રંથોના અનુવાદો થયા છે.

બૌદ્ધધર્મના પાલી ભાષામાં રચાયેલાં સૌથી પ્રાચીન ગ્રંથોને 'ત્રિપિટક' કહેવામાં આવે છે. 'પિટક' એટલે પેટી, ટોપલી અર્થાત્ ધર્મ સંબંધી ગ્રંથોનો સમૂહ કે વર્ગ એટલે 'પિટક'.

'ત્રિપિટક'ના નામ છે. (૧) વિનય-પિટક (૨) સૂત્ર પિટક અને (૩) અભિધર્મ-પિટક. આ ત્રણ પૈકી વિનય-પિટકમાં બૌદ્ધ સદાચારને લગતાં નિયમો સંગ્રહાયેલાં છે. મુખ્યત્વે કરીને ભિક્ષુઓએ કેવું આચરણ કરવું તે અંગે અનેક સંવાદો અને કથાઓનો ઉપદેશ કરવામાં આવ્યો છે. સૂત્ર-પિટકમાં બૌદ્ધધર્મના દાર્શનિક સિદ્ધાંતોનો વિવિધ કથાઓ અને સંવાદો દ્વારા ઉપદેશ કરવામાં આવ્યો છે. અભિધર્મ-પિટકમાં બૌદ્ધધર્મના તાત્ત્વિક સિદ્ધાંતોનું ગંભીર અને સૂક્ષ્મ વર્ણન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત 'સદ્ધર્મપુંડરીક', 'લલિતવિસ્તર', 'સુખાવતી વ્યૂહ' વગેરે સંસ્કૃત ગ્રંથો પણ રચાયા છે. સૂત્ર-પિટકના આધારે બૌદ્ધધર્મના સારરૂપ 'ધમ્મપદ' નામે એક ગ્રંથ રચાયો છે. બોધિસત્વની કથાઓનું નિરૂપણ કરતો એક 'જાતકમાળા' નામે ગ્રંથ છે જેમાં સરળ રીતે બૌદ્ધધર્મદર્શન અને નીતિનું નિરૂપણ છે.

**ગૌતમ બુદ્ધનો મુખ્ય ઉપદેશ :**

આપણે જોયું કે રાજકુમાર સિદ્ધાર્થ ચાર નિમિત્તો જોઈને સંસાર ત્યાર કરે છે. સંસારમાં જરા (વૃદ્ધાવસ્થા), વ્યાધિ અને મરણ જોઈને બુદ્ધના દયાળુ હૃદયને એ પ્રતીતિ થઈ કે વસ્તુમાત્ર ક્ષણિક છે, અને દુઃખમય છે. આ દુઃખનું નિદાન-કારણ શોધવું અને તેના નિવારણનો ઉપાય શોધવો એ બુદ્ધની સાધનાનું ધ્યેય બને છે. ભગવાન બુદ્ધે જોયું કે, દુઃખમાત્ર જીવવાની તૃષ્ણા (ઇચ્છા)માંથી – 'હું જીવું, જીવું, ગમે તેમ કરીને, કોઈને દુઃખ દઈને પણ જીવું' એવી લાલસામાંથી જન્મે છે. તેથી સઘળી લાલસાઓનું મૂળ એવાં આત્મવાદને ત્યજી અનાત્મવાદ ગ્રહણ કરવો – અર્થાત્ હુંપણું ત્યજવું – એવો ઉપદેશ બુદ્ધ કરે છે. એ સ્થિર અને શાશ્વત આત્મા (હું પણા)ના મોહથી મનુષ્ય સંસારમાં પ્રવૃત્ત થાય છે અનેક પાપનો ભાગીદાર બને છે. જીવનની તૃષ્ણા અને તૃષ્ણામાંથી ઉપજતા વિષયરૂપ (ઉપાદાન)નો નાશ થાય, એટલે પુનર્જન્મ અને પુનર્જન્મ સાથે જોડાયેલા જરા-મરણ વગેરે દુઃખો શમી જાય. આ દુઃખરહિત અવસ્થા તે નિર્વાણ. 'નિર્વાણ' એટલે બુઝાઈ જવું. મનુષ્યના હૃદયમાં હુંપણું અને રાગ-દ્વેષ વગેરે જે જે નિષેધક વૃત્તિઓ સળગે છે તેનું બુઝાઈ જવું. આ 'નિર્વાણ'ની સ્થિતિ પ્રાપ્ત કરવાનો બુદ્ધે દર્શાવેલો માર્ગ 'મધ્યમપ્રતિપદા' અથવા 'આર્ય અષ્ટાંગમાર્ગ' કહેવાય છે.

**ચાર આર્યસત્યો :**

ભગવાન બુદ્ધે ચાર આર્યસત્યો ઉપદેશેલાં છે. દેશ, કાળ કે જાતિના મર્યાદિત બંધનથી પર થઈને આધ્યાત્મિક સાધના કરતી વ્યક્તિ એટલે 'આર્ય' અને તે જેને પ્રમાણિક પણે અનુસરે તેવા સત્યો-આર્ય સત્યો.

**પ્રથમ આર્યસત્ય : દુઃખ છે.**

જન્મ જરા, વ્યાધિ, મરણ સર્વ દુઃખકારક છે. અપ્રિય વસ્તુઓની પ્રાપ્તિ અને પ્રિય વસ્તુઓનો વિયોગ પણ દુઃખકારક છે. અનિત્ય અને ક્ષણિક એવા સંસારમાં દુઃખ એક નરી વાસ્તવિકતા છે.

**દ્વિતીય આર્યસત્ય : દુઃખ સમુદાય અર્થાત્ દુઃખનું કારણ છે.**

કાર્યકારણનો નિયમ સાર્વત્રિક છે. તે અનુસાર કોઈપણ કાર્યને તેનું કારણ હોય છે. આ સૃષ્ટિમાં કારણ વગર કશું પણ બનતું નથી. આ જગતમાં દુઃખનું હોવું એક નરી વાસ્તવિકતા છે, તો પછી તેનું પણ કશુંક કારણ હોવું જોઈએ. આપણે જો દુઃખનું કારણ શોધી શકીએ અને તે કારણને જો દૂર કરીએ તો તે કારણના પરિણામ રૂપે રહેલા દુઃખો પણ દૂર થઈ જાય. ભગવાન બુદ્ધ કહે છે કે આપણા દુઃખનું મૂળ કારણ છે 'તૃષ્ણા'. 'તૃષ્ણા' અર્થાત્ કામ, ભોગ અને જીજિવિષા અને તૃષ્ણાનું મૂળ કારણ છે અવિદ્યા. તેથી જો 'અવિદ્યા'નો નાશ થાય તો તૃષ્ણાનો નાશ થાય અને તૃષ્ણાનો નાશ થવાથી તેના પરિણામરૂપ રહેલા દુઃખોમાંથી પણ મુક્ત થઈ શકાય.

**તૃતીય આર્યસત્ય : દુઃખ નિરોધ**

જો દુઃખનું કારણ છે તો તે કારણને નાશ કરવાનો ઉપાય પણ હોવો જોઈએ. દુઃખનું મૂળ કારણ 'અવિદ્યા'ને દૂર કરવા ભગવાન બુદ્ધ દુઃખ નિરોધ માટે કહે છે કે સમ્યગ્જ્ઞાન વડે અવિદ્યાનો નાશ થાય તો કાર્યકારણ શૃંખલા આપોઆપ તુટી જાય છે.

**ચતુર્થ આર્યસત્ય : દુઃખ નિરોધનો માર્ગ**

દુઃખ નિરોધનો ઉપાય છે. દુઃખને દૂર કરવું હોય તો તૃષ્ણાનો નાશ કરવો જોઈએ. તૃષ્ણાના નાશ ઉપાય તરીકે બુદ્ધે અષ્ટાંગિક માર્ગનો ઉપદેશ આપ્યો છે. આ માર્ગ દેહદમન અને અતિશય

ભોગવિલાસ બંને વચ્ચેનો મધ્યમ માર્ગ છે. તેના આઠ અંગ નીચે પ્રમાણે છે.

૧. સમ્યગ્ દૃષ્ટિ – સારી સમજણ, જ્ઞાન

૨. સમ્યગ્ સંકલ્પ – સારો સંકલ્પ (ક્રિયા કરવાનો નિશ્ચય)

૩. સમ્યગ્ વાક્ – સારી વાણી : (અસત્ય ભાષણ, નિંદા કે મિથ્યા બકવાદ ન કરવો.)

૪. સમ્યગ્ કર્મ : સારા કર્મ : શીલ અને દાન

૫. સમ્યગ્ અજીવ : સારી આજીવિકા, સારો વ્યવસાય કરીને જીવનનિર્વાહ કરવો.

૬. સમ્યગ્ વ્યાયામ : શુભ પ્રયત્ન

૭. સમ્યગ્ સ્મૃતિ – સારી સ્મૃતિ યા વિચાર

૮. સમ્યગ્ સમાધિ – સમાધિ, ચિત્ત એકાગ્ર કરવું

ભગવાને બુદ્ધે પ્રબોધેલા આ આર્ય અષ્ટાંગિક માર્ગ ત્રણ સ્કંધોમાં (= વિભાગોમાં) વહેંચાયેલા છે – પ્રજ્ઞાસ્કંધ, શીલસ્કંધ અને સમાધિસ્કંધ. સમ્યગ્ દૃષ્ટિ અને સમ્યગ્ સંકલ્પ પ્રજ્ઞાસ્કંધમાં સમાવેશ પામે છે. સમ્યગ્ વાણી, સમ્યગ્ કર્મ અને સમ્યગ્ આજીવ શીલસ્કંધમાં સમાવેશ પામે છે અને સમ્યગ્ વ્યાયામ, સમ્યગ સ્મૃતિ અને સમ્યગ્ સમાધિ સમાધિસ્કંધમાં સમાવેશ પામે છે.

ભગવાન બુદ્ધના મૂળ ઉપદેશોમાં ઉપદેશોમાં સીધેસીધા તાત્ત્વિક સિદ્ધાંતો નિરૂપાયેલા નથી. કારણ કે તેમને સર્વ પ્રકારના તાત્ત્વિક કુતૂહલ પ્રત્યે અણગમો હતો. તેમણે કહેલું : ''તત્ત્વચર્ચાથી કોઈ શુદ્ધ થતું નથી, પણ કેવળ શાંતિથી જ શુદ્ધ થાય છે.'' જોકે તેમના ઉપદેશમાં ભલે પ્રગટપણે તત્ત્વદર્શન ન હોય, પણ તત્ત્વદર્શનને લગતાં અમુક સિદ્ધાંતો ગર્ભિતસ્વરૂપે તેમાં છે જ.

**અનાત્મવાદ :**

આપણને થતો જગતનો અનુભવ – ગરમી, ઠંડી, તેજ, છાયા, રાગદ્વેષ, દુ:ખ, સુખ જેવાં વિશિષ્ટ સંવેદનો જ હોય છે. આ સંવેદનો અને વિચારો સ્વતંત્ર હસ્તી ધરાવતાં નથી, પણ તે બધાં 'આત્મા' નામે ઓળખાતા નિર્વિકાર તત્ત્વના ગુણ છે. ભગવાન બુદ્ધે અનિત્ય અને અસ્થિર એવા સંવેદનો અને વિચારોની હસ્તી સ્વીકારી, અને શાશ્વત, નિર્વિકાર, બધા અનુભવોના આધાર તરીકેની આત્માની હસ્તીનો અસ્વિકાર કરી એ સાબિત કર્યું કે સ્થિર અને શાશ્વત આત્મતત્ત્વની કલ્પનાને માટે કશો આધાર નથી. અર્થાત્ તેમણે ચેતનાની જુદી જુદી અવસ્થાઓનો સ્વીકાર કર્યો, પણ ચિત્તની હસ્તી માન્ય રાખી નહીં. આ સંવેદનો અને વિચારો તથા જેઓ જેની સાથે જોડાયેલા છે તે ભૌતિક બાબતો એ પોતે જ આત્મા છે. આત્મા આપણને થતાં સર્વ સંવેદનોનો સંઘાત (અર્થાત્ સમૂહ હે સંગ્રહ છે). અને એ સંઘાતથી ભિન્ન, કે તેની અંદર ગર્ભિતપણે રહેલું બીજું કોઈ 'આત્મા' જેવું તત્ત્વ છે તેનો બુદ્ધે અસ્વીકાર કર્યો. આમ બુદ્ધના મતે 'આત્મા' એટલે પાંચ સ્કંધોનો સંઘાત.

૧. રૂપ સ્કંધ : આત્મામાં રહેલા શારીરિક તત્ત્વો.

૨. વિજ્ઞાનસ્કંધ : 'હું છું' એવું ભાન / અસ્મિતા

૩. વેદના સ્કંધ : લાગણી

૪. સંજ્ઞા સ્કંધ : ઇન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન

૫. સંસ્કાર સ્કંધ : મનની વૃત્તિઓ

ઉપરોક્ત પાંચમાંથી પ્રથમ 'રૂપસ્કંધ'માં શારીરિક તત્ત્વોનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ચાર સ્કંધોમાં માનસિક તત્ત્વોનો સમાવેશ થાય છે.

માત્ર આત્માના સંદર્ભમાં જ નહીં ભૌતિક પદાર્થો વિષે પણ બુદ્ધ આવો જ મત ધરાવે છે. જ્યારે આપણને બહારથી ભૌતિક પદાર્થના સંવેદનો આવી મળે છે ત્યારે સંવેદનો કોઈપણ વિષયમાં રહેલા ગુણો કે વિશેષોના હોય છે. દા.ત. માટીના ઘડામાં રહેલા, રંગ, આકાર, કદ વગેરે ગુણો. બુદ્ધ આ ગુણોને – અર્થાત્ જેને વિષે ઇન્દ્રિયો દ્વારા જ્ઞાન થાય છે તેને જ સંવેદનનો વિષય માને છે. અને તેનાથી ભિન્ન એવા કોઈ સ્વતંત્ર અને સંવેદનોના અધિષ્ઠાનરૂપ તત્ત્વ એવાં નિત્ય સ્થિર પદાર્થનો અસ્વીકાર કરે છે. આમ આત્માની જેમ ભૌતિક પદાર્થો પણ સંઘાત જ છે, અને તેના મૂળમાં કશું જ એકત્વ રહેલું નથી. આને બુદ્ધનો અનાત્મવાદ કહે છે. દા.ત. 'તે વિચાર કરે છે' અથવા 'તે સફેદ છે.' એમ આપણે કહીએ છીએ તેમાં 'તે' એવો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી હોતો. એવો બૌદ્ધદર્શનનો મત છે. બૌદ્ધ સાહિત્યના 'મિલિન્દપન્હ' નામના ગ્રંથમાં 'રથ'ની આખ્યાયિકા દ્વારા 'અનાત્મવાદ'ના સિદ્ધાંતને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમાં મિનેન્ડર નામના ગ્રીક રાજા તથા નાગસેન નામના બૌદ્ધ બિક્ષુ વચ્ચે થયેલા સંવાદનું નિરૂપણ કરેલ છે. એક દિવસ રાજા મિલિન્દ નાગસેનને મળવા ગયો ત્યારે ભિક્ષુએ અનાત્મવાદ વિષે પ્રવચન આપ્યું. પણ તેથી રાજાના મનનું સમાધાન ન થયું, એ જોઈ નાગસેને કહ્યું : 'મહારાજ, તમે ચાલતા આવ્યા કે રથમાં બેસીને?' રાજા કહે : 'ભગવન હું રથમાં બેસીને આવ્યો છું.' નાગસેને કહ્યું : 'મહારાજ, તમે રથમાં બેસીને આવ્યા હો, તો રથ શાને કહેવાય તે બતાવો.' શું ઊધ તે રથ છે? પૈડાં તે રથ છે? ધરી વગેરે રથના બધા જ અવયવો વિશે એ પ્રમાણે પ્રશ્નો પુછાયા ત્યારે રાજા જોઈ શક્યો કે રથના જુદા જુદા ભાગોને છૂટા છૂટા લઈને

જોઈએ, તો તેને રથ ન કહેવાય. પણ એ તમામ ભાગો ભેગા કર્યા હોય કે અમુક રીતે ગોઠવ્યા હોય તે એ સંઘાતને ઓળખવા જ માટે જ 'રથ' શબ્દ વપરાય છે. પછી નાગસેને કહ્યું : એ જ પ્રમાણે, 'આત્મા' એ પણ અમુક શારીરિક અને માનસિક અવયવોનો સંઘાત અથવા સમુદાયને ઓળખવા માટે આપેલું ફક્ત એક નામ જ છે. માણસને જેની પ્રતીતિ થાય છે તેમાંના એકપણ પદાર્થને તેના અવયવો કે વિભાગોથી અલગ એવી સ્વતંત્ર હસ્તી નથી. આમ બૌદ્ધદર્શનનો 'અનાત્માવાદ' એમ સિદ્ધ કરે છે કે આત્મા અને જડ દ્રવ્ય બંને સંઘાત અર્થાત્ સમુદાયરૂપે જ હસ્તી ધરાવે છે, ને બેમાંથી એકેય અખંડ અને સ્વતંત્ર પદાર્થ નથી.

**ક્ષણભંગવાદ :**

અનાત્મવાદનો કાલની દૃષ્ટિએ વિચાર કરીએ તો આ સંઘાત બે ક્ષણ સુધી પણ એકરૂપ રહેતો નથી, પણ સતત પ્રતિક્ષણ બદલાયા કરે છે. એટલે કે આત્મા કે ભૌતિક જગત એ દરેક એક એક ભિન્ન પ્રવાહ (સંતાન) છે. જેમ પાણીનું વહેણ અને દિપકની જ્વાળા પ્રતિક્ષણે બદલાયા છે. અર્થાત્ આપણે જેને 'પદાર્થ' કહીએ છીએ તે પ્રત્યેક કેવળ એક ધારા માત્ર છે – એક સરખી અનેક વસ્તુઓ કે ઘટનાઓની પરંપરા છે. તે અંગે આપણા મનમાં સ્થિરતાનો જે ખ્યાલ છે તે તો સર્વથા કલ્પિત જ છે. વસ્તુમાત્ર નિરંતર ગતિમાન છે અને તેની પાછળ સ્થિરતત્ત્વ જેવું કંઈ છે જ નહીં. અર્થાત્ બુદ્ધના મત પ્રમાણે સત્ કે અસત્ – અર્થાત્ અસ્તિત્વવાદ કે નાસ્તિવાદ – બેમાંથી એકેય સત્ય નથી. પણ કેવળ પરિવર્તન જ સત્ય છે. જોકે એનો અર્થ એવો નથી કે બુદ્ધે સત્ તત્ત્વની હસ્તીનો ઇન્કાર કર્યો હતો. સત્ તત્વની હસ્તી તો તેમણે અવશ્ય સ્વીકારી, પણ એટલું જ કહ્યું કે એ તત્ત્વ નિરંતર ગતિમાન અને પરિવર્તનશીલ છે.

**દ્વાદશ નિદાનમાળા અથવા ભવચક્ર :**

ભગવાન બુદ્ધે પ્રતીત્યસમુત્પાદના નિયમના આધારે દુઃખનું કારણ જાણવાનો પ્રયત્ન કર્યો છે. પ્રતીત્યસમુત્પાદનો અર્થ છે 'પ્રત્યયો ( = કારણો) દ્વારા ઉત્પત્તિનો નિયમ' આ હોય તો 'આ થાય અને આ ન હોય તો આ ન થાય' એવો કાર્યકારણો સિદ્ધાંત જ પ્રતીત્યમુત્પાવાદ છે. આ નિયમ પ્રમાણે જે ઉત્પન્ન થાય છે તેની ઉત્પત્તિનું કારણ અવશ્ય હોય છે જ્યારે કારણનો અભાવ હોય છે ત્યારે કાર્યનો પણ અભાવ હોય છે. દરેક ઘટના પોતાની ઉત્પત્તિ માટે પોતાની પૂર્વવર્તી કોઈ ઘટનાનો કારણરૂપે આધાર લે છે અને પોતે પણ અન્ય પરવર્તી ઘટનાનો કારણરૂપ આધાર બને છે. જન્મ-મરણની નિરંતર ચાલતી ઘટમાળ-ભવચક્રના બાર અંકોડા છે. તેથી બુદ્ધ તેને દ્વાદશ નિદાનમાળા તરીકે વર્ણવે છે. આ ભવચક્રના બાર અંગો છે – અવિદ્યા (ચાર આર્યસત્યોનું અજ્ઞાન), સંસ્કાર (કર્મો), વિજ્ઞાન (માતાની કુખે અવતરેલું ચિત્ત), ષડાયતન (પાંચ ઇન્દ્રિયો અને મન), સ્પર્શ (ઇન્દ્રિયોનો વિષય સાથે સંપર્ક), વેદના, તૃષ્ણા, ઉપાદાન (આસક્તિ), ભવ પુનર્જન્મોત્પાદક કર્મ), જાતિ (જન્મ) અને જરા-મરણ આદિ દુઃખ. આમ ભવચક્રનું મૂળ અવિદ્યા છે. એટલે અવિદ્યા દૂર થતાં કર્મબંધ અટકી જાય છે, કર્મબંધ અટકતા ચિત્તનું માતાની કુખે અવતરણ અટકી જાય છે અને આ જ ક્રમે છેવટે જરામરણ આદિરૂપ દુઃખ પણ નાશ પામે છે.

**અનિશ્વરવાદ :**

જગતની દરેક વસ્તુ પોતાના અસ્તિત્વ માટે પોતાના કારણને અધીન છે. તેને ઈશ્વરનું કોઈ પ્રયોજન નથી. પ્રતીત્યસમુત્પાદવાદનો આ ફલિતાર્થ છે. તેથી બુદ્ધે ઈશ્વરનો સ્વીકાર કર્યો નથી. જગતના કર્તા તરીકે ઈશ્વરનો તેમણે અસ્વિકાર કર્યો છે. સુખ-દુઃખનું કારણ પોતાના કર્મો જ છે. સુખ-દુઃખના દાતા તરીકે ઈશ્વરને માનવાની કોઈ આવશ્યકતા નથી. બુદ્ધ પોતાને કેવળ દુઃખમુક્તિનો માર્ગ દેખાડનાર ગણે છે. આ માર્ગ વ્યક્તિને સ્વયમ્ ચાલવાનું છે. પોતે જ પોતાનો તારણહાર છે. આમ બૌદ્ધ મતમાં, માણસ પુરુષાર્થને પૂરેપૂરો અવકાશ રહે છે. કર્મ જ મનુષ્યને હીન યા ઉત્તમ બનાવે છે. સારાં કર્મોથી સુગતિ થાય છે અને અનિષ્ટ કર્મોથી દુર્ગતિ થાય છે. અર્થાત્ વિશ્વની વ્યવસ્થામાં કર્મ જ પ્રધાન છે. એટલે જ બુદ્ધ કહે છે કે કર્મને શરણે જાવ, બીજા કોઈને શરણે નહીં.

**નિર્વાણ :**

ભગવાન બુદ્ધે મધ્યમમાર્ગનો ઉપદેશ કર્યો છે. તથાગતે બતાવેલા આર્ય અષ્ટાંગ માર્ગનું ધ્યેય 'નિર્વાણ'ની પ્રાપ્તિ છે. 'નિર્વાણ' શબ્દનો અર્થ છે, 'હોલવાઈ જવું' અથવા 'શાંત થઈ જવું' સંપૂર્ણ દુઃખનિરોધ એ જ નિર્વાણ છે. નિર્વાણની પ્રાપ્તિ થાય ત્યારે પંચસ્કંધનો નિરંતર ચાલતો પ્રવાહ સદાને માટે અલોપ થઈ જાય છે. શીલ, સમાધિ અને પ્રજ્ઞાની સાધના દ્વારા નિર્વાણ પ્રાપ્ત થાય છે.

નિર્વાણમાં ચિત્તના સઘળા મળો દૂર થાય છે. ચિત્તમાં કોઈપણ વૃત્તિ ઉઠતી નથી. તેને સુખ-દુઃખનું વેદન હોતું નથી. કેવળ શાંતિ હોય છે. ચિત્તની નિર્મળતા અને વૃત્તિરહિતતા જ નિર્વાણ છે.

**બૌદ્ધ ધર્મના સંપ્રદાયો : (હીનયાન અને મહાયાન)**

બુદ્ધનો ઉપદેશ બુદ્ધના નિર્વાણ પછી લગભગ બે સદી પછી ગ્રંથસ્થ થયો અને તેમાં ઘણી વિસંગતિઓ પણ પ્રવેશી છે. વિવિધ

મતભેદોના નિરાકરણ અર્થે બૌદ્ધ સંઘની સભાઓ પણ બોલાવવામાં આવી. વિભિન્ન સંપ્રદાયો પૈકી બે સંપ્રદાયો મુખ્ય છે. (૧) હીનયાન અને (૨) મહાયાન.

**હીનયાન :**

'યાન' એટલે માર્ગ અથવા સાધન અથવા વાહન એવો અર્થ છે. મૂળ પાલિ ભાષામાં ત્રિપિટકમાં જ જે ધર્મનો માર્ગ બતાવ્યો છે તે 'હીન' યાને નાનું યાન કહેવાય છે. આ સંપ્રદાયના બૌદ્ધો 'ત્રિપિટક' સિવાયના ગ્રંથોને માન્ય રાખતા નથી. આ સંપ્રદાયમાં સ્વપ્રયત્ન અને કડક નિયમ પાલન પર ભાર મૂકવામાં આવે છે. અર્હત્ પદને જ તેઓ ચરમ લક્ષ્ય માને છે. તેઓ સ્વાવલંબન (આત્મદીપોભવ) પર વધુ ભાર મૂકે છે. પોતાની જ મુક્તિ માટેના પ્રયત્નની વાત કરતો હોઈ આ પંથનો આદર્શ કાંઈક સંકુચિત (કે સ્વાર્થપરક) ગણવામાં આવે છે. પ્રાચીન બૌદ્ધ પરંપરાને ચુસ્તપણે વળગી રહેવામાં માનતો હોઈ આ પંથ રૂઢિવાદી છે.

**મહાયાન :**

મહાયાન એટલે મોટું સાધન. ત્રિપિટકો ઉપરાંત કેટલાક ફેરફાર સહિત બીજા સંસ્કૃત ગ્રંથો ઉમેરાઈને જે 'યાન' બન્યું – જે માર્ગ બન્યો છે તે 'મહાયાન' નામે ઓળખાય છે. હીનયાનની સરખામણીમાં મહાયાનનો આદર્શ ઉદાર છે. તેમાં બીજાનું કલ્યાણ કરવાનું પણ લક્ષ્ય છે. જનતાની ધાર્મિક આકાંક્ષાઓ પ્રતિ તે વધુ સંવેદનશીલ છે. અન્યની ભલાઈ કરી શકાય તે માટે તે વ્યક્તિગત મુક્તિથી આગળ વધી બોધિસત્વની અવસ્થા સુધી પહોંચવા માગે છે.

**બૌદ્ધ-દર્શનના મુખ્ય ચાર દાર્શનિક સંપ્રદાયો :**

તાત્ત્વિક ચર્ચા-વિચારણા તથા ખંડન-મંડનથી બુદ્ધ સ્વયં તો જોકે દૂર રહ્યા હતા, પરંતુ તેમના પરિનિર્વાણ પછી બૌદ્ધ ધર્મમાં અનેક દાર્શનિક મતભેદો ઊભા થયા.

તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એમાંના ચારનું વિશેષ મહત્ત્વ છે. (૧) વૈભાષિક (૨) સૌત્રાન્તિક (૩) વિજ્ઞાનવાદી યા યોગાચાર મતવાદી અને (૪) માધ્યમિક યા શૂન્યવાદી.

ઉપર જણાવેલા ચાર દાર્શનિક મતોમાંથી બે એટલે કે વૈભાષિક અને સૌત્રાન્તિક તે બૌદ્ધ ધર્મની હીનયાન શાખામાંથી અને વિજ્ઞાનવાદ અને માધ્યમિક તે બૌદ્ધ ધર્મની મહાયાન શાખામાંથી પ્રતિપાદિત થયેલા છે.

**વૈભાષિક સંપ્રદાય :**

અભિધર્મ ગ્રંથો પરની ટીકા તે મહાવિભાષા અથવા વિભાષા; અને આ ટીકાને અન્તિમ પ્રમાણ માનનારા તે 'વૈભાષિકો' તરીકે ઓળખાય છે. તેઓ માને છે કે ભગવાન બુદ્ધનો જે મૂળ ઉપદેશ છે તેનાથી વિરુદ્ધ ભાષા (વિભાષા) અન્ય બૌદ્ધ દાર્શનિક સંપ્રદાયોની હોઈ તે ગ્રાહ્ય નથી.

આ મતને 'સર્વાસ્તિવાદ' પણ કહે છે. તે બાહ્ય જગતની સત્તા (હસ્તી)નો સ્વીકાર કરે છે. પરંતુ તેને તે પ્રત્યક્ષ ક્ષણભંગુર માને છે. સંસારના સમસ્ત પદાર્થો સત્ય (યથાર્થ) છે. બૌદ્ધદર્શનના આ બે સંપ્રદાયો વૈભાષિક તથા સૌત્રાન્તિક એ વસ્તુવાદ કે યથાર્થવાદ (Realism)નું સમર્થન કરે છે. વૈભાષિક મતને બાહ્યાર્થ પ્રત્યક્ષવાદ કહે છે કારણ કે તે માને છે કે બાહ્યાર્થ અર્થાત્ મનથી બાહ્ય પદાર્થોનું જ્ઞાન પ્રત્યક્ષ રૂપે – અન્ય કશા માધ્યમ વગર સીધે સીધુ જ પ્રાપ્ત થાય છે. તેના સમર્થનમાં તે કહે છે કે પ્રત્યક્ષ જ્ઞાનનો સ્વીકાર ન કરીએ તો બાહ્ય વસ્તુઓનું જ્ઞાન અશક્ય બની જાય, કારણ કે અનુમાન યા કોઈ અન્ય પ્રમાણ દ્વારા આપણને માત્ર એ વસ્તુનું જ જ્ઞાન થાય છે કે જેનો કોઈને કોઈવાર પ્રત્યક્ષ થયો હોય. મનસ્ તથા તથા બાહ્ય જગત એમ બન્ને આ મત સત્ય માને છે અને બાહ્ય જગતને મનથી સ્વતંત્ર પણ માન છે.

**સૌત્રાન્તિક મત :**

સૌત્રાન્તિક 'અભિધર્મ'ને બુદ્ધિરચિત ન હોઈ પ્રામાણિક માનતા નથી. તેઓ સૂત્તપિટકને જ પ્રામાણિક માને છે.

વૈભાષિકોથી સૌત્રાન્તિકો એ બાબતમાં જુદા પડે છે કે – વૈભાષિકો બાહ્ય પ્રત્યક્ષવાદી, જ્યારે સૌત્રાન્તિક બાહ્યાનુમેયવાદી છે. આ મત પ્રમાણે બાહ્ય જગત તેમજ મન વગેરે હસ્તી ધરાવે છે, અને બાહ્ય જગતની સત્તા મનથી સ્વતંત્ર છે. પરંતુ બાહ્ય પદાર્થોનું જ્ઞાન પ્રત્યક્ષ દ્વારા નહીં, પણ અનુમાન દ્વારા થાય છે. આથી સૌત્રાન્તિકોને બાહ્યાર્થાનુમેયવાદી કહેવાય છે. આ મત પ્રમાણે આપણને જે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે એમ આપણે માનીએ છીએ તે ખરેખર પદાર્થનું નહીં, પણ તેના આકારનું જ થાય છે. અને તે દ્વારા આપણે પદાર્થને રીતે જ (indirectly) જાણીએ છીએ.

**યોગાચાર યા વિજ્ઞાનવાદ :**

આ દર્શનની આચાર્ય પરંપરામાં મૈત્રેયનાથ, આર્ય અસંગ, આચાર્ય વસુબંધુ, આચાર્ય સ્થિરમતિ, દિંગનાગ, શંકર સ્વામી, ધર્મપાલ, ધર્મકીર્તિનો સમાવેશ થાય છે.

યોગાચાર (બૌદ્ધ) વિજ્ઞાનવાદ એ ભારતીય દર્શનશાસ્ત્રમાં જ્ઞાનશાસ્ત્રીય પ્રત્યયવાદ (Epistemoligical idealism)નું એકમાત્ર ઉદાહરણ છે. તેને વિજ્ઞાનવાદ પણ કહેવામાં આવે છે, કારણ કે વિજ્ઞાન યા ચૈતન્યને તે એક માત્ર સત્ય માને છે. તેના સમર્થકો કહે

છે કે જ્ઞાતા યા મનથી અલગ એવા કોઈ પદાર્થનું અસ્તિત્વ નથી, આથી મનથી બાહ્ય એવું કશું છે નહીં. જ્ઞાતાથી અલગ હોય એવી કોઈ પણ વસ્તુનું જ્ઞાન આપણને થતું નથી. આથી એવી કોઈ પણ વસ્તુને સત્ય માનવી તર્ક સંગત નથી.

**માધ્યમિક યા શૂન્યવાદ :**

માધ્યમિક શાખાના મુખ્યતઃ નાગાર્જુન (ઈ.સ.ની બીજી સદી) સૌથી વધુ પ્રભાવશાળી બૌદ્ધચિંતક હતા. તેમની રચના 'માધ્યમિક કારિકા'માં તેમણે શૂન્યવાદની પ્રતિષ્ઠા સ્થિર કરી છે. અન્ય પંડિતોમાં આર્યદેવ જેઓ નાગાર્જુનના શિષ્ય બન્યા તે પણ શૂન્યવાદના પ્રકાંડ પંડિત છે. આ સિવાય સ્થવિર બુદ્ધપાલિત (ઈ.સ.ની પાંચમી સદી), ચન્દ્રકીર્તિ (છઠ્ઠી સદી), શાન્તરક્ષિત (૮મી સદી) વગેરે પંડિતો પણ જાણીતાં છે. જ્ઞાન પરત્વે માધ્યમિકનું દષ્ટિબિન્દુ તદ્દન અપૂર્વ યા મૌલિક છે.

માધ્યમિક બૌદ્ધોનો શૂન્યવાદ છે. તેઓના મતે સઘળું શૂન્ય છે. અંતઃકરણ આદિ આંતર્ પદાર્થો તેમજ ઘટાદિ બાહ્ય પદાર્થો છે જ નહીં. કારણ કે કોઈ પણ પદાર્થ સત્તરૂપ, અસત્ રૂપ કે સત્ તથા અસત્ એમ બન્ને રૂપમાં કહી શકાતો નથી. આ મત પ્રમાણે બધા પદાર્થો સ્વભાવ વગરના (નિઃસ્વભાવ) હોવાથી શૂન્ય જ છે. આ પ્રકારનો વિચાર કરવાથી વાસનાઓની નિવૃત્તિ થાય છે. વાસનાઓની નિવૃત્તિ થતાં નિર્વાણ સિદ્ધ થાય છે.

**બૌદ્ધદર્શનની વિશેષતાઓ :**

**(૧) બૌદ્ધદર્શન દુઃખવાદી છે :** બુદ્ધના ઉપદેશનો સાર એ છે કે જગત બધુ દુઃખમય છે. જોકે, એનો અર્થ એવો કરવાનો નથી કે એમાં માણસોને હતાશ થઈ બેસી રહેવનું શીખવ્યું છે. બીજા કેટલાક તો મતો ઇહલોક અને પરલોકમાં સુખ મળવાનું વચન આપે છે, તેવું વચન બૌદ્ધ મતમાં આપેલું નથી, એ વાત સાવ સાચી છે. પણ તે એટલું તો કહે જ છે કે માણસ ઇહલોકમાં અને આ જન્મમાં જ શાન્તિ મેળવી શકે છે, અને પછી તે દુઃખને વશ થવાને બદલે દુઃખ પર વિજય મેળવે છે. જીવનમાં દુઃખનું જે કાળું પાસુ છે તેના પર આ મતમાં ભાર મૂકેલો છે, એમાં શક નથી. સાથે સાથે દુઃખમાંથી છૂટવાનો રસ્તો પણ બતાવ્યો છે. એક ગ્રંથમાં તેમણે આ વચન કહ્યાની નોંધ છે : 'પહેલાં અને અત્યારે પણ દુઃખ અને દુઃખનો નિરોધ એટલું હું જ ઉપદેશું છું.' આમ બૌદ્ધદર્શન દુઃખવાદી છે પણ નિરાશાવાદી નથી.

**(૨) બૌદ્ધદર્શન પ્રત્યક્ષવાદી છે :** બુદ્ધના ઉપદેશમાં જીવનની ખરી, વાસ્તવિક હકીકતો તરફ પાછા જવાનો સતત પ્રયત્ન જોવા મળે છે. બુદ્ધના ઉપદેશમાં વ્યાપી રહેલી જે સામાન્ય ભાવના હતી તે જોતાં આપણને એમ માનવાનું મન થાય છે કે પ્રત્યક્ષ જ્ઞાન અને તર્કના ક્ષેત્રની પેલી પાર કશા તત્ત્વની હસ્તી છે એમ બુદ્ધે માન્યુ નહોતું.

**(૩) બૌદ્ધદર્શન વ્યવહારવાદી છે :** દુઃખ જગતમાં સર્વત્ર વ્યાપી રહેલું છે અને દુઃખ એ જીવનનું મુખ્ય લક્ષણ છે; એવો બુદ્ધનો મત હતો. દુઃખ રોકવા ને તેમાંથી છૂટવા માટે જે કંઈ કરવું જરૂરી હતું તેટલાનો જ ઉપદેશ બુદ્ધે આપ્યો. દુઃખ અને પાપમાંથી મુક્ત કેમ થવાય એ એક જ વાતની પરવા એમને હતી; અને જીવ, જગત તથા ઈશ્વરને લગતા સૂક્ષ્મ તાત્ત્વિક પ્રશ્નો ઉકેલવાનો વખત તેમની પાસે નહોતો, તથા કેમ કરવાની જરૂર પણ તેમને લાગી નહોતી. આમ તેમના ઉપદેશમાં તેમણે કઈ વસ્તુ સાધનામાં ઉપયોગી નીવડે છે એ જોવા તરફ જ મુખ્ય લક્ષ રાખ્યું હતું.

**ઉપસંહાર :**

બુદ્ધના તત્ત્વચિંતનનું કેન્દ્ર સ્વચિંતનશીલતાને સંકોરી માનવની સાચી અસ્મિતાને સાધના દ્વારા ઉજાગર કરવાનું છે. આ માટે સ્વ-અવલંબનનું શિલ્પ જ કારગર છે, નહીં કે પરાત્પરતા. અર્થાત્ આ માટે પરાત્પરના અવલંબનથી માનવજાતને મુક્ત કરી મનુષ્યને સ્વ-પ્રતિષ્ઠા કેળવવાનો અને તેને ચરિતાર્થ કરવાનો જ બુદ્ધના સમગ્ર ચિંતનનો હેતુ છે. બુદ્ધની સાધના પદ્ધતિ કોઈપણ આત્યંતિકતાને નવાજ્યા વગર જીવન અને તેના સત્યને પ્રબોધવાની અને સંસ્કારવાની પદ્ધતિ છે. આ માટે તેમના ઉપદેશનું કેન્દ્રબિંદુ આત્મદિપ્તીને પેટાવી સમગ્ર જીવન અને વિશ્વને શાંતિનો બોધ કરવાનું છે. આ સંદર્ભમાં શાંતિ એ એકોક્તિ નથી પણ જીવન સમગ્રની સ્વઉક્તિ છે. પ્રત્યેક વ્યવહાર શાંતિ અને સમજથી મઢેલો હોય એ જ સાચી બુદ્ધભાવના છે, પ્રબુદ્ધતા છે. આ જ બુદ્ધના જીવન, દર્શન, ધર્મ અને નીતિનો સાર છે. છેલ્લાં અઢી હજાર વર્ષથી માનવજાત આ સૂરને ઝંખી રહી છે અને પોતીકી રીતે તેને આકારી રહી છે. આ જ બુદ્ધનું અનુસરણ એ જ જીવન સાફલ્યનો, જીવન સત્યનો બોધમંત્ર છે.

**સંદર્ભગ્રંથ :**


(૧) *એમ. હિરિયણ્ણા, ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા, ખંડ-૧, (અનુ. ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ), અમદાવાદ : ગુજરાત વિદ્યાસભા, ૧૯૫૪.*

(૨) *આનંદશંકર ધ્રુવ, ધર્મવિચાર-૨, (સંપા– યશવંત શુક્લ, ધીરુ પરીખ, વિનોદ અધ્વર્યુ), ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૯૯.*

(૩) *નગીન જી. શાહ બૌદ્ધદર્શન, વલ્લભ વિદ્યાનગર : સરદાર પટેલ યુનિવર્સિટી, ૧૯૭૮.*

(૪) *સી. વી. રાવલ, અ-વૈદિક દર્શનો, અમદાવાદ : પ્રજ્ઞા પ્રકાશન, દ્વિ. આ., ૨૦૦૪.*


◆ ◆ ◆

# ચાર્વાક દર્શન

સૂચિતા દિવેટિયા મહેતા

**ભા**રતીય દર્શનોમાં અનોખ ભાત પાડતું નાસ્તિકદર્શન હોય, તો તે છે – ચાર્વાકદર્શન, જેને 'નાસ્તિકશિરોમણિદર્શન' તરીકે ઓળખવામાં આવે છે. પ્રાચીન સમયથી ફક્ત ભારતની જ નહીં, પરંતુ પાશ્ચાત્ય વિચારધારામાં પણ ચાર્વાક ચિંતન પ્રવર્તમાન રહ્યું છે. એવું પણ વિચારી શકાય કે, માનવસ્વભાવ દુનિયાના કોઈપણ ખૂણે સમાનતા ધરાવે છે, અને એ રીતે 'સત્ય' પામવાનું ચિંતન પણ વૈશ્વિક સ્તરે સમાનતા ધરાવી શકે છે. જગતનું સર્જન, જગતની સત્યતા, સત્યતાનાં પ્રમાણો, અંતિમ સત્ય – આ જે પેચીદા સવાલો સદીઓથી ચિંતકોને પ્રભાવિત કરતાં આવ્યાં છે, તે સંદર્ભે વૈવિધ્યસભર જ નહીં પરંતુ વિરોધી વિચારધારાઓએ સ્થાન લીધું, તે પૈકી ક્રાંતિકારી એવું ચાર્વાકદર્શન ગણી શકાય. ભૌતિકવાદી એવાં ચાર્વાકદર્શનનાં પાયામાં સમાજમાં પ્રવર્તમાન કોઈ એક ધારાને લગતી અતિશયતા અને તેનાં પરિણામસ્વરૂપ પ્રગટેલ બંડખોર નીતિ જેને માનસિતા સાથે ઘનિષ્ઠ સંબંધ છે, તેને ગણી શકાય. એક તરફ ભૌતિક લાલસાઓ ત્યાગવાનો અભિગમ, તો બીજી તરફ મનભરીને ભૌતિક ઇચ્છાઓ સંતોષવાનો અભિગમ. ભોગ વિલાસના માધ્યમથી જિંદગી જીવી લેવાનો દૃષ્ટિકોણ અને તેને પરિણામે સ્થાન લેતી વિચારધારા સ્વભાવિક રીતે આસ્તિક વિચારધારાની પરમ વિરોધી હોય. સમાજમાં અમુક વર્ગને અનુકૂળ હોય પરંતુ બહુમતને અમાન્ય હોય ત્યારે તેને બહિષ્કૃત કરવાનો પ્રયાસ થાય. લગભગ આવું જ કઈંક ચાર્વાકદર્શન સાથે થયું હોવું જોઈએ. ચાર્વાકદર્શન વિષે વિગતે જોઈએ તે પહેલાં એ પ્રશ્નનું સમાધાન કરવું જોઈએ જે પ્રશ્ન સ્વાભાવિક રીતે જિજ્ઞાસુ મનમાં ઉદ્‌ભવે કે ચાર્વાકદર્શન અનુસાર જો ભોગવિલાસ જ પરમ પુરુષાર્થ હોય, તો દર્શનને 'દર્શન' તરીકે સ્વીકારી શકાય? કેમકે ભારતીય દર્શનો તો અંતિમ પુરુષાર્થ 'મોક્ષ' સંદર્ભે અંતિમ સત્યની છણાવટ કરે છે, જ્યારે ચાર્વાકદર્શન 'મોક્ષને અંતિમ પુરુષાર્થ તરીકે સ્વીકારતું જ નથી! તેમ જ અંતિમ સત્યને પણ સ્વીકારતું નથી! અને તેથી જ તો તેને 'નાસ્તિક શિરોમણિ' તરીકે નવાજવામાં આવ્યું છે! પરંતુ તેની સૂક્ષ્મ વિચારણા કરીએ તો તેને 'દર્શન' તરીકે સ્વીકારી શકાય! કારણ છેવટે તો આ દશ્યમાન જગત, શરીર, જીવ, મૃત્યુ, જીવનનું પ્રયોજન – આ સર્વ કોયડાઓ અંગે બૌદ્ધિક અને તાર્કિક વિચારણા છે! ફક્ત તેનો અભિગમ વેદ વિરોધી અને ભૌતિકવાદી રહ્યો છે. એ નોંધવું ઘટે 'Indian Materialism', 'Ancient Hedonsim'ની વિચારધારા પશ્ચિમમાં પણ 'Materialism' અને 'Hedonism' તરીકે પ્રચલિત છે.

હવે, ચાર્વાક વિચારધારાનો અભ્યાસ કરીએ, તે સંદર્ભે પ્રસ્તુત દર્શનનો પૂર્વ ઇતિહાસ – અર્થાત્ તેનાં મૂળ, વિકાસયાત્રા, તેને માન્ય સિદ્ધાંતો, અને તેનાં પતનનાં કારણો વગેરે તપાસવાં આવશ્યક થઈ પડે.

### ચાર્વાક વિચારધારાનો પૂર્વ ઇતિહાસ અને ક્રમિક વિકાસ :

વેદ સમયમાં ક્રિયાકાંડોની ભરમાર, બ્રાહ્મણોનું સમાજમાં અત્યધિક મહત્ત્વ વધવા લાગ્યું. મૃત્યુ બાદ સ્વર્ગ પ્રાપ્તિ અંગે યજ્ઞો વધવા લાગ્યાં. ઉપાસનાકાંડે જોર પકડ્યું. ધીમે ધીમે સમાજમાં તે સર્વનાં વિરોધનો વંટોળ ઊઠવા લાગ્યો. બીજાં શબ્દોમાં કહીએ તો બ્રાહ્મણોની સર્વોપરિતા સામે બંડ પોકારાવાનો આરંભ થયો. સ્વર્ગ, જ્ઞાન, પરમતત્વ અંગે પ્રમાણ વગેરે સામે તાર્કિક દલીલો થવા લાગી. મૃત્યુ બાદ જીવની શાંતિ માટે કરાતાં વિધિ વિધાનો ખટકવાં લાગ્યાં. શરીરનું મૃત્યુ એ જ મોક્ષ છે. શરીરમાં ચૈતન્ય એવું કોઈ જ તત્ત્વ નથી. કર્મનો સિદ્ધાંત હોઈ જ ના શકે કે જેને આધારે પુનર્જન્મ હોય. પાપકર્મ કે પુણ્યકર્મ જેવું કશું ન હોઈ શકે. જીવન દરમ્યાન જ મોજ કરી લેવી જોઈએ. મરણ પછી કોણ કરેલું કર્મ ભોગવનાર છે? જે દેખાય છે, તે જ સત્ય છે. સ્વર્ગ કોઈએ જોયું નથી. શાશ્વત ચૈતન્ય જો હોત, તો દેખાત. તેથી પ્રત્યક્ષ પ્રમાણ જ સત્ય છે. અનુમાન કે વેદને પ્રમાણ શું કરવાં ગણવાં? આ સર્વ તર્ક અને દલીલોએ સમાજમાં સ્થાન મેળવ્યું, અને ધીમે ધીમે બહોળા વર્ગે તેનો સ્વીકાર કર્યો. એ નોંધવું અસ્થાને નહીં લેખાય કે ચાર્વાકદર્શનનાં ઉદ્‌ભવ પાછળ ફક્ત તાર્કિક કે મનોવૈજ્ઞાનિક જ નહીં પરંતુ સામાજિક, રાજકીય અને ધાર્મિક પરિબળોએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

### ચાર્વાક એટલે શું?

'ચાર્વાક' શબ્દ રહસ્યથી આવૃત્ત છે, તેમ પ્રથમ દૃષ્ટિએ લાગે. અને તેમાંય દર્શન શરૂઆતથી જ વિવાદોથી ઘેરાયેલું છે. 'ચાર્વાક'ને સમજીએ તો – આ શબ્દમાં બે પદ છે. 'ચારુ ' અને 'વાક્'. ચારુ એટલે સુંદર અને વાક્ એટલે વાણી. અર્થાત્ સુંદર વાણી. મનને આકર્ષનારી વાણી, મનને સરળતાથી મોહ પમાડે તેવી વાણી.

ચાર્વાક શબ્દ ધાતુને સમજીએ તો – चर्व ચાવવું. ચર્વણા કરવી. અર્થાત્, ખાવું પીવું વગેરે ઇન્દ્રિયોનાં સ્થૂળ વ્યાપારોમાં રાચવું, આનંદ કરવો. અને તે છે ચાર્વાક પ્રણાલી! સામાન્ય અર્થમાં Eat-Drink and Be Merry! 'ખાઓ-પીઓ અને જલસા કરો' આ સૂત્રને આધારે જિંદગી પસાર કરવી એ ચાર્વાક પરંપરા છે!

તો ચાર્વાક નામના ઋષિ કે ચાર્વાક દર્શનના સ્થાપક હોવાનું મનાય છે, અને એમનાં નામ ઉપરથી આ દર્શન ચાર્વાક દર્શન તરીકે પ્રસિદ્ધ થયું. તો ચાર્વાક દર્શનને અનુસરનારાંઓ પણ ચાર્વાક તરીકે ઓળખાય છે.

કેટલાંક વિચારકો બૃહસ્પતિને ચાર્વાકદર્શનના પ્રણેતા ગણે છે. તેમણે રચેલાં સૂત્રોને 'બાર્હસ્પત્યમ' તરીકે ઓળખવામાં આવે છે. એવી પણ કથા પ્રચલિત છે કે દેવોના ગુરુ બૃહસ્પતિએ દાનવોમાં છદ્મવેશે રહી દાનવોને પાયમાલ કરવા આ મત પ્રચલિત કર્યો.

એ બાબત ઉલ્લેખનીય છે કે સમાજમાં આ વિચારનો બહોળો પ્રચાઈ હોઈ તેનું નામકરણ 'લોકાયત' પડ્યું હોવું જોઈએ. 'લોકમાં જેનો વ્યાપ થયો છે, તેવું – 'लोकेषु आयतम्'.

**ક્રમિક વિકાસ અને દર્શન તરીકેનું સ્થાન :**

હવે આ વિચારધારાનો ક્રમિક વિકાસ અને દર્શન તરીકેની જોઈએ તો – જગતની રચના સંદર્ભે જે વિવિધ ચિંતનો આકારીત થવા લાગ્યા, તે સર્વમાં ચાર્વાક વિચારધારા કદાચ અત્યંત પ્રાચીન છે, તેમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેવાય. ચાર્વાક વિચારધારા તેના મૂળથી આરંભી કેવી રીતે એક દર્શનનાં વ્યવસ્થિત આકાર પામી, તે જોઈએ.

વેદમાં 'આ સૃષ્ટિ કેવી રીતે સર્જાઈ' તે સંદર્ભે વિવિધ શક્યતાઓ વિચારાએલી જોવાય છે. પ્રત્યક્ષ દેખાતી પ્રકૃતિને આધારે જગતની રચના અંગે ચિંતન કરવું, તે વેદમંત્રોનો પ્રધાન વિષય રહ્યો છે. મંડળ-૧૦માં ના સદીયસૂક્ત આ સંદર્ભે નોંધવું જરૂરી થઈ પડે. 'શું શરૂઆતમાં ગાઢ અંધકાર હતો?' 'શું બધે જળ જ હતું?' 'શું પૂર્વે સત્ હતું?' 'શું પૂર્વે અસત્ હતું?' કોઈ કહેશે કે 'શેનામાંથી આ સર્જન થયું?' 'શું કોઈ જાણે છે કે કોઈ નથી જાણતું?' – આવા સવાલો અને જિજ્ઞાસા ચિંતનની શક્યતાઓ દર્શાવે છે. અને વિવિધ વાદનાં ફણગાંઓની ચાડી ખાય છે, તેમ કહી શકાય. શું કોઈ ચોક્કસ કારણમાંથી કાર્ય એવું જગત સર્જાયું છે કે કોઈ કારણ વિના જ આપોઆપ જગત સર્જાયું છે? સ્વભાવ અને સંશય આ બે શક્યતાને આધારે સર્જનનું ચિંતન નોંધનીય છે. તો વેદનાં મેંઢક સૂક્તમાં મંત્ર ગાન કરતાં બ્રાહ્મણોને એકધારું બોલતાં દેડકાં સાથે સરખાવાયાં છે, ત્યાં બ્રાહ્મણોની રીત ઉપર હાસ્ય સભર કટાક્ષ કરવાની વૃત્તિ જોઈ શકાય છે. બ્રાહ્મણ અને આરણ્યક ગ્રંથોમાં સાચી સમજણ વિના ક્રિયાકાંડ કરવા બદલ ટીકા પણ થઈ છે. આ તો થઈ બ્રાહ્મણો દ્વારા થતાં ક્રિયાકાંડો પ્રત્યે ટીકાસ્પદ વલણની વાત, જે ધીમે ધીમે તેનાં બહિષ્કાર તરફ વળતું ગયું.

હવે ચિંતનની વ્યવસ્થિત કેડી જોવી હોય તો ઉપનિષદ્ ગ્રંથો તપાસવાં પડે. ખાસ કરીને બૃહદારણ્યક, છાંદોગ્ય, કઠ, શ્વેતાશ્વતર અને મૈત્રાયણી ઉપનિષદો નોંધવા ઘટે.

બૃહદારત્યક ઉપનિષદ્‌માં ચાર્વાક વિચારધારાનો મુખ્ય સિદ્ધાંત – કે જે પ્રમાણે દેહ તે જ મુખ્ય તત્ત્વ છે, અને દેહથી પર ચૈતન્ય છે જ નહીં, તે પશ્ચાદ્ ભૂમિકામાં જોઈ શકાય છે. મહાન ચિંતક યાજ્ઞવલ્ક્ય પોતાની પત્ની મૈત્રેયીને પરમતત્ત્વનો ઉપદેશ ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરે છે, જે ચર્ચા દરમ્યાન એક મતનો ઉલ્લેખ કરે છે કે જે અનુસાર મૃત્યુ બાદ કોઈ સંજ્ઞા રહેતી નથી. મહાભૂત સાથે શરીર ઉત્પન્ન થઈ તેની સાથે જ વિનાશ પામે છે. અવિદ્યાને વશ માનવી દેહના સુખ અને દુઃખને પોતાના સુખ દુઃખ માને છે. (एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति न प्रेत्य संज्ञास्तीत्यरे ब्रवीमीति... बृहदारण्यक उपनिषत्- ४.१२) તો છંદોગ્ય ઉપનિષદ્‌માં એક આખ્યાયિકા દ્વારા મત રજૂ થયો છે. પ્રજાપતિ પાસે ઇન્દ્ર અને વિરોચન આત્મ તત્ત્વ અંગે પૃચ્છા કરે છે. તો દેહ તે જ આત્મા છે – તે મત પણ રજૂ થાય છે. દેહને શણગારીને જળમાં જોવા જણાવાય છે તો શણગાએલ દેહ તે જ આત્મા છે તેમ અસૂરને સમજાય છે. (सुवसनो परिष्कृतावित्येष आत्मेति... । छान्दोग्य उपनिषद्- ८-२-३) તો કઠોપનિષદ્‌માં પણ આત્મા છે કે નહીં તે માટેના પ્રશ્નો ઉલ્લેખાયાં છે જેમાં એક મત મુજબ મૃત્યુ બાદ આત્મા નથી તેમ કેટલાંક માન છે, તેવો ઉલ્લેખ મળે છે. (येयं प्रेते विचिकत्सा मनुष्येऽस्तित्येके नायमस्तीति चैके ।... कठोपनिषत्- २०) તો શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં તો વિવિધ વાદોનો નામોલ્લેખ પણ મળી આવે છે, જે ચિંતનની વિકાસયાત્રાને અચૂકપણે સ્પષ્ટ કરે છે. કાલવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ અને યદચ્છાવાદ – આ વિવિધ વાદનો ઉલ્લેખ તે સમયે પ્રચલિત ચિંતનને સૂચવ છે. (कालः स्वभावो नियतर् यदृच्छा भूतानि योनिः पुरुष इति चिन्त्या । श्वेताश्वतर उपनिषद्-१-२) ખાસ કરીને મુખ્ય ઉપનિષદોની રચના બાદનો સમય લોકાયત કે ચાર્વાકમતના વિકાસનો પ્રથમ તબક્કો ગણી શકાય.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં આસુરી મનોવૃત્તિ ઉલ્લેખાઈ છે, જે જગતને અસત્ય અને ઈશ્વર વિનાનું માને છે. (૧૬.૮). નોંધનીય

બાબત એ છે કે રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ, વિષ્ણુ પુરાણ અને પદ્મ પુરાણમાં ચાર્વાક અંગે ઉલ્લેખો મળે છે, જેમાં નિષેધાત્મક વલણ સ્પષ્ટ જોઈ શકાય છે. ચાર્વાકદર્શનના પ્રણેતાનો ઉલ્લેખ ટીકાસ્પદ રીતે મળે છે. મહાભારતમાં બૃહસ્પતિનો ઉલ્લેખ સંશયવાદી તરીકે થયો છે. તો વિષ્ણુ પુરાણમાં ચાર્વાકમતની નિંદાપરક કથા મળે છે કે પહેલાં દૈત્યો વેદને અનુસરતા હતા, ક્રિયાકાંડો કરતા હતા. એટલે તેઓ ચઢિયાતાંના થાય તે માટે ઇન્દ્રની વિનંતીથી માયામોહે દૈત્યોને બૃહસ્પતિના સિદ્ધાંતોનો ઉપદેશ કર્યો, કે જેથી તેઓ નાશના પંથે ગયા, અને વેદનિંદક બની ગયા. પદ્મપુરાણમાં પણ આવો જ નિર્દેશ મળે છે. બુદ્ધનાં નિર્વાણનાં લગભગ પચાસ વર્ષ બાદ બહુધા પાછલા ઉપનિષદો અને દીર્ઘનિકાયના સમય દરમ્યાન, જૈનદર્શનનાં આરંભકાળનાં પાત્રો જેમ કે રાજા પાયાસિ, અજીત કેશકંબલી, સંજય બેલઠ્ઠીપુત્રના ઉલ્લેખો મળે છે, જે દેહથી ભિન્ન આત્માનું અસ્તિત્વ, પાપ-પુણ્ય, સ્વર્ગ-નર્ક અને કર્મના ફળ સ્વરૂપ પુનર્જન્મ નકારાયો છે. અજીત કેશકંબલિ તો ભૌતિકવાદની પરાકાષ્ટાના પ્રતિનિધિ ગણાય છે.

ચાર્વાક વિચારધારા ધીમે ધીમે સ્વભાવવાદ ભણી ધપવા લાગી, અને દર્શનના આકારે આકારીત થવા લાગી. વિકાસના આ તબક્કામાં લોકાયતદર્શન તરીકે તેનું સ્થાન થવા લાગ્યું, અને તેના સિદ્ધાંતો સ્થપાવા લાગ્યાં. પ્રત્યક્ષને જ એક માત્ર પ્રમાણ તરીકેનો દરજ્જો મળ્યો. જે ના દેખાય, તેનો અસ્વીકાર થવા લાગ્યો. એટલે અનુમાનનો પ્રમાણ તરીકે નિષેધ થયો. પ્રત્યક્ષ નહીં દેખાતાં આકાશનો મહાભૂત તરીકે અસ્વીકાર થયો. ફક્ત ચાર ભૌતિક તત્ત્વો – પૃથ્વી, જળ, તેજ અને વાયુનો જ સ્વીકાર થયો, જેનાં મિશ્રણથી ચૈતન્ય જેવી અવસ્થા સ્થાન લે છે. લોકાયત મત અનુસાર મન એ શરીરની નીપજ છે. અંતિમ તત્ત્વ એ 'Matter' – 'પદાર્થ' છે. પ્રાર્થના એ નબળાં મનવાળાંની આશા છે. ઉપદેશો એ દંભ છે. વેદની કોઈ પ્રમાણભૂતતા નથી. આમ આવા સિદ્ધાંતો બીજા તબક્કામાં વિકસ્યા. આ દરમ્યાન અજીત કેશકંબલી, કંબલાશ્વતર અને પુરાણ કસ્સપનું પ્રદાન વિશેષ રહ્યું, કે જેઓ પ્રખર ભૌતિકવાદી હતા. ચાર પુરુષાર્થ પૈકી ફક્ત 'કામ' જ એકમાત્ર પુરુષાર્થ મનાવા લાગ્યો. આન્વીક્ષિકી અને ત્રયી ને બાજુ ઉપર રાખી 'વાર્તા' અને 'દંડનીતિ'નો પ્રચાર વધુ થતો ગયો. આમ લોકાયતમત પ્રાકૃતજનોને વધુ ને વધુ આકર્ષક લાગવા લાગ્યો. આ જ તબક્કામાં ૬૪ કલાઓ વિકસી. વાત્સાયને આ કલાઓના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. સમાજમાં ભૌતિકતા, સુખ ભોગવવાની લાલસા, વિલાસિતા ધીમે ધીમે વધવા લાગ્યાં હતાં. એ ઉલ્લેખનીય છે કે કૃષ્ણમિશ્ર રચિત 'પ્રબોધ ચંદ્રોદય' આ તબક્કાને હૂબહૂ પ્રસ્તુત કરે છે.

ધીમે ધીમે ચાર્વાકમતના અતિરેકથી સામાજિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રોમાં સ્વચ્છંદતાનો પ્રવેશ થવા લાગ્યો. 'Eat, Drink and Be Merry - for Tomorrow we may die' – આવી માનસ માનસિક્ત દૃઢ થઈ. 'यावत् जीवेत् सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पीबेत्' भस्मीभूतस्य देहस्य, पुनरागमनं कृतः ।।' નું સૂત્ર પ્રવર્તતા લાગ્યું. આ દરમ્યાન શરીર ઉપરાંત ઇન્દ્રિય, પ્રાણ અને મનને પણ ચૈતન્યનો દરજ્જો મળ્યો. પ્રત્યક્ષ ઉપરાંત થોડે ઘણે અંશે અનુમાનનો પણ પ્રમાણ તરીકે સ્વીકાર થવા લાગ્યો. ભારતીય ભૌતિકવાદ કે જે બાર્હસ્પત્ય અને લોકાયત મત તરીકે પ્રસિદ્ધ હતો, તેને 'ચાર્વાક'નુ શીર્ષક મળ્યું. ચાર્વાકનો અન્ય અર્થ – ગુણો – દુર્ગુણો ગળી જવા, એવો પણ થાય છે. દૂન્યવી ભોગ વિલાસો ભોગવી લેવાનો અતિરેક ચાર્વાકદર્શન ઉપર કુઠારાઘાત – બૂમરેંગ સાબિત થયો. તત્ત્વચિંતન સંદર્ભે વિચારતાં ધીમે ધીમે વૈદિક, બૌદ્ધ અને જૈન મતાવલંબીઓનો વિરોધ વધતો ગયો, અને ચાર્વાકદર્શન ખૂણામાં ધકેલાતું ગયું ન્યાય-વૈશેષિક દર્શનના ચિંતનની અસરને કારણે 'સ્વભાવવાદ' ધીમે ધીમે અદશ્ય થવા લાગ્યો.

અંતિમ તબક્કામાં જૈન અને બૌદ્ધદર્શનની હરોળમાં ચાર્વાક દર્શન 'નાસ્તિક દર્શન' તરીકે સ્થાન પામવા લાગ્યું. લગભગ ૮મી સદીમાં શંકરાચાર્યે અદ્વૈત વેદાંતની સ્થાપના કરી, અને હિન્દુ દર્શનનું પુનરુત્થાન આરંભ્યું. સર્વ આસ્તિક દર્શનોનો ચાર્વાકદર્શન ભણી વિરોધ વધતો ચાલ્યો, અને તે પૂર્વપક્ષના દર્શન તરીકે સ્થાન પામ્યું. આમ છતાં, હરિભદ્રસૂરિ, ગુણરત્ન, શાન્તરક્ષિત, કમલશીલ, અભયદેવ, કૃષ્ણમિશ્ર, શ્રીહર્ષ, જયંતભટ્ટ, સદાનંદ, માધવાચાર્યના ગ્રંથોમાં ચાર્વાકદર્શનનો ઉલ્લેખ મળે છે, જે સૂચવે છે કે નામશેષ થતાં ચાર્વાકદર્શન લગભગ ૧૧મી સદી સુધી ઉલ્લેખતાતું રહ્યું. ચાર્વાકદર્શનનું સાહિત્ય પણ કાળની ગર્તામાં લીન થતું ગયું.

### ચાર્વાકદર્શનનું સાહિત્ય :

ચાર્વાકદર્શન જેટલું સમાજમાં લોકપ્રિય રહ્યું, તેટલું જ તે ટીકાસ્પદ પણ બન્યું. જેમ જેમ સમાજમાં તેને અનુસરતા સ્વચ્છંદતા પ્રવેશી, તેમ તેમ અન્ય દર્શનો દ્વારા તેના સિદ્ધાંતો ઉપર આઘાત થતાં રહ્યા. તેનું સાહિત્ય જે રચાયું હતું, તે પણ નષ્ટ થતું થતું ધીમે ધીમે કાળની ગર્તામાં લીન થતું ગયું. શક્ય છે કે તેનો નાશ પણ કરવામાં આવ્યો હોય. તેનાં સાહિત્યનાં છૂટા છવાયા ઉલ્લેખો મળે છે, તેનાથી સંતોષ માનવો રહ્યો.

લોકાયત ઉપરની ભાગુરિ ટીકે કાત્યાયનનાં સમય જેટલી પ્રાચીન છે – ઈ. સ. પૂર્વે ૩૦૦ની ઉપરાંત પર્મેષ્ટીન, દીર્ઘતમસ્ અને કેણિયાનો ઉલ્લેખ સંશયવાદી તરીકે મળે છે, જેમણે શક્ય છે કે ચાર્વાક મતને ચિંતન ભણી દોર્યું હોય. ભારતીય ભૌતિકવાદના સ્થાપક તરીકે બૃહસ્પતિનો ઉલ્લેખ છે. તેમનાં સૂત્રો બૃહસ્પતિનાં સૂત્ર તરીકે પ્રસિદ્ધ છે. તો લગભગ ૭મી સદીના પૂર્વાર્ધમાં જયરાશિકૃત 'તત્ત્વોપપ્લવસિંહ' નામે એકમાત્ર ગ્રંથ છે. જે ચાર્વાક વિચારસરણી ધરાવતો ગ્રંથ મનાય છે. એ નોંધવું અસ્થાને નહીં ગણાય કે આ ગ્રંથ સંશયવાદી માન્યતા ધરાવતો હોવાનું જણાય છે. ચાર્વાકદર્શન ફક્ત પ્રત્યક્ષ પ્રમાણને જ માન્યતા આપે છે, જ્યારે આ ગ્રંથમાં તો પ્રત્યક્ષ પ્રમાણનું પણ ખંડન કરી તત્ત્વનો ઉપપ્લવ કરાયો છે. ન્યાય, જૈન, બૌદ્ધ, સાંખ્ય અને વેદાંતદર્શનને માન્ય પ્રમાણોનું ખંડન કરવામાં આવ્યું છે, અને જાણે સર્વ પ્રમાણોને ડહોળી નાંખવામાં આવ્યાં છે. આ સિવાય અન્ય સ્વતંત્ર ગ્રંથ મળતા નથી, પરંતુ ચાર્વાકદર્શનનો ઉલ્લેખ અન્ય દર્શન અને સાહિત્યમાં મળી આવે છે. જેમ કે, અદ્વૈતબ્રહ્મસિદ્ધિ, હરિભદ્રસૂરિ રચિત ષડ્દર્શનસમુચ્ચય, શંકરાચાર્યનાં મનાતાં સર્વસિદ્ધાંતસંગ્રહ, અને તેમનાં પ્રસિદ્ધ બ્રહ્મસૂત્રશાંકરભાષ્યમાં લોકાયતિક તરીકેનો ઉલ્લેખ મળે છે. (देहमात्रं चैतन्यविशिष्टमात्मेति प्राकृता जना लोकायातिकाश्च प्रतिपन्ना: । વળી लोकायातिकानामपि चेतन एव देहोऽचेतनानां रथादीनां प्रवर्तको दृष्ट इति...।) અને સાયણ માધવના સર્વદર્શનસંગ્રહ વગેરે ગ્રંથોમાં ચાર્વાક દર્શનનાં ઉલ્લેખો મળી આવે છે, જે સૂચવે છે કે ચાર્વાક દર્શન ભારતીય ચિંતન સંદર્ભે મહત્ત્વનું સ્થાન ધરાવતું હોવું જોઈએ. પરંતુ તેનાં તાર્કિક સિદ્ધાંતો આસ્તિક દર્શનોની માન્યતા વિરુદ્ધ હોઈ અને અન્ય દર્શનોના વધતા મહત્ત્વને કારણે ધીમે ધીમે ખૂણામાં ધકેલાતા ગયા અને નામશેષ થતા ગયા. તે એટલી હદ સુધી કે, શંકરાચાર્યે તો ચાર્વાકદર્શનને સ્વતંત્ર દર્શન તરીકે પણ નથી સ્વીકાર્યું. (बहवो विप्रतिपन्ना युक्तिवाक्यतदाभाससमाश्रय...।)

## ચાર્વાકદર્શનનું સ્વરૂપ :

શુદ્ધ તર્કપ્રધાન એવાં ચાર્વાકદર્શન પ્રાચીન સમયમાં અતિ મહત્ત્વનું, અને કદાચ એકમાત્ર દર્શન હતું કે જેને સમાજમાં બહોળો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. પરંતુ અન્ય દર્શનોનાં વિરોધથી તેના સિદ્ધાંતો પ્રસ્તુત કરતાં ગ્રંથો ધીમે ધીમે લુપ્ત થતા ગયા. શક્ય છે કે તેનો નાશ પણ કરાયો હોય. આમ છતાં જે પણ અવશેષ સ્વરૂપ સિદ્ધાંતો સર્વદર્શનસારસંગ્રહ અને સર્વદર્શનસંગ્રહમાં હસ્તગત થઈ શક્યા છે, તેને આધારે ચાર્વાકદર્શનનું સ્વરૂપ આકારીત થઈ શકે છે. જે જોઈએ તો પ્રમાણ વિચાર, અધ્યાત્મવિચાર અને નીતિવિચાર પ્રસ્તુત કરવાં આવશ્યક થઈ પડે.

## પ્રમાણ વિચાર :

એ સર્વ વિદિત છે કે જ્ઞાન પ્રમાણને આધારે જ થાય છે. આથી કોઈ પણ દર્શનની જ્ઞાનની પ્રક્રિયા સમજવી હોય તો જે તે દર્શનને માન્ય પ્રમાણ વિચારમાં અવગાહન આવશ્યક થઈ પડે. સામાન્યરીતે પ્રત્યક્ષ દેખાતાં જગતને આધારે જ અગોચર તત્ત્વને પામવાનો દરેક દર્શનનો પ્રયત્ન રહ્યો છે. પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન વગેરે પ્રમાણો દર્શનો દ્વારા ઉલ્લેખાયાં છે.

ચાર્વાકદર્શન એ એકમાત્ર દર્શન છે, કે જેમાં ફક્ત પ્રત્યક્ષ પ્રમાણને આધારે જ સૃષ્ટિ અંગે ચિંતન થયું છે. પ્રત્યક્ષ પ્રમાણથી ચિંતનનો આરંભ અને પ્રત્યક્ષ પ્રમાણથી જ ચિંતનનો ઉપસંહાર થયો છે. જે પ્રત્યક્ષ દેખાય છે, તે જ યથાર્થ છે. નજર સમક્ષ દેખાતો દેહ તે જ આત્મા છે. આંખથી જે કોઈ શકાતું નથી, જે ઇંદ્રિયગોચર નથી, તેને શી રીતે સત્ય ગણી શકાય? આવા તર્કને આધારે ચાર્વાકદર્શન અગોચર તત્ત્વને નકારે છે. અનુમાન પ્રમાણનું પણ ખંડન કરે છે. પ્રત્યક્ષ દેખાતાં ધૂમાડાંને આધારે અપ્રત્યક્ષ અગ્નિની વ્યાપ્તિ દરેક સમયે સત્ય ન હોઈ શકે. આ વ્યાપ્તિ દુનિયાભરના તમામ ધૂમ અને તમામ અગ્નિ સંદર્ભે ના થઈ શકે. આમ અનુમાન પ્રમાણ પણ યથાર્થ પ્રમાણ તરીકેના સ્વીકારી શકાય. આગમ પ્રમાણનો તો ચાર્વાકદર્શન સદંતર વિરોધ કરે છે. અરે! વેદમાં પ્રસ્તુત ઉપાસનાના વિરોધમાં તો આ દર્શન ઉદ્ભવ્યું હતું! મૃત પૂર્વજો માટે થતી વિધિનો સદંતર બહિષ્કાર કરવામાં આવ્યો, કે જે પૂર્વજો દેખાતાં નથી, સ્વર્ગ દેખાતું નથી, તેની વિધિ શી રીતે શક્ય બની શકે? તેમને આપેલ અંજલિ જો સાર્થક હોય, તો મુસાફરીએ જતી વ્યક્તિને દૂરથી ભાથું ધરીએ તો પહોંચવું જોઈએ. આમ શુદ્ધ તર્કને આધારે ચાર્વાકદર્શન વૈદિક વિધિઓનો નિષેધ કરે છે, અને ફક્ત પ્રત્યક્ષને આધારે સત્યતાનો નિર્ણય કરે છે.

## અધ્યાત્મ વિચાર :

ચાર્વાકદર્શનની અધ્યાત્મ વિચારણા પણ તર્ક ઉપર ઘડાઈ છે. ઇન્દ્રિયોને અગોચર તત્ત્વનો સ્વીકાર સ્વાભાવિક રીતે તેમના ચિંતનમાં સ્થાન નથી પામ્યો. આત્મા, પાપ-પુણ્ય, કર્મ, પુનર્જન્મ, સ્વર્ગ નર્ક, મોક્ષ, ઈશ્વર અંગે તેમનાં ચિંતનમાં કોઈ સ્થાન નથી.

અન્ય દર્શનોની જેમ માનવજીવનનાં ચાર પુરુષાર્થની માન્યતા ચાર્વાકદર્શન નથી ધરાવતું. ધર્મ-અર્થ-કામ-મોક્ષ પૈકી ફક્ત અર્થ અને કામને જ માન્યતા આપે છે. ઇન્દ્રિયોનાં ભોગ ભોગવો અને

જીવો ત્યાં સુધી આનંદ કરો. આ જ જન્મમાં ભોગ ભોગવી લો. પાપ-પુણ્ય, સ્વર્ગ-નર્ક જેવું કશું નથી. અન્ય ગ્રંથોમાંથી પ્રાપ્ત તેમના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરીએ તો –

मरणमेवापवर्गः । – મૃત્યુ એ જ મોક્ષ છે.

अर्थकामौ पुरुषार्थौ । – અર્થ અને કામ જ પુરુષાર્થ છે.

प्रत्यक्षमेव प्रमाणम् । – પ્રત્યક્ષ એ જ પ્રમાણ છે.

चैतन्यविशिष्टः कायः पुरुषः । – ચૈતન્યવિશિષ્ટ શરીર એ જ ચૈતન્ય છે.

भूतान्येव चेतयन्ते । – ભૂતો જ ચૈતન્ય છે.

किण्वादिभ्यो मदशक्तिवद् विज्ञानम् । – ગોળમાં જેમ મદ ઉત્પન્ન થાય, તેમ ચૈતન્ય સ્થાન લે છે.

पृथिव्यापतेजोवायुरिति तत्त्वानि । – પૃથ્વી જળ, તેજ અને વાયુ આ ચાર તત્ત્વો છે.

तत्समुदाये शरीरेन्द्रियविषयसंज्ञा । – તેમના સમુદાય મળવાથી શરીર, ઇંદ્રિય અને વિષય એવી સંજ્ઞા થાય છે.

तेभ्यश्चैतन्यम् । – તેમાંથી ચૈતન્ય સ્થાન લે છે.

ઉપરોક્ત માહિતીને આધારે ચાર્વાકદર્શન અધ્યાત્મ વિચારને જોઈએ તો તે અનુસાર આ દશ્યમાન જગત પૃથ્વી, જળ, તેજ અને વાયુના સંયોજનનું પરિણામ છે. અવિનાશી ચૈતન્યનો આ દર્શન સ્વીકાર નથી કરતું. શરીરમાં જે ચૈતન્ય અનુભવાય છે, તે શરીરનો જ ગુણધર્મ છે. ચાર ભૂત તત્ત્વોનું સંયોજન થતાં ચૈતન્ય જેવી અવસ્થા અનુભવાય છે, અને તે તત્ત્વોના વિઘટનથી દેહનું મૃત્યુ થાય છે, જે મોક્ષ છે. મૃત્યુ બાદ સ્વર્ગ નર્ક કે મોક્ષ જેવું કશું હોતું નથી. જેમ પાનમાં કાથો-ચૂનો ભળવાથી લાલ રંગ થાય છે, ગોળમાં આથો આવવાથી મદ્ય બને છે, તેમ ચાર ભૂત તત્ત્વો મળવાથી ચૈતન્ય જેવી અવસ્થા સ્થાન લે છે. જગત આપોઆપ સર્જાય છે. ઈશ્વર જેવું કોઈ તત્ત્વ તેનું સર્જન નથી કરતું. આમ ચાર્વાકદર્શન કાર્ય-કારણવાદમાં પણ માન્યતા નથી ધરાવતું, પરંતુ સ્વભાવવાદની માન્યતાને આધારે બધું આપોઆપ સર્જાય છે. તેમ માને છે. કહી શકાય કે, ચાર્વાકદર્શનનાં ચિંતનની આધારશીલા સ્વભાવવાદ પૂરી પાડે છે.

## નીતિ વિચાર :

ચાર્વાકદર્શનમાં નીતિવિચારને કોઈ સ્થાન નથી તેમ કહેવું અયોગ્ય ના કહી શકાય. કારણ કે આ દર્શન પાપ-પુણ્ય, કર્મ અને તેનું ફળ અને તે અર્થે પુનર્જન્મ – એવી નીતિમાં માન્યતા નથી ધરાવતું. પરાકાષ્ટા સ્વરૂપે મોક્ષ કે જે આસ્તિક દર્શનો અનુસાર માનવ જીવનનું અંતિમ ધ્યેય કે અંતિમ પુરુષાર્થ છે, તેને તો ચાર્વાકદર્શનમાં સ્થાન જ નથી! બસ! પોતાને રુચે, આનંદ મળે, તેવું વર્તન કરવાની ફિલસૂફીએ ચાર્વાકદર્શનની ધોરી નસ ગણી શકાય. અને આ જ માન્યતાનો અતિરેક ચાર્વાકદર્શનના પતનનું કારણ બન્યો હોવો જોઈએ, તેમ કહી શકાય. સમાજની રૂઢિઓ, ક્રિયાકાંડ, વિધિ નિષેધની બેડીઓ ફગાવી સ્વયંને જેમાં આનંદ મળે, તે રીતે જીવવાની પદ્ધતિ ચાર્વાકદર્શનની પરંપરા રહી! આની અસર બૌદ્ધ સમાજ ઉપર પણ પડી! એ નોંધનીય છે કે વિષ્ણુ પુરાણમાં પણ આ પરંપરાનો નિર્દેશ મળે છે, કે પ્રાચીન સમયમાં પણ સભ્યતાનો અમુક વર્ગ હતો કે જે પોતાની સ્વતંત્ર શૈલીથી જીવવા ઇચ્છતો હતો. તેમનામાં પાપ-પુણ્યનો ભય નહોતો અને તેઓ નીડર જીવન જીવતા હતા. ધીમે ધીમે તેમાં રાજકારણ પ્રવેશ્યું, અને આન્વીક્ષિકી અને ત્રયી ના અભ્યાસ ને બાજુ ઉપર મૂકાયો. 'કામ'ની સાથે સાથે 'અર્થ' પણ જીવનના ઉદ્દેશ સ્વીકારાયો, અને તે રીતે સભ્ય સમાજ અને પ્રાકૃત સમાજમાં તેની લોકપ્રિયતા વધવા લાગી. ભૂતકાળ સમાપ્ત થયો હોય છે, વર્તમાન આપણાં હાથમાં છે અને ભવિષ્યની ખબર નથી. તો વર્તમાનને શા માટે ના ભોગવીએ?

પરંતુ ચક્રના આરાની જેમ પરિવર્તન થવું સ્વાભાવિક છે, તેમ ઉન્નતિ પછી પતન થવું પણ સ્વાભાવિક છે. સ્વતંત્રતાના અતિરેકથી લોકાયત કે ચાર્વાકદર્શન પતન ભણી વળ્યું. આનંદનો અતિરેક ઇન્દ્રિયોનાં સ્થૂળ ઉપભોગમાં પરિણમ્યો. ચાર્વાકદર્શનને અનુસરનારાં લોકો ભોગલાલસા ભણી ધપતાં ક્રમે કરીને વિનિપાત પામ્યાં. ટૂંકમાં નિતિમત્તાનાં જીવનનું ચાર્વાકદર્શનમાં કોઈ સ્થાન નથી.

## ઉપસંહાર :

કહી શકાય કે ચાર્વાકદર્શન જેટલું લોકપ્રિયતાના શિખરે પહોંચ્યું. તેટલું જ પતનની ખાઈમાં જઈ પડ્યું. વેદમાં પ્રસ્તુત ઉપાસના, ક્રિયાંકાડની વિરુદ્ધ જઈ, સમાજમાં તાર્કિક દલીલોને આધારે તેનો વિસ્તાર થયો. બૌદ્ધ અને જૈન દર્શનોની સાથે સાથે નાસ્તિક દર્શન તરીકેનું સ્થાન પામ્યું, પરંતુ જૈન અને બૌદ્ધ દર્શનની જેમ ટકવા ના પામ્યું. ભોગ વિલાસનો અતિરેક અને અન્ય આસ્તિક દર્શનોનો સામૂહિક વિરોધ તેનાં પતનનું કારણ બન્યાં. ચાર્વાકદર્શનનાં સિદ્ધાંતો, તેનું સાહિત્ય કાળની ગર્તામાં ક્યાં તો લીન થયાં કે પછી ધાર્મિક અને સામાજિક પરિબળોથી નષ્ટ થયાં. આમ છતાં કહી શકાય કે ચાર્વાકદર્શનનો પણ સુવર્ણયુગ હતો, અને ભારતીયદર્શનનાં ક્ષેત્રે તેનું મહત્ત્વનું સ્થાન હતું. પોતાનાં આગવાં, ક્રાંતિકારી ચિંતનને લીધે લોકચાહના પણ પ્રાપ્ત કરી હતી. પરંતુ ભારતીય ચિંતનના અભિગમ,

ભારતીય આધ્યાત્મિકતા આગળ આ દર્શન ટકી ના શક્યું. આમ છતાં એમ કહેવું કદાચ અતિશયોક્તિ નહીં ગણાય કે આધુનિક સમયની વિચારસરણી અને પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર ચાર્વાકદર્શનનાં પુનુરુત્થાનનાં કારણો બની રહ્યાં છે. સાંપ્રત સમયે જે રીતે ભૌતિકવાદી અભિગમ વિશ્વમાં વિકસી રહ્યો છે, તે ચાર્વાકદર્શન માટે રેતપંખી સમો સાબિત થઈ રહ્યો હોય તેમ લાગે છે.

### સંદર્ભ ગ્રંથો


*(૧) ભારતીય તત્ત્વજ્ઞાનની રૂપરેખા (ખંડ-૩ : દર્શનયુગ) - અનુવાદક - ડૉ. ઇંદુકલા ઝવેરી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૧૯૬૪.*

*(૨) સર્વદર્શનસંગ્રહ : ભાગ-૧, (સંપાદન) – ડૉ. એસ્તેર સોલોમન – સંસ્કૃત સાહિત્ય અકાદમી અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૪.*

*(૩) હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ – નર્મદાશંકર દેવશંકર મહેતા (સંપાદન) એસ્તેર સોલોમન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, આવૃત્તિ-૨. ૧૯૬૨.*

*(૪) श्रीशंकराचार्यग्रंथावली – प्रथमो भाग: – ईशादिदशोपनिषद: – मोतीलाल बनारसीदास – दिल्ली-१९६४.*

*(૫) The cultural Heritage of India, Vol. 3, (ed) Haridas Bhattacharyya, The Ramakrishna Mission, Institute of Culture, Calcutta-Reprint-2006.*

*(૬) ब्रह्मसूत्रशाङ्करभाष्यम्- (व्याख्याकार:) स्वामीश्री हनुमानदासजी षट्शास्त्री द्वितीय संस्करण-१९७७, चौखम्बा विद्याभवन, वाराणसी।*


◆ ◆ ◆

# અમૂલ્ય તત્ત્વવિચાર


**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**


*પોતાના વ્યક્તિત્વ અને કૃતિત્વથી દેશવિદેશમાં વિખ્યાત જૈન વિદ્વાન. મૂળે ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિષયના અધ્યાપક. વાચન અને લેખનનો રસિયો જીવ. સાહિત્ય, સંશોધન અને અધ્યાત્મના ક્ષેત્રમાં સતત વાચન લેખન પ્રવચનને કારણે લેખો અને પુસ્તકોની વિશાળ સંખ્યા. 'ગુજરાતી વિશ્વકોશ'ના આરંભકાળથી સંવાહક. અનેક સંસ્થાઓના ટ્રસ્ટી અને માગદર્શક. રાજ્યોના અનેક પારિતોષિકો ઉપરાંત પદ્મશ્રી જેવા રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત બહુમુખી પ્રતિભાના ધની.*

**હ**રિગીત છંદમાં રચાયેલા શ્રીમદ્ રાજચંદ્રના 'અમૂલ્ય તત્ત્વવિચાર' કાવ્યમાં કાવ્યના અંતે કહે છે,

"હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.
તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો."

વિ. સં. ૧૯૨૪ની કાર્તકી પૂર્ણિમાના દિવસે વવાણિયામાં જન્મેલા શ્રીમદ્ રાજચંદ્ર વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર વદી પંચમીએ દેહ દૃષ્ટિએ વિલય પામ્યા, પરંતુ એમણે પ્રગટાવેલો તત્ત્વપ્રકાશ જગતની અનેક વ્યક્તિઓને ભૌતિકતાની ભીષણ સ્પર્ધા સમયે અને વિષમ કાળના વેગીલા પ્રવાહ વચ્ચે વિશ્રાંતિરૂપ બની રહ્યો છે. મુમુક્ષુના અંતરના અજવાળાંથી માંડીને સમગ્ર વિશ્વકલ્યાણ સુધી એનો પ્રકાશ રેલાયો છે. મહાત્મા ગાંધીજીની આધ્યાત્મિક તૃષા છિપાવનાર એવા શ્રીમદ્ રાજચંદ્રજી એમને ન મળ્યા હોત તો ગાંધીજીએ કદાચ હિંદુ ધર્મ છોડીને અન્યધર્મી તરીકે જીવન ગાળ્યું હોત. એમ થયું હોત તો યુદ્ધ, અશાંતિ, હિંસા અને વેર-લાલસાથી ઘેરાયેલા જગતને અહિંસાની અમોઘ શક્તિનો પરિચય સાંપડ્યો ન હોત. મહાત્મા ગાંધીજી પાસેથી પ્રેરણા પામીને શાંતિનું નવું સામર્થ્ય દાખવનારા માર્ટિન લ્યુથર કિંગ (જુનિયર) કે નેલ્સન મંડેલા જગતને મળ્યા ન હોત.

આ તો થઈ બાહ્ય જગતની એક સંભાવનાની વાત, પણ શ્રીમદ્ રાજચંદ્રનો તત્ત્વવિચાર વિશ્વની માત્ર એક જ બાજુને અજવાળતો નથી. એ મુમુક્ષુના હૃદયને પ્રેરે છે તો સાથે માનવીના જીવનને જીવવાનો અંતર્મુખતાભર્યો અર્થ અને મોક્ષ પ્રતિ દૃષ્ટિકોણ આપે છે.

વીતરાગ માર્ગ પર જામી ગયેલા રાગભર્યા વ્યવહારો અને આચારોને દૂર કરવાનો શ્રીમદ્ રાજચંદ્રએ બોધ આપ્યો. એમને કોઈ નવીન પંથ પ્રવર્તાવવો નહોતો, કિંતુ વીતરાગપ્રણીત માર્ગને યથાર્થ

રીતે દર્શાવવો હતો. એવો એમનો આશય હતો.

એમનામાં નાની વયથી જ ધર્મ માર્ગમાં જિજ્ઞાસા પ્રવર્તતી હતી અને તેથી જ મૂળ માર્ગ પર લક્ષ કરીને અને પરમ શ્રુતની આરાધના કરીને શ્રીમદ્ રાજચંદ્રએ અવનિને એ અમૃત પુનઃ ભેટ ધર્યું. જૈન ધર્મના સિદ્ધાંતોના નિચોડ સમા ગ્રંથો રચ્યા. એમનામાં કવિતા અને તત્ત્વજ્ઞાન એવા લય અને તાલ સાથે પ્રગટ થયા કે અગણિત મુમુક્ષુઓના અંતરમાં તેનું અવિરત ગુંજન અદ્યાપિ ચાલ્યા કરે છે.

શ્રીમદ્નું જીવન સ્વયં એક સંદેશ બની ગયું. એમનો તત્ત્વવિચાર બાહ્ય ઉપાધિ અને પ્રબળ વ્યાધિ વચ્ચે જીવતા માનવીને માટે સમતાનો શીળો છાંયડો બની રહ્યો. એમણે ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મકલ્યાણના ઊર્ધ્વ શિખરનો સાધનાપંથ બતાવ્યો. એમના વચનોમાં હૃદયપરિવર્તનની શાંત તાકાત હતી. એમના આત્મલક્ષી ચિંતનમાં બાહ્ય જગતમાં ભવોભવ ભ્રમણ કરતા માનવીને ભીતરમાં ખોજ કરવાનું આહ્વાન હતું.

'મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી,' એમ કહેનાર શ્રીમદ્નાં વચનો ભેદદષ્ટિ કે મતાગ્રહ છોડીને આત્મકલ્યાણનો માર્ગ પામવાનો પડકાર કરે છે. શુષ્ક જ્ઞાન કે જડ ક્રિયાનો નિષેધ કરવાની સાથોસાથ સમર્પણશીલ ભાવયુક્ત ભક્તિને સર્વોત્કૃષ્ટ માર્ગ તરીકે દર્શાવે છે. ''બીજું કશું શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધ'' કહેનારા શ્રીમદે સદ્ગુરુનું મહાત્મ્ય બતાવ્યું. આત્મજ્ઞાન વિનાના ગુરુ તે સદ્ગુરુ નહીં એમ ભારપૂર્વક કહ્યું. શ્રીમદ્ના આવા ક્રાંતિકારી વિચારો અંગે એ સમયે વખતોવખત એમનો વિરોધ થયો હતો, પણ એ એમને નિઃસ્પૃહભાવે સહ્યો હતો.

શ્રીમદ્નું વ્યક્તિત્વ જ વૈરાગ્ય-પ્રેરક હતું અને એમની શક્તિઓ અસાધરણ હતી. તેઓ એકાંતમાં રહી સ્વાધ્યાય, મનન અને ધ્યાનમાં સમય પસાર કરતા અને લોકસમૂહથી દૂર જંગલોમાં અને પહાડોમાં, નિર્જન સ્થળમાં કે વૃક્ષની નીચે ધ્યાન ધરતા હતા. જીવનમાં સંયમ, આહારમાં સાદાઈ અને સર્વ રીતે નિઃસ્પૃહી અને નિઃસંગી રહેવાની એમની વૃત્તિ એમના સત્સંગમાં આવનારને સ્પર્શી જતાં.

શ્રીમદે 'મોક્ષમાળા'થી પ્રારંભ કરીને અનેક પદો અને પત્રોમાં એમને વીતરાગ પરમાત્માએ દર્શાવેલા માર્ગને સાચો અને શ્રેષ્ઠ માર્ગ કહ્યો. જીવનપર્યંત એમનો આ નિશ્ચય દૃઢ રહ્યો. આથી જ એમણે કહ્યું,

**''મંત્ર, તંત્ર, ઔષધ નહીં, જેથી પાપ પલાય,**
**વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય,**
**વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસ મૂળ,**
**ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.''**

શ્રીમદ્ના શબ્દેશબ્દમાં એ પ્રતીત થાય છે કે તેઓ અન્ય દર્શનનું ખંડન કર્યા વિના જિનદર્શનની શ્રેષ્ઠતા દર્શાવે છે. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેઓનું અધ્યાત્મજીવન અને તેઓનો બોધ જગતના જીવો માટે કલ્યાણરૂપ બન્યો છે. અપૂર્વ સ્મરણશક્તિના ધારક, જાતિસ્મૃતિજ્ઞાન ધરાવનાર, શતાવધાન દ્વારા અલૌકિક આત્મશક્તિ દર્શાવનાર, જ્યોતિષવિજ્ઞાનના અભ્યાસી, આજન્મ કવિ એવા શ્રીમદ્ રાજચંદ્ર કીર્તિની ટોચે પહોંચ્યા હતા, ત્યારે એમણે આ બધી બાબતને પરમાર્થબાધક ગણીને, સર્પ કાંચળી ઉતારી દે તેમ જગતને આંજી દેનારાં બાહ્ય પ્રદર્શનોને તૃણવત્ ગણીને સહજતાથી ત્યાગ કર્યો. એ પછી શ્રીમદ્જીએ પોતાના જીવનમાં આધ્યાત્મિકતાને જ સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરી.

પરિણામે શ્રીમદ્નો તત્વવિચાર આધિ, વ્યાધિ અને ઉપાધિઓનાં ચક્રમાં ફસાયેલા માનવીઓ માટે સુખનો વિસામો બની ગયા. બાહ્ય ઉપાધિમાં વધુ ને વધુ ડૂબતા જતા આધુનિક માનવીને માટે શ્રીમદ્ આંતરિક સમાધિનો સંદેશ બની ગયા. આડંબરો, કર્મકાંડો, વૈભવ-પ્રદર્શનો અને ઉત્સવો-મહોત્સવોમાં ધર્મ માનીને રાચનારાઓના હૃદયને ઢંઢોળનાર ધર્મોપદેશક બની ગયા. મતાર્થમાં ખૂંપેલા જ્ઞાનીઓને આત્માર્થ તરફ જવાનો સંકેત આપનારા બની રહ્યા. ઘોર હિંસાની સાથે અહિંસાની અડગ અને પ્રબળ તાકાતનો અંદાજ આપનારા બની ગયા. જીવનના સ્થૂળ ભાવોની શબ્દલીલામાં રાચનારાને માટે આધ્યાત્મિક અપૂર્વ અવસર આલેખનારા કવિ બની ગયા. એમના તત્ત્વવિચાર સહુ કોઈને જીવનની ઊર્ધ્વ યાત્રાનો વિરલ પંથ દૃષ્ટિગોચર થયો.

એમના ગહન તત્ત્વવિચારમાંથી જૈનદર્શન વિશેનો એમનો વિચાર, મોક્ષમાર્ગનું એમણે આલેખેલું રહસ્ય, ભારતીય તત્ત્વધારામાં આપેલો સત્સંગ વિશેનો નવીન વિચાર અને એમણે કરેલા સત્ તત્ત્વના મહિમા જેવા થોડાક વિચારો જોઈએ, જે વાચક, સાધક કે મુમુક્ષુને તત્ત્વવિચારના ગહન સાગરમાં વધુ મોતી પામવા જિજ્ઞાસુ બનાવશે.

પૂર્વના યોગસંસ્કારો લઈને જન્મેલા શ્રીમદ્ રાજચંદ્રજીની બાલ્યાવસ્થામાં ધર્મવિચારના બે આંતરપ્રવાહો વ્યક્ત-અવ્યક્ત રીતે

વહી રહ્યા હતા. એક પ્રવાહ તે વૈષ્ણવ ધર્મના સંસ્કારનો અને બીજો પ્રવાહ તે જૈન ધર્મના સંસ્કારનો. એમના પિતામહ પાસેથી વૈષ્ણવ ધર્મના સંસ્કાર મળ્યા અને માતા દેવબા પાસેથી જૈન ધર્મના સંસ્કારની પ્રાપ્તિ થઈ. શ્રીમદ્દ્જીએ સ્વયં આલેખેલી "સમુચ્ચયવયચર્યા" પ્રમાણે ધીરે ધીરે જૈન ધર્મનાં પ્રતિક્રમણ સૂત્રાદિ પુસ્તકો તેઓને વાંચવા મળ્યાં. તે પવિત્ર સૂત્રોમાં આલેખાયેલા જગતના સર્વ જીવો પ્રત્યેની મૈત્રીના પરમ ઉદાત્ત વિચારો તેઓના હૃદયને સ્પર્શી ગયા.

આ સમયે જૈન અને વૈષ્ણવસંસ્કારો તરફ મિશ્ર વલણ રહ્યું હતું, પરંતુ સમય જતાં જૈનશાસ્ત્રોનો પરિચય વધતો ગયો અને તેમ તેમ જૈન ધર્મ તરફ તેઓનું વલણ વિશેષ થયું.

**पक्षपातौ न में वीरं, न द्वेषः कपिलादिषु ।**
**युक्तिपद वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।।**

"મને વીર પ્રત્યે પક્ષપાત નથી ને કપિલાદિ પ્રત્યે દ્વેષ નથી. જેનું વચન યુક્તિમદ્-યુક્તિયુક્ત હોય તેનો પરિગ્રહ કરવા યોગ્ય છે."

તેર સોળ વર્ષનો સમય શ્રીમદ્દ્જીના ધર્મમંથનનો અથવા તો તત્ત્વમંથનનો સમય બની રહ્યો. એમની જ્ઞાનપિપાસા એટલી બધી તીવ્ર હતી કે તેરમા વર્ષે દુકાનનો કારોબાર સાંભળવાનો સાથોસાથ તેઓએ સમસ્ત આગમોનું ઊંડુ તલસ્પર્શી અવગાહન કર્યું. રોજેરોજ ઉત્કૃષ્ટ ઉપાસના કરતા હોવાથી તેઓમાં શ્રુતજ્ઞાનની અનન્ય વૃદ્ધિ થવા લાગી.

સંસ્કૃત અને પ્રાકૃતનો અભ્યાસ ન હોવા છતાં પૂર્વના યોગસંસ્કારના બળે શ્રીમદ્દ્જીને જૈન આગમોનું તલસ્પર્શી અને તત્ત્વસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત થયું. તત્ત્વમંથનના સમયગાળા દરમિયાન તત્ત્વપરીક્ષા કરનારા શ્રીમદ્ રાજચંદ્રએ ષડ્દર્શન દર્શાવનારા જે જે ગ્રંથો મળ્યા, તેનું મધ્યસ્થ ભાવે ઊંડું અધ્યયન કર્યું. પરિણામે તેઓ જિનદર્શનમાં વીતરાગ-દર્શનમાં દઢ નિશ્ચયી બન્યા. સ્યાદવાદી જિન દર્શન એ જ નિરાગ્રહ અને નિરાગ્રહ એ જ જિનદર્શન – એમ એમને દઢ શ્રદ્ધા થઈ.

સર્વદર્શનને પોતાના વિશાળ અંગમાં સમાવી લે એવી જિનદર્શનની અદ્ભુત વિશાળતા છે, કારણ કે અનેકાંતમાં માનનારું જિનદર્શનનું સર્વદર્શન-વ્યાપકપણું તેના સ્યાદ્વાદદર્શીપણાને લઈને છે. તત્ત્વમંથન કરતાં શ્રીમદ્ રાજચંદ્રને જિનદર્શનનો એવો ગાઢ રંગ લાગ્યો કે, તેના ફળસ્વરૂપે સોળ વર્ષ ને પાંચ મહિનાની નાની વયે દર્શન-પ્રભાવક 'મોક્ષમાળા' ગ્રંથનું સર્જન કર્યું.

મહાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું છે તેમ વિદ્વાનોને પોતાનો કે પારકો સિદ્ધાંત શું હોય?

**आत्मीयः परकीयो वा कः सिद्धातः विपश्चिताम्**

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિના આ સૂરમાં સૂર પુરાવતાં શ્રીમદ્ રાજચંદ્ર ઉચ્ચારે છે કે,

**ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દષ્ટિનો એહ;**
**એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.**
**તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ:**
**સ્વભાવની સિદ્ધિ કરે, તે જ ધર્મ અનુકૂળ.**

આવા મત-દર્શનના ભેદને જેઓ લક્ષમાં લેતા નથી અને મત-દર્શનના આગ્રહમાં તણાઈ જતા નથી, તેઓ યોગમાર્ગને જ જુએ છે. યોગદર્શન અથવા આત્મદર્શન પામે છે.

એક જ આત્મતત્ત્વના મૂળમાં એ સર્વદર્શનો વ્યાપ્ત છે, માત્ર દષ્ટિનો જ ભેદ છે, એમ તેઓ ખરા અંતઃકરણથી માને છે. તેઓ તો ષડ્દર્શનને જિનદર્શનના અથવા શુદ્ધ આત્મદર્શનના અંગરૂપ માને છે એટલે તેના ખંડન-મંડનની કડાકૂટમાં ઊતરતા નથી, બલ્કે તે છયે દર્શનને સમ્યક્દર્શનથી આરાધે છે.

સાચો મોક્ષમાર્ગ કયો? આના જવાબમાં શ્રીમદ્ રાજચંદ્રએ સ્વયં 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં એકસોમા ક્રમની ગાથામાં કહ્યું છે :

**રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;**
**થાય નિવૃત્તિ જહેથી, તે જ મોક્ષનો પંથ.**

વીતરાગના મૂળ સનાતન આત્મધર્મને આત્મસાત્ કરી અને મૂળ માર્ગના અમૃતને પામી શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મના શિખર સ્વરૂપ બની ગયા. પોતાના આત્મામાંથી પ્રગટતી અનુભવવાણી પત્રો અને પદ્યો રૂપે વહેવડાવી. એના દ્વારા અનેક આત્માઓને મૂળ માર્ગે ચલાવા તે વચનામૃતની વાણી પ્રેરણારૂપ બની છે. જેમકે એક સ્થળે તેઓ કહે છે,

પવિત્ર અને અહિંસાયુક્ત જૈન ધર્મ જેટલા સિદ્ધાંતો તારાથી મનન થઈ શકે તેટલા કર અને તારા જીવની શાંતિ ઇચ્છ. એના સઘળા સિદ્ધાંતો જ્ઞાનદષ્ટિએ અવલોકતા અને સૂક્ષ્મ બુદ્ધિએ વિચારતા ખરા જ છે. ('વચનામૃત' પૃ. નં. ૨૪. મુનિસમાગમ - અભયદાન)

એવી જ રીતે જૈન તત્ત્વવિચારના અતિ મહત્ત્વના કર્મસિદ્ધાંત અંગે તેઓ કહે છે,

'જૈનોનો સિદ્ધાંત કર્માનુસાર ફળનો છે તે જ સત્ય છે આવો જ મત તેના તીર્થંકરોએ પણ દર્શિત કર્યો છે. એમણે પોતાની પ્રશંસા

ઇચ્છી નથી. અને જો ઇચ્છે તો તે માનવાળા ઠરે માટે એણે સત્ય પ્રરૂપ્યું છે.' ('વચનામૃત' પૃ. નં. ૨૬. મુનિસમાગમ-કર્મ)

તેઓ જૈનદર્શનનો મહિમા વર્ણવતા કહે છે,

'જૈન એ એટલી બધી સૂક્ષ્મ વિચાર સંકલનાથી ભરેલું દર્શન છે કે જેમાં પ્રવેશ કરતાં પણ બહુ વખત જોઈએ. ઉપર ઉપરથી કે કોઈ પ્રતિપક્ષીના કહેવાથી અમુક વસ્તુ સંબંધી અભિપ્રાય બાંધવો કે આપવો એ વિવેકીનું કર્તવ્ય નથી. બાકીના સઘળા ધર્મમતોના વિચારો જિનપ્રણીત વચનામૃતસિંઘુ આગળ એક બિંદુરૂપ પણ નથી. જૈન જેણે જાણ્યો અને સેવ્યો તે કેવળ નીરાગી અને સર્વજ્ઞ થઈ જાય છે. એના પ્રવર્તકો કેવા પવિત્ર પુરુષો હતા! એના સિદ્ધાંત કેવા અખંડ સંપૂર્ણ અને દયામય છે? એમાં દૂષણ કાંઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જેનું દર્શન છે. એવો એક્કે પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહીં હોય અને એવું એક્કે તત્ત્વ નથી કે જે જૈનમાં નથી. એક વિષયને અનંત ભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈન દર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી. એક દેહમાં બે આત્મા નથી, તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય એક્કે દર્શન નથી. આમ કહેવાનું કારણ શું? તો માત્ર તેની પરિપૂર્ણતા, નીરાગિતા, સત્યતા અને જગતહિતસ્વિતા.' (શિ. પા. ૯૫)

હવે જોઈએ જૈનદર્શનમાં સાધનાની સર્વોચ્ચ ભૂમિકાએ પરમ સાધ્ય એવા મોક્ષની ભાવના વિશેનો શ્રીમદ્‌નો તત્ત્વવિચાર. ભગવાન મહાવીરે મોક્ષમાર્ગની પ્રરૂપણા કરી છે. આવા મોક્ષમાર્ગનું રહસ્ય અત્યંત ગૂઢ અને ગહન હોય છે. જ્ઞાની મહાત્માઓ એ રહસ્યની ગદ્ય કે પદ્યમાં ગૂંથણી કરતા હોય છે. આ સંદર્ભમાં શ્રીમદ્ રાજચંદ્ર લખે છે કે, ''શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે.'' આમ સત્પુરુષનો યોગ થાય તો જ સર્વોચ્ચ મોક્ષમાર્ગનું ગહન રહસ્ય પામી શકાય, તેમ તેઓ દર્શાવે છે.

શ્રીમદ્ રાજચંદ્ર અને અન્ય વિભૂતિઓએ ભિન્ન ભિન્ન રીતે મોક્ષમાર્ગના મર્મને પોતાની પાવન વાણીમાં પ્રગટ કર્યો છે. સાધક એ મર્મને પામે તો એનો મનુષ્ય-ભવ કૃતાર્થ થઈ જાય. કષાયજન્ય પરિણામને કારણે ભવભ્રમણરૂપ રોગથી પીડાતા માનવીને સત્પુરુષરૂપી વૈદ્યની કૃપાથી 'શાંત સુધારસ' સમી સાચી ઔષધિ પ્રાપ્ત થાય તો એના સેવનથી એનો અનાદિ કાળનો ભવરોગ ટળી શકે છે.

મોક્ષમાર્ગના રહસ્ય વિશે શ્રીમદ્ રાજચંદ્ર 'વચનામૃત' ગ્રંથમાં ઘણા આધ્યાત્મિક વિચારો પ્રાપ્ત થાય છે.

આ સંસાર અનેક પ્રકારનાં દુઃખોથી ભરેલો છે. કવિઓએ પણ કહ્યું કે, ''સુખ અલ્પ, દુઃખ થકી ભરેલો'' આ સંસાર છે. પરંતુ એ માનવી પાસે આ સર્વ દુઃખનો ક્ષય કરવાની શક્તિ છે. એ મોક્ષ સાધીને અનંત સુખનો અનુભવ કરી શકે છે. વળી આ મોક્ષ માનવદેહ સિવાય અન્ય રીતે મળતો નથી. આયુષ્યની અનિશ્ચિતતા અને મનુષ્યભવની મહત્તા સમજીને માનવીએ મોક્ષના રાજમાર્ગ પર શીઘ્ર ગતિ કરવી જોઈએ. આમ થશે તો જ એનું ભવભ્રમણ અટકશે, નહીં તો એક યોનિમાંથી બીજી યોનિમાં, એક લોકમાંથી બીજા લોકમાં એ ભવોભવ ભમતો રહેશે. આમાંથી મુક્ત થવા માટે માર્ગદર્શન આપતાં શ્રીમદ્ રાજચંદ્રનાં વચનોનું આચમન કરીએ :

''અસત્સંગ, નિજેચ્છાપણું અને મિથ્યાદર્શનનું પરિણામ જ્યાં સુધી મટે નહીં, ત્યાં સુધી આ જીવ મુક્ત થવો ઘટતો નથી. અને તે ટાળવાને અર્થ સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું, તે જાણવા યોગ્ય છે.''

ભારતીય તત્ત્વ-વિચારધારામાં પ્રત્યેક સંતોએ સત્સંગનો મહિમા કર્યો છે, પરંતુ શ્રીમદ્ રાજચંદ્રએ એ સત્સંગ-વિચારમાં નવીન દર્શન આપ્યું છે. પરિણામે સત્સંગ એ માત્ર જ્ઞાનયોગ કે ભક્તિયોગ સુધી સીમિત રહેવાને બદલે સાધકના અંતરંગ જીવનનું પરિવર્તન સાધીને એના આત્માને સત્યરંગથી પરિપ્લાવિત કરે છે. મોક્ષસાધનામાં સત્સંગને તેઓ માનભર્યું સ્થાન આપે છે. પ્રત્યેક ક્રાંતદ્રષ્ટા વિભૂતિ તત્ત્વવિચારને પોતીકી મૌલિક દૃષ્ટિથી જુએ અને મૂલવે છે. એ રીતે શ્રીમદ્ રાજચંદ્રે સત્સંગને સાચા સુખની ગંગોત્રી કહીને એને આધ્યાત્મિક જીવનવિકાસના આવશ્યક અંગરૂપ દર્શાવ્યું છે.

આ વિચારધારામાં સૌપ્રથમ તો એમણે કુસંગ અને સત્સંગ વચ્ચેની ભેદરેખા દર્શાવી. આપણું મન જાતજાતના સંગ કરતું હોય છે. ક્યારેક એને રાગમાં આનંદ આવે છે. ક્યારેક એને ગાનમાં આનંદ આવે છે. તો ક્યારેક એ મન તાનમાં આનંદિત થતું હોય છે. ક્યારેક સ્વાદિષ્ટ ભોજન, વૈભવશાળી મકાન, અમર્યાદ સત્તા એના મનનો કબજો લે છે અને પછી મન એમાં રાચી-રાજી રહે છે. પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર સ્પષ્ટ કહે છે કે આવા સ્થૂળ આનંદો એ સત્સંગ નથી. બલ્કે કુસંગ છે. સત્સંગ માટે સાધકમાં મુમુક્ષા હોવી જોઈએ. ધર્મ વિશેની આતુરતા કે જિજ્ઞાસા નહીં. બલ્કે મુમુક્ષા. આત્મસિદ્ધિ મેળવવાની તડપન હોય. દુન્યવી ભાવોમાં ડૂબેલી વ્યક્તિને સ્થૂળ સત્સંગો પ્રિય, મનભાવન અને આકર્ષક લાગશે. પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે નિશ્ચય માનજો કે તે સત્સંગ નથી, પણ કુસંગ

છે. આવો કુસંગ જીવનને વિકૃતિ અને કષાયમાં ડુબાડી દે છે. કદાગ્રહમાં ફસાવી દે છે અને કુસંગી કર્મો માનવીને દુઃખી દુઃખી કરી દે છે. આ સત્સંગમાં મિથ્યા આગ્રહ. સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇન્દ્રિયવિષયો અવરોધરૂપ બને છે.

શ્રીમદ્ રાજચંદ્રએ વર્તમાન સમયમાં જોવા મળતી તર્કછલના અને આડંબર જોયાં. એની પાછળનું અજ્ઞાન અને દંભ પણ જોયાં અને તેથી જ એમણે સાધકને માટે સત્સંગને ઘણું મહત્ત્વ આપ્યું. આ સત્સંગ દ્વારા કોઈ સામાન્ય આનંદની પ્રાપ્તિ નહીં બલ્કે આત્માનંદની પ્રાપ્તિની વાત કરી. એમની દૃષ્ટિએ સત્સંગ એટલે જીવનમાં અસંગતા અને આત્મામાં સત્યનિષ્ઠા.

સત્સંગના સંદર્ભમાં એમણે આત્મરોગ, આત્મહિત અને આત્મયોગની વાત કરી. આત્મરોગ એટલે સત્સંગનો અભાવ. આત્મસહિત એટલે સત્સંગપ્રાપ્તિથી સધાતું આત્માનું હિત. આત્મયોગ એટલે સત્સંગથી પ્રાપ્ત થતી સિદ્ધિ. આમ સત્સંગ દ્વારા આત્મરોગમાંથી મુક્તિ મળે છે અને આત્મયોગ તરફ ગતિ થતાં મોક્ષનું પરમ માધ્યમ પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુના એકાંતમાં જ આ અધ્યાત્મનું પુષ્પ ખીલે છે. શ્રીમદ્ રાજચંદ્ર સ્વયં કેવી રીતે જીવન વ્યતીત કરતા હતા જોવા જેવું છે. તેઓ નિવૃત્તક્ષેત્રમાં હોય ત્યારે પ્રથમ પહોરે વનમાં ધ્યાન, બીજા પ્રહરે સ્વાધ્યાય. ત્રીજા પ્રહરે આહાર વગેરે અને વળી ચોથા પ્રહરે વનમાં ધ્યાન કરતા હતા. રાત્રિના શેષ પ્રહરમાં સ્વાધ્યાય અને સતત ધૂન ચાલતી. એ રીતે દિવસરાત અપ્રમત્તપણે ગાળતા હતા. આથી તેઓએ 'મોક્ષમાળા'ના ચોવીસમા શિક્ષાપાઠમાં નોંધ્યું છે કે ''તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એવો કર્યો છે કે, સર્વ સંગપરિત્યાગ કરી, અંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરો. તેમાં સત્સંગની સ્તુતિ આવી જાય છે.''

**સત્સંગનો એક વિશિષ્ટ અર્થ શ્રીમદે આપ્યો છે.** કેટલાક સત્સંગ એટલે જ્યાં સમૂહમાં ભજન અને ભક્તિ ચાલે તેને સત્સંગ કહે છે. કેટલાક કથાશ્રવણને સત્સંગ કહે છે. ક્યાંક સારા વિચાર ધરાવતી વ્યક્તિઓનાં આદાન-પ્રદાનને સત્સંગ કહેવામાં આવે છે. પરંતુ શ્રીમદ્ રાજચંદ્ર આ પ્રચલિત ભાવનાને તદ્દન જુદા સ્વરૂપે દર્શાવીને એક આગવું દર્શન આપે છે. સત્સંગની નવીન વ્યાખ્યા આપતાં તેઓ કહે છે કે 'આત્માને સત્યનો રંગ ચઢાવે તે સત્સંગ.'

સત્સંગની પ્રાપ્તિ દુર્લભ છે. કેવો સત્સંગ મહાદુર્લભ ગણાય તે વિશે શ્રીમદ્ રાજચંદ્રે માર્મિક આલેખન કર્યું છે. તેઓ કહે છે. ''જ્યાં શાસ્ત્રોના સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન, ધ્યાનની સુકથા થાય, જ્યાં સત્પુરુષોના ચરિત્ર પર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહેરીઓ છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથન પર પુષ્કળ વિવેચન થાય એવો સત્સંગ તે મહાદુર્લભ છે.''

શ્રીમદ્ રાજચંદ્રજીને 'આત્માનું પરમ હિતૈષી' કહે છે. એટલે કે આવા સત્સંગથી આત્માનું પરમ હિત સધાય છે. આ હિત કઈ રીત સધાય? સત્ સમાગમથી, નિરંતર સત્સંગથી સાચી મુમુક્ષતા પ્રાપ્ત કરતાં આત્માને મહાપુરુષના યોગથી આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થાય છે. આવો સત્સંગ પામવો એ જીવનમાં અતિ દુર્લભ છે. જો એ અતિ દુર્લભ જીવનમાં મળી જાય તો જીવન તરી જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર એક સ્થળે કહે છે, ''ક્ષણભરનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ છે. એ વાક્ય મહાત્મા શંકરાચાર્યનું છે અને તે યથાર્થ જ લાગે છે.''

'સત્' તત્ત્વ વિશેની તેઓની વિચારણા જોઈએ. મતાંધતા, મતભેદ અને મતાગ્રહના ત્યાગ પછી વ્યક્તિ સાધનાસોપાનનું પ્રથમ પગથિયું ચડે છે અને તેના ઊર્ધ્વ આરોહણ માટે એણે સૌપ્રથમ પોતાની અતિ સંકુચિત સાંપ્રદાયિકતાનો ત્યાગ કરવો પડે છે. સંપ્રદાયો સતત પોતાના મતને સાચો ઠેરવે છે. પોતાના વાદને સંપૂર્ણ અને શાશ્વત દર્શાવે છે અને પોતાના મતાગ્રહને આંખ મીંચીને વળગી રહે છે.

શ્રીમદ્ રાજચંદ્રે સમાજમાં આવી જડ સાંપ્રદાયિક દીવાલો જોઈ હતી અને એ દીવાલો દૂર કરવા માટે એમણે ઉપદેશ આપ્યો. સંપ્રદાયવાદીઓ પોતાના અનુયાયીઓને એક નાનકડા કૂંડાળામાં બાંધી રાખવા કોશિશ કરે છે. પોતાના અનુયાયીઓના ચિત્તને વધુ ને વધુ સંકુચિત બનાવે છે અને પછી પોતાનો સંપ્રદાય સૌથી મહાન અને અન્ય સંપ્રદાય તુચ્છ કે હીન એવો ખ્યાલો ફેલાવે છે. વળી આવી સાંપ્રદાયિકતાને કારણે સાધક સત્ સુખી પહોંચી શકતો નથી. એ મતાંધતા કે મતાગ્રહમાં જકડાઈ જાય છે. આ પકડને કારણે સાધક સત્યથી વેગળો ચાલ્યો જાય છે. એ અજ્ઞાનમાં રાચે છે અને રાગ-દ્વેષમાં ડૂબી જાય છે. આવી વ્યક્તિઓ સતત એવો બોધ આપે છે કે એમના માર્ગે ચાલવાથી જ વ્યક્તિનું કલ્યાણ થશે. બીજા માર્ગો અકલ્યાણ સાધશે અથવા તો નરકની યાતના આપશે.

આ સંદર્ભમાં જ શ્રીમદ્ રાજચંદ્રે દર્શાવ્યું કે વ્યક્તિએ સંપ્રદાયની પકડમાંથી મુક્ત થવું જોઈએ અને જો એ સંપ્રદાયની પકડમાંથી

મુક્ત થાય તો જ એને સત્ તત્ત્વની પ્રાપ્તિ થઈ શકે.

સાધકનો હેતુ તો ધર્મમાં રહેલો 'સત્' તત્ત્વની ખોજનો હોવો જોઈએ, નિજપદની પ્રાપ્તિ કરવાનો હોવો જોઈએ. આજ નિજપદની પ્રાપ્તિ કરવા માટે કોઈ સંકુચિતતામાં ડૂબી જવાની જરૂર નથી. આથી જ શ્રીમદે કહ્યું છે, ''વાડામાં કલ્યાણ નથી, અજ્ઞાનીના વાડા હોય. જેમ લોઢું પોતે તરે નહીં અને બીજાને તારે નહીં તેમ.''

અજ્ઞાની વ્યક્તિઓ આવા વાડાઓમાં ખૂંપી જાય છે, જ્યારે જ્ઞાની વ્યક્તિ સત્ તત્ત્વની ખોજ કરે છે. એક અર્થમાં કહીએ તો એ જુદા જુદા ઉપદેશોમાં રહેલા મૂળભૂત તત્ત્વને શોધે છે અને તેથી જ વ્યાસ, વાલ્મીકિ, શંકર, ગૌતમ, પતંજલિ, કપિલ અને યુવરાજ શુદ્ધોદનના ઉપદેશનું રહસ્ય શું છે, તે અંગે તેઓ કહે છે કે આ બધા લોકો આપણને એટલું જ કહે છે, ''અહો લોકો! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો.''

શ્રીમદ્ કયા ગ્રંથોનો પરિચય રાખવો તે દર્શાવતાં કહે છે, ''સત્પુરુષોનાં ચરિત્રો અને માર્ગાનુસારી (સુંદરદાસ, પ્રીતમ, અખો, કબીર આદિ) જીવોનાં વચનો, અને જેનો ઉદ્દેશ આત્માને મુખ્ય કહેવા વિષે છે, એવા (વિચારસાગર, સુંદરદાસના ગ્રંથ, આનંદઘનજી, બનારસીદાસ, કબીર, અખા વગેરેનાં પદ) ગ્રંથોનો પરિચય રાખવો, અને એ સૌ સાધનામાં મુખ્ય સાધન એવો શ્રી સત્પુરુષનો સમાગમ ગણવો.''

આ રીતે તેઓ સર્વદર્શનોને સમાદર આપીને એમાંથી સાર કાઢવાનું કહે છે અને બધા જ દર્શનકારો એમના ઉદ્દેશથી સમાન હોય તેવું લાગે છે. આમ, શ્રીમદ્ રાજચંદ્રે એક દર્શન કે એક ધર્મ સત્ય, બાકીનાં અસત્ય એમ કહેવાને બદલે એ દર્શનોમાં નિહિત તત્ત્વોનો મહિમા કરે છે. એ તત્ત્વો આપણા જીવનમાં આવે એટલે ધર્મ આવે. દયા, સત્ય, આદિનું પાલન થાય, નિજસ્વરૂપની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ જાગે, મતગ્રહોએ જન્માવેલી ગ્રંથિઓમાંથી મુક્તિ થાય, તો જ વ્યક્તિ ધર્મ પામી શકે.

શ્રીમદ્ રાજચંદ્રે દર્શાવ્યું કે અમુક ધર્મનું શાસ્ત્ર વાંચવું એનો અર્થ એ નથી કે તમે અમુક ધર્મના અનુયાયીઓ બનો. એનો અર્થ તો એ છે કે એમાંનો ઉપદેશ ગ્રહણ કરો. જ્ઞાની પુરુષની વાણીને એકાંત દૃષ્ટિએ ગ્રહણ કરીને એનો અહિતકારી અર્થ લેવો નહીં, કારણ કે જ્ઞાની પુરુષની વાણી તો સર્વજીવને માટે હિતકારી હોય છે. આમ મૂળ તત્ત્વમાં ક્યાંય ભેદ નથી. માત્ર આપણી દૃષ્ટિમાં ભેદ છે તેમ સમજવું જોઈએ. એમના તત્ત્વવિચારના ચારેક મુદ્દાનું સમાપન તેઓનાં વચનોથી જ કરીએ. તેઓ કહે છે :

''તું ગમે તે ધર્મમાં માનતો હોય, તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય એ કે, જે રાહથી સંસારમળ નાશ થાય, તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારનું તું સેવજે.''

✦ ✦ ✦

સંપર્ક : ૦૭૯૨૬૭ ૬૨૦૮૨, અમદાવાદ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

## જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૦૦૦૦/- | ભાનુબેન રમેશભાઈ મહેતા |
| ૨૦૦૦/- | બાબુલાલ મંગળદાસ અદાણી |
| ૨૦૦૦/- | અશ્વિન બાબુલાલ અદાણી |
| ૨૦૦૦/- | આશિતા દિલીપ તલસાણીયા |
| ૨૦૦૦/- | નમ્રતા દિલીપ તલસાણીયા |
| ૧૦૦૦/- | પ્રફુલા દિલીપ તલસાણીયા |
| **૧૯,૦૦૦/-** | |

## જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦૦૦/- | શ્રી સી. કે. મહેતા |
| ૧૧,૨૫૧/- | આશિષ કાકાબળીયા |
| ૧૧,૦૦૦/- | અચરતબેન ઝવેરચંદ જુઠાભાઈ વસા મેમોરિયલ ટ્રસ્ટ |
| **૫૨૨૨૫૧/-** | |

## ભાનુ ચેરિટી અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | આશિત રમેશચંદ્ર દેસાઈ |
| **૨૫,૦૦૦/-** | |

# સ્વામી વિવેકાનંદનું દર્શન

(અનુસંધાન કવર પાનું ૧૧૨થી)

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, 'ભારતે યુરોપ પાસેથી બાહ્ય પ્રકૃતિને જીતતાં શીખવાનું છે અને યુરોપે ભારત પાસેથી આંતર પ્રકૃતિને જીતતાં શીખવાનું છે. તેમ થશે ત્યારે હિંદુઓ કે યુરોપિયનો, એવો ભેદ નહીં રહે; બાહ્ય અને આંતર, બંને પ્રકૃતિ ઉપર વિજય મેળવ્યો હશે એવી કેવળ એક આદર્શ માનવજાત રહેશે. માનવ જાતિનું એક પાસું આપણે વિકસાવ્યું છે, બીજું તેમણે વિકસાવ્યું છે. અત્યારે એ બંનેના સંયોગની જરૂર છે.' સાથે ને સાથે સ્વામીજી આપણને વારંવાર કહેતા કે છેલ્લાં ૫૦૦૦ વર્ષથી ધર્મ ભારતની કરોડરજ્જુ રહ્યો છે અને હવે બીજી કોઈ વિચારસરણી અપનાવવી આપણા માટે શક્ય નથી. અને જો એવું કરીશું તો આપણા માટે એ આત્મઘાત હશે. ધર્મ આપણા જીવનનો પ્રાણ છે, એ યોગ્ય પથને માનીને આપણે તેનું અનુસરણ કર્યું છે અને ધર્મે જ આપણને સદીઓથી જીવંત રહેવા માટે પ્રેરણા આપી છે. બીજાં ઘણાં રાષ્ટ્રો ઉદય પામ્યાં અને અસ્ત પણ થયાં, પરંતુ ભારત હજુ જીવે છે.

અમેરિકામાં સ્વામીજીએ આપેલ વકતવ્ય એ માત્ર વાણીવિલાસ ન હતું. તેઓ ત્યાં એક વ્યક્તિરૂપે નહીં પરંતુ ભારતના રાજદૂત તરીકે ગયા. એમના મુખેથી સ્વયં ભારતમાતા બોલતાં હતાં અને તેઓ માત્ર ભૌતિકવાદી પશ્ચિમની દુનિયાને ભારતની મહાનતા વિશે કહેતા હતા. ૩૦ વર્ષના યુવાન સ્વામીજીએ ઉદઘોષણા કરી, 'જેમ બુદ્ધનો પૂર્વના દેશો માટે સંદેશ હતો તેમ પશ્ચિમના દેશો માટે મારો સંદેશ છે.' તેમણે ભવિષ્ય ભાખ્યું હતું કે આખું પશ્ચિમનું વિશ્વ જ્વાળામુખી પર બેઠું છે અને એને ભારતીય આધ્યાત્મિકતાના જળથી શાંત કરવાની જરૂર છે. સ્વામીજીએ આ વિશેની ૧૮૯૩ અને ૯૪માં ચેતવણી આપી હતી. અને આપણે જોયું છે કે ૨૦ વર્ષના ગાળામાં જ ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ થયું અને તેનાથી મહાવિનાશ સર્જાયો. ત્યાર પછી એનાથી પણ વધારે વિનાશક બીજું વિશ્વયુદ્ધ પણ થયું. આજે આપણે ત્રીજા વિશ્વયુદ્ધની કતાર પર જીવીએ છીએ. અને આપણે એ બરાબર જાણીએ છીએ કે જો એ આવે તો માનવીએ એકઠી કરેલી બધી સંપત્તિઓ ઘડીના બીજા ભાગમાં વિનાશ પામશે.

હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આવાં યુદ્ધ શા માટે થાય છે? જ્યાં સુધી આપણે ભૌતિક ઉપલબ્ધિઓને પોતાના જીવનનો હેતુ ગણતાં રહીશું, ત્યાં સુધી વિશ્વમાં યુદ્ધની વિભીષિકાથી મુક્ત નહીં થઈ શકીએ. જ્યારે ભૌતિક પ્રાપ્તિઓ એ જ આપણા જીવનનું ધ્યેય બનશે ત્યાં સુધી વ્યક્તિ બીજી વ્યક્તિની, એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રની ભૌતિક સંપત્તિ મેળવવા ઇચ્છશે. એકની પાસે ઘાતક હથિયાર હશે, તો બીજો એનાથીય વધારે ઘાતક હથિયાર પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશે. એને કારણે રક્તપાત સર્જાશે અને હિંસા થશે. માનવજીવનની આ વિડંબણા છે કે સદીઓથી આપણે આ ભૌતિક સંપત્તિ માટે લોહી રેડતા આવ્યા છીએ. પરંતુ ભારત એક એવો દેશ છે કે જેણે આ યુદ્ધની ભયાનકતાથી બચવાનો રસ્તો શોધી કાઢ્યો છે. આ એવો દેશ છે કે જે ધર્મ, જાતિ, ભાષા, વર્ણ, પ્રાંત આ બધાંના આધારે મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદભાવ ઊભો કરતો નથી. તે તો 'વસુધૈવ કુટુંબકમ્'ના આદર્શ પર ભાર દે છે. તે 'યસ્ય ભવતો વિશ્વૈકનીડં'નું સપનું જુએ છે કે જ્યાં સમગ્ર વિશ્વ એક માળો બની જાય છે. ભારત અનાદિકાળથી શાંતિના અમોઘ સંદેશને સમગ્ર વિશ્વમાં ગજવતું રહ્યું છે.

ભારત એવો દેશ છે કે જેણે પોતાનો લાભ ખાટવા કોઈ બીજા દેશ પર આક્રમણ કર્યું નથી. ઘણા સમય પહેલાં જ્યારે યુરોપિયન લોકો જંગલોમાં રહેતા હતા અને પોતાની જાતને નીલરંગે રંગતા હતા. એ સમયે પણ ભારતના આકાશમાં ભારતની વેદોની વાણી ગુંજ્યા કરતી હતી. એટલે જ સ્વામીજીએ કહ્યું છે કે ભારતની આ જ આધ્યાત્મિક સંસ્કૃતિ સમગ્ર વિશ્વને કલ્યાણના સૂત્રમાં બાંધી શકે છે. ભારતીય સંસ્કૃતિ માનવની દિવ્યતા પર શ્રદ્ધા ધરાવે છે.

સ્વામીજી વિશે એક જ વાક્યમાં મને કહેવામાં આવે તો હું કહીશ, 'સ્વામીજી સમગ્ર વિશ્વને આધ્યાત્મિકતાના રંગે રંગવા આવ્યા હતા.' એટલે કે મનુષ્યમાં રહેલી દિવ્યતાને પ્રગટ કરવા આવ્યા હતા. સ્વામીજીએ કહ્યું છે, 'પ્રત્યેક આત્મા અપ્રગટરૂપે પરમાત્મા છે. ધ્યેય છે બાહ્ય તેમજ આંતરપ્રકૃતિ પર કાબૂ મેળવીને અંદર રહેલા આ પરમાત્મભાવને પ્રગટ કરવો. એ તમે કર્મ દ્વારા કે ઉપાસના દ્વારા કે યોગ દ્વારા કે તત્ત્વજ્ઞાન દ્વારા કરો, – એક દ્વારા કે એકથી વધારે દ્વારા કે આ બધાં દ્વારા કરો – અને મુક્ત થાઓ. ધર્મનું સમગ્ર તત્ત્વ આ છે. સિદ્ધાંતો કે સાંપ્રદાયિક માન્યતાઓ કે કર્મકાંડ કે શાસ્ત્રગ્રંથો કે મંદિરો કે મૂર્તિઓ એ બધાં ગૌણ વિગતો માત્ર છે.'

પોતાના ગુરુભાઈ સ્વામી રામકૃષ્ણાનંદજીને પત્રમાં સ્વામીજીએ લખ્યું હતું, 'હે મિત્ર! શા માટે રડે છે? તારામાં જ બધી શક્તિ છે. ઓ શક્તિશાળી (આત્મા)! તારા સર્વશક્તિમાન સ્વભાવને આહ્વાન આપ એટલે આ આખું જગત તારાં ચરણમાં આવશે. આ આત્મા જ પ્રબળ છે, નહીં કે જડ વસ્તુ.' યુવાનોને સ્વામીજીએ કહ્યું છે, 'ઊભા થાઓ, હિંમતવાન બનો, તાકાતવાન થાઓ. બધી જવાબદારી પોતાને શીરે ઓઢી લ્યો. તમારા નસીબના ઘડનારા તમે પોતે જ છો. જે કાંઈ શક્તિ અને સહાય તમારે જોઈએ તે તમારી પોતાની અંદર જ છે; માટે તમારું ભાવિ તમે પોતે જ ઘડો.' આવી રીતે સ્વામીજીએ વિશ્વના રંગમંચ પર ભારતની આધ્યાત્મિકતાને એવી ફેલાવી દીધી કે એ પ્રયાસ આજે નિરંતર વિકસિત થઈ રહ્યો છે. આજે વિદેશોમાં ભારતની આધ્યાત્મિકતા પ્રત્યે જે આકર્ષણ વધી રહ્યું છે તેમાં સ્વામી વિવેકાનંદની પ્રાણશક્તિ વિવિધરૂપે કાર્ય કરી રહી છે.

✦ ✦ ✦






ભારતમાં આપણે
માનીએ છીએ કે બે
પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરવી જોઈએ –
પરાવિદ્યા અને અપરાવિદ્યા. સામાન્ય
રીતે એવું બધા લોકો સમજે છે કે ભારત
માત્ર ધર્મની જ વાત કરે છે, પરંતુ
વાસ્તવિક રીતે એમ નથી. આમ છતાં પણ ધર્મ
ભારતનો પ્રાણ છે. સાથે ને સાથે ભૌતિક સુખસમૃદ્ધિનો
પણ ભારતમાં વિરોધ થતો નથી. 'યતો
અભ્યુદય નિઃશ્રેયસ સિદ્ધિ સ ધર્મ – જેમાં ભૌતિક
સુખસમૃદ્ધિ અને આધ્યાત્મિકતા પ્રાપ્ત થાય છે એ જ ધર્મ છે',
મહર્ષિ કણાદે આપેલી ધર્મની આ વ્યાખ્યામાં સ્વામીજી માને છે.
એટલે સ્વામીજીએ એ ધર્મ અને વિજ્ઞાનને સાંકળવાનો
પ્રયત્ન કર્યો છે. ઘણા દીર્ઘકાળથી માનવસંસ્કૃતિમાં
બે પ્રકારની સિદ્ધિઓ અસ્તિત્વ ધરાવતી હતી.
એમાંની એક છે ભારતની પ્રાચીન પૂર્વજોનાં
તપ અને સમર્પણથી વિકસેલી પ્રાચીન
ભારતીય સંસ્કૃતિ અને બીજી છે ગ્રીક
અને રોમન સંસ્કૃતિ.







To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2022-24. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2022 - 24 & Published on 16th of Every Month & Posted on 16th & 17th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# સ્વામી વિવેકાનંદનું દર્શન

સમગ્ર વિશ્વને પણ દિવ્ય પ્રકાશથી પ્રકાશિત કરે એવું અધ્યાત્મ જ્ઞાન ભારત પાસે છે, એમ સ્વામી વિવેકાનંદે પહેલીવાર કહ્યું હતું. વિશ્વની સંસ્કૃતિના ઇતિહાસમાં વિશ્વધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનું સંમિલિત થવું એ એક સૌથી મહાન ઘટના હતી. વિવિધ ધર્મોના પ્રતિનિધિઓની વચ્ચે જ્યારે સ્વામી વિવેકાનંદે ભારતના આધ્યાત્મિક ખજાનાને પોતાના વકતવ્યમાં રજૂ કર્યો ત્યારે લોકો વિસ્મય પામ્યા. પ્રથમ દિવસના પાંચ મિનિટના સંક્ષિપ્ત વ્યાખ્યાન દ્વારા તેઓ સૌથી વધારે અગત્યના વ્યક્તિ બની ગયા.

સ્વામી વિવેકાનંદે પ્રથમ દિવસના સંક્ષિપ્ત વ્યાખ્યાનમાં ગર્વ સાથે કહ્યું હતું, 'જે ધર્મે સહિષ્ણુતા અને અખિલ વિશ્વની એકતાનો બોધ દુનિયાને આપ્યો છે તે ધર્મનો અનુયાયી હોવામાં હું ગૌરવ લઉં છું. અમે કેવળ સમગ્ર વિશ્વ પ્રત્યેની સહિષ્ણુતામાં માનીએ છીએ; એટલું જ નહીં, પણ સર્વ ધર્મને સાચા તરીકે સ્વીકારીએ છીએ. અમે પૃથ્વી પરની સર્વ પ્રજાઓ અને ધર્મોના ત્રાસિતો અને નિર્વાસિતોને આશ્રય આપ્યો છે અને તે વાતનું મને અભિમાન છે.'

વળી તેમણે કહ્યું, 'હિન્દુઓ એમની સર્વ યોજનાઓ સફળ રીતે પાર પાડવામાં કદાચ નિષ્ફળ નિવડ્યા હશે; પણ જો કોઈ વિશ્વધર્મ સ્થાપવાનો હોય તો તે સમય અને સ્થળથી અલિપ્ત રહેવો જોઈએ. આ વિશ્વધર્મ જે પરમાત્મા વિશે બોધ આપે છે, તે પરમાત્માની જેમ અનંત રહેવો જોઈએ. આ વિશ્વધર્મનો સૂર્ય શ્રીકૃષ્ણ અને ઈશુના અનુયાયીઓ ઉપર, સંત તેમજ પાપી બન્ને પર એક સરખી રીતે પ્રકાશશે. આ વિશ્વધર્મ, વૈદિક બ્રાહ્મણધર્મ નહીં હોય, એ બૌદ્ધધર્મ નહીં હોય, એ ખ્રિસ્તીધર્મ નહીં હોય, એ ઈસ્લામ પણ નહીં હોય; પરંતુ એ સર્વનો સરવાળો હશે. અને તેમ છતાં વિકાસ માટે અનંત અવકાશવાળો હશે. આ વિશ્વધર્મ વિશાળ હ્રદયી હશે. અને એના અનંત બાહુઓમાં દરેક માનવને સ્થાન હશે. એમાં પશુથી બહુ ઊંચા નહીં એવા નીચામાં નીચી કક્ષાના જંગલીઓને પણ સ્થાન હશે. અને સમગ્ર માનવજાત વચ્ચે પોતાની બુદ્ધિ અને હ્રદયના ગુણો વડે સર્વોચ્ચ સ્થાન મેળવતા, સમાજને આંજી નાખતા અને એના માનવ પણ વિશે શંકા ઊભી કરતા, ઉચ્ચ કક્ષાના માનવીને પણ સ્થાન હશે. આ વિશ્વધર્મના બંધારણમાં ત્રાસવાદને સ્થાન નહીં હોય, અસહિષ્ણુતાને સ્થાન નહીં હોય. આ વિશ્વધર્મ દરેક માનવ પુરુષ અને સ્ત્રીમાં રહેલી દિવ્યતાનો સ્વીકાર કરશે. આ વિશ્વધર્મ માનવજાતને પોતાની સત્ય અને દિવ્ય પ્રકૃતિનો સાક્ષાત્કાર કરાવવામાં સહાયભૂત થવા પોતાની સર્વ શક્તિ તેમજ સર્વ અનુકૂળતાઓનો ઉપયોગ કરશે.'

સ્વામીજીએ ધર્મ અને વિજ્ઞાનને સાંકળવાનો પ્રયત્ન કર્યો છે. ઘણા દીર્ઘકાળથી માનવસંસ્કૃતિમાં બે પ્રકારની સિદ્ધિઓ અસ્તિત્વ ધરાવતી હતી. એમાંની એક છે ભારતના પ્રાચીન પૂર્વજોનાં તપ અને સમર્પણથી વિકસેલી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને બીજી છે ગ્રીક અને રોમન સંસ્કૃતિ.

આપણા પૂર્વજોએ ઉન્નત કરેલી સંસ્કૃતિની ફળશ્રુતિ છે આત્મસાક્ષાત્કાર અને તે ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. પશ્ચિમના લોકોએ માનવજીવનમાં સુખાકારી અને શાંતિ લાવવા પ્રકૃતિનું નિયમન કરવાનો પ્રયત્ન કર્યો અને એના પરિણામે વિજ્ઞાનનો જન્મ થયો. સ્વામી વિવેકાનંદ એવી વ્યક્તિ હતી કે જેમણે પોતાના જીવનમાં આ બન્ને સંસ્કૃતિનાં મૂળભૂત તત્ત્વોની અનુભૂતિ કરી હતી. કોલકાતાના વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી તરીકે તેમણે ગહન ગંભીરતાથી આધુનિક વિજ્ઞાનની વિચારસરણીનો અભ્યાસ કર્યો હતો. પછીથી શ્રીરામકૃષ્ણદેવની નિશ્રામાં રહીને તેમણે આત્માનુભૂતિ સાધી હતી. પોતાના આ એક જ જીવનમાં બંને સંસ્કૃતિઓનાં મૂળભૂત તત્ત્વોની અનુભૂતિ કરીને તેમણે સમગ્ર વિશ્વને અમૂલ્ય ઉપદેશ આપ્યો.

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૧૦)*

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.